લીલા

યાને

ગ્રાનડાનો ઘેરો

લૉર્ડ લીટન કૃત

લીલા

યાને

આનડાનો ઘેરો.

ભાષાન્તર કર્ત્તા

સ્વર્ગવાસી જદુરામ વૈજનાથ વૈષ્ણવ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

"ગુજરાતી" ના માલીક.

"ગુજરાતી" પ્રેસના માલીક
મણિલાલ ઇચ્છારામ દેસાઇએ છાપી પ્રગટ કીધું.
સાસુન બિલ્ડિંગ, સર્કલ, કોટ, મુંબઈ

સંવત્ ૧૯૬૯. ઈ. ૧૯૧૩.

કિંમત રૂ ૧-૦-૦

પ્રસ્તાવના

આ ઐતિહાસિક નવલકથા, મૂળ લૉર્ડ લીટનની લખેલી છે. વસ્તુ ઘણી રસભરિત અને રાજકીય હોવાથી ઇંગ્રેજી વાંચનાર વાંચકોમાં તે સારી રીતે પ્રસિદ્ધ છે, એટલું જ નહિ પણ લીલા એ નામે જૂદા જૂદા લેખકોએ બીજી ઘણી નવલકથાઓ લખેલી છે, તેમાં આ લીલા, લૉર્ડ લીટનની પ્રથમ પંક્તિનું ગ્રંથન છે. "આર્યજ્ઞાનવર્ધક" માસિકમાં આ પુસ્તકનું ભાષાન્તર મરહુમ મી૦ જદુરામ વૈજનાથ વૈષ્ણવ લખતા હતા. પુસ્તકના ચાર ભાગ પૂરા કર્યા તેટલામાં, આ તરુણ સ્વદેશથી પરીક્ષા આપવા માટે વિજળી નામની આગબોટમાં મુંબઈ આવવા ચઢ્યો. દુર્ભાગ્યે તે આગબોટ સમુદ્રમાં બુડી ગઈ; અને ૮૦૦-૧૦૦૦ મનુષ્યનો જળવાસ થયો, તેમાં આનું ભાષાન્તર કરનાર વિદ્યાર્થી પણ જળશાયી થયો અને પુસ્તક અધુરું રહ્યું. એ ઉછરતા લેખકનો લેખ અધુરો અને અંધારામાં પડી ન રહે માટે "ગુજરાતી" ના માલીક તરફથી તેનો બાકીનો ભાગ પૂર્ણ કરી, તે ગુજરાતી વાચકવર્ગની સન્મુખ મૂકે છે.

વસ્તુ પ્રાચીન અને પુસ્તક માન્ય હોવાથી તત્સંબંધે કંઈ બોલવાની આવશ્યકતા નથી. ભાષાન્તર કરનારનું નામ આ પુસ્તકથી, આ ક્ષણભંગુર જગતમાં પ્રસિદ્ધ રહે એવી, મરનારના પિતાની ઇચ્છા હોવાથી, તે વૃદ્ધની ઇચ્છાનુસાર આ પ્રયત્ન કરવામાં આવ્યો છે.

સં. ૧૯૯૩ } પ્રકટકર્ત્તા

સાંકળિયું

—☆☆☆☆—

ભાગ ૧ લો.

ભાગ ૨ જો.

ભાગ ૩ જો.

ભાગ ૪ થો.

સાંકળિયું.

લીલા
યાને
ગ્રાનડાનો ઘેરો

—✿✿✿✿✿—

ભાગ ૧ લો

પ્રકરણ ૧ લું
જાદુગર આલ્હમમન

ખ્રિસ્તી લોકની ૧૪૯૧ મી સાલની ગ્રીષ્મ ઋતુ ચાલતી હતી અને સ્પેનના રાજા ફરડિનાન્ડનું અને તેની રાણી ઈસાબેલાનું લશ્કર **ગ્રાનડા** શહેરને ઘેરો ઘાલી પડયું હતું.

રાત્રી બેએક ઘડી વ્યતીત થઈ હશે. ચંદ્રમા "**એન્ડેલૂસિયા**" ની પારદર્શક હવામાંથી થઈ "**ગ્રાનડા**" શહેરના દુશ્મન સ્પેનિશ લોકોની વિશાળ અને ગણગણાટ કરતી છાવણી ઉપર પૂર્ણ પ્રકાશિત થયો હતો; અને તે સાથે "**સીએરાનિવેડા**" ના બરફથી ઢંકાયલાં શિખરો ઉપર ધુમસના જેવું ઘેરું અજવાળું નાંખી, તે ડુંગરોને તળીએ આવેલી સુંદર ખીણોમાં ઉગેલી, મનુષ્યના વિનાશિક હાથથી કદીપણ તદ્દન નાશ ન થઈ શકે એવી લીલી હરીઆળી અને ઝાડોનાં કુંજો સાથે તે, તેનો મુકાબલો કરવા ધારતો હોય એમ જણાતું હતું.

મુર લોકોના આ "**ગ્રાનડા**" શહેરના જાહેર મોહોલ્લાઓમાં આ વખતે પણ માણસોનાં ટોળાં જાગતાં બેઠાં હતાં. તેઓમાંના કેટલાક તો જાણે શહેર બહાર લશ્કર ઘેરો નાંખી પડયું છે તે વાતની પોતાને કંઈ ખબર પણ ન હોય તેમ તદ્દન બેફિકરાઇથી **મુર** લોકોની સારંગીના સુંદર સૂરો યાતો આરબ લોકોની બનાવેલી કોઈ ગદ્યપદ્યાત્મક દિલ ખુશ કરનારી વાર્ત્તાઓ સાંભળતા બેઠા હતા; અને કેટલાકો એવા તો જુસ્સા ભરેલા અને આતુર હાવભાવથી વાતો કરતા હતા, કે જેવા હાવભાવ પૂર્વ તરફના કુદરતી પ્રૌઢ અને શાંત સ્વભાવને લીધે કોઈ સાધારણ બાબતથી કવચિત જ પ્રદર્શિત થાય. પણ જેમ આવી જાહેર જગાઓમાં લોકોની ગડબડ આવે વખતે વધારે રહેતી હતી, તેમ બાકીના શહેરમાં જે ગંભીર વિશ્રાંતિ પ્રસરી રહેતી તેથી તેના ગાંભિર્યમાં અસરકારક વધારો થતો હતો.

ઉપર જણાવેલે વખતે એક પુરુષ પોતાની આંખો નીચી ઢાળી લાંબા પગ સુધી પહોંચતા જભ્ભાની અંદર પોતાના હાથોની અદબ વાળી એકલો, અને બહારથી જોતાં આસપાસનાં લોકો વિષે બેખબર હાલતમાં આ જાહેર મોહોલ્લાઓમાંથી પસાર થતો દેખાયો. પણ જે જે જાગ્રત ટોળાંમાંથી તે પસાર થતો, તે તે ટોળાનાં માણસો તેને બરાબર ધ્યાનમાં રાખતાં હતાં, અમુક ટોળાં માંહેલો એક શખ્સ બોલ્યો, "અલ્લાહ અકબર! એ શખ્સ જાદુગર આલ્મમન જણાય છે."

બીજો શખ્સ પોતાની દહાડી ઝાટકતો બોલ્યો, "એ પુરુષે પોતાની જાદુરૂપી કુંચીવડે બાદશાહ "બોઆબદિલ" ની મરદાઇને સકંજામાં બંધ કરી રાખી છે. તેના ઉપર ખુદાનો ધિટકાર હોજો!"

એક ત્રીજો શખ્સ બોલી ઉઠયો, "પણ માણસો તો એમ કહે છે કે, એ જાદુગરે વચન આપ્યું છે કે જે વખતે "ગ્રાનડા" નો બચાવ કરવામાં આદમ જાતની કારી નહીં લાગે તે સમયે ભૂતો અને સૈતાનો ગ્રાનડાના રક્ષણને ખાતર દુશ્મનની સાથે યુદ્ધ કરશે."

વળી એક ચોથો શખ્સ પેગંબરના જેવું ગંભીર ડહાપણ ધારણ કરી બોલ્યો, "ભાઇઓ જે થયું તે થયું, અને જે થવાનું છે તે થશે."

ગમે તો તેના દબદબાની અંદર અંજાઈ જઇને અથવા તો તેના તરફના ધિક્કારને લીધે યા બીક કે કંઈ ઉમેદને લીધે પણ જે જે ટોળામાંથી તે જાદુગર પસાર થતો તે તે ટોળું હઠીને તેને માર્ગ આપતુ અને પોતે શું વાત કરે છે તે, તે સાંભળી ન જાય એવા હેતુથી તરત જ ચુપ થઈ જતું. આ જાદુગર તરીકે મનાયલો શખ્સ "ઝેકેટીન" નામની મોટી બઝારમાંથી પસાર થતી ગલીમાં થઇને એક સાંકડી અને વાંકવાળી ગલીમાં દાખલ થયો, અને આગળ ચાલતાં છેવટે "અલહંબ્રા" ના મેહેલો અને કિલ્લાની આસપાસ બાંધેલી દિવાલની નજદિક આવી ઉભો.

નાકામાં ઉભેલા પહેરેગીરે તેને નમીને સલામ કીધી અને હઠીને તેને અંદર જવા માર્ગ આપ્યો. થોડીક પળમાં તેનો આકાર ઝાડોનાં એકાંત ઝુંડોમાં નજર છેહ થઈ ગયો. આ ઝુંડોમાં થોડે થોડે અંતરે ખુલ્લી જગાઓ હતી તેમાં ગોઠવેલા અરેબીઅન ઘાટના ફૂવારાનું પાણી ઉંચું ઉડી ચંદ્રની રોશનીમાં ચળકાટ મારતું હતું. આ ફૂવારાની ઉપર "અલહંબ્રા" ના ઉંચા મહેલો ઝૂકી રહ્યા હતા; અને તેની જમણી બાજુએ "વરમીલીઅન" ના ભભકાદાર બુરજો આવી રહ્યા હતા. આ બુરજો જુના વખતમાં "ફિનીસીઅન" લોકો સાથે ઉઠાવેલી લડાઇના વખતથી કેટલાં વરસ અગાઉ બાંધેલા હતા એ ચોકસ થયું નહોતું.

આલ્મમન અહીં સહેજ થોભ્યો અને આસપાસના દેખાવ ઉપર નજર ફેંકી મનમાં ગણગણ્યો "શું ઈડનનો બગીચો આનાથી વધારે સુંદર હશે? શું આવી સુંદર જગા ક્રિશ્ચિઅન લોકોના પગ નીચે ચંપાશે? તેમ થાય તોપણ શું? જ્યાં સુધી પૃથ્વીનું ચક્ર ફરતું ફરતું જ્યાંથી પોતે ફરવું શરુ કર્યું હશે ત્યાં પાછું આવી અને સૃષ્ટિનું રાજ્ય સર્વથી શ્રેષ્ઠ ધર્મ માનનાર ઉત્તમ જાતિના લોકોના હાથમાં સોંપાયલું નહિ જુએ ત્યાં સુધી એક કોમ બીજી કોમની પાછળ લાગી અરસપરસનો નાશ કરતી રહેશે. અમારા ધર્મનું રણશીંગું ચોતરફ ફૂકાઈ રહેશે જ."

આવા વિચારો કરી ભવિષ્યવાદી પુરુષ ચૂપ રહ્યો અને આકાશના તારાઓ તરફ ધ્યાનથી લાંબો વખત સુધી જોયા કર્યું. જેમ જેમ રાત્ર વધારે જતી હતી તેમ તેમ તારાઓના પ્રકાશ અને સંખ્યામાં વધારો થતો જતો હતો: તેઓનાં પ્રકાશિત કિરણો આસપાસ ખેલ કરતા ફૂવારા ઉપર પડતાં હતાં અને સંખ્યાબંધ સ્થિર તરુપલ્લવોને રૂપેરી રંગથી રંગી દેતાં હતાં. તે શખ્સ એવી તો આતુરતાથી તારાઓ તરફ તાકતો હતો અને વિચારમાં એવો તો લીન થઈ ગયો હતો કે, એક "મુર" ત્યાં તેની નજદીક આવી ઉભો તેની પણ તેને ખબર રહી નહીં. આ મુરનાં ઝળઝળાટ કરતાં હથીઆરો અને બરફના જેવી સફેત, અને લીલમ મણિથી સજેલી પાઘડીની જ્યોતિથી આખું જંગલ પ્રકાશિત થઈ રહ્યું હતું.

આ નવા આવનાર શખ્સનો બાંધો તેના જાતભાઈઓના સામાન્ય રીતે નબળા અને નાજુક બાંધાના કરતાં સારો હતો, તોપણ તે સ્પેનના લોકોના બહાદુર મહાવીરોના રાક્ષસી બાંધા જેવો ઉંચો અને મજબૂત નહોતો. પરંતુ તેના દેખાવ અને શરીરની લઢણમાં એવી તો કંઈ ખૂબી સમાયલી હતી કે જેવી યુરોપનાં સરસમાં સરસ પ્રેમશૌર્ય યુક્ત ગર્વિષ્ઠ પુરુષોમાં પણ હુકમ કરવા વાસ્તે અથવા ઉપરીપણું ધરાવવા વાસ્તે આભૂષણ તરીકે ગણાય. તે આસ્તે અને ભભકાદાર ચાલથી જાણે પૃથ્વીને ધિક્કારી કહાડતો હોયની તેવી રીતે ચાલતો હતો, તેના નાજુક ગુમાનસૂચક શિરને રાખવાની ઢબમાં અને તેની હરણના જેવી લાંબી ગરદનમાં, મોટા શૂરવીર, રોબદાર પણ અમીરી ખવાસના સરદારોને યોગ્ય અવર્ણનીય મરતબો નજરે આવતો હતો. આ અણજાણ્યો પુરુષ "આલ્મમન" ની નજદીક આવી પહોંચ્યો અને જ્યારે તે જાદુગરથી થોડાક કદમ દૂર રહ્યો ત્યારે ઉભો થઈ રહ્યો; અને કેટલીક પળ સુધી તો તેના તરફ ટીકયા જ કર્યું. અંતે પ્રીતિ રહિત તાંના ભરેલા અવાજે બોલ્યો, "ગેબી વાત જાણ-

વાનું ડોળ ઘાલનાર ઢોંગી પુરુષ, તારાઓને જોઈ ભવિષ્યની વાત જાણવાનું તું ડોળ ઘાલે છે કે?"

પોતાના વિચારોમાં ખલલ પાડનાર કોણ છે તે તેણે ધીમેથી વાંસો વાળી જોયું અને તેને ઓળખ્યા પછી આસ્તેથી બોલ્યો, "નામદાર શાહજાદા, હું તો ફક્ત આખી પૃથ્વીને ધ્રુજાવી નાંખનારા હજારો ફેરફારો એ તારા મંડળો તેની તે જગ્યાએ રહી કંઇપણ લાગણી વગર જોયા છે તે સંબંધી જ વિચાર કરું છું."

તે મૂર બોલ્યો, "શું તું એમ કહે છે કે કંઇપણ લાગણી વગર તેઓએ જોયા કર્યું છે? અને તેવું છતાં સૃષ્ટિ ઉપર તેઓની અસર થાય છે એમ તું માને છે?"

"આલ્મમને" સ્મિત હાસ્યથી જવાબ દીધો, "તમે મને ગેરઇનસાફ આપો છો. આપ સાહેબ આ ગુલામને નજુમી લોકોની ડોળઘાલુ કોમ સાથે સરખાવો છો!"

મૂર બોલ્યો—"હું એમ ધારું છું કે જ્યોતિષશાસ્ત્ર "હારુત" અને "મારુત" નામના ફિરસ્તાઓનાં જાદુનાં પુસ્તકનો અમુક ભાગ હોય એમ સંભવે છે."

આલ્મમને જવાબ દીધો, "હશે સાહેબ; હું તો તે જ્ઞાન સંપાદન કરવાને પૂરાતન "બેબલ" થી આસપાસ મધ્ય રાત્રને વખતે ઘણીવાર ભટક્યો છું, પરંતુ તે બાબતમાં કંઈ જાણી શક્યો નથી."

મૂર આશ્ચર્યતાથી બોલી ઉઠ્યો, "ત્યારે જ્યોતિષશાસ્ત્રના શોધની કીર્તિ અમને જ ઘટે છે."

આલ્મમને શાંતતાથી જવાબ આપ્યો, "તે કીર્તીમાં સત્ય હોય એમ કહી શકાતું નથી." આટલું કહી તેણે અગાડી ચાલવા માંડયું અને તેમ કરતાં બોલ્યો, "અલ્લાહ આપનું કલ્યાણ કરો, હું પાદશાહ પાસે જવા ધારું છું."

મૂર બોલ્યો, "જરા થોભ; હમણાં જ હું તેની પાસેથી આવ્યો છું, અને મને ખાત્રી છે કે તે હાલ આનડાના શાહને લાયક વિચારોમાં તલ્લીન થયલો છે અને તેવે વખતે તેની હજુરમાં તારા જેવા લડાઇથી બિનવાકેફ શખ્સને જવા દેવો એ મને દૂરસ્ત લાગતું નથી."

આલ્મમને જવાબ આપ્યો, "અમીર મુસા! તારા વચનોથી પાદશાહના દિલમાં જે જુસ્સો પેદા થયો છે તે મારા ગયાથી ઠરી જશે એવી નકામી બીક શાને વાસ્તે રાખે છે? અફસોસ! જો તેણે મારી

સલાહ માની હોત તો આનડાના શૂરા સિપાહો પાદશાહ કરતાં અમીર મુસાને ભાગ્યે જ પસંદ કરત. પણ નસીબે કે પછી અલ્લાએ પડી ભાંગતી ઓલાદના રાજ્યાસન ઉપર એક શૂરવીર પણ નબળા મનના ડાહ્યા પણ અસ્થિર વિચારના માણસને લાવી બેસાર્યો છે. અને આપને ખબર તો છે જ કે બાદશાહનો કુદરતી જ સ્વભાવ નબળો છે ત્યારે તેના સલાહકાર ઉપર શાને ખોટો વેહેમ લાવોછો? આ શું વાજબી કહેવાય?"

મુસા લાંબો વખત સુધી તે જાદુગર તરફ કરડી નજરથી જોયા કીધા પછી તેના ખભા ઉપર હાથ મૂકી ધીમેથી બોલ્યો, "વિચિત્ર પુરુષ, યાદ રાખજે કે જો તું અમારી સાથે દગો રમતો જણાઈશ તો જે હાથે હજારોનાં માથાં કાપી નાંખ્યાં છે તે એક દગાખોરનાં માથાંને સલામત જવા દેશે નહીં."

આલ્મમને કંઈપણ ડર ખાધા વગર જવાબ આપ્યો, "ગર્વિષ્ઠ રાજકુમાર! તું એટલું પણ જાણજે કે મારી યોજેલી ધારણા વાસ્તે હું ફક્ત ઈશ્વરનો જ જવાબદાર છું અને આદમ જાતની વિરુદ્ધનાં મારાં કૃત્યોનો બચાવ કરવાને હું સમર્થ છું."

આટલું કહી તે જાદુગરે પોતાનો લાંબો જભ્ભો પોતાના શરીરની આસપાસ વીંટાળ્યો અને ઝાડોનાં ઝુંડમાં અદૃશ્ય થઈ ગયો.

પ્રકરણ ૨ જું
શાહ અને તેનો રાજ્યમેહેલ

"અલહંબ્રા" ના રાજ્ય દરબારના એક અરધા ઝરૂખા, અને અરધા ઓરડાના આકારના હોલમાં એક જવાન મૂર વિચારવંત અને ધ્યાનસ્થ હાલતમાં તકીઆને અઢેલીને પડ્યો હતો. આવા અરધા ઝરૂખાના આકારના ઓરડાઓ શી મોજ આપે છે, તેની ખબર કેવળ જે માણસોને તે દેશની હવા માફક આવે તેને જ ખબર પડે. આ હોલની સીલીંગ દેવદારનાં લાકડાંની બનાવેલી હતી, અને તેને ખુલ્લા આસમાની રંગથી રંગી તેની અંદર સોનેરી હીલનું રોનકદાર કામ કર્યું હતું. આ સીલીંગ ધોળામાં ધોળા સંગેમરમર (આરસ પથ્થર) ના બનાવેલા નાજુક થાંભલાઓથી ટેકવી લીધામાં આવી હતી. આ થાંભલાઓ વચ્ચે ઈટાલિઅન લોકોના દ્રાક્ષના માંડવા જેવા હલકા અને છટાદાર ખુલ્લા, મેહેરાબદાર મંડપો હતા. આ મંડપની અંદર ઝીણી વેલો કોતરી તેમાં સોનેરી હીલનું કામ કર્યું હતું. આવાં ઝીણાં અને ઉમદા કામમાં કેવળ આરબ લોકો જ તે

વખતે પ્રખ્યાત હતા. આરસ પથ્થરના બનાવેલા દીવાઓની જ્યોતિથી તેજોમય થયલા આ મંડપોમાંથી થોડે થોડે અંતરે ઝરાનાં વહેતાં ઝરણો નજરે પડતાં હતાં. તેના વહેવાનો છણુ છણુ કરતો દરેક પળે બદલાતો, પણ ધીમો અને નિયમસર આવતો અવાજ ગાયનરૂપે, સાંભળનારના કાનને આનંદ આપતો હતો. હોલનો ઝરૂખાના આકારનો ભાગ કેવળ ખુલ્લો હતો અને તે ચંદ્રનાં અજવાળાંથી પ્રકાશમાન થયેલો આડી અવળી જતી "દારૂ" નદીના કિનારા તરફ આવેલો હતો. આ દીવાનખાનામાંથી અજવાળી સાફ રાત્રીએ સામેની ટેકરીઓ, જંગલો તથા નારંગીના કુંજો દેખાતા હતા. "ગ્રાનડા" શહેરની આસપાસના આ રમ્ય દેખાવની બીજું કોઈ પણ શહેર હરીફાઈ કરી શકે તેમ ન હ તું

મેહેલની ફરશબંધીપર સરસમાં સરસ આસમાની રંગના ગાલીચાઓ અને કોચો બીછાવ્યા હતા. તેની કોરોમાં તરેહતરેહવાર નમુનાનાં સોનેરી, રૂપેરી અને મોતીનાં ભરતકામો કરાવવામાં બેશુમાર જર ખરચ્યો હતો. આની ઉપર જે જગાએ મજકુર મૂર ઝરૂખા સામે અઢેલીને બેઠો હતો ત્યાં એક થાંભલા ઉપર એક ગોળ ઢાલ, નાની સરખી હલકી બરછી, વાંકી તરવાર વગેરે મૂર લોકોનાં લડાઇનાં હથીઆર ટાંગ્યાં પડ્યાં હતાં. આ હથીઆરો એવાં તો અમુલ્ય ઝવાહેરથી મઢેલાં હતાં કે તેનો માલેક કેવો પુરુષ છે તે જો તેના ભભકાદાર પોશાકથી કદાચ ન જણાઈ આવે તો, તેઓ સાફ બતાવી આપતાં હતાં કે એ કોણ હોવો જોઇએ. એક હાથથી લખેલું પુસ્તક, એક રૂપાની ટેબલ ઉપર ખુલ્લું ને ખુલ્લું વંચાયા વગર પડ્યું હતું; એવા સંજોગો વચ્ચે તે મૂર પોતાની હથેળી ઉપર પોતાનું મુખ ટેકવીને ખુલ્લા આકાશમાં છેટેની દૃષ્ટિમર્યાદામાં ભળી ન જતાં ઝાંખા ઝાંખા દેખાતા ડુંગરોનાં બરફથી ઢંકાયલાં શિખરોપર વિચારયુક્ત આંખોથી જોતો બેઠો હતો.

આ વિલાસ આપનારાં સાધનોથી ભરપૂર ઓરડામાં બેઠેલા શખ્સનાં મુખ ઉપર જો કોઈ જુએ તો, તેના મનમાં અસ્થિર ભાવની સાથે ઉદ્વેગની લાગણી ઉપજ્યા વગર રહેજ નહીં. ઈંગ્લંડના રાજા પહેલા ચાર્લ્સના ચેહેરા ઉપર જેવો નાશનો અવર્ણનીય ભાવ દેખાતો આપણે ધારી શકીએ, તેવીજ નાશસૂચક આ શખ્સની મુખમુદ્રા હતી.

તેની ખુબસૂરતી ઉપર ગમગીની અને ગંભીરતા અજાયબ જેવી રીતે છવાઈ રહી હતી, તેમાં તેના ચેહેરાની અસાધારણ સફેતાઈ અને યુવાની ઉમેરો કરતી હતી. એના વાળ અને વાંકડી દાઢીનો રંગ મૂર લોકોની દાઢી મુંછના જેવો હોવાને બદલે ઘેરો સોનેરી હતો. તેનાં

પોહોળો કપાળ અને મોટી આંખની અંદર સૂર્ય જેવા પ્રકાશિત રાજા-ઓના તીખા સ્વભાવના રાજકુમારોમાં કવચિતજ જોવામાં આવે એવું નમ્રપણું જાહેર રીતે જણાઈ આવતું હતું. આ પ્રમાણે તે વખતે સ્પેનના કેટલાક ભાગોના રાજ્યકર્તા મૂરવંશના છેલ્લા શાહ "બોઆબદિલ અલ ચીકો"નાં શરીરનો બહારનો દેખાવ હતો.

બોઆબદિલ બાદશાહ મનમાં બોલવા લાગ્યો; "અરેબિયન વિદ્યાનાં પાનાંઓ આદમજાતને શું શીખવે છે? તેઓ આ સૃષ્ટિ અને ધનને ધિઃકા-રવાનું શીખવે છે, અને પોતાનાં અંતઃકરણને જ પોતાની દુનિઆં બના-વવાનું ફરમાવે છે. ત્યારે એમ વર્તવામાં જ ડાહાપણ છે. પણ શું હું એ પ્રમાણે વર્તું તો ડાહ્યો કહેવાઉં ખરો? અફસોસ, તેમ કરતાં આખી દુનિયા મને ઘેલો અને નિર્માલ્ય સમજશે. એજ હંમેશાં રીવાજ છે કે નિવૃત્તિ મેળવવા સારુ જે જે ડાહાપણ ભરેલા રસ્તા બતાવવામાં આવ્યા છે, તે સઘળા પ્રવૃત્તિ વખતે તદન ધિઃકારવા લાયક થઈ પડે છે. અયે પાક પેગંબર! જો આદમ જાતની લુચ્ચાઈ તેની બેવકુફાઇને ઢાંકી દેતી ન હોત તો તેઓ કેવા મૂર્ખ છે તે જણાઈ આવત."

આ યુવાન શાહ જે વખતે તેનું રાજ્ય ડગું ડગું થઈ રહ્યું હતું તે વખતે ન કરવા લાયક ફિલસુફી ભરેલા વિચાર મનમાં કરી રહ્યો કે તરતજ બેપરવાઇથી પોતાના તકીઆ ઉપર આળોટ્યો. થોડોક વખત તેણે વિચારશૂન્ય સ્થિતિમાં ગાળ્યો, તેથી તેના મનનું સમાધાન થવાને બદલે તેને બેચેની અને અસંતોષ ઉપજ્યો હોય એવું જણાયાથી, તે ફરીથી બોલી ઉઠ્યો; "મારા અસ્વસ્થ આત્માને સ્વસ્થ કરવા વાસ્તે ગાયનની બહુ જરૂર છે; કારણ કે મારો આત્મા આવા ઉજ્જડ, રસ્તા વગરના પ્રદેશમાં મુસાફરી કરી થાકી ગયો છે અને સામાન્ય રીતિ મુજબ, દરેક મુસાફરીથી થાકેલા યાત્રાળુને ગાયનના મધુર અવાજો હમેશાં તાજગી બક્ષે છે."

તેણે તરતજ તાલી વગાડી અને હમણાં સુધી કયાંઈ અદૃશ્ય રહેલો એક છોકરો મંડપમાંથી નીકળી શાહની હજુર હાજર થયો. કવચિતજ દેખી શકાય એવી શાહે કંઈ નિશાની કરી કે તરતજ તે ત્યાંથી ગેપ થઈ ગયો, અને થોડી પળ પછી દીવાનખાનાના થાંભલાઓમાંથી નજર નાંખતી, વહેતા ઝરા પાસેથી થઈ નાનાં અને છમછમ કરતાં કદમો ભરતી અરબિયન તરુણીઓ શાહની નજદીક આવી ઉભી. આ સ્ત્રીઓ પોતાના અરબી બદન અને સફેત હાથને લીધે એ, મનને વિલાસ આપનારા અને ઠંડા ઓરડામાં સુલેમાનના પુત્રને ખુશ કરી લોભાવવા આવનારી પરી-

ઓની માફક પ્રકાશ મારી રહી હતી. તેઓની સાથે, જો કે તેઓના કરતાં કદે જરાક નાની પણ બેશુમાર ખુબસુરતીથી ભરેલી એક ઓરત હાથમાં સારંગી પકડીને ત્યાં આવી. જે વખતે આ અરબિયનનાં શ્યામ પણ ઝળકતા રંગવાળાં મુખડાં અને છટાદાર શરીર ઉપર બોઆબદિલ શાહની નજર પડી કે તે વખતે તેના ખુબસુરત ચેહેરા ઉપર ઝાંખું અને શિથિલ હાસ્ય રમી રહ્યું. તે એકલીજ ફક્ત શાહની નજદીક આવી, અને ધીમેથી તેના પગ ઉપર ચુંબન લઈ પાછી વળી, પોતાની સહીઓ સાથે મળી ગાયન લલકારવું શરુ કર્યું. ગાયનની સાથે તેઓ સઘળી સાથે મલી પગથી તાલ દેતી નાચ કરતી હતી. તેઓના મધુર હલક સાથે સારંગીના ગજમાં બાંધેલી રૂપાની ઝીણી ઝીણી ઘુઘરીઓનો રણકાર મળી જઈ સાંભળનારને રસ આપતો હતો.

તેઓએ ત્રણ જૂદા જૂદા સુરનાં ગાયન ગાયાં, તે પછી ગાયન બંધ થયું; અને નાચનારીઓ અદાથી સંગેમરમરની પુતલીઓની માફક ચૂપ અને સ્થીર ઉભી થઈ રહી; અને જે વખતે તે મજકુર રમણી શાહના પગ પાસે પડેલા ગાદી તકીઆ ઉપર અઢેલી બેઠી અને ચુપકીથી પણ મસ્ત પ્યારથી શાહના હજી પણ ચિંતાગ્રસ્ત ચેહેરા તરફ જોવા લાગી તે વખતે એક શખ્સ બેમાલુમ રીતે ઓરડાની અંદર દાખલ થઈ ઉભેલો દેખાયો.

આ માણસ કદે સાધારણ ઉંચાઇનો અને પાતળો હતો; પણ તેનાં શરીરના અવયવો પ્રમાણસર અને મજબૂત હતા. તેણે આરમીનિયન ઝભ્ભાના જેવો કાળા રંગનો લાંબો અને ચોતરફ પ્રસરાતો ઝભ્ભો પહેર્યો હતો. કમર ઉપર પોહોળો કમરપટો બાંધ્યો હતો; જેને વચમાંથી એક નાની સોનાની કુંચી લટકતી દેખાતી હતી. તેની ડાબી બાજુએ હીરા જડીત હાથાવાળું વાંકું ખંજર લટકતું હતું. તેનો ચેહેરો સ્પેનના મૂર લોકોના ચેહેરા કરતાં વધારે વિસ્તારવાળો હતો. તેનું કપાળ પોહોળું, ભરેલું અને વિચિત્ર રીતે ઉંચું હતું. તેની ભૂરી આંખો અતિશય મોટી અને ચળકાટ મારતી હતી તેની ડાઢી ટુંકી, કાળી અને ઉપર વળેલી હતી, તેથી તેના ભરેલા અને મોટા હોઠો હતા, જેથી તે દઢ નિશ્ચયવાળો છે એમ સાબીત થતું હતું, તે સિવાય મોંનો નીચલો ભાગ ઢંકાઈ જતો હતો. તેનું નાક ગરુડની ચાંચના જેવું વળેલું અને શોભીતું હતું. તેનું માથું શરીરના બીજા ઘાટ સાથે સરખાવતાં બહુજ મોટું હતું, તે ઉપરથી સ્પષ્ટ દેખાતું હતું કે તે ઉત્સાહી અને સત્તાવાળો માણસ છે. પહેલી નજરે જોતાં તો

એમ જણાય કે તે ૩૦ યા ૩૫ વરસની ઉમરનો હશે; પણ વધારે બારીકીથી તપાશી જોતાં, તેના કપાળ ઉપર તથા આંખની આસપાસ કરચલી વળેલી દેખાઈ આવતી હતી તે ઉપરથી તે મોટી ઉમરનો છે એમ જણાતું હતું. પોતા ઉપર પાદશાહની નજર પડે ત્યાં સુધી બંને હાથની અદબ વાળી પાદશાહનાં પડખામાં તે ચૂપ ઉભો રહ્યો.

તેને ઘણીવાર ઊભા રહેવાની જરૂર પડી નહીં; કેમકે જે તરુણ સ્ત્રી પાદશાહના ચરણ પાસે આરામથી બેઠી હતી તેણે પોતાનાં નેત્ર કટાક્ષ તથા હાવભાવથી પાદશાહનું ધ્યાન જે જગાએ તે અણજાણ્યો પુરુષ ઊભો હતો તે તરફ ખેંચ્યું. તેને જોતાંવાર પાદશાહની પ્રકાશિત આંખ ચળકવા લાગી.

બોઆબદિલ આતુરતાથી બોલ્યો, "આલ્મમન, તમે ભલે આવ્યા." આટલું કહીને તેણે નૃત્ય કરનારી રંભાઓને જતાં રહેવા ઇશારત કરી.

રાજાના પગ પાસે બેઠેલી નાયિકા બોલી; "મારા દિલોજાન, શું હું પણ ઊઠી જાઉં? તારું પક્ષી હાલ પોતાનાં આરામ આપનારાં પીંજરાંમાં નિશ્ચિંત બેઠું છે."

તેણીના મુખડાપર ચુંબન લઈ તેના ઝુલફાં ઉપર ધીરે ધીમે હાથ ફેરવતો બોઆબદિલ પાદશાહ બોલ્યો, "પ્યારી એમીની! માત્ર મારા એશઆરામના જ કલાકો તારે માટે નીર્માણ થયલા છે. બેદિલી અને બેદરકારી સાથે તારે કશું પણ કરવાનું નથી. મેહેબુબ, બુલબુલ પોતાનું છેલ્લું ગાયન ચંદ્રને ગાઈ સંભળાવશે તે અગાઉ હું તને આવી મળીશ." એમીની ઊંડો નિશ્વાસ નાંખી ઉભી થઈ પોતાની સહચરીઓ સાથે જતી રહી.

બાદશાહ જ્યારે આલ્મમનની સાથે એકલો રહ્યો ત્યારે બોલ્યો; "મારા પ્યારા સાથી! તમારી સલાહથી મને હર વખત આરામ મળે છે. પણ હાલ ઘડી તમારી સલાહ પ્રમાણે ચાલવું એ એક ગુન્હો કર્યો બરાબર છે. પણ કરવું કેમ અને કેમ કોશીશ કરવી એ મને સૂજતું નથી. બોઆબદિલ બાદશાહના જન્મની વખતે જ તેને લોકોએ 'કમનશીબ બોઆબદિલ' એવું જે ઉપનામ આપ્યું છે તે ખરેખર સત્ય છે. ભાગ્યની જાળમાંથી બચવા ઈશ્વરની પ્રાર્થના કરી તેની મદદ માગવા હું શકિતવાન થાઉં તે પહેલાં જ દુર્દૈવે પોતાનો કેહેર મારા ઉપર વર્ષાવ્યો છે. મારો ક્રૂર બાપ, જેનો ચેહેરો ઇઝરાયલના ચેહેરા જેવો વિક્રાળ હતો, તે મારી બાલ્યાવસ્થાથી જ મને ધિઃકારતો હતો; મારી જુવાનીમાં બલવાખોરોએ મારી મરજી

ઉપરાંત પોતાના મુખી તરીકે મને જાહેર કીધો, અને તેથી માસ બાપે મને કેદ કીધો અને દરેક પળે ઝેરનો પ્યાલો અને ખંજર મારી આસ-પાસ ઘુમતાં જણાયાં. પણ તે વખતે માત્ર મારી માની યોજનાઓથી હું બચી ગયો. જ્યારે વૃદ્ધાવસ્થા તથા કમકોવતીને લીધે મારો પિતા ગુજરી ગયો, ત્યારે તખ્તનશીન થવાના મારા હકોને રદ કરી મારો કાકો 'ઈલઝ-ગલ' રાજ્ય દબાવી બેઠો. અંતે ખુલ્લી રીતે લડાઈ કરી તથા છૂપી રીતે ખટપટ કરી હું મારું તાજ અને તખ્ત લઈ શકયો; અને મને કહેવાને ઘણી ખુશી ઉપજે છે કે મારો કાકો જ્યારે ખ્રિસ્તી લોકોને શરણ થઈ તેનો માંડલિક થઈ રહ્યો, ત્યારે લોકોની પ્રીતિ તેના ઉપરથી ઉઠી ગઈ. પણ મારી કમનસીબ પ્રજા જે ગુન્હો મારા કાકા ઉપર તેઓએ મૂકયો હતો, તે જ ગુન્હો મારા ઉપર પણ મુકે છે અને કહે છે કે માત્ર મારાં પ્રમત્તપણાને લીધે જ તે શત્રુને શરણ થયો છે, નહીં તો કોઈ દિવસ પણ ન થાત. જ્યારે મારા દુશ્મનોએ મારો પીછો છોડી આપ્યો, ત્યારે મારી પ્રજાએ મને ધિઃકારી કાઢયો અને અલહંબ્રાના કિલ્લામાં મને હાંકી કાઢયો, જેથી મારાથી નહીં મારા લશ્કરની સરદારી થઈ શકે કે નહીં મારા લોકો સામે થઈ શકાય. આવી સ્થિતિમાં મને મૂકયો છે છતાં મારી હિમ્મત તથા બળ ન વાપરવા માટે મને નબળો ઠરાવે છે. જેમ પેલા ખડક ઉપરથી ઢળી પડતાં પાણીને તે ખડક અટકાવી શકવા અસમર્થ છે, તેમ હું જાણું છું કે મારું રાજ્ય મારા હાથથી જાય છે, છતાં તેને મારાથી અટકાવી શકાતું નથી."

યુવાન રાજા જુસ્સાથી અને કરડાકીથી આ સઘળું બોલ્યો, અને જુસ્સાના આવેશમાં અનિયમિત પગલે દીવાનખાનામાં આમથી તેમ ફરવા લાગ્યો. આલ્મમને આ સઘળું કંઇપણ લાગણી વગર શાંત મને સાંભળ્યા કર્યું; અને જ્યારે બોઆબદિલ બાદશાહ બોલી રહ્યો ત્યારે બોલ્યો, "પવિત્ર ધર્મને માનનારાઓના ચળકતા તારા, ઈશ્વરની સત્તા એવી છે કે હંમેશાં કોઇને આનંદમાં નથી રાખતી, તેમ કોઇને હંમેશાં દુઃખી અવસ્થામાં પણ નથી રાખતી. માણસ જાતનાં ભાગ્યમાં અસ્ત ઉદય લખેલો જ છે. જો તેં તારી યુવાવસ્થામાં દુઃખ સહન કર્યું હશે તો હવે તારી આફતોનો અંત આવી રહ્યો છે. જેથી તું ઉંમરે પહોંચતાં કીર્ત્તિવંત થઇશ અને તારી વૃદ્ધાવસ્થા સુખશાંતિમાં ગાળીશ."

બોઆબદિલ બાદશાહ અધીરાઇથી બોલી ઉઠયો, "આલ્મમન, તું એવી રીતે બોલે છે કે જાણે ફરડિનાંડનું લશ્કર મારા શહેરની આસપાસ ઘેરો ઘાલીને પડયું જ નથી."

આલ્મમને જવાબ વાળ્યો, "નામદાર શાહ! 'સેનાચરીબ'નું લશ્કર ફરડિનાંડના લશ્કરથી મોટું હતું એ આપ જાણો છો."

શાહ અડધું મરડાટ અને અડધું ગંભીરાઇથી બોલ્યો, "દાના નજુમી! અમે સ્પેનના મુસલમાન લોકો પૂર્વ તરફના મુસલમાન જેવા આંધળા જનુની નથી. અમ લોકોના મગજમાં ફિલસુફી અને વિદ્યાનો પ્રકાશ પડ્યો છે. જો કે અમારામાંના ઉમદામાં ઉમદા તત્ત્વવેત્તાઓ, જેઓને સઘળી બાબતનું જ્ઞાન હોવા છતાં, વાર્તાઓ અને રીવાજોને સઘળા પૂજ્ય તરીકે ઘણું માન આપે છે, તે સઘળાને તેઓ પણ પૂજ્ય તરીકે ઘણું માન આપતા આવે છે એ ખરું છે; પરંતુ તે કંઈ તેઓના કાચા વિચારને લીધે માન આપે છે તેમ નથી; પણ એતો કેવળ રાજ્યનીતિનાં ડહાપણને લીધે જ આપે છે. વાસ્તે મારી પાસે પૂરાતન જાતોના દાખલા દઈ વાતો કરવી નહીં. ચાલતા જમાનામાં, અને ઘણું નહીં તો મનુષ્ય પ્રાણી સંબંધીમાં, પરમેશ્વરને બદલે તેના ફિરેસ્તાઓ કંઈ પણ કરી શકતા નથી. હવે જો હું "સેનાચરીબ" ની જેવી હાલત થઈ તેવી ફરડિનાંડની થાય ત્યાં સુધી તેની વાટ જોઈ બેશી રહું તો, તે કેવળ ફરડિનાંડ બાદશાહને ક્રિશ્ચિયન ઝુંડો મારા "વરમીલીઅન" મેહેલના બુરજો ઉપર ઉડતો જોવા વાસ્તે ખમું તે બરાબર થાય."

આલ્મમને કહ્યું, "જ્યારે આપ કદરદાન શાહ ધર્મમાં કહેલી વાતો ઉપર વગર વિચાર્યું અને જનુની ઇમાન ન રાખવું એમ કહો છો, ત્યારે શું આપ એમ પણ કહો છો કે, ધર્મને ખાતર વગર વિચારથી ગુજરતા જુલમો પણ ન ગુજારવા જોઇયે? આપ મેહેરબાન હિબ્રુ લોકો સંબંધીની ધર્મ પુસ્તકમાં કહેલી સઘળી વાતો ખોટી ગણો છો, છતાં પણ તે જ પૂરાતની અને આરબ લોકો સાથે સગપણ ધરાવનાર હિબ્રુ કોમનો મીટી દાણો થવા આપો છો; અને તમારા કાજીઓને, તમારાં લશ્કરને, અને તમારી રૈયતને તે કોમને પીડા કરવાની છૂટ આપો છો એનું કેમ?"

બોઆબદિલશાહે ગર્વથી ઉત્તર વાળ્યો, "નીચ કંજુસ કુતરાઓ તેઓને તો એમ જ જોઇયે. જર એ તેઓનો ઈશ્વર છે, અને બજાર એ તેઓનો પ્રદેશ છે. જે વખતે આખી પ્રજા અશ્રુપાત કરીને દુ:ખની બૂમો પાડતી હોય, તે વખતે તેઓને ફક્ત વેપારની ચડતી પડતી વિષે જ વિચાર રહે છે. જ્યારે એ આખી સૃષ્ટિના ચોરો પોતાનો હાથ દરેક આદમીનું ધન હરણ કરવા લંબાવે છે ત્યારે શા વાસ્તે દરેક આદમી પોતાનો

હાથ તેઓની ગરદન દાબવા ન લંબાવે ? હુનીફા નામની કોમ જે ઘઉંની કણકને પૂજે છે, પણ દુકાળના વખતમાં તે દેવને ખાઈ જાય છે તે કોમના કરતાં પણ એ હરામખોરો વધારે નીચ છે. એ મુસા પેગંબરને માનનાર કોમ, એક ખોટી દમડીને વાસ્તે ખુદાનાં સાતે આસમાન વેચી નાંખવાને તત્પર થાય એવી છે."

આલ્મમને જવાબ આપ્યો, "રેહેમ દિલવાળા શાહ, આપના કાનુન એવા છે કે લોભ સિવાય બીજા કોઇપણ મહત્વની એ લોકોને આકાંક્ષા રહી શકતી નથી. જેવી રીતે એક વેલો, પોતાનાં થડને બેવડું ત્રેવડું વાળી પોતે વાંકો વળી, ગમે તેટલી હરકતો વેઠીને પણ પોતાનું માથું સૂર્ય તરફ ઉંચું કરશે જ; તેવી જ રીતે, માણુસ જાતનું મન પણ વખાણુ રૂપી સૂર્યને પહોંચવાને અને સત્તારૂપી હવામાં ચાલવાને, જો ખરા અને સિધા રસ્તા તેને વાસ્તે બંધ હશે તો કુદરતી રીતે જ ખરાબ સાધનો મેળવીને પણ પોતાના મનની મુરાદ હાંસલ કરવા બનતો પ્રયત્ન કર્યો વગર રહેશે નહીં. હિંદુ લોકો પોતાની પવિત્ર જન્મભૂમિમાં, જે વખતે અસલના તમારા બાપદાદાનાં અરબ્બી લશ્કરને પરાજય કરી નાબુદ કરી નાંખ્યું તે વખતે, અને જ્યારે તેઓએ ભુખમરાને લીધે પોતાનાં શરી-રનું માંસ તોડી ખાવાનું પસંદ કીધું, પણ આનડા શહેરથી પણ નબળું શહેર સ્પેનના ફુરડિનાન્ડના લશ્કરથી પણ બળવંત લશ્કરને આપી દેવાને પસંદ કીધું નહીં, તે વખતે કંઈ હાલની માફક તેઓ વેપારી કે કંજુસ તરીકે ઓળખાતા નહોતા. પણ આપણે એ વાત બંધ કરીએ. મારા શહાણુા, જે પુરુષ ફિરસ્તાઓની આડતીઆ તરીકેની આ સૃષ્ટિ ઉપરની સત્તાને નાકબુલ કરે છે, તે જ શખ્સ નાશવંત મનુષ્ય જાતનાં દોઢડાહાપણને પસંદ કરે છે એ જ વિપરિત છે."

બોઆબદિલે જલદીથી જવાબ દીધો, "અલબત, પહેલી બાબત વિષે તો હું કંઈ જાણુતો નથી; પરંતુ બીજી બાબતમાં તો મારી પોતાની બુદ્ધિ પણ સત્યાસત્ય ખોળી શકે તેમ છે. મારો તીખા મિજાજનો પિત્રાઈ "મુસા" આજે સાંજે મારી પાસે આવ્યો હતો, તેણે મને અરજ કરી કે, મારા ઉત્સાહી જુસ્સાને આ મેહેલ રૂપી સાંકળોમાં બંધ કરી રાખ-નાર મારી પોતાની રૈયત તરફની મારી બ્હીક મારે તદન છોડી દેવી લાજમ છે, અને આ પડખે ટાંગેલી ઢાલ તથા તરવાર સજીને સઘળા અમીર ઉમરાવનું ઉપરીપણું ધારણુ કરી વેવેરંબાનાં મેદાનમાં હાજર થવું જોઇએ. ખરેખર આ વાત થયા પછી મારું મન શૌર્યથી ઉછાળા મારી

રહ્યું છે. લડાઇમાં જો હું જીવતો ન રહ્યો તોપણ એક શાહ તરીકે તો મરણ પામીશ."

આલ્મમને નિરુત્સાહ ભરેલી ઠંડી રીતે જવાબ આપ્યો: "આપ મેહેરબાને ઘણું જ સારું ધાર્યું છે."

શાહ બોલ્યો, "ત્યારે શું તમે મારી મરજીને મળતા આવો છો, કેમ?"

આલ્મમને જવાબ દીધો: "પાદશાહના ખેરખાહો શાહને મરણ પામવાની આકાંક્ષાને કદીપણ પસંદ કરશે જ નહીં."

બોઆબદિલ બાદશાહ બદલાયલા સ્વરથી બોલ્યો, "આહ! ત્યારે તું એમ જ ધારે છે કે, આ ઝગડાની અંદર મારો વિનાશ જ થશે!"

આલ્મમને કહ્યું, "એક વખત મુકરર કરવામાં આવેલો છે તે વખતે જ લડાઈ કરવાથી કાંતો તું જયવંત થઇશ, યાતો રણક્ષેત્રમાં પડીશ."

બાદશાહે પૂછ્યું; "તે વખત કયો છે?"

આલ્મમને જવાબ દીધો કે "તે વખત હજુ આવ્યો નથી."

બાદશાહે પૂછ્યું, "શું તારે કયો વખત છે તે પણ તું સિતારાને જોઈ પારખી શકે છે?"

આલ્મમને કહ્યું, "ભલે, મૂર ભવિષ્યવેત્તાઓ જ એવું સિતારાને જોઈ ભવિષ્ય કહી દેવાનું ભોળાપણું ખરું પાડવાનો પ્રયત્ન કર્યા કરે. તારો ગુલામ તો એ સિતારાઓને ફકત આ પૃથ્વી જેવી જ પ્રકાશિત પૃથ્વીઓ લેખે છે."

બોઆબદિલ બાદશાહે અચરતીથી પૂછ્યું, "અગમ્ય આદમી! ત્યારે ભવિષ્ય જાણવાની તારી શક્તિ તે કયાંથી આવી?"

આલ્મમન બાદશાહ જે આ વખતે ખુલ્લા જરૂખા પાસે ઉભો હતો, તેની પાસે જઈ "દારુ" નદી તરફ આંગળી કરી બોલ્યો, "જુઓ, પેલો ઝરો વહે છે તે એક એવા તત્ત્વથી બનેલો છે કે જેમાં મનુષ્ય જાતથી શ્વાસ ન લઈ શકવાથી તેમાં રહી શકાતું નથી. ઉપર આસમાનની પાતળી પ્રવાહી હવામાં આપણાથી જઈ શકાય નહીં અને તેમાં રાજ્ય સ્થાપી શકાય નહીં. તોપણ એક નાના સરખા ઇલ્મથી સઘળાં જળચર પ્રાણીઓ તથા હવામાં ઉડનારાં પક્ષીઓ આપણી હલકામાં હલકી ઇચ્છાને જલદીથી બર લાવે એમ છે. એ સઘળું જાદુના જોરથી થાય છે. શું, આપ એમ ધારો છો કે જ્યારે આ પૃથ્વીની સપાટી ઉપર આટલાં કરોડો માણસો વસે છે ત્યારે તેના પડમાં કોઈ વસતું નહીં હોય? અલબત, કોઈક પણ તેમાં રહે છે જ. તો જેમ જાળથી મચ્છીમાર માછલાં પકડે છે, જેમ

છટકામાં શીકારીઓ પક્ષીઓને ફસાવી પકડે છે, તેવી જ રીતે માણુસ જાત ઇલ્મ અને બુદ્ધિવડે પૃથ્વીની અંદર જ્યાં આપણું પંચતત્ત્વનું શરીર દાખલ થઈ શકે નહીં અને આપણી બુદ્ધિવડે જેનો કયાસ થઈ શકે નહીં તેવી જગામાં રહેતાં પ્રાણીઓ ઉપર હુકમ ચલાવી શકે છે. ત્યારે મારી પાસે જે વિદ્યા છે તે એ છે. મને બીજી દુનિયાઓ વિષે કંઈ પણ જ્ઞાન નથી, પણ કેવળ આ સૃષ્ટિના પદાર્થો, પછી તે માણુસ હો કે વાર્તામાં કહેવાતાં ભૂત પિશાચ હો, તેનું જ મને જ્ઞાન છે. તે સિવાય ભવિષ્યવિષે હું કેવળ અજાણ છું. પણ એટલું કહી શકું છું કે જેની આંખો આપણા કરતાં વધારે તીવ્ર છે તથા જેઓમાં કુદરતી બક્ષીસો વધારે છે તેને મારી મદદે બોલાવી શકું છું."

બોઆબદિલ બાદશાહ ભૂત પ્રેતથી ડરવાને બદલે તે જાદુગરની બોલવાની છટા તથા તેના શરીરના હાવભાવથી બીહી જઈ ધીમે સાદે બોલ્યો, "તારું કહેવું ખરું કરી બતાવ!"

આલ્મમને જવાબ દીધો, "મારા શાહની મરજી તે મારી જ મરજી. ભલે આવતી કાલે મધ્ય રાત્રે હું આપની રાહ જોતો બેસું છું."

બાદશાહે પૂછ્યું, "કયાં રાહ જોતો બેસીશ?"

આલ્મમન જવાબ આપતાં પેહલાં જરા થોભ્યો અને પછી શાહના કાનમાં કંઈક કહ્યું; જે સાંભળી બોઆબદિલ ફિક્કો પડી ગયો અને બોલ્યો, "ખરેખર એ તો એક ભયંકર જગ્યા છે."

આલ્મમન બોલ્યો, "મહાન્ બોઆબદિલ જ્યાં સુધી ફરડીનાંડ બહાર ઘેરો ઘાલી પડ્યો છે અને મુસા શેહેરની અંદર રહી કાટલું કાઢે છે, ત્યાં સુધી અલહંબ્રા પોતે પણ જોખમ ભરેલી જગા છે."

બાદશાહ બોલી ઉઠ્યો, "શું મુસા! શું! તું મારા સર્વેથી શ્રેષ્ઠ લડાયક સરદાર મુસામાં વેહેમ લાવવાની તાકાદ ધરાવે છે?"

આલ્મમને જવાબ આપ્યો, "કીયો ડાહ્યો રાજા પોતાના લશ્કરમાં પ્રિય થઈ પડેલા અને પૂજાતા સરદાર ઉપર પૂરતો ઇતબાર રાખશે? દૈવયોગે ઈશ્વરેચ્છાથી આવતી કાલે લડાઈ જાગે અને બોઆબદિલ બાદશાહ ભાલાથી જખમી થઈ લડાઈમાં પડે, ત્યારે અમીર લોકો કોને રાજા તરીકે પસંદ કરે? શું આના જવાબમાં મુસાનું નામ આપના કાનમાં પોકારવાની મને જરૂર પડશે?"

બોઆબદિલ બાદશાહ અતિશય દુઃખની લાગણીથી પોકારી ઉઠ્યો "અરે નાપાક શાનશાહ! ઓ હતભાગી બોઆબદિલ! તને બાપનું સુખ

તો પ્રથમથી જ નષ્ટ થયેલું છે, આ વખતે મારા તાબામાં કોઈપણ રૈયત નથી, અને થોડોક વખત પછી મારી પાસે દેશ પણ નહીં રહે; અને છેવટે ત્યારે મારો હિતેચ્છુ સાથી પણ કોઈ નહિ રહે."

આલ્મમને નિર્દયપણે જવાબ દીધો, "કયા રાજાને મિત્ર હોય છે? આમ કોઇને હોતો નથી."

બોઆબદિલશાહ બોલી ઉઠયો, "દૂર થા અહીંથી દૂર થા!" બોલતી વખતે તેના દરજ્જા અને તેના જાતિ જુસ્સાનું પ્રદીપન થવાને લીધે તેની આંખ્યોમાંથી અગ્નિ સરખો પ્રકાશ નીકળવા લાગ્યો. તે પાછો વિશેષ બોલ્યો, "તારું નિર્દય અને માણસાઈ વગરનું ડાહાપણ મારાં શરીરમાં વહેતું લોહી પણ ઠંડુગાર કરી દે છે. તારી સલાહથી કીર્તિ, વિશ્વાસ અને મનુષ્ય જાતની લાગણી એ સર્વનો નાશ થઈ જાય છે. તું અહીંથી જતો રહે; હાલ મારે એકલાં રહેવું છે."

આલ્મમન પોતાના હમેશના જુસ્સા વગરના અને વગર પીગળેલા અવાજે બોલ્યો, "બળવંત બોઆબદિલશાહ, આપણે હવે આવતી કાલે મધ્ય રાત્રે મળીશું. પાદશાહ ચિરંજીવ રહો." આટલું કહી તે ચાલતો થયો. પાદશાહ પોતે જ્યાં ઉભો હતો ત્યાંથી પાછો ફર્યો, પણ આલ્મમનને ત્યાંથી જતો રહેલો જોઈ ભૂતની પેઠે કંઈ પણ અવાજ કર્યા વગર ઓચિંતો ત્યાંથી પાછો ફર્યો.

પ્રકરણ ૩ જું
નાયક અને નાયિકા

મુસા આલ્મમનથી જૂદો પડ્યો, ત્યાર પછી તેણે અલહંબ્રાના બુરજોથી શણગારેલા કિલ્લાની સામેની ટેકરી તરફ પોતાનો રસ્તો લીધો. તે ટેકરીની બાજુમાં તથા તેનાં શિખર ઉપર શહેરના શોકીન પુરુષોનો વાસ હતો. મુસા જેમ બને તેમ ખાનગી અને એકાંત રસ્તા લેતો ચાલ્યો જતો હતો. જ્યારે તે અડધી ટેકરી ચડી ગયો, ત્યારે આખરે શહેરના એક દોલતમંદ વેપારીના બગીચાને ફરતી બાંધેલી, લાંબી, નીચી ભીંતની પાસે આવી પહોંચ્યો. તેણે લાંબી અને જીજ્ઞાસુ નજરથી આસપાસ જોયું તો સીએરાવીવેડાનાં બરફથી ભરેલાં શિખરો ઉપરથી વખતો વખત આવતી થંડી લેહેરીથી ચકોતરાં તથા દાડમનાં ખુશબોદાર પાંદડાંમાં જે ખડખડાટ થતો, તથા બાગની અંદર ખળખળ કરતા મધુર અવાજથી વહેતા પાણીના ઝરાની દિલખુશ ધ્વનિ, એ શિવાય, ત્યાં પ્રસરેલી શાંતતામાં કોઇપણ ખલલ

પાડતું નહોતું. ત્યાં એ મુરનું અંતઃકરણ જોરથી ધબકવા લાગ્યું. એક પળની અંદર તે દીવાલ ઉપર ચહડી બાગની અંદર ઉતરી પડ્યો, અને ખુશનુમાં સુવાસિત, સોનેરી રંગનાં ફળ ફૂલથી છવાઈ રહેલાં ઝાડોથી ઢંકાયલા, અને રંગ બેરંગી ફૂલોથી શણગારેલા એક લીલાછમ તખતા ઉપર આવી ઉભો.

તે અહીંથી થોડેક આગળ ચાલ્યો, અને અસલી બાંધણીનાં એક ઘરની નજદીક આવી ઉભો. એ ઘર મજબૂત, પૂરાતની, અને કમાનદાર સ્થંભો ઉપર બાંધવામાં આવ્યું હતું; અને તેનો ઘણો ખરો ભાગ ગુલાબનાં ઝાડો અને તરેહતરેહના વેલાઓથી ઢંકાઈ ગયો હતો. એ કમાનદાર સ્થંભો ઉપર આવેલી જાળીઓ ઉઘાડતાં, ઢોલ ચડાવેલા મોટા ઝરૂખાની અંદર જવાતું હતું. આ જાળીઓ માંહેલી એકજ જાળીમાંથી દીવાનું અજવાળું દેખાતું હતું, અને બાકીના ભાગમાં અંધારું હતું, જે ઉપરથી એમ જણાતું હતું કે તે ઓરડામાંના માણસ સિવાય બાકીનાં સર્વ માણસો ભર નિદ્રામાં પડ્યાં હશે. જે બારીમાંથી અજવાળું પડતું હતું તે તરફ ક્ષણવાર મૂર ધીમેથી છૂપે પગલે આગળ ચાલ્યો. અને સ્થંભીને અરબ્બી સાયરોની કવિતાને લગતી નીચલી ગઝલ લલકારી.

ગઝલ

અયે રોશની એ જાનેમન, રોશન બના મુજ જાનો તન;
તેરે સિવા નહીં એરો મન, કહેતા હું મેં યે હર ઘડી.
હય આરઝુ દાયમ મેરી, ખુબી ભરી અખો તેરી;
દેખું હમેશાં અએ પરી, યેહ બાત હએ દિલમેં ખડી.
ગર યે સિતારે ફલકકો, ચમકાતે હે સબ મિસ્લે તો;
પર દેખનાં તેરે બજાુઅ, નહીં એ મુજે આદત પડી.
રાત તો મુફિકર હએ, વાસ્તે તેરે દીદારકે;
દે લુત્ફસે દીદાર તું, ઇલ્લા ન હએ આફત પડી.
મેરી યઈ શમશીરપર, ગર યે લીખા કૂરાન હયે;
પર દિલપે મેરે દિલરુબા, તેરે નામકા નિશાન હએ.

આ ગાયન તેણે પૂરું કર્યું કે તેજ વખત બારી ધીમેથી ઉઘડી અને એક તરુણ સ્ત્રીએ ઝરૂખામાં આવી દેખાવ દીધો.

મૂર તેને જોઈ બોલી ઉઠ્યો, "અય લીલા, તને જોયાથી આજ મને સ્વર્ગનું સુખ પ્રાપ્ત થયું છે."

લીલાએ જવાબ આપ્યો, "અરે ચૂપ ચૂપ! જરા ધીમા અવાજથી બોલો! તથા લાંબો વખત અહીં રહેતા નહીં. મને બ્હીક લાગે છે કે

રખેને આપણી છુપી મુલાકાતોની ખબર પડી ગઈ હોય." આટલું કહીને ધ્રુજતે અવાજે તે બોલી, "અને રખેને આપણી આ છેલ્લી જ મુલાકાત હોય."

મુસા ગરમ અવાજથી બોલ્યો, "સુબ્હાન અલ્લા, હું શું સાંભળું છું? આ શું ભેદ! તારું ગોહર, તારો દરજ્જો તથા તારાં માબાપ કોણ તે તું શાવાસ્તે મને કહેતી નથી? ખુબસૂરત લીલા, તું શું એમ ધારે છે કે ગ્રાનડાની અંદરનું કોઇપણ શ્રીમાન્ કુટુંબ મુસા બિન અબલગઝનની સાથે સંબંધ જોડવાને ના પાડશે ખરું?" પોતાના મિજાજી અવાજને ધીમો પાડી નમ્ર હેતાળ સ્વરે તે બોલ્યો, "જો એવું કોઇપણ ખાનદાની ઘર ન હોય, ત્યારે એવી કેઈ ચીજ છે જે આપણા પ્યાર અને શાદીમાં હરકત લાવી શકે તેમ છે? વહાલી લીલા! ગમે તો તું એક મોટામાં મોટા ખાનદાનથી ઊતરી હોય, યા તું હલકામાં હલકા કુટુંબમાં જન્મી હો, છતાં પણ મુસાએ પોતાની બહાદુર છાતી શોભાવવાને લીલા રૂપી સુવાસિત ફૂલને જ પસંદ કીધું છે તે મિથ્યા થનાર નથી."

લીલા રડતી રડતી બોલી, "અફસોસ! પ્યારા જીગર! જે ગુહ્ય વાત તું સાંભળવા ઇચ્છે છે તે બાબતમાં મને તારા જેટલી જ માહિતી છે. મેં તને કેટલીકવાર કહ્યું છે કે હું મારાં કુળ તથા બચપણની દોલતવિષે તદન બિનવાકેફ છું. મને માત્ર આટલું જ યાદ છે કે હું એક દૂરના તપતા પ્રદેશની વાસી છું. તે પ્રદેશનાં રેતીનાં ઉજ્જડ મેદાનોમાં સીડરનાં ઝાડો ઉગે છે અને તપતી હવાને લીધે થતાં આછાં ઘાસ ઉપર ઊંટો ગુજારો કરે છે. એ જગાએ હું હતી તે વખતે મને યાદ છે કે મારી મા જીવતી હતી; પ્યાર ભરેલી આંખોથી તે મારી સામું જોતી, તથા મધુર ગાયનરૂપી હાલરડા ગાઈ મને સુવાડવાનો પ્રયત્ન કરતી."

મૂર મમતાથી બોલ્યો, "તારી માના આત્માએ મારામાં આવી વાસ કીધો છે."

લીલાએ પોતાનો હેવાલ કહેવો પાછો શરુ કર્યો. તે બોલી, "ત્યાર પછી મને અહીં લાવવામાં આવી જેથી મેં મારું બચપણ તથા જવાની આ ઘરની અંદર જ કહાડ્યાં છે. મારા હલકામાં હલકા હુકમને ઉઠાવવાને સેંકડો ગુલામો હાજર રહે છે અને જેણે રાજ્ય દરબારનો વૈભવ તથા ગરીબાઈ, જેથી હું તદન અણુવાકેફ છું, એ બંને જોયલાં છે તેઓ કહે છે કે મોટા મોટા પાદશાહો પણ નહિ ખરચતા હોય તેટલો ખજાનો મારે વાસ્તે મોકળે હાથે વાપરવામાં આવે છે. મારાં સગાંસંબંધી વિષે

મને પૂરી માહિતી નથી. મારો સખ્ત મનનો એકાંતવાસી પિતા મને કોઈ કોઈ વાર મળવા આવે છે. કેટલીક વાર તો મહીનાઓ સુધી પણ મને મળવા નથી આવતો. પણ મને લાગે છે કે તે મને ચાહે છે. મેં તેને મારા બાપ તરીકે પહેલો પિછાણ્યો તે પહેલાં જ્યારે તે મારી પાસે આવતો અને હું તેને ગળે બાઝી પડતી તે વખતને હું મારો સઊથી સુખી વખત લેખતી હતી."

મૂરે પૂછ્યું, "તેનું નામ તું જાણે છે?"

લીલાએ કહ્યું, "હું તેમ બીજું કોઇપણ જાણતું નથી." કદાચિત્ ગુલામોનો સરદાર બુઢ્ઢો અને કરચલી વળેલા મોઢાનો "ઝીમન" જેને જોવાથી મારા શરીરમાં કંપારી છૂટે છે, તે જાણતો હશે."

વિચારયુક્ત હાલતમાં મૂર બોલ્યો, "કેવી અજબ જેવી વાત છે? તોપણ આપણો પ્યાર ખુલ્લો પડી જવાની તથા તે નિષ્ફળ થવાની તું શા કારણથી ધાસ્તી રાખે છે તે કંઈ જણાતું નથી."

તે બોલી, "ઝીમન મારી પાસે આવ્યો હતો તેણે મને કહ્યું કે, 'બાગની અંદર કોઈ મરદનાં પગલાં જોવામાં આવે છે; અને આ વાતની જો તારા બાપને ખબર પડશે તો તુંને તે એક ઘડી આનડામાં રહેવા દેશે નહીં.' તે આમ બોલતો હતો ત્યારે હું ધ્રુજતી હતી તે તે જોઇને આસ્તેથી બોલ્યો, 'યાદ રાખજે કે મોરસીકાના મોટામાં મોટા અમીર સાથે પરણવા કરતાં એક જંગલી વાઘ સાથે તને પરણવાની સહેલાઇથી રજા મળી શકશે. વાસ્તે ચેતતી રહેજે.' આટલું કહી તે ચાલ્યો ગયો. અયે દિલોજાન મુસા! મારું મન તદ્દન ભાંગી જાય છે અને મારી નજર આગળ ગમગીની ભર્યું ભવિષ્ય નજરે પડે છે."

મુસા બોલ્યો, "મારા બાપના શિરના કસમ ખાઈ કહું છું કે આ સઘળી અડચણોથી મારા પ્યારમાં ઘટાડો થવાને બદલે તેમાં ઉલટો વધારો થાય છે, જો તું સો સો પગથિયાંવાળી ઉંચી જગા ઉપર હોઇશ અને દરેક પગથિયે સો સો દુશ્મનો ઉભા હશે તોપણ તેઓની ગરદનનો વરસાદ વરસાવતો મુસા તારી હજુરમાં હાજર થશેજ."

તામસી મિજાજનો જુસ્સાદાર મૂર એ પ્રમાણે પોતાની બડાઈ ગાઈ રહ્યો કે તરતજ ઝાડોની કુંજમાથી એક તીર સુસવાટ કરતું તેના તરફ આવ્યું, અને તેના ગાલને ગરમ પવન આપતું પાસેના ઝાડમાં અડધો અડધ પેસી ગયું.

આ જોઈ લીલા બોલી ઉઠી. "ન્હાસ, વહાલા ખાવિંદ, ન્હાસ, તારો બચાવ કર ! અયે પાક પરવરદિગાર ! મારા શિરતાજનું રક્ષણ કરજે." આટલું કહેતી કે તે પોતાના દિવાનખાનામાં પેસી ગઈ.

શું થવાનું છે તેની દરકાર કર્યા વગર તે મૂર ન્હાસી જવાને બદલે ગુસ્સામાં, જે જગાએથી તીર આવ્યું હતું, તે તરફ ઉઘાડી તરવાર લઈ ફરકતે હોઠે દાંત કરડતો પોતાના દુશ્મનની શોધમાં ગયો. યુદ્ધ-પ્રવીણ મૂરે સુસવાટ કરતાં ઘાડાં ઝાડોની અંધારી ગલીઓમાં પોતાના દુશ્મનને ઢુંઢયો, પણ કોઈ નજરે આવ્યું નહીં. જેથી છેવટે નાઉમેદ થઈ વિકરાળ ચેહેરે પાછો ફર્યો, પણ જેવો તે દિવાલ કૂદી બહાર આવ્યો કે તરતજ એક ધીમો પણ તીણો અને તે છતાં તીખો બાગમાંથી આવતો અવાજ તેને કાને પડ્યો, તે અવાજ એમ કહેતો સંભળાયો કે, "તું હાલ તો બચી ગયો છે, પણ તારા ઉપર વધારે આફત આવી પડવાની છે તે સારુ જ બચી ગયો."

પ્રકરણ ૪ થું
બાપ અને દીકરી

લીલા હવે પોતાના મેહેલની અંદર પાછી જતી રહી. આ મેહેલને શણગારવાની ઢબ અને ભભકો આનડાના મૂરલોકોના મેહેલથી જૂદી તરેહનો હતો. એની બાંધણી કંઈક વિશેષ વિશાળ, અને ઈજીપ્તના જબરજસ્ત મેહેલો સાથે જો આપણે તેને સરખાવી શકિયે, તો તેના જેવી હતી. આ મેહેલની દિવાલો કીમતી સોનેરી ભરતે ભરેલાં તથા હીરા મોતી જડેલાં જાંબુઆ રંગનાં ઉમદા લૂગડાંથી ઢાંકી લીધી હતી. મેહેલની દિવાલના ખુણામાં જડેલા ચોરસ પથ્થરો ઉપર અને તેની ભવ્ય સીલીંગ ઉપર કોઈ પરાયી કોમના હરફોમાં જૂદા જૂદા ફકરાઓ કોતરેલા હતા, આ સીલીંગને ચોરસ થાંભ-લાઓથી ટેકવી લીધી હતી અને તે થાંભલાની આસપાસ મીનાના અને સોનાના સરપો વિંટાળ્યા હતા. તેઓની આંખની જગાએ ઉમદા લીલમો જડ્યાં હતાં તેથી તેઓ ખરેખર જીવતા હોય તેમ તેઓની આંખો પ્રકાશ મારતી હતી. તરેહ તરેહનાં હાથે લખેલાં પુસ્તકો અને વાજિંત્રો, આરસના પથ્થરની ટેબલોપર પડ્યાં હતાં. ચકચકીત રૂપાની દીવી ઉપર એક દીવો બળતો હતો તે આખા ઓરડામાં ઝાંખું ઝાંખું અજવાળું ફેંકતો હતો. આ સઘળી વસ્તુની સામટી અસર જો કે ભભકાદાર, પણ વિચિત્ર, ઉદાશી અને અતિશય તાબેદારીસૂચક હતી. અને તે સાથે તે મેહેલની બાંધણી

આનડા શહેરના જેવા, સ્વચ્છ આકાશ, લેહેકીદાર હવા અને ભભકા-વાળાં શહેરની લાયકની હોવાને બદલે, નોરવેના ઠંડા દેશને યા તો આફ્રિકન સૂર્યનાં આકળાં કિરણથી શરિરની રક્ષા કરવા માટે થીબસ અને મેમફિસના મુલકમાં બાંધેલા અસલી બાંધણીવાળા મેહેલોને વધારે મળતી હતી.

લીલા પોતાના દિવાનખાનામાં ફિક્કે ચેહેરે અર્ધ ઉઘાડા હોઠોથી, હાથની હથેળીઓ જોડી, પોતાનો આત્મા પણ જાણે પોતાના કાનમાં મૂકી દીધો હોય તેમ હાલ્યા ચાલ્યા વગર એક ધ્યાનથી કંઈ સાંભળતી ઉભી. આ નાજનીનને કોઈ સેતાનના મહાલયમાં પૂરાઈ રહેલી પરી સાથે સરખાવીએ તોપણ ઓછું કહેવાય. તેનો આકાર નાજુક પણ સ્ત્રી જાતની ખુબસૂરતીને દિપાવતો ગોળમટોળ હતો. તેના શરીરની અંદર કોઈ પ્રખ્યાત શિલ્પશાસ્ત્રી, આ સૃષ્ટિનાં પ્રાણીને બદલે કોઈ ફિરસ્તાની મૂર્તિ બનાવવા ખાતર જેવું સ્થિતિસ્થાપકપણું તથા મૃગના જેવી ચચળતા દાખલ કરવાના હવાઈ વિચાર કરે, તેવું કંઈ અજબ જેવું સ્થિતિસ્થા-પકપણું અને ચંચળતા દેખાતાં હતાં. તેના ઘટ્ટ વાળો, પૂર્વ તરફના લોકોના વાળો જેવા કાળા અબ્બક હોવાને બદલે કંઈક ચકચકીત જાંબુવા રંગના હતા. તેનો ચેહેરો જો કે કુદરતીજ ફિક્કા રંગનો હતો તોપણ સાફ અને કાંતિવાન હતો, તેથી યુરોપની ઉત્તરે આવેલા કોઈ મુલકમાં પણ તે જોવામાં આવે તો ત્યાંપણ તે સુંદરી તરીકે ગણાય. તેના અવયવો કંઈક વળેલા અને પ્રમાણસર હતા. તેના ભરેલા રસદાર હોઠોમાંથી મોતીને શરમમાં નાંખતા દાંતો કંઈક દેખાતા હતા. આ ઉત્કૃષ્ટ ચેહેરાની અંદર વિશેષ ખૂબી તો એ હતી કે, આવા મનહર મુખની અંદર ક્વચિત્ જ જોવામાં આવતું, અને મૂર લોકોની વિલાસી નબળી ઓરતોની અંદર તો કેવળ અણજાણ્યું, એવું નરમાશપણું અને પાકીજગી, તથા ઈશ્વરમાં ઇષ્ટ એ તેમાં સાફ રીતે પ્રકાશતાં જણાતાં હતાં. લીલાને કેળવણી આપ-વામાં આવી હતી, અને તેને ફળ લાગ્યાં હતાં.

થોડોક વખત સુધી આ પ્રમાણે સંદેહમાં અને સંદેહમાં રહ્યા પછી લીલા પાછી ધીમેથી બારી પાસે આવી તે આસ્તેથી ઉઘાડી, અને બ્હાર આસપાસ નજર નાંખી છેટે છેટે ઝાડીની અંદર ખુલ્લી જગામાં તેના આશક મુસાએ પોતાના દુશ્મનને ખોળવાનો ફોકટ પ્રયત્ન કર્યો પછી પાછો ફરી જતાં જતાં પોતાની માશુકની બારી તરફ નજર ફેરવી. તે વખતે એક લીલી છમ જમીન ઉપર, જેટલી જગામાં તેનો પડછાયો પડતો તેટલી જગામાં ચંદ્રના પ્રકાશને કાળો કરી નાંખતો તેવો દમદમાટવાળો પડછાયો

તેણે જોયો. એ પડછાયો એક પળની અંદર ઘટાવાળાં અને સેળભેળ ઝાડોની અંદર ગેબ થઈ ગયો પણ લીલાને ફક્ત આટલું જ જોવું હતું. તે પાછી પોતાના ઓરડામાં જતી રહી; અને આંખમાંથી ઉપકારનાં આંસુ પોતાના ગાલો ઉપરથી સેરવતી ગાદીઓના ઢગલા ઉપર ઘુંટણે પડી સ્તુતિ કરતી બોલી, "અહો મારા કુળ દેવો! તમારી કૃપાથી મારો મોહન સલામત છે, અને તે વાસ્તે હું તમારી ઉપકૃત છું."

પણ પાછો ભયંકર વિચાર મગજમાં આવવાથી તે બોલી ઉઠી, "એમ છે છતાં પણ તેના હકમાં મારા દેવોની હું કેમ સ્તુતિ કરી શકું? મારો આશક અને હું કંઈ એક જ ધર્મને માનનારાં નથી. મને તો એના ધર્મને માનનારી કોમથી ડરવાનું અને તેમના ઉપર અભાવ રાખવાનું શિખવવામાં આવ્યું છે! અફસોસ, આનો અંત કોણ જાણે કેવો આવશે? જે દિવસે તેણે મને પેલા બગીચામાં જોઈ, અને જે દિવસે મને કહેવામાં આવ્યું કે, 'લીલા, તું આ આનડાના ગૌરવ, અને શૂરવીર મુસાના દિલમાં વસી રહી છે, તે દિવસ ખરેખર વિનાશકારક નિવડ્યો. અરે હું કેવી બેનસીબ!'"

આ તરુણ કન્યાએ પોતાનું મોં થોડો વખત હાથેવતી ઢાંકી દીધું અને આકળા વિચારોમાં લીન થઈ ગઈ. જે વિચારોની અંદર ઘડીએ ઘડીએ આવતાં ડુસકાંથી ભંગાણ પડતું હતું. કેટલોક વખત આ પ્રમાણે સુસ્તી અને ગમીમાં ચાલ્યો ગયો; ત્યાર પછી ભીતના પડદાને ખસેડી, ઉત્તમ પહેરવેશ પહેરી એક હૃષ્ટપુષ્ટ પુરુષ અંદર દાખલ થયો અને કુદરતી રીતે તીખી અને સખ્ત નજર સાથે ઝગડો કરતી નરમાસ અને દયા ભરેલી આંખોથી લીલાની ગમગીન સ્થિતિ ઉપર નજર ફેંકી.

અંદર આવનાર પુરુષ બોલ્યો, "લીલા!"

લીલા તરતજ ચોંકી ઉઠી અને તેના ગાલ ઉપર સુરખી પ્રસરી રહી. તેણે પોતાનાં આંસુ ઝટપટ લૂછી નાંખ્યાં, અને હસતું વદન રાખવાનો ફોકટ પ્રયત્ન કરતી તે પુરુષની નજદીક આવી બોલી, "પિતાજી આપ ભલે પધાર્યા."

આ નવો આવનાર પુરુષ એક તકિયા પાસે જઈ બેઠો, અને લીલાને પોતાની નજદીક બેસવા ઇશારત કરી. તે ગંભીરતાથી બોલ્યો, "લીલા, તારા ગાલ ઉપર આંસુ હમણાં જ પડેલાં હોય એમ દેખાય છે. એ આંસુ તારી જાતની ઓરતોને ઓળખી કાઢવાની મુખ્ય નિશાની છે. આપણી કન્યાઓ રડવા વાસ્તે અને આપણા પુત્રો દુઃખની બૂમો પાડવા

વાસ્તે જ જન્મે છે. મોટા મોટા બળવંત પુરુષોના શિર ઉપર ખાક પડે છે. અને સૌંદર્યવાન, પરીસમાન તરુણીઓ રડતી આંખે સૃષ્ટિમાંથી નાબુદ થઈ જાય છે. અરે! જો આપણે પ્રયત્ન કરીએ, જો આપણે હિંમત કરીએ, જો આપણે એકઠા મળી સેહેતાની ખસલતના માણસોની સામા થઇયે તો સર્વ સારું થાય. પણ અફસોસ! તેમ બનશે જ નહીં. તોપણ એક શખ્સ આખી કોમનું વેર લેશે જ એ તો નક્કી છે."

લીલાના બાપનું શ્યામવદન આવા જુસ્સાના શબ્દો બોલવાને પુરતી રીતે યોગ્ય હતું; પણ આ વખતે તો ગુસ્સાને લીધે તે ભયંકર થઈ ગયું હતું. તેના હોઠ અને ભવાં વારા ફરતી ફરકતાં હતાં. પણ આ ઊભરો તરતજ બેસી ગયો. અને તેની છોકરી તેનાથી કંપવા લાગી. તેની અગાઉ તે શાંત થઈ ગયો. તે બોલ્યો, "પણ આવા વિચારો સાંભળવાને તું સ્ત્રી જાત અને વળી બચ્ચું લાયક નથી, વાસ્તે એ વિષે હું કંઇપણ નહિ બોલું. વહાલી **લીલા**! તને મેં મમતાથી ઉછેરી છે અને સંભાળથી કેળવણી આપી છે. અલબતે હું તને આકરો અને પ્યાર વગરનો લાગતો હઇશ, પણ તારા બચપણમાં તુંને એક નજીવાં સંકટમાંથી ઉગારવા વાસ્તે પણ, મારું ઉમદામાં ઉમદા અંતઃકરણનું લોહી હું વહેવરાવવા હમેશાં તત્પર રહેતો હતો. હું જે કહું તે તું શાંત રહી સાંભળ. તું કોઈ દિવસ તારી કોમને ઉપયોગની થાય અને તારો વખત સુસ્તીમાં ન જાય તે વાસ્તે તારી કોમની ઓરતોને જવલે જ અપાતી એવી કેળવણી તને આપવામાં આવી છે. તને કંઈ **મૂર**—કન્યાઓના જેવું વિષયલંપટપણાનું જ્ઞાન આપવામાં આવ્યું નથી. તારું નૃત્ય અને ગાયનો કંઈ તેઓના જેવાં કામોત્તેજક નથી. તારા અવયવોને ધર્મ અને આપણા ઈશ્વરને ખાતર જ જે કંઈ કરવાનું છે, તેજ શિખવવામાં આવ્યું છે.

"તને ગાયન શિખવવામાં આવ્યું છે તે કેવળ તારા જાતિભાઇઓ જેઓનો દેશ તેઓને થયેલા અપમાનથી શોકમય છે, જેઓનો દેશ પોતાના શૂરા સામંતોને યાદ કરી જુસ્સામાં આવી જાય છે, અને જેઓનો દેશ પોતાનાં પવિત્ર ગાયનો ગાઈ પવિત્ર થયેલો છે, તેઓને ઉશ્કેરવાને ખાતર જ શિખવવામાં આવ્યું છે. જે જે ઇતિહાસો અને નજુમીનાં પુસ્તકો તને શિખવવામાં આવેલાં છે તે, ફકત ધર્મની બાબતને તારા મનમાં ઉશ્કેરવાને ખાતરજ શિખવવામાં આવ્યાં છે. **લીલા**! મારું કહ્યું તું સમજે છે?"

તેની કન્યા પોતાના બાપે કોઈ દિવસ અગાઉ આવા જુસ્સાથી અને આવી તરેહની વાત કરેલી નહોતી તેથી બાપડી ગુંચવાડામાં પડી જઈ

અજબ થવા લાગી. અને તેણે એવો તો આતુરતાથી કંઈ જવાબ આપ્યો કે તેથી સવાલ કરનારને સંતોષ ઉપજ્યો હોય એવું લાગ્યું; તેથી તેણે ગંભીર ચહેરા અને બદલાયલા સુરે પાછું બોલવું શરુ કર્યું. તે બોલ્યો, "ત્યારે ઉઠ, સાવધ થા; બહાદુર અને સર્વથા શ્રેષ્ઠ હિન્દુપુત્રી! અને આપણો પીછો પકડનારને ધિક્કારની નજરથી જો, તથા જુલમગાર મૂર મુસા ઉપર લેયાનત નાંખ." આમ બોલતી વખતે ઉઠવાનો હુકમ કરનાર શખ્સ પોતે જ ઉઠ્યો, અને પોતાનો એક હાથ ઉંચો કરી બીજો હાથ પોતાની પુત્રીના ખભા ઉપર રાખ્યો. તે બાપડી થોડોક વખત સુધી તો ભયભીત અને જંગલી હાલતમાં અચંબા સહિત તેના સામું જોઈ રહી અને પછી તેના ચરણમાં અરજ ગુજારતી હોય તેવી રીતે બાઝી પડી અને કવચિત્ જ સમજી શકાય એવા સ્વરે બોલી, "અરે મારું રક્ષણ કરો રક્ષણ કરો."

આ શખ્સ ખરેખર હિબ્રુ હતો. તેણે પોતાના પગને બાઝી રહેલી પોતાની છોકરી સામું ધિઃકારની નજરથી જોયું. તેણે પોતાનું ખંજર કાઢવા પોતાનો હાથ લંબાવ્યો, તે અડધું કાઢ્યું, અને પાછું મિયાનમાં નાંખી દીધું. વળી કાંઇક શાપ દીધાની પેઠે બડબડી તે પાછું કાઢી લીલાની નજદીક ફેંક્યું.

તે શાંત થવાનો નિષ્ફળ પ્રયત્ન કરતાં બોલ્યો, "પતિત છોકરી! જો તારાં હૈડાની અંદર એક મૂર વિષે કંઇપણ નાલાયક વિચારો દાખલ થયા હોય તો, તેને જડમૂળથી કહાડી નાંખ. તે જો કોઈ બીજી રીતે ન નીકળે તો આ પડખે પડેલી છરીથી તેને ખોતરી કાડ, કે જેથી મારે હાથે તેમ કરવાની મને ફરજ ન પડે" તે લીલાને તરતજ પોતાના પડખમાંથી છોડાવી, તેને બેભાન હાલતમાં છોડીને ત્યાંથી ચાલતો થયો.

પ્રકરણ ૫ મું

"અતિ લોભ તે પાપનું મૂળ"

લીલાના દિવાનખાનામાંથી નીકળી એક પહોળા દાદર ઉપરથી ઉતરતાં, લીલાનો બાપ એક ગળી ગયેલા, ફિક્કા તથા મુડદાલ જેવા જૈફ માણસને મળ્યો. એ માણસે રેશમી અને રૂવાંનો એક મોટો જબ્બો બદનની આસપાસ વિંટાળ્યો હતો. તેના કરમાઈ ગયેલા તથા કરચલી વળેલા ચેહેરા ઉપરથી જણાતું હતું કે તે હવે લાંબો વખત જીવવાનો નથી.

મજકુર હિબ્રુએ આ શખ્સને કહ્યું, "ઝીમન, મારા વફાદાર અને વહાલા નોકર, મારી સાથે ચાલ, આપણે તે ભોંયરાની અંદર જઇએ." આટલું કહી જવાબની રાહ જોયા વગર તે ગલ્લીઓમાં થઇને આખરે એક સાંકડી, અંધારી, તથા ખડકમાંથી કોતરી કાઢેલી ભેજવાળી ગેલેરી પાસે આવી ઉભો. ત્યાંથી એક જબરજસ્ત દરવાજામાં થઇને અંદર દાખલ થવાનું હતું. એ દરવાજો સેંકડો માણસોના એકત્ર જોરથી ખચિત જ ઉઘડી શકે એવો ભારે હોવા છતાં, તે હિબ્રુએ માત્ર એક આંગળી અડાડી ઉઘાડી નાંખ્યો. એ ગુફાની અંદર એક ગોખલી હતી તેમ એક પિત્તળનો દીવો બળતો હતો. તે તેણે પોતાના હાથમાં લઈ લીધો, અને તે બુઢ્ઢો માણસ ધીમે ધીમે ચાલતો તેને આ જગ્યાએ આવી મળ્યો, ત્યાં સુધી અધિરાઇથી તેની વાટ જોતો ઉભો. તે અંદર આવ્યો એટલે, દરવાજો બંધ કરી તેઓ આગળ ચાલ્યા. કેટલેક દૂર સુધી આડા અવળા ચાલ્યા પછી તેઓ તે ખડકની અંદરના અમુક ભાગની પાસે આવી ઉભા થઈ રહ્યા. અહીં આવી તે હિબ્રુએ બીજો એક દરવાજો ઉઘાડ્યો. એ દરવાજો એવી તો યુક્તિથી છૂપો રાખવામાં આવ્યો હતો કે ગમે તેવો માણસ આવે પણ તેને તે કદીપણ માલુમ ન પડે. આ દરવાજો પણ તેણે હાથના ઇશારાથી જ ઉઘાડી નાંખ્યો. આ સઘળું જોઈ એક ક્ષણ એમ લાગ્યા વગર રહે જ નહીં કે એ કોઈ જાદુઈ અખતરો હશે. જ્યારે ખડકનું બારણું ઉઘડ્યું, ત્યારે તેની અંદર વર્તુળાકારની ગુફા દીઠામાં આવી. એની અંદર સેંકડો પિત્તળના દીવા બળતા હતા અને રુઆંના સુંવાળા ગાદી તકીઆ તથા પડદાઓથી તે ગુફાને શણગારવામાં આવી હતી. એકાએક બદલાઈ જતા આવા દેખાવાથી માણસ જાતને જાદુઈ અસર થયા વગર રહે જ નહીં. બેઢંગા અને કુદરતી હોય એવા જણાતા ખડકના થાંભલાઓપર જુનાં અને કટાઈ ગએલાં હથિયારો ટાંગ્યાં હતાં, મોટા મોટા ગોખલાઓ લોઢાના દાબડામાં વીંટી રાખેલા કાગળોથી ભરી મૂકયા હતા, તથા એ શિવાય ઓર તરેહનાં બેડોળ હથિયારો તથા હાલના જમાનામાં રસાયણ શાસ્ત્ર વગેરેના અખતરા અજમાવવામાં કામ લાગે એવા તરેહ તરેહના સંચાઓ ત્યાં પડેલા હતા, તેથી એ જગા બિહામણી જેવી દેખાતી હતી.

રુંઆંથી મઢી લીધેલા એક પલંગપર તે યાહુદી જઈ બેઠો, અને જેવો તે બુઢ્ઢો માણસ બારણું ઢાંકીને અંદર આવ્યો તેવો જ તે બોલી ઉઠ્યો. "ઝીમન શરાબ તૈયાર કર, કારણ કે તે આત્માને આસુદગી આપે છે; અને મારે આસુદગીની જરૂર છે."

ગુફાના એક આકારાંમાંથી ઝીમને સીસો તથા શરાબ પીવાનું જામ બહાર કાઢયાં. "વેગ" માં બનેલા કેરી દારુનું એક જામ ભરી પોતાના શેઠને આપ્યું. તે તે પી ગયો, અને તે પીધા પછી તેનામાં કૌવત આવ્યું હોય, અને મનને આરામ મળ્યો હોય એમ તેને જણાયું. તેણે પોતે દારુનો પ્યાલો ખાલી કરી ઊંડા નિઃશ્વાસ સહિત ઝીમનને કહ્યું, "એક જામ ભર અને તારી રગોમાં જવાનીનું લોહી વહેવા માંડે ત્યાં સુધી પીધા કર."

તે બુઢ્ઢા મર્દે તેનો હુકમ બજાવ્યો અને પોતાના હોઠને પ્યાલો અડાડી તેને છેટો મૂકી દીધો.

પછી તે હિબ્રુ બોલ્યો, "ઝીમન, આ શહેરમાં આવ્યા પછી મૂર વંશના રાજાઓના જુલમ તથા અતિ લોભથી આપણી કોમનાં કેટલાં માણસોને કતલ કરવામાં આવ્યાં છે?"

ઝીમન બોલ્યો, "નામદાર સાહેબ, ત્રણ હજારની સંખ્યા પૂરી થવામાં જેટલો ઘટાડો હતો, તે યુસફ વજીરના હુકમથી ગયા શિયાળામાં પૂરી કરવામાં આવી છે, અને તેઓની માલમત્તા જપ્ત કરી, તેને વેચી તેમાંથી ગેલીલીના લોકો સામે લડવા સારુ તલવારો તથા તીરો ખરીદવામાં આવ્યાં હતાં."

તે હિબ્રુ બોલ્યો, "માત્ર ત્રણ હજાર જ? એક પણ વધારે નહીં? વ્યાજ સીએ રકમ પાછી આપવાનો વખત નજદીક આવે છે, જેથી તે સંખ્યામાં ત્રણગણો વધારો થયો હોત તો હું બહુ રાજી થાત."

તે વૃદ્ધ નોકરે જવાબ આપ્યો, "મારો ભાઈ, મારો છોકરો તથા મારો પૌત્ર પણ તે સંખ્યામાં આવી જાય છે." આમ બોલ્યો તે વખતે તેનો ચહેરો ખરેખર મુડદાના જેવો બિહામણો દેખાવા લાગ્યો.

હિબ્રુએ ઉત્તર દીધો, "તેઓના ઉપર જુલમ કરનારનાં મુડદાંઓના ઢગલા કરી તેના સ્થંભો બનાવી તારાં સગાંઓના કીર્તિસ્થંભો બનાવવામાં આવશે, જેથી તેઓ પછી કોઈ દિવસ પણ આપણને નીચ કંજુસ કરી કહેવા હિંમત નહીં ધરે."

તે વૃદ્ધે કહ્યું, "પતિત થયલી કોમના સરદાર! તું શું એમ ધારે છે કે, આરબ કાફરો કરતાં, પેલા મગરૂર તથા અતડા રહેતા ક્રિશ્ચિયન લોકો આપણ ઉપર થોડો જુલમ ગુજારશે?"

હિબ્રુએ જવાબ આપ્યો, "અલબત, એ બંને કોમો તિરસ્કારવા યોગ્ય છે, છતાં પણ ક્રિસ્ચ્યન લોકો મુસલમાનો કરતાં વધારે આશા ભર્યાં

વચનો આપે છે. હું એ ફરડીનાન્ડ તથા તેની ગર્વિષ્ઠ બાનુને મળેલો છું. તેઓ આપણને યુરોપમાં કોઈ દિવસ નહિં અનુભવેલા એવા હકો આપવા બંધાય છે."

ઝીમને પૂછ્યું, "શું ત્યારે તેઓ આપણા વેપાર, વણજ તથા પૈસામાં હરકત નહીં નાંખે?"

તપી ગયલો જમીન ઉપર પગ પછાડતો તે હિબ્રુ બોલી ઉઠ્યો, "અરે બેવકુફ, હું તો એવું ઇચ્છું છું કે, દુનિયાની બધી દોલત કોઈ અનંત ખાડામાં ગરક થઈ જાય તો સારું. આપણી કોમનાં જીગર અને આત્મામાંથી, અરે, એટલું જ નહીં પણ તેઓના શરીરના ઘાટમાંથી પણ માણસપણાનો ગુણ આસ્તે આસ્તે કોતરી ખાઈ જનાર, એ જ તુચ્છ, કંગાલ, અને કમકમાટી ઉપજાવતો કૃપણતાનો કોઢ છે. સુલેમાન અને જોશુયાના વંશ જોતાં, એક વખતનાં ઉમરાવી અને પૂર્વ તરફના અમીરી ખાનદાનના લોકોને પગતળે કચડી નાંખે એવા, અને જન્મથી જ સ્વામિત્વ અને હુકમ કરવાને લાયકના અવયવો, નજીવી ફીકરો વેઠી કરચલી વળી ગયલા, અને ભૂત જેવા લોહી વગરના થઈ ગએલા મેં ઘણી વાર જોયા છે. જ્યારે જ્યારે એક મજબૂત બાંધાના મારી કોમના માણસને, એક હલકા સલકાં, રેશમ અને મલમપટ્ટીની ખરીદી કરનાર નીચ માણસને જમીન સુધી નમી સલામ કરતો જોઉં છું, અથવા તો જ્યારે લડાઇનું મેદાન ગજવી મૂકે, એવો જબરો અવાજ, કંઈ તુચ્છ હલકી ઘાસ્તીને લીધે, અથવા તેથી પણ નીચ લોભને ખાતર, આસ્તે આસ્તે ખુશાલીના શબ્દોમાં નીકળતો સાંભળું છું ત્યારે, હું મારા મનને પૂછું છું કે, ખરેખર હું એક આવી કોમમાં જન્મ પામ્યો છું! અને તે જ વખતે જેહોવાહનો ઉપકાર માનું છું કે તેણે મને એ કોમમાં જનમાવ્યા છતાં, મારા જાત ભાઇઓ ઉપર જે ગુલામી અને લોભીપણાની લયાનત પડી છે, તેથી મને ઉગારી લીધો છે."

ઝીમને આ વાત સબુરીથી સાંભળી, પણ તેમાં કંઈ ભાગ લીધો નહીં, તેમ બરાબર સમજ્યો પણ નહીં અને થોડી વાર ચૂપ રહી, વાતની બાબત ફેરવી નાંખી બોલ્યો, "ત્યારે ગમે તે જોખમે પણ, મૂર લોકો ઉપર વેર લેવાનું તમે નક્કી કર્યું લાગે છે."

તે હિબ્રુ બોલ્યો, "માણસ જાતના લોહીની જ્વાળા ઉંચે આકાશમાં ચડી તેની વરાળ બની વાદળાં થઈ મૂર લોકોનો નાશ કરવા તેના શહેર ઉપર છાઈ રહી છે. વળી તે મૂર લોકોને ધિક્કારવાનું મને એક બીજું

કારણ મળ્યું છે. જે ફૂલને મેં ઉછેરી મોટું કર્યું, તથા જેનું મેં સંભાળથી જતન કર્યું છે, તે ફૂલને મારા બાગમાંથી લઈ જવાને એક કાફરે પ્રયત્ન કીધો છે. ઝીમન! તેં લીલાની સારી સંભાળ રાખી નથી. તારામાં અદેખાઈ અને એવા બીજા દુષ્ટ ગુણો છે, તે જો મને પ્રિય ન હત તો આવતી સવારે તારું માથું દારુ નદીની સપાટી ઉપર તરતું લોકોના જોવામાં આવત."

ઝીમન બોલ્યો, "ખુદાવિંદ, તું પોતે જે, અમારી કોમમાં એક ડાહ્યો પુરુષ લેખાય છે, તે જ્યારે એક કુંવારી કન્યાની સાચવણી ન કરી શક્યો, ત્યારે મારા જેવા, નિસ્તેજ આંખવાળા તથા બેહેર મારી ગયેલી ઇંદ્રિયોવાળા જૈફ આદમીને તે બાબતસર ગુન્હેગાર ઠરાવવો, એ કેવું ગેરવાજબી કહેવાય?"

તે ઇઝરાયલીસ્ટ એ સાંભળી ચૂપ રહ્યો, અને જાણે પોતાના જ વિચારમાં ગુંથાયલો હોય તેમ તેના કહેવા ઉપર લક્ષ પણ આપ્યું નહી. તે મનમાં ને મનમાં બડબડવા લાગ્યો, "એમ જ થવું જોઇએ. બળિદાન બહુ જ કઠણ છે, અને તેમાં ભય ઘણું રહે છે. પણ અહિં કને તો તે બની શકે તેમ છે વાસ્તે કરવું જ જોઇએ. આટલું બડબડી વળી તે મોટે સાદે બોલ્યો, "ઝીમન, તને ખાત્રી છે કે હું તેઓની કોમમાં જન્મ્યો છું એ વાત મારા જાતીભાઇઓ પણ નથી જાણતા? મારો ધિક્કારયુકત થઈ પડેલી કોમમાં જન્મ થયો છે. એ જો પ્રસિદ્ધ થશે તો મારું એકે એક અંગ દગાખોરના અંગ તરીકે ગણાઈ ફાડી ચીરી નાંખવામાં આવશે, અને તે બલામાંથી મને બચાવવા કોઈ પણ જાદુનો ઇલ્મ સમર્થ થશે નહીં."

ઝીમન બોલ્યો, "નામદાર સાહેબ, તે બાબે નિર્ભય રહો. કેમકે તમારા વફાદાર અને ફરમાબરદારી ઝીમન સિવાય આનડામાં કોઈ પણ માણસ તમારી ગુહ્ય વાત જાણતું નથી."

હિબ્રુ બોલ્યો, "ત્યારે મને ઉમેદ રાખવાનું મોટું કારણ છે, વાસ્તે મારે હવે મારે કામે લાગવું જોઇએ, અને આ વખત મહેનત કરવામાં ગાળવો જોઇએ."

એટલું કહી તે હિબ્રુએ ઉપર કહેલાં હથિયારોમાંથી કેટલાંક પોતાની પાસે લઈ લીધાં તથા ખડકની ગોખલીઓમાંથી કેટલાંક કાગળનાં બંડળ બહાર કાઢ્યાં. તે બૂઢ્ઢો માણસ પોતાના ધણીનો હુકમ બજાવવા વાસ્તે તેના પગ પાસે બેઠો રહ્યો. એ ઝીમન તેના કરચલી વળી ગયલા આકાર તથા ફિક્કા રંગથી કરીને, કોઈ જાદુગરે પોતાના જાદુઈ

ફરમાનો ઉઠાવવા વાસ્તે, એકાદા ડોસા ડગરાના મુડદાને કોઈ કબરમાંથી ખોદી કહાડી, તેમાં ચૈતન્ય મૂકી પોતાની સામું બેસારી રાખે તેવો શુદ્ધ મુડદા જેવો લાગતો હતો.

ઉપલી વાતચિત ઉપરથી વાંચનારે જાણી લીધું હશે કે, એ હિબ્રુ અલહંબ્રાવાળો જાદુગર આલ્મમન હતો, તથા તેની વાતચીત ઉપરથી અનુમાન બાંધ્યું હશે કે તેની ચાલ ચલગત તેના જાતભાઇઓથી કેવળ જુદી જ તરેહની હતી. એણે પોતાની જવાની વેપાર વણજમાં નહીં પણ મુસાફરી તથા અભ્યાસમાં ગાળી હતી. તે બહુ જ પૈસાદાર અને શક્તિવાન્ કુટુંબનો પુત્ર હતો. તે પોતાના બચપણના વખતમાં આનડામાં રહેતો હતો, અને તે વખતે તેના બાપ પાસે ઘણો પૈસો હોવાથી તેને ગુન્હેગાર ઠરાવી મરહુમ પાદશાહ મૌલા અબ્દલ્લા હસને મારી નંખાવ્યો તથા તે જવેરાત ગળી ગયો છે એવું ધારી તેનું શરીર ખરેખર ચિરવામાં આવ્યું હતું, તે સઘળું આલ્મમને જોયું હતું તથા વેર લેવાની પ્રતિજ્ઞા લીધી હતી. એક છેટેનો સગો તેને પાદશાહનો જુલમ ન પહોંચી શકે એવા છેટેના પ્રદેશમાં લઈ ગયો અને જે કળાથી યાહુદી લોકો જૂદા જૂદા દેશમાં પોતાની થોડી થોડી દોલત રાખી તેને દુશ્મનના હાથમાં જતી બચાવી શકે છે, તે કળાથી આલ્મમને પોતાની સઘળી દોલત, શાહે ઘણુંએ માથું ફૂટ્યું, છતાં તેના હાથમાંથી જતી બચાવી લીધી હતી. તે જમાનામાં જાહેર થયલી દુનિયાના સઘળા ભાગોમાં તે ફરી આવ્યો હતો, અને ઘણાં વરસ સૂધી ઇજીપ્તના ખેદીવના દરબારમાં રહ્યો હતો. તેણે જાદુઈ શોધો ઘણી ખંતથી કરી હતી, તથા હાલમાં તદન નાબુદ થઈ ગયેલી છે એવી ઘણી ગુહ્ય વાતો જાણી હતી. અમે એમ કહેવાને નથી ઇચ્છતા કે, તેણે જાદુઈ ઇલ્મનું જ્ઞાન મેળવ્યું હતું. તે કંઈ તત્વો ઉપર હુકમ કરી શકતો નહોતો. તેમ જ ભવિષ્ય પણ જાણી શકતો નહીં, અથવા તો એક શબ્દમાં આખી ફોજને વીખેરી શકતો નહીં. વળી જાદુઈ ઇલ્મથી એક જગાએથી બીજી જગાએ જઈ શકતો નહી. પણ કેટલાક લોકો, હલકા અજ્ઞાની મનુષ્યોને બીવરાવવાને માટે, તથા અચંબો પમાડવાને માટે કેટલાંક વરસો સૂધી કંઇક નવાઈ જેવું શિખવવાનો પ્રયત્ન કર્યાં કરતા, અને તેથી ઘણી વખત જે ગુપ્ત ભેદો હાલના વિદ્વાનો સમજી પણ શકતા નથી, તેવા તેઓ શીખી શકતા હતા. પણ જે પ્રપંચો અજમાવતા, તેને તેઓ મુદ્દલ સમજી શકતા નહીં કે, આ શા કારણથી થાય છે, તેથી પોતે પણ ઠગાઈ જતા અને હમેશાં સંશયમાં રહેતા કે ખરું શું હશે? પણ આ પોતાનું અજ્ઞાનપણું જાહેર

કરવાને તેઓ એમ કહેતા કે, "અમે તો પરમેશ્વરની કુદરતને તાબે રાખી શકીએ છીએ." પણ ખરું જોતાં તેઓ જ કુદરતના ગુલામ હતા. તેઓને જે કંઈ અખતરા આવડતા, તે પોતાની મેળે, કંઈ ને કંઈ રસાયણી પદાર્થોને મિશ્રિત કરવાથી થઈ આવતા, જેથી તેઓ સમજી શકતા નહીં કે કેના ગુણથી આ ચીજ બની શકી. આવા લોકોમાંહેનો જ એક તે ગુફામાં બેઠેલો પુરુષ હતો.

આલ્મમન પોતાને એક ધુતારા તરીકે લેખતો હતો, પણ ખરું જોતાં તે ધુતારો ન હતો, પણ એક કેળવાયલો શખ્સ હતો. તેનું એ ભોળાપણું તેનામાં થોડું ઘણું તેના ગુંચવાયલાં ડહાપણને લીધે અને થોડું ઘણું તેના આવેશી વિચારોના તાપને લીધે ઉત્પન્ન થયું હતું. તેનું પોતાનું હદથી જ્યાદા હુંપદ તેને મસ્ત બનાવી દેતું હતું, અને જો, જૂના જમાનાના રાજાઓ પોતાની સત્તામાં અંધ થઈ ઘણીવાર પોતાને માણસ જાતથી ઉંચ કુળના ગણતા હતા, એ વાત ઇતિહાસોથી સાબીત થઈ શકતી હોય તો, રાજાઓથી પણ ઉંચે દરજ્જેના ગણાતા ફકીરો, અને સાધુઓ પોતા વિષે એવું જ ઉમદા મત બાંધે, અને પોતાને જે સર્વ તરફથી માન મળે છે, તે ફોકટ નથી એમ માને એ વાત કંઈ ન માની શકાય તેવી નથી.

આલ્મમનનો જન્મ એવી કોમમાં થયો હતો કે, જેને વાસ્તે મહત્વતા અને ચાલાકીનાં સઘળાં મેદાનો બંધ હતાં, તેથી કરી તેનું સબળ મન તેવી બાબતો ઉપર લાગવાને બદલે અભ્યાસ અને તેની મોજ તરફ વળ્યું હતું. તોપણ જે ધીમાં સ્વપ્નવત્ કામોનો તેને છંદ લાગ્યો હતો, તે કામ વાસ્તે કુદરતી રીતે તેનું જુસ્સાદાર મન લાયક ન હતું. તે પોતાની કિતાબો વાંચતી વખતે અને નજુમીના ટોળામાં બેઠો બેઠો પણ કીર્તિનાં કામો કરવાની જંખના કર્યા કરતો હતો; પણ પોતે જે ધર્મને માનતો હતો, તે ધર્મ પાળનાર કોઈપણ માણસને આખી દુનિયામાં કોઈપણ, કયાંએ પેસવા દેતું નહિ; આથી કરીને તેની સઘળી મોટી મોટી ઉમેદો મનમાંની મનમાં રહેતી. આમ થવાથી તેની પ્રબળ મનશક્તિ વારંવાર સતેજ થઈ, તેના મનની અંદર અનેક યોજનાઓ ઉત્પન્ન કરતી. પણ એ યોજનાઓનો એક પછી એક ક્ષય થઈ જતો અને પરિણામ તરીકે માત્ર તેના મનમાં કીનો અને માણસ જાત તરફ ધિક્કાર એ જ રહેતાં. જો તેનો ધર્મ આ વખતે બળમાં અને આબાદ સ્થિતિમાં હતો તો કદાચ સત્ય શું છે, તે ખોળવા પાછળ તેના મનનું વલણ થયું હત,

પણ તેમાં ન હોવાથી સતાવણી અને જુલમને લીધે હાલ તો તે કેવળ ધર્મ ઝનુની જ થઈ ગયો હતો. હિબ્રુ કોમના લોકોનો સામાન્ય મત હોય છે, ફક્ત મેસીનાને જ બહાદુર લડવૈયા તરીકે લેખવો, અને આ સૃષ્ટિમાં કીર્તિ મેળવવા સારુ તથા તે ઉપર સત્તા ભોગવવા સારુ પોતાનાથી બનતો પ્રયત્ન કરવો; તે મતને અનુસરી આલ્મમન પોતાના ધર્મને બરોબર પાળવાને બદલે તેને આ દુનિયામાં પ્રસારવા જ યત્ન કરતો. તે પોતાના ધર્મના મતો કે ફરમાનો શા છે, તે જાણવાની કંઈ પણ દરકાર રાખતો નહીં. પણ રાતને દહાડો તેને આ જગતમાં પાછો સ્થાપિત કરવા ગડભાંજ કર્યા કરતો હતો.

આ સમયે સ્પેનના મર લોકો આ હિબ્રુ કોમ ઉપર સ્પેનના ક્રિશ્ચિયન લોકો કરતાં વિશેષ જુલમ ગુજારતા હતા. સ્પેનને સમુદ્ર કિનારે આવેલાં શહેરોમાં એ વેપારી વર્ગના લોકોએ વેપાર સંબંધમાં ક્રિશ્ચિયન લોકો સાથે સંબંધ બાંધ્યો હતો અને તેથી ધર્મ વગેરે કેટલીક બાબતોનું છૂટાપણું મેળવવાની તેઓને સારી તક હતી. તેમ સ્પેનના રાજા ફરડીનાંડની રાજ્ય કારકીર્દિને પછવાડેથી ડાઘ લગાડનાર તથા રોમન કેથોલીક ધર્મ ન માનનારને સજા કરનારી સભાનો જન્મ આપનાર તેના ધર્મ ઝનુનીપણાનો હજી ઉદ્યોત થયો ન હતો, તેથી હિબ્રુ કોમને ક્રિશ્ચિયન રાજ્યમાં વધારે સુખ મળતું હતું. મૂર લોકો આ કોમ ઉપર સખ્ત જુલમ ગુજારતા હતા. ગ્રાનડાની અંદર બોઆબદિલશાહના વાઘ જેવા ઘાતકી બાપના વખતથી તો તેઓને હેવાનતુલ્ય લેખી હેરાન કરવામાં આવતા, તેમ જ નમ્ર મનના બોઆબદિલના વખતમાં પણ તેઓને દયા વગર લુંટી લેવામાં આવતા; અને ભોગજોગે જો તેઓપર પૈસા છૂપાવવાનો શક ગયો તો પછી કંઇપણ આંચકો ખાધા વગર તેઓને તરવારનો ભોગ કરતા. જ્યારે જ્યારે રાજ્ય તંગીમાં આવી પડતું ત્યારે ત્યારે આ બાપડી કોમના ભોગ મળતા. પૈસાદાર થયા. એ જ કેવળ તેઓનો ગુન્હો ગણાતો.

આવો જુલમ ચાલતો હતો, તે વખતે આલ્મમનને પોતાના બાપની મરણ સમયની ચીસો યાદ આવતાં તે ઓચિંતો ગ્રાનડા શહેરમાં નીકળી આવ્યો. ત્યાં આવી તેણે પોતાના જાત ભાઇઓને અતિશય દુઃખ વેઠતા દીઠા અને પોતાના સોગંદ તેણે પાછા યાદ કીધા. તેણે પોતાનું નામ ફેરવી નાંખ્યું, તે સાથે તેના સર્વ સગાં મરણ પામ્યાં હતાં તેથી "આ ઇસાચર યાહુદીનો છોકરો છે" એવું કોઈ સ્વપ્ને પણ ધારી શકયું નહીં. તેને પોતાનો ધર્મ છૂપાવવાનું અગાઉથી જ દુરસ્ત ભાસ્યું હતું. આથી

તે આખા આફ્રિકાખંડમાં એક સત્તાવાન્ સાધુ યા એક હુશિયાર જાદૂગર તરીકે જ ઓળખાતો હતો.

તેની આ કીર્તિને લીધે, તે તરતજ ગ્રાનડાની રાજ્યસભાનો માનીતો થઈ પડ્યો. મૌલાહુશેન સાથે દોસ્તી બાંધી, બોઆબદિલ તથા તેની મા સાથે મળી, બોઆબદિલના બાપ સામે બળવો ઉઠાવ્યો અને ટુંકામાં પોતાના બાપના જીવ લેનાર ઉપરનું વેર લીધું. તે બોઆબદિલ બાદશાહનો પણ વિશ્વાસુ થઈ પડ્યો હતો, પણ પોતાના ધર્મથી વિરુદ્ધ ધર્મ માનનારને કદી પણ દોસ્ત તરીકે ગણવા જ નહીં, એવો દૃઢ નિશ્ચય હોવાથી બોઆબદિલ બાદશાહને વિશ્વાસનો ભોગ કરવા રાહ જોયા કરતો હતો.

આ સર્પની ખસલતનો માણસ ગમે તે પ્રકારે પણ પોતાના બાપનું વેર વાળવા તત્પર હતો. તેનામાં સર્પના જેવી વિચિક્ષણતા, બુદ્ધિ તથા તેના જેવી ઝેરી ફેણ હતી.

પ્રકરણ ૬ ઠું
સિંહનું જાળમાં સપડાવું

શાહ અને આલ્મમન વચ્ચે આગળ કહી ગયા તે પ્રમાણે જે રાત્રે વાતચિત થઈ, તેની બીજી રાત્રે મોટે પરોઢીયે બોઆબદિલ શાહે પોતાના વજીર યુસફને પોતાની હજુર બોલાવ્યો. જ્યારે તે ડોસો શાહની હજુર હાજર થયો ત્યારે તેને અસ્થિર અને જુસ્સા ભરી હાલતમાં બેઠેલો જોયો, પણ જે વખતે મુસા બિન અબેલ ગઝનને પકડી મજબૂત કેદખાનામાં કેદ કરવાનો હુકમ કર્યો ત્યારે તો વજીરે તેને ઘેલો થઈ ગયેલો જાણ્યો. અને તેથી બોઆબદિલના કુદરતી નમ્ર ખવાસને લીધે, મુસાને કેદ ન કરવાનું બાદશાહને સમજાવવાની, તથા કેદ કરવાથી શાં પરિણામ થશે તેનું વ્યાખ્યાન કરવાની, અને તેને કેદ કરવાનું કારણ પૂછવાની તેણે હિમ્મત કરી.

વજીર બાદશાહને આ સઘળું કહેતો હતો, તે સાંભળતી વખત શાહના કપાળ ઉપરની નસો જુસ્સાથી ફૂલી જતી હતી. તેણે જે જવાબ આપ્યો તે ટુંકો અને ફરીથી સવાલ ન થઈ શકે તેવો હતો. તે બોલ્યો, "શું હજી હું ગ્રાનડાનો શાહ નથી! કે મારે મારી રૈયતથી બ્હીવું જોઈએ. તને મારો હુકમ મળ્યો છે, અને તેમાં મારી સહી અને ફરમાન છે. કાં તો તેને તાબે થા યા તો તારી જીંદગી ઉપરથી તારો હાથ ઉઠાવ."

અગાઉ કદી પણ બોઆબદિલ શાહે આવો તેના ભયાનક બાપના જેવો જુસ્સો દેખાડ્યો નહોતો. તેનો વજીર પગથી તે માથા સૂધી ધ્રુજી ગયો, અને ઓરડામાંથી તરત બહાર નીકળી ગયો. બોઆબદિલે તેને જતો રહ્યો જાણ્યો કે તરત જ અતિશય લાગણીથી તે પોતાના હાથ ભુંસતો બોલ્યો, "ઓ મારા સ્વર્ગવાસી વડવાઓ, તમે મને મુસાથી સાવધ રહેવા ફરમાવ્યું છે, અને તમને જ હું મારા બચપણના દોસ્તનો ભોગ આપું છું."

વજીર, બોઆબદિલશાહનો ઓરડો છોડી, જનાનખાનાના કેટલાક દયારહિત સિદ્દીઓ પોતાની સાથે લઈ મનમાં ગુંચવાતો અને મુઝાતો મુસાના મહેલ તરફ ચાલ્યો. તોપણ આવે કવખતે બારણાં પરાણે ઉઘડાવી અંદર દાખલ થવાનો પ્રયત્ન કરી આસપાસના લોકોમાં ગભરાટ પેસાડવાની હિમ્મત કરવાનું તો તેને દુરસ્ત લાગ્યું નહી; તેથી કરી સૂર્ય ઉદય થાય, અને મુસાનાં મહેલના દરવાજા ઉઘડે, અને તેમાંના સઘળા લોકો કામે લાગી જાય ત્યાં સૂધી છેટેની ટેકરી ઉપર થોભવાનો ઠરાવ કર્યો.

એ પ્રમાણે પોતાના સિતારાને શ્રાપ દેતો, અને પોતાને સોંપેલા કામનાં કારણ વિષે અજબ થતો યુસફ વજીર પોતાના અપશુકનિયા ચુપકીદી ધારણ કરેલા માણસોને લઈ જાગૃત થયેલા શહેર ઉપર સૂર્ય નારાયણે પોતાનો પ્રકાશ પ્રસરાવ્યો ત્યાં સૂધી નજદીકની એક ઘાસવાળી જગામાં ભરાઈ બેઠો. સૂર્ય ઉગ્યા પછી તે મહેલની અંદર દાખલ થયો અને જે ઓરડામાં નામદાર મુસા પોતાના બીછાનામાંથી કયારનો ઉઠી ઝેગ્રી પલટનના એક કપ્ટાન સાથે તે દિવસે દુશ્મન ઉપર છાપો મારવા સંબંધીમાં લશ્કરની કેમ વ્યૂહ રચના કરવી, એ બાબત ઉપર વાતચિત કરતો બેઠો હતો, તે ઓરડામાં તેને લઈ જવામાં આવ્યો.

યુસફ એવો તો નાખુશ ચહેરાથી બ્હીતો બ્હીતો મુસાની નજદીક આવ્યો કે, તીખા અને ચાલાક નજરવાળા ઝેગ્રીયન સરદારોએ તરત જ પારખી લીધું કે તે કંઈ ખરાબ મકસદથી અહીં આવ્યો છે. જ્યારે મુસાએ અચંબા સહિત વજીરની ખાનગીમાં વાત કરવાની અરજ મંજુર રાખી, ત્યારે એ સઘળાઓ ગુસ્સા ભરેલે ચેહેરે આ ચમકતી આંખે પોતાના બહાદૂર અમીરને શાહના જાસુસ સાથે એકલો મૂકી બહાર જઈ બેઠો.

ઓરડો છોડતી વખતે ઝેગ્રીયન સરદારોમાંનો એક બોલ્યો, "પેગંબરની કબરના સોગંદ ખાઈ કહું છું કે, બ્હીકણ બોઆબદિલ આપણા બિન અબેલઝનમાં વહેમ લાવે છે. આ બાબતની મને અગાઉથી જ ખબર મળી છે."

બીજો બોલ્યો—"ચૂપ રહો. છાનામાના આપણે એ બાબતની તપાસમાં રહીશું. જો તે બાદશાહ, મુસાના એક વાળને પણ ઇજા કરશે, તો પછી તેના પાપમાંથી ઈશ્વર તેની રક્ષા કરે તો સારું."

આ વાત ચાલતી હતી, તે દરમિયાનમાં વજીરે વગર બોલે મુસાને બાદશાહની મુદ્રા અને તેનું ફરમાન બતાવ્યું; અને તેને કેઈ જગોએ લઈ જવો છે તે કહેવાની હિંમત ન આવવાથી ફક્ત મુસાને પોતાની વાંસે જલદી આવવા વિનતિ કરી.

મુસા, એ ફરમાન વાંચી ફિક્કો પડી ગયો. પણ એ ફિકાશ મરવાની ધાસ્તીને લીધે ન હતી. તે ગમગીન અવાજે બોલ્યો કે, "અફસોસ? શું આ વાત બની શકે એવી છે કે, મારો ખાવિંદ મારામાં વહેમ લાવે ! અને મારા ઉપર ઇતરાજી રાખે ? તોપણ તેની ફિકર નહીં. જ્યારે ગ્રાનડા શહેરમાં તેનું મારા બાહુબળથી રક્ષણ કરવામાં હું દાખલારૂપ થઈ પડ્યો છું; અને જેને વાસ્તે હું ગર્વિષ્ટ છું ત્યારે તેજ વખતે તેના જ શાહના હુકમની તાબેદારી ઉઠાવવામાં પણ હું જ દાખલારૂપ થઈ પડી મારી વફાદારી બતાવી આપીશ. ચાલો આગળ, હું તમારી વાંસે આવું છું. પણ નહીં, જરા થોભો. તમને આ ચોકીવાનોની કંઈપણ જરૂર નહીં પડે. આપણે એક છૂપે રસ્તેથી નીકળી જઈશું. કારણ કે, આ વખતે લશ્કર બહાર સફ સમારી તૈયાર થઈ ઉભું છે, અને મારી રાહ જુએ છે. તે વખતે ઝેગ્રીયન સરદારો મને તમારી સાથે જતો જોશે તો કંઈ પણ ખરાબ થયું છે એમ સમજશે."

આ પ્રમાણે કહી મુસા પોતે આટલો બધો તુંડ સ્વભાવનો હોવા છતાં, પૂર્વ તરફના દેશોની રૈયત પોતાના રાજા તરફ જે વફાદારી બતાવે છે, તે પ્રમાણે નિમકહલાલીના દરેક આવેશને આધીન થઈ પોતાના ઓરડામાંથી બાગમાં પડતા નાના સરખા દરવાજામાંથી નિકળી ચૂપ અને વિચારવંત હાલતમાં વજીર સાથે અલહંબ્રા તરફ ચાલ્યો. ચાલતાં ચાલતાં જ્યારે તેઓ, જે જંગલમાં મુસા અને આલ્મમન બે રાત્ર પહેલાં મળ્યા હતા તેમાંથી જતા જણાયા, ત્યારે મુસાએ અણધાર્યું પોતાનું માથું ઉંચું કરી જોયું તો ઝાડોમાંથી બહાર આવતી આલ્મમનની કાળી આંખો તેના તરફ ટીકી ટીકીને જોતી જણાઈ. મુસાને એ આંખોમાં દુશ્મનાઈ તથા અદેખાઈ યુક્ત ખુશી પ્રકાશતી જણાઈ. આલ્મમને ગંભીરતાથી તેને સલામ કીધી અને તે ઝાડોના સમુદાયમાં જતો રહ્યો. શાહજાદા મુસાએ, ફરીથી એકવાર પાછું વળી જોવાની મહેનત લીધી હોત તો, બીજીવાર પણ તેની તે આંખો તેના તરફ ટીકતી તે જોત.

આલ્મમન મનમાં બોલ્યો, "ગર્વિષ્ઠ કાફર, તારા બાપે ઘણાક હિબ્રુને સંતાપી તેઓની દોલતથી પોતાનો ખજાનો તર કર્યો છે, અને તું પોતે જો કે એવો તુંડ છે કે પૈસાનો લોભી તો પોતાને કોઈ દિવસ કહેવરાવે જ નહિ, તોપણ તું એક ધર્મ ઝનુની પુરુષ છે. તારું નામ ઇઝરાયલને માનનારા હિબ્રુ લોકોમાં શ્રાપિત થએલું છે, તેમ છતાં પણ તું અમારા જેવી ધિક્કારપાત્ર થઈ ગયલી કોમની એક છોકરી પર મોહી ગયો છે. ત્યારે જો આ હાર પામેલી કોમ તને એકાદો કારી જખમ કરવામાં ફળીભૂત થાય, તો જ બસ મારું વર પ્રાપ્ત થાય."

આ પ્રમાણે આલ્મમના કટ્ટી દુશ્મની ભરેલા વિચાર પૂરા થયા. તે વખતે મુસાના સફેદ જભ્ભામાંનો પ્રકાશિત દેખાવ તેની નજર આગળથી ગુમ થયો. આલ્મમન થોડોક વખત સુધી ત્યાં થોભ્યો, અને પછી ઓચિંતો પાછો વળી જરાક મોટે સાદે બોલ્યો, "વૈર, વૈર, એકાદા માણસ ઉપરનું નહીં, પણ આખી કોમ ઉપર લેવાનું વૈર, હવે ચાલો ક્રિશ્ચિયન લોકો તરફ."

ભાગ ૨ જો

પ્રકરણ ૧ લું

ક્રિસ્ચ્યન છાવણી

હવે અમે અમારા વાંચનારનું ધ્યાન ખ્રિસ્તી ફોજ તરફ, તથા જે તંબુમાં સ્પેનના રાજાએ રાત્રિને વખતે પોતાના ભરોસો રાખવા લાયક લડવૈયા તથા સલાહકારોની સભા ભરી હતી, તે તરફ ખેંચીએ છીએ.

ફરડીનાન્ડ બાદશાહની છાવણી મરદાનગીની રમત ગમત કરવા વાસ્તે ગોઠવેલી જગાના જેવી સુશોભિત દીસતી હતી. ફરડીનાન્ડને પોતાનો જાંબુઆ રંગની કીનખાબનો તંબુ તેના સોનાના કળશો સહિત મેદાનની અંદર ભભકી રહેતો હતો. જે ટેબલની પાસે ફરડિનાન્ડ અધ્યક્ષસ્થાને બિરાજ્યો હતો, તેની ઉપર તરેહ તરેહના નકશા અને કાગળો પડ્યા હતા. જબરદસ્ત અને રાજ્યનીતિજ્ઞ પાદશાહ, તેના શોભિતા ચેહેરા તથા અંદરની વર્ત્તણુકથી આસપાસ બેઠેલા વિજયી વીર પુરુષોનો સરદાર થવાને બરાબર યોગ્ય હતો. માથામાં નાંખેલા ખુશબોદાર તેલથી ભભક મારી રહેલાં તેનાં કાળાં જુલ્ફાં તેના ઉંચા રાજાઈ કપાલની બંને બાજુએ રમી રહ્યાં હતાં. તેના શાંત કરચલી વગરના કપાળપર જોઈ કોઈ મુખ

સામુદ્રિક લક્ષણુ જાણુનાર તેના અતર્ક્ય મનને જાણુવાનું ગમે તેટલું પ્રયત્ન કરે તોપણુ તે ફોકટ જાય એમ હતું. શાહના જમણા હાથ ઉપર પૂર તરુણાવસ્થામાં આવેલો તેનો પુત્ર શાહજાદો જુઆન બેઠો હતો. તેની ડાબી બાજુએ કેડીઝનો નામાંકિત અમીર રોડેરીગો પોન્સ ડીલીઓન અને ટેબલની બંને બાજુએ પોતપોતાની ચડતી ઉતરતી પાયરી પ્રમાણે, મેડીના સીડોનાનો બહાદુર ડ્યુક, તથા જૈફ વિચારવંત ચહેરાવાળો મારકવીસ ડી વીલેની અને શોકસૂચક કપાળવાળો શૂરવીર ઓલેઝોડી એગ્વીલાર તથા રાક્ષસી કદનો જુસ્સાદાર ચેહેરાવાળો અને ચમકતી આંખોવાળો, જોખમ ભરેલાં કામોનો કરનાર પેલો તામસી મીઝાજનો ફરનાન્ડો ડી પુલગાર વગેરે હારદોર બેઠા હતા.

આ સરદારો જેઓ માનસૂચક ધ્યાનથી પોતાનો રાજા શું કહે છે તે કાનદઈ સાંભળતા બેઠા હતા, તેઓને રાજાએ કહ્યું; "મારા શાણા સરદારો, ગ્રાનડા શહેર જલદીથી આપણે કબજે થઈ જાય, એવી જે આપણી મુખ્ય ઉમેદ છે, તે આપણાં પવિત્ર હથિયારોથી બર આણુવા કરતાં મૂર લોકોમાં ફૂટફાટ પાડીને વધારે સહેલાઇથી બર લાવી શકાય તેમ છે. કિલ્લાની દિવાલો મજબૂત છે અને હજી વસ્તી પણુ ઘાડી છે, તેમજ મૂસા બીન અબેલ ગઝનના હાથ નીચે દુશ્મનની ફોજને એવી તો સરસ કવાયદ આપવામાં આવી છે કે, આપણા કૌવત ઉપર ભરોસો રાખી ગ્રાનડા શહેરને તાબે કરવાની જે આપણી મુરાદ છે, તે રખેને ભયંકર નીવડે. આ મૂર લોકો એકી વખતે આપણા સામે આવી લડાઈ કરવાનું જોખમ ન ઉઠાવતાં, પોતાની ઘોડેસ્વાર ટુકડીઓથી આવી, વખતો વખત નાના નાના ઝગડા કરી આપણી છાવણીને સતાવ્યા કરે છે. તેઓના ડુંગરી રસ્તામાં ચાલી ચાલીને ચપળ થઈ ગયેલા ઘોડાઓ તથા આપણુને ફસાવી મારે એવી તેઓની છૂપાઈ રહેવાની જગાઓની સામે આપણા લશ્કરને ટક્કર ઝીલવી બહુ મૂસ્કેલ છે. આટલું તો ખરું છે કે, જમાનાના પ્રબળથી, તથા વેગનો (નદી) નાશ કરવાથી અને ખોરાકી માલનો બહુ હુશીઆરીથી અટકાવ કરવાથી, અને શહેરને ભૂખમરાની હાલતમાં લાવી લાંબી મુદતે તેને તાબે થવાની ફરજ પાડી શકીશું. પણુ અફસોસ, મારા અમીરો, અફસોસ! આપણુને માત્ર ગ્રાનડા ઉપર જ સ્પેનીશ વાવટો ઉરાડવો છે, એ જ કામ નથી. આપણા દુશ્મનો અસંખ્ય છે અને તેઓ વિખરાયલા પડ્યા છે. ત્યારે આવી રીતે સપડાયલો સિંહ શિયાળનું કામ કરે, એમાં હું કંઈ ગેરવાજબી ગણુતો નથી; તેમ સારાં ભાગ્યે આપણા ફાયદા વાસ્તે લડનાર, આપણો એક મિત્ર ગ્રાનડાની અંદર છે. અલહંબ્રાની દિવાલોની

અંદર શું શું થાય છે, તેનું મને પૂર્ણ જ્ઞાન છે. તેનો શાહ અસ્થિર તથા અનિશ્ચિત મનથી મહેલમાં જ પડ્યો રહે છે. તે સાથે મને ખાત્રી છે કે, કેટલીક ખટપટને લીધે, તે શાહના મોટા સરદાર સા ઉપર શાહની ઇતરાજી થઈ છે, જેથી એમ થવાનો સંભવ રહે છે કે, કાં તો એ બહાદૂર સરદારને તેઓ ગુમાવશે યા તો એક મોટો બળવો થશે. માંહોમાંહે ફૂટફાટ થવાથી જ ગ્રાનડાનો દરવાજો આપણે વાસ્તે ખુલ્લો થશે." શાહ આટલું કહી ચૂપ રહ્યો.

થોડી વાર થોભી પોન્સ ડી લીઓન બોલ્યો, "જહાંપનાહ, હું પક્કી ખાત્રીથી કહું છું કે, આપની એક નેક સલાહ પ્રમાણે ચાલવાથી વરમીલીઅનના બુરજપર સ્પેનીશ વાવટો ઉડશે જ. આપણે બળથી જીતીએ યા કળથી જીતીએ, તેની દરકાર થોડી જ છે; પરંતુ આપ નામદારને આ બાબતમાં ચેતાવવું પડે તેમ નથી કે, કદાચિત્ જે પ્રપંચો ઉપર આપ ભરોસો રાખો છો, તે જ જ્યારે આપણુને ફાયદેમંદ નીવડવાને બદલે, આપણું કૌવત કમ કરવામાં સાધનરૂપ થઈ પડે, તથા તેથી કરી આપણી સર્વ યોજનાઓ દુશ્મનને જાહેર થઈ જાય ત્યારે આપણે શું કરશું ?"

ફરનાન્ડો ડી પૂલગાર જુસ્સાથી બોલી ઉઠયો, "સાબાશ, સુજ્ઞ ડી લીઓન સાબાશ ! આ કાફરો જેનો એક બદજાત મદદનીશ છે, તેઓની સામે તો તલવારથી જ કામ લેવું, એ જ ડહાપણ ભરેલું છે. આપણી કહેવતમાં પણ કહ્યું છે કે, દુશ્મનોને અંતઃકરણથી શ્રાપ આપો, તથા તેઓને પાયમાલ કરો."

લશ્કરના માનીતા સરદારનાં આવાં વચનો સાંભળી રાજાના મુખ ઉપર સ્મિતહાસ્ય રમી રહ્યું. પણ વધારે ડહાપણ ભરી સલાહ સાંભળવા વાસ્તે આસપાસ નજર કરી.

વિલેના બોલ્યો, "નામદાર સાહેબ, દુશ્મનની અંદર ફૂટફાટ પાડવાથી જે આપ નામદાર ઉમેદ રાખો છો, તે તો ઘણે છેટે છે પણ જે ડહાપણ કોઈ દિવસ પણ નિષ્ફળ થવાનું નથી, તેપર પૂર્ણ ભરોસો રાખી આપણાથી બને તેટલા ઉપાયો લેવા, તેમ કાવત્રાં પણ કરતા જવું, તે સાથે લડતા પણ જવું અને વધારામાં, જીતને સાધનભૂત થઈ પડનાર જમીનમાંથી ગઢની અંદર પોલાણ પણ કરતા જવું."

ફરડીનાન્ડ વિચારવંત ચેહેરાથી બોલ્યો, "અમીર સાહેબ, બહુ સારું. ત્યારે આવતી સવારે મજબૂત ટુકડી તમારી સરદારી નીચે વેગને વેરાન કરવાને શહેર તરફ લઈ જવી; બે કલાક થોભીને તમે મારી

પાસે પાછા આવજો. હાલ કચેરી બરખાસ્ત થવી જોઇએ." સઘળા સરદારો માન અકરામની તાઝીમ તવાજો બજાવી ચાલ્યા ગયા, ફક્ત શાહજાદો જ ત્યાં રહ્યો.

પિતા પુત્ર એકલા રહ્યા ત્યારે પિતા બોલ્યો, "પુત્ર, સ્પેનના રાજાઓનાં બચ્ચાંને તેઓની બચગીથી જ રાજ્ય ખટપટની વિદ્યા સંબંધીમાં કેળવણી મળવી જોઇએ. આ અમીરો મારા તાજનાં અમુલ્ય રત્નો છે, અને રત્નો તાજમાં જ તથા તાજને વાસ્તે જ પ્રકાશે છે. તું જુએ છે તે પ્રમાણે સ્પેનના સરદારો કેવા ઉન્મત્ત, કેવા જુસ્સાદાર તથા કેવા લડાયક છે, અને તેઓના ઉમદા ગુણોથી દુશ્મનો પૂરી રીતે વાકેફ છે. પણ પુત્ર, જો આપણા દુશ્મનો કોઈ ન હત તો આવા ગુણવાળા પુરુષોને જાળવવા બહુ મુશ્કેલ થઈ પડત. સેન્ટ જેગોના પ્રતાપથી મેં એક જ મજબૂત પાદશાહી સ્થાપી છે, અને માત્ર રાજ્ય પ્રપંચોથી જ મેં તેને જાળવી રાખી છે. રાજ્યનીતિ અને લશ્કરી રીતિમાં જમીન આસમાનનો તફાવત છે. પુત્ર, તું ગુંચવાતો જણાય છે. તને ખબર છે કે ગ્રાનડામાં ફૂટફાટ પાડી તેને સર કરવા હું ધારું છું. પણ જ્યારે તે જિતાયું ત્યારે આ અમીરો જ ગ્રાનડારૂપ થઈ પડશે. સેન્ટમેરીની મારા ઉપર કૃપા દૃષ્ટિ રહો. તેની છાયા નીચે જ રાજલોકો વસી શકે છે."

આટલું કહી ફરડીનાન્ડ ઉભો થયો, અને તંબુનો પડદો આસ્તેથી ખસેડી ધીમે સાદે પોતાના નોકર પિરેઝને હાંક મારી. તરત જ ચાળીશેક વરસનો ગંભીર દેખાવનો એક સ્પેનીઅર્ડ અંદર આવ્યો.

પાછો પોતાની જગોએ બેસતાં રાજા બોલ્યો, "પિરેઝ, જે માણસની આજે આવવાની વકી હતી તે આવ્યો છે?"

પિરેઝ બોલ્યો, "જી હા, ખુદાવંદ! સાથે એક કુમારિકાને પણ લેતો આવ્યો છે."

શાહ બોલ્યો, "તેણે પોતાનું વચન બરાબર પાળ્યું છે. તેને અંદર મોકલ." આટલું કહી તેણે મોટે સાદે અલ્લાના શુકર કીધા.

એટલામાં "પુત્ર, તું ચિરંજીવ રહો" આમ કહેતો એક માણસ પાદરીના વેશમાં, અસભ્ય રીતે એકાએક તંબુના બીજા ભાગના બારણામાંથી દાખલ થયો, અને બાદશાહથી થોડે અંતરે ગંભીર મુદ્રા ધારણ કરી બેઠો.

થોડીક વાર સૂધી તો સૌ ચુપચાપ રહ્યા. એટલામાં પિરેઝ ત્યાં આવ્યો, અને આ સાધુ પુરુષ, રાજાની હજુર બેઠો હતો તેથી બાદશાહે

કહેલા માણુસને અંદર મોકલવો કે નહીં, તે બાબતમાં ઢચુપચુ મનથી તંબુની અંદર આવી ઉભો થઈ રહ્યો. ફરડીનાન્ડના શાંત ચહેરા ઉપર જરા અસ્થિર ભાવની લાગણી જણાઈ આવી. આ જોઈ તે સાધુ પુરુષ બોલ્યો, "મારા આવવાથી કાફરની સાથે વાતચિત કરવામાં ખલેલ નહીં પડે એમ હું ભરોંસો રાખું છું. તેની સાથે વાતચિત કરવી તું દુરસ્ત ધારે છે?" શાહ તરત બોલી ઉઠ્યો, "બેશક! હું દુરસ્ત નથી ધારતો." આટલું કહી તે મનમાં બડબડ્યો, "કેવી અજાયબીની વાત છે કે આ પૂજ્ય પુરુષ, અમારી હરેક યોજના તથા પ્રપંચ જાણી જાય છે." તે પાછો મોટેથી બોલ્યો, "પિરેઝ, તે શખ્સને અંદર લાવ."

પિરેઝ સલામ બજાવી ચાલ્યો ગયો.

આ સઘળો વખત જવાન શાહજાદો પોતાની બેઠક ઉપર ચુપકીથી પડ્યો હતો. તેના નરમ નાજુક ચહેરા ઉપરથી સાફ જણાઈ આવતું હતું કે, જે સખ્ત કામમાં તેનો પિતા તેનું મન કેળવવા માગે છે, તે કામ બર લાવવાને તદન નાલાયક છે. તેની ઉમ્મર તથા તેનું મન ખરે-ખર એશઆરામ ભોગવવાને લાયક હતાં. લશ્કરની છાવણીનો ગડબડાટ તો તેને તહેવારના મેળા જેવો લાગતો. લશ્કરની કુચ તેને ખુશનુમાં તમાસા જેવી જણાતી તથા દરબાર તો તેને ખાણાની મીજલસ મીસાલ ભાસતી હતી. ખુશી ઉપજાવતી આશા, અને કંટાળો આપે એવી સંતોષ-વૃત્તિમાં જેટલો તફાવત છે, તેટલો તફાવત રાજા તથા તેના પાટવી કુંવરવચ્ચે હતો.

તે સાધુ પોતાની, નાની ભૂરી તીખી આંખોથી તેની પાસે બેઠેલા પાદશાહી શખ્સો ઉપર કેટલોક વખત સૂધી જોઈ રહ્યો અને આખરે જમીન ઉપર બીછાવેલી કિમતી શેતરંજી તરફ નજર કરી, પિરેઝ આલ્મ-મનને તંબુમાં તેડી આવ્યો ત્યાં સૂધી નીચું જોઈ બેશી રહ્યો. અંદર આવનાર માણસની સાથે એક ઓરત હતી. તેણે પોતાના ચહેરા ઉપર પગથી તે માથાં સૂધી પહોંચે એવો લાંબો બુરખો નાંખ્યો હતો. પણ તે બુરખાની અંદરથી તેના શરીરના ખુબસૂરત અવયવો તથા તેનું ધ્રુજતું શરીર સાફ રીતે દેખાતાં હતાં.

આલ્મમન બોલ્યો, "મહાન્ રાજા, જ્યારે હું તારી પાસે ગઈ વખતે આવ્યો ત્યારે, તેં તારા ખાકસાર ગુલામની ઇમાનદારી બાબતમાં સવાલ ઉઠાવ્યો હતો તથા મારી પાક દ્યાનતની ખાત્રી વાસ્તે કોઈ માણુસ ઓળમાં આપવા ફરમાવ્યું હતું; અને તે જો આપવા હું ના કબૂલ કરું તો, તારી

સાથે મને વાતચિત્ત કરવા મના કરી હતી. મહાન્ રાજા, આણી તરફ નજર કર, અને આ જવાન કુમારિકા, જે મારું એકનું એક બચ્ચું છે, અને જેને હું મારી ઇમાનદારીને ખાતર તને સોંપું છું, તેને તું તારી પાદશાહી પનાહ નીચે રાખ."

બાદશાહ પોતાના સ્વછંદીપણાને છૂપાવી ધીમેથી મધુર સ્વરે બોલ્યો, "પરદેશી, તું અમારી સાથે ઇમાનદારીથી વર્ત્યો છે અને જે કુમારિકાને તું અમારી દેખરેખ નીચે રાખી જાય છે, તેને અમારી બાનુની સહચરી તરીકે લેખવામાં આવશે."

આલ્મમન ઇન્તેજારીથી બોલ્યો, "આલમ પનાહ, મારા સ્વદેશીઓ તથા મારા ધર્મ સિવાય, જે લોકોની વિરુદ્ધ હું પરમેશ્વર પાસે બંદગી કરું તથા ઉમેદ ધરાવું, તે સઘળા લોકોને મારવા જીવાડવા હાલ તારા હાથમાં છે. આ વચન હું તારી હજુર નિર્ભયપણે આપું છું. મેં તને ઓળમાં એક સ્ત્રી આપેલી છે; અને તારા તરફથી મને વચન જ માત્ર મળ્યું છે."

નરમાશ ભરેલા દબદબાથી રાજા બોલ્યો, "પણ એ વચન, એક રાજા, ક્રિસ્ચ્યન, તથા અમીરે આપેલું છે. રાજા લોકોની વધારેમાં વધારે ખાત્રી વાસ્તે તેઓનાં વચન સિવાય બીજી કંઈ ચીજ વધારે પવિત્ર છે? આ વાતને છોડી દે અને શહેરની અંદર શું શું થાય છે, તે સઘળું રોશન કર."

આલ્મમન બોલ્યો, "ખાવિંદ, આ કુમારિકાને અંદર જવા દ્યો પછી આપને સર્વ જાહેર કરીશ."

જવાન શાહજાદો ઉભો થયો, અને ફરડીનાન્ડ તરફ નજર કરી નમ્ર અવાજથી બોલ્યો, "પિતાજી, આ કુમારિકાને, મારી માતુશ્રી હજુર લઈ જવાની મને રજા છે?"

બાદશાહ હસ્યો; અને તેવા જ ધીમા અવાજથી ઉત્તર વાળ્યો, "હું ધારું છું કે, પૂજ્ય પાદરી તેને લઈ જાય તો સારું."

પાદરીએ આ હુકમ સાંભળ્યો, પણ કાન નીચેથી કહાડી નાંખી જે જગાએ બેઠો હતો ત્યાંને ત્યાં જ બેશી રહ્યો. રાજાએ તે સાધુ તરફ જરાવાર જોયા પછી શાહજાદા તરફ નજર ફેરવી બોલ્યો, "જુઓન ભલે તમે જ તેને લઈ જશો તો કંઈ હરકત નથી. પિરેઝ તમારી સાથે આવશે. રાણીના તંબુમાં તેને છોડી તરત પાછા આવજો, તમારી અમને જરૂર છે."

બાપ બેટા વચ્ચે આ વાત ચાલી રહી હતી તે વખતે, તે હિબ્રુ પોતાની છોકરીને સમજુતી તથા દિલાસો આપવા માટે, પોતાની પવિત્ર

ભાષામાંના કેટલાક કલમા બોલતો હતો. પણ તેની અસર તેના ઉપર કહેવા પ્રમાણે નહોતી થઈ. જે વખતે તે છોકરી પોતાના બાપને એકાએક બાઝી પડી, તેની ગરદનમાં પોતાના હાથ વિંટાળી આ પ્રમાણે બોલવા લાગી, ત્યારે તેના બાપની છાતી ધબકવા લાગી. તેની છોકરી બોલી "અરે ! બાવાજી, મેં શું તકશીર કરી છે ? મારો ને તારો શા વાસ્તે વિયોગ થવો જોઈએ ? તારી છોકરીને પરદેશીને શાને વાસ્તે સોંપી આપે છે? અરે મારું રક્ષણ કરો !"

ગંભીરપણે કોમળ અવાજથી તે બોલ્યો, "મારી દીલોજાન બેટી, ધર્મને ખાતર ઈબ્રાહીમે પોતાનો છોકરો આપી દીધો હતો, તો હું શાને વાસ્તે ધર્મના યજ્ઞકુંડ ઉપર તને કુરબાન ન કરું ? પણ અય લીલા, પરમેશ્વરના ફિરેસ્તાઓએ જેમ ઈબ્રાહીમના છોકરાને બચાવી લીધો હતો, તેમ તારો પણ તે બચાવ કરશે, અને ભવિષ્યમાં તારી કીર્તિ અમર થશે." આટલું કહી તે સ્પેનના રાજા તરફ ફરી સ્પેનીષ ભાષામાં આતુરતાથી બોલ્યો, "રાજા સાહેબ, હવેથી આપ આ છોકરીના પિતા છો, મારી નબળાઈ વાસ્તે મને માફ કરશો, અને હવે જલદીથી તમે એને મોકલી આપો."

જુઆન આગળ આવ્યો અને માનયુક્ત સભ્યતા સહિત તે કુમારિકાનો હાથ લેવા કર્યું.

આ જોઈ તે યાહુદી બોલી ઉઠયો, અરે, એ રાજકુમાર યુવાન છે. રાજાએ જવાબ આપ્યો, "માનની બાબતમાં ઉમરની થોડી જ દરકાર રહે છે. વળી પિરિઝ તેઓની સાથે રાણી સાહેબના તંબુ સુધી જશે, એટલે કંઈ પણ હરકત નહીં આવે."

સાથે જનાર માણસની ઉમ્મર તથા ગંભીર ચહેરો જોઈ હિબ્રુને ખાત્રી થઈ. તેણે પોતાની છોકરીને છાતી સરસી ચાંપી તથા તેનો બુરખો ઉંચો કર્યા વગર તેના કપાળ ઉપર ચુંબન લીધું. તેને પિરિઝના હાથમાં સોંપી તંબુના છેટેના ખુણામાં જઈ બેઠો અને પોતાના બે હાથવતે પોતાનો ચહેરો ઢાંકી દીધો. રાજા આ દેખાવ જોઇ પીગળી ગયો, પણ પેલો પાદરી તો ધુરકતે ડોળે તેના સામું જોઈ રહ્યો.

લીલા જરાવાર વધારે થોભી, પોતાની ગુમ થએલી શક્તિ પાછી મેળવતી હોય, તેમ મોટે સાદે બોલી "માણસ જાત તો મને તજી દે છે, પણ આ વાત મારે ભૂલી જવી ન જોઇએ કે ઈશ્વર કોઇને પણ છોડી દેતો નથી." આટલું કહી સ્પેનીશ રાજ્યકુમાર તરફ ઇસારત કરી

બોલી, "ચાલો, હું પાછળ ચાલી આવું છું." એમ કહી તે સ્થિર અને રોઆબદાર કદમથી તંબુમાંથી ચાલી ગઈ.

ફરડીનાન્ડ પાદશાહ, પોતા પાસે તે પાદરી તથા આલ્મમનને જ રહ્યા જોઈ બોલ્યો, "મારા દોસ્ત, હવે મને જણાવ કે, આપણી બાંધેલી ઉમેદો કેવા ધોરણમાં ચાલુ છે ?"

તે ઈઝરાયલીસ્ટ બોલ્યો, "બોઆબદિલશાહ પોતાના લશ્કર તથા સરદાર મુસાપર ખફા થયો છે. તે પોતે અલહંબ્રા કદી પણ છોડવાનો નથી; અને આજ સવારે હું શહેરમાંથી બહાર નીકળ્યો, તે અગાઉ મુસાને તો રાજ્યમહેલના કેદખાનામાં કેદ કર્યો છે."

પોતાની બેઠક ઉપરથી ઉભો થઈ જઈ રાજા બોલ્યો, "એ કેમ થયું?" હિબ્રુએ ઠંડે પેટે જવાબ દીધો. "એ સઘળું આપના ગુલામની બુદ્ધિવડે જ થયું છે અને હવે તે બુદ્ધિ ગ્રાનડા શહેરની કુંચી આપના કદમ હજુર લાવવાના પ્રયત્નમાં છે."

સ્પેનીશ રાજા બોલ્યો, "હું ખરેખર કહું છું કે આનો બદલો તને મળશે જ, અને તેની નિશાની દાખલ હાલ જે કંઈ હું આપું છું તે તું કબૂલ કર."

આટલું કહીને તેણે પોતાની છાતીમાંથી હીરા જડિત સોનાની સાંકળી કહાડીને હિબ્રુની સન્મુખ ધરી. આલ્મમન એથી જરાપણ લલચાયો નહીં અને તેનો ચહેરો વધારે કાળાશ મારવા લાગ્યો, તે ઉપરથી એમ જણાતું હતું કે, પોતાના મનના આવેશો તે મુશ્કેલીથી દાબી રાખતો હતો. તેણે હસતે મુખે કહ્યું, "રાજા સાહેબ, મારા દુશ્મનોને સોનાને ખાતર હું વેચવા ખુશી નથી, પણ મારા દોસ્તોનો છૂટકારો મેળવવા વાસ્તે હું તેઓને વેચું છું, એ આપે જાણવું જોઇએ."

ફરડીનાન્ડ ગુસ્સામાં આવી જઈ બોલ્યો, "અરે બેવકૂફ, હં વારુ, આગળ ચલાવ."

આલ્મમન બોલ્યો, "બે અઠવાડીઆની અંદર ગ્રાનડાને તારા કબજામાં આપી દઉં, તો મને શું ઇનામ આપીશ ?"

રાજાએ ઉત્તર વાળ્યો, "ગઈ વખતે તું મને મળ્યો, ત્યારે તેં યાહુદીને સ્વતંત્ર હકો આપવા અરજ કરી હતી."

પાદરીએ આ શબ્દો સાંભળ્યા કે તરત જ ઉંચું જોયું અને પાછો અદબથી ઉભો થઈ રહ્યો.

આલ્મમન બોલ્યો, "ઈઝ્રરાયલીસ્ટની કોમને, તમારા દેશમાં સ્વતંત્ર વેપાર કરવા તથા આ શહેરમાં રહી તેઓનો ધંધો કરવાની પરવાનગી મળવી જોઇએ, તથા ક્રિસ્ચ્યન લોકોના જે હકો તથા કાયદા છે, તે સર્વનો સ્વતંત્ર રીતે ઉપભોગ કરવાની તેઓને છૂટ મળવી જોઇએ, એવી મારી અરજ છે."

રાજાએ કહ્યું, "તે જ કાયદા તથ તે જ હકો આપવામાં હરકત ઘણી છે. વારુ, જો અમે એ શરત કબૂલ ન કરીએ તો?"

આલ્મમને કહ્યું, "તો આપણી સલાહનો છેડો આવી રહ્યો. મારી છોકરી મને પાછી સોંપો, કારણ કે તેની હવે વધારે જરૂર નહીં રહે. હું હવે શહેરમાં જઇશ, અને પછીથી તમારી પાસે આવવું બંધ કરીશ."

રાજ્ય પ્રપંચી ઠંડી પ્રકૃતિના ફરડીનાન્ડે આ શખ્સનાં આવાં આપ સ્વાર્થી વચનો સાંભળી ગર્વિષ્ઠ ચહેરે, અતિશય નાખુશીથી પોતાનો હોઠ કરડ્યો, અને બોલ્યો, "મારા દોસ્ત, તું મારી સાથે ચોખે ચોખી વાત કરવા જાય છે, તો પછી મારે તારી સાથે કઠોર શબ્દોમાં બોલવું પડશે. તું હાલ મારા કબજામાં છે, અને મારી પરવાનગી વગર તારામાં અહીંથી જવાની તાકાદ નથી."

આલ્મમને કહ્યું, "આપ નામદાર તરફથી વિના હરકતે અંદર આવવા તથા જવાનું વચન મળ્યું છે. જો તમે તે વચન તોડશો, તો ગ્રાનડાના જંગ બહાદૂર મૂર લોકો, તેઓનાં લોહીથી દારુ નદી પૂર થઈ જશે, અને પાનખર ઋતુમાં જેમ ઝાડોપરથી પાંદડાં ખરી ડુંગરની ખીણોને ભરી મૂકે છે, તેમ તેઓનાં માથાંથી આ ખીણો ભરાઈ જશે ત્યાં સુધી તેઓ લડશે.

રાજાએ પૂછ્યું. "તું શું પોતે ઈઝરાયલીસ્ટ છે? કદાચ જો તું યાહુદી ધર્મ ન માનતો હો, તો શા વાસ્તે દુનિયાની પતિત કોમ તને વધારે પ્યારી છે?"

આલ્મમન બોલ્યો, "નામદાર ફરડીનાન્ડ, મારા બાપદાદાઓ, એ ધર્મ માનતા, અને કદાચિત હું એ ધર્મ ન માનતો હોઉં, તોપણ મારે એનું અભિમાન શા વાસ્તે છોડી દેવું જોઇએ? હવે મારા શાહ, મારી માંગણી કબૂલ થશે કે ધિક્કારી કાઢવામાં આવશે, એ બાબત સ્પષ્ટ થવી જોઈએ."

રાજાએ કહ્યું, "હું તે અમુક સરતોથી કબૂલ કરું છું. અવલ તો એ કે તારે મુસાને દેશનિકાલ કરાવવો, યા તો મારી નંખાવવો. બીજી શરત એ કે

આજથી પંદર દિવસની અંદર આનડા શહેર તેના મુખી સરદારો સહિત મારે શરણુ થવું, એવું કરારનામું તથા ખજાનાની અને શહેરની કુંચીઓ મારી પાસે લાવવી. આટલું તું કર અને પછી જો કે જે ક્રિસ્ચ્યન રાજાના હકમાં ફાયદો કરવા તું આટલી બધી મહેનત લે છે, તે, એન્ડે લુશીઆમાં વસતી તમામ હિબ્રુ પ્રજાને, સ્પેનના લોકોના સરખા હકો આપે છે કે કેમ! વળી તે સાથે તારો પણ મરતબો વધારી તને રાજી કરવામાં આવશે."

હિબ્રુએ માન સહિત સલામ કરી. પોતાની છાતીપરના ગજવામાંથી એક કાગળ કાઢ્યો, અને રાજા પાસે ટેબલપર મૂકી બોલ્યો, "શુરા શાહ, આ કાગળની અંદર આપણી સઘળી શરતો લખી લીધી છે."

રાજા બોલ્યો, "અરે લુચ્ચા, તું શું આ કાગળમાં અમારી સહી લેવા ધારે છે કે? તને માલુમ નથી કે, રાજાનાં વચનો જ તેના જામીન થવાને બસ છે."

હિબ્રુ મોંમાં જરા પણ સળ પાડ્યા વગર તે કરારનામું પાછું ઉપાડી લઈ બોલ્યો, "નામદાર સાહેબ, મારી છોકરીને બોલાવી આપશો! અમે જઇશું!"

શાહ બોલ્યો, "ખરેખર તું પણ કોઇ જીદ્દી માણસ જણાય છે. લાવ જોઇએ હું એ વાંચી જોઉં."

હિબ્રુએ તે કાગળ પાછો આપ્યો અને શાહે તેના ઉપર જરાવાર નજર ફેરવી, દવાત કલમ પાસે લઈ પોતાની સહી કરી આપી અને પાછો તે કાગળ આલ્મમનને સોંપ્યો.

આલ્મમને તે કાગળનું પૂર્વ તરફની રીતિ મુજબ ત્રણવાર ચુંબન કર્યા બાદ તેને પોતાની છાતીની ઉપર સંતાડી મૂક્યો.

ફરડીનાન્ડે આશ્ચર્યતાથી તેના સામું કેટલોક વખત સુધી ટીકી ટીકીને જોયા કીધું. તે પોતે અચ્છો મુખ સામુદ્રિક લક્ષણ જાણનાર હતો, પણ તે પોતાના પરોણાના ચહેરામાંથી કંઇપણ સાર કાઢી શક્યો નહીં. જરાવાર થોભી પછી તે ગંભીર અવાજથી બોલ્યો, "જે માણસ એક રાજાને ઠગે છે, અને બીજાને વેચે છે, તે માણસ ઉપર વિશ્વાસ કેમ રાખી શકાય?"

આલ્મમનને પહેલાંથી જ રાજા લોકો સાથે છૂટથી વાત કરવાની તથા હુકમ કરતો હોય એમ બોલવાની આદત પડી હતી, તે મુજબ હાલ પણ તેવા જ તોરથી બોલી ઉઠ્યો, "અરે શાહ, જો તું એમ માનતો હોય

કે, આ જે કંઈ હું કરું છું, તે કેવળ મારા પોતાના સ્વાર્થ વાસ્તે જ કરું છું, તે તો હું તારો ખરીદેલો ગુલામ થઈ ચૂકયો છું. પણ જો તું એમ ધારતો હોય કે, હું જે કંઈ કરું છું તે, ખરેખર કોઈ સાટાં કરનાર એકલપેટા યાહુદી પુત્રની પોતાનો સ્વાર્થ સાધવાની મકસદ કરતાં વધારે ઉદારતા ભરેલું અને સ્તુત્ય છે, તો શું તે તને એક ગુલામ રાખવાનું કારણ નથી? કે કિસ્મતે તારા પંજામાં એક એવા માણસને લાવી મૂકયો છે કે, જેની મનશક્તિ, તથા જેનું બુદ્ધિબળ તને હથિયારરૂપ થઈ પડે છે. જો હું બીજા કોઇપણ સાથે દગો રમું છું, તો તે કેવળ મારા દુશ્મન સાથે જ રમું છું. પણ મિત્રને કોઈ દિવસ પણ ફસાવતો નથી. હું મારા દુશ્મનો સાથે દગો રમું છું, તેથી દોસ્તીને નાલાયક છું એમ કેમ કહી શકાય? એવો શખ્સ એક હું જ છું, જે મૂર લોકોનો દુશ્મન છતાં, તેના રાજ્ય મહેલમાંહેની સઘળી ગુહ્ય વાતો હું જાણી શકું છું તથા શૂરવીરોની સલાહને નિષ્ફળ કરી નાંખું છું. આ સઘળી બાબતો ઉપર વિચાર કરતાં, કોઈપણ ડાહ્યો રાજા, મને આવો શકિતવાન્ જાણી, પોતાનો મદદનીશ બનાવવા કબૂલ કરે જ, એ શું સિદ્ધ નથી થતું?"

ફરડીનાન્ડ હસતાં હસતાં બોલ્યો, "ખરેખર તું એક ચાલાક તર્ક કરનાર છે. તારે માથે ઈશ્વરી બક્ષિસ હમેશાં વરસો. આપણે હવે આપણી વાત બંધ કરવી જોઇએ. અરે પિરેઝ,"

પિરેઝ તરત અંદર આવ્યો, અને રાજાએ તેને પૂછયું, "તે કુમારિકાને રાણી પાસે મૂકી આવ્યો?"

પિરેઝે કહ્યું, "જી હા, ખુદાવંદ."

ફરડીનાન્ડે કહ્યું, જે સીપાઈ આ પરદેશીને આપણી છાવણીમાં લઈ આવ્યો, તેને હુકમ આપ કે, જેવી સંભાળથી એને અહીં લાવવામાં આવ્યો છે, તેવી, બલકે તેથી પણ વધારે સંભાળથી તેને તેની જગાએ મૂકી આવે. મારા દોસ્ત, ત્યારે સલામ છે, પણ થોભ તને ખાત્રી છે કે મુસાબીન અબેલગઝન, કેદ જ છે?

આલ્મમને કહ્યું," "હા, સાહેબ."

શાહ બોલ્યો, "સેન્ટ મેરીની આપણાપર મહેરબાની રહો." જ્યારે હિબ્રુ ગયો ત્યારે ફરડીનાન્ડ પાદરી તરફ આતુરતાથી ફરી બોલ્યો," પૂજ્ય ટોમસ, તેં અમારી બધી વાત સાંભળી કે?

તે બોલ્યો "હા બેટા."

શાહ બોલ્યો, "તારી નસોમાંનું લોહી તો બ્હીકથી ઠરી ગયું હશે." તે બોલ્યો, "નહીં. પણ જ્યારે તેં કરારનામા ઉપર સહી કરી ત્યારે તો ખરેખર તેમ જ થયું."

ફ્રરડીનાન્ડ બોલ્યો, "પૂજ્ય પાદરી, તું સત્ય કહે છે. પણ નીચ કાફ્રરોને પણ એક સરખા હક આપવા હું બંધાયલો છું."

તે પાદરી કસમ ખાતાં ખાતાં બોલ્યો, "પુત્ર, પરમેશ્વરે તારા સરદારો, સલાહકારો તથા તારી રૈયતને આબાદ કરી છે. પણ તને સોંપેલી સત્તાનો તેં કેવો દુરુપયોગ કર્યો છે, તેનો જવાબ આખરે કયામતને દિવસ તે તારી પાસેથી માગશે જ. જે કોઈ ક્રાઇસ્ટના ચેલા છે, તે સઘળા ઈશ્વરના દોસ્ત છે; અને જે કોઈ તેને ક્રુસપર મારી નાંખનારા છે, તે તેના દુસ્મન છે."

તે પાદરીના ખભા ઉપર હાથ મૂકી મંદહાસ્યથી તે રાજા બોલ્યો; "પાદરીબાવા, મેં જે પગલું ભર્યું છે, તે વિષે ધર્મ તો મનાઈ કરે છે, પણ રાજ્યખટપટ મોટે સાદે પોકારી કહે છે કે તેમ કરવું જોઇએ. યાહુદી લોકો આપણ સરખા હકો માગે, એ વાત, નોકર લોકો પોતાના શેઠ સરખા હકો માગે તે બરાબર છે. પણ એઓની સાથે દગો પણ રમવો, અને ઇન્સાફ્ર પણ આપવો, એ વાજબી કહેવાશે. આ વ્યાજખાઉ લોકો સરખા હકો માગે છે? અરે પરમેશ્વર, તેમ થાય તો તો, તેઓ મારું રાજ્ય પણ વેચાતું લઈ લે એવા થઈ જાય."

પાદરી આ સાંભળી તેના તરફ તાકી તાકીને જોવા લાગ્યો, અને થોડીવાર પછી બોલ્યો, "પુત્ર, મને તારામાં પૂર્ણ ભરોંસો છે." આટલું કહી તે તંબુમાંથી નિકળી ગયો.

પ્રકરણ ૨ જું

સંતાઈ રહેલ લશ્કર; ઝપાઝપી; અને આલ્મમનનું કેદ પકડાવું

જે વખતે આલ્મમન, ફ્રરડીનાન્ડની ક્રિસ્ચ્યન છાવણીમાંથી નિકળી એક વેરાન અને લાંબા ફેરવાળે રસ્તેથી થઈ ગ્રાનડા શહેર તરફ આવતો હતો, તે વખતે, ગ્રાનડાની વિશાળ ખીણોની અંદર અને તેની આસપાસ અરુણોદયનો ઝાંખો પ્રકાશ છાઈ રહ્યો હતો. આગળ ચાલતાં તે એક અંધારી અને ખીચોખીચ ઝાડીની અંદર આવી પહોંચ્યો. એ ઝાડીની વચમાં, થોડે થોડે અંતરે, સવારની શાંત હવાની અંદર સ્થિર અને સુસ્ત દેખાતાં ઉંચાં ઉંચાં વૃક્ષો પણ ઉગ્યાં હતાં. જો આપણે આ

ઝાડીને એક જંગલનું નામ આપી શકીએ તો, આલ્મમન જેવા એ જંગલમાંથી બહાર નિસર્યો, અને ગ્રાનડાના ઉંચા બુરજોનાં ચકચકિત પ્રકાશવંત કળશોનું તેજ તેની આંખોમાં પડ્યું, તે વખતે કોઈ આદમ જાતનું મોં ઝાડીમાંથી તેના તરફ ડોકીઆં કરતું તેને જણાયું. આલ્મમનની આંખો આ શખ્સની આંખો સાથે મળી કે તે ચમકી ગયો; અને ઉભો રહી પોતાના ખંજરમાં હાથ નાંખ્યો. એટલામાં તો તેની સામેના ભૂત જેવા માણસે તીણી સીસોટી વગાડી અને તેનો પ્રત્યુત્તર તે જ વખતે આસપાસની ઝાડીમાંથી આવ્યો અને એક પલકારાની અંદર ખેડુતના જેવો સ્વાંગ ધારણ કરેલ મૂર લોકોએ આલ્મમનને ઘેરી લીધો.

આલ્મમને પોતા તરફ ટીકીને જોતા મૂર લોકોને નીડર મનથી કહ્યું; "કેમ, મારા સાહેબો, મારા જેવા એક એકાંતવાસી સાધુથી તમને કંઈ હરકત થશે, એવું તમે ધારી શકો છો?"

તે મૂરમાંનો એક પોતાની નજદીકના મૂરને કહેવા લાગ્યો, "ભાઇઓ આ તો જાદુગર આલ્મમન જણાય છે, જવા દો એને જવા દો."

બીજાએ જવાબ દીધો, "ના, એમ તો નહીં બને. ચાલો એને આપણા સરદાર પાસે લઈ જઇએ. આપણને હુકમ મળ્યો છે કે, જે કોઈ આ વખતે રસ્તાની અંદર મળે તેને પકડી આણવો, ત્યારે આપણે આને કેમ છોડી શકીએ?"

આ સલાહ સર્વેને પસંદ પડી, અને આલ્મમનને મનમાં બોલતો, અને દાંત કચડતો ઝાડીના ઘાટા ભાગની અંદર લઈ જવામાં આવ્યો. આ સ્વારી છેવટે એક અર્ધગોળાકાર લીલા ઘાસવાળી ફળદ્રુપ જમીન આગળ આવીને અટકી. અહીં કેટલાંક ઢોરો આસપાસની જગા ઉપર ચરતાં હતાં અને તેની આસપાસ ખેડુતોનો પહેરવેશ પહેરી સંખ્યાબંધ માણસો ઘાસ ઉપર આળોટતાં બેઠાં હતાં.

"કેમ કોને લાવ્યા છો?" એમ ખેડુતમાંના કોઇએ આલ્મમનને પકડી લાવનારા માણસોને પૂછ્યું. આ સ્વર સાંભળી આલ્મમનના મોં ઉપર તો સાહી ઢળી ગઈ! એ સવાલ પૂછનાર મૂર, પોતાનાં ટોળામાંથી બહાર નિકળી આવી આલ્મમનને જોઈ બોલ્યો, "ખુદાના કસમથી કહું છું કે એ તો એક ઢોંગી સાધુ છે. અરે સાધુ, આ વખતે, ગ્રાનડા શહેર મૂકી અહીં શા વાસ્તે ભટકતો ફરે છે?"

આલ્મમને જ્યારે જોયું કે જે મુસાને, તે, પોતાનાં કાવત્રાંનો ભોગ થઈ કેદમાં પડેલો સમજતો હતો, તે જ મુસા આ વખતે તેનો

ન્યાયાધીશ થઈ ઉભો છે, ત્યારે તો તે અજાયબીમાં ગરકાવ થઈ ગયો, અને સ્તબ્ધ થઈ ઉભો રહ્યો. પણ છેવટે પાછું મનને શાંત કરીને બોલ્યો, "અમીર મુસા, મારી હીલચાલ વિષેનો જવાબ કેવળ મારા શાહને જ આપવાનો છે. તેના હુકમ સિવાય બીજા કોઇનો પણ હુકમ હું માનતો નથી."

મુસાએ ભવાં ચઢાવી જવાબ દીધો, "આલ્મમન, તને ખબર તો હશે કે તારી કરેલી તકસીલ બદલ તારી જીંદગી અમારા હાથમાં છે. ગ્રાનડાનો હરકોઈ રહેવાશી, સૂર્ય ઉગ્યાથી કરીને આથમ્યા સુધીમાં ગ્રાનડાની બહાર ફરતો માલમ પડે તો, એક દગાખોર અને બેવફા માણસ તરીકે તેનું મોત થાય."

આલ્મમને એ વાત સાંભળી, મોંનો રંગ જરાપણ બદલ્યા વગર જવાબ દીધો, "અલહંબ્રાના ખાસ નોકરોને એ કાનુન લાગુ પડતો નથી,"

કંઈ અણચિંતવ્યો દુઃખદાઈ વિચાર મુસાના મગજમાં આવવાથી તે મનમાં ગણગણ્યો, "ગ્રાનડાના શહેરીઓ એવી અફવા ફેલાવે છે કે, ગ્રાનડાના શાહે ફરડીનાન્ડ સાથે સલાહ કરી છે. એ વાત ત્યારે શું માની શકાય તેવી છે?" આ પ્રમાણે ગણગણી થોડોક વખત સુધી વિચારગ્રસ્ત થઈ ઉભો થઈ રહ્યો. ત્યાર બાદ પોતાની આસપાસના મૂર લોકોને દૂર જવા ઇશારત કરી સીધી રીતે બોલ્યો, "આલ્મમન, મને ખરેખરું કહી દે કે, આ વખતે તું આપણા શાહ તરફથી કંઈપણ સંદેશો લઈ ક્રિસ્ચ્યન શાહની હજુરમાં ગયો હતો કે કેમ?"

આલ્મમને કહ્યું, "ના, હું નથી ગયો."

મુસાએ પૂછ્યું, "સારું, પણ ત્યારે તું કિલ્લાથી બહાર નિકળ્યો છે, તે કેવળ શાહનાં કંઈ કામ વાસ્તે નિકળ્યો છે કે કેમ?"

આલ્મમને જવાબ દીધો, "જો તેમ હોય તોપણ શાહની મકસદ હું તમને કહી દઉં તો હું શાહનો બેવફા થયો કહેવાઉં."

મુસાએ થોડો વખત દમ ખાધા પછી કહ્યું, "સાધુ પુરુષ, મને તારામાં ઘણો જ શક આવે છે. હું સારી પેઠે જાણું છું કે, તું મારા તરફ દુશ્મનાઈની નજરથી જુએ છે; અને તેથી કરી તેં શાહને મારી વિરુદ્ધ, તેની રૈયત વિરુદ્ધ અને તેની ફરજથી વિરુદ્ધ કંઈનું કંઈ ખોટેખોટું ભરાવી દીધું છે, એ હું ખાત્રીથી માનું છું. પણ કંઈ ફિકર નહીં, હાલ તો તને જીવતો રહેવા દેવામાં આવે છે. જ્યારે અમે શાહની હજુર જઇશું ત્યારે તને પણ તેની સન્મુખ ઉભો કરીશું. ત્યાં સુધી તું અમારી સાથે ચોકીમાં રહે."

આલ્મમન, "અમીર મુસા," આટલું કહી કંઈ વધારે કહેવા જતો હતો, પણ મુસા તેને બોલતાં અટકાવી બોલ્યો, બસ, મારે જે કંઈ કહેવું હતું તે મેં કહી દીધું છે. વિશેષ હું કંઈ સાંભળતો નથી. સીપાઇઓ, એ સાધુની બરાબર તપાસ રાખજો; એને એક ઘોડો ચડવા સારુ આપો. એ આપણી છુપાઈ રહેવાની જગામાં આપણી સાથે રહેશે."

આ પ્રમાણે આલ્મમન આ તરફ પોતાના કેદ પકડાવાથી ફોકટનો ખીજવાતો પડ્યો હતો, તે વખતે ક્રિસ્ચયન છાવણીમાં સઘળે શાંતિ પ્રસરી રહી હતી. આખરે જ્યારે સૂર્યનારાયણ પૂર્વ તરફ આવેલા ડુંગરોની કોરથી જરા ઉંચે આવ્યો તે વખતે, ત્યાં શરુઆતમાં તો કંઈ ઝીણો ઝીણો પણ પછીથી આસ્તે આસ્તે વધી કાન ફોડી નાંખે એવો લડાઇની તૈયારીસૂચક અવાજ થવા લાગ્યો. સવારોની કેટલીક ટુકડીઓ, પોતાના બહાદુર અને અનુભવી સરદારો નીચે છાવણીના જૂદા જૂદા ભાગમાં ગોઠવાઇને ઉભી; અને પછી આસપાસનાં ગામડાંઓમાંથી, ઘોડા સારું ચંદી, કે કંઈ થોડી ઘણી લૂટ મેળવવા વાસ્તે, યાતો દુશ્મનનાં છુટાં છવાયાં લશ્કરની એકાદિ ટુકડી સાથે નાની સુની ઝપાઝપી કરવાની ઉમેદથી જૂદી જૂદી બાજુ તરફ નિકળી પડી. આ ટુકડીઓમાંથી માર-કવીસ **ડી વીલે**ની અને તેનો શૂરવીર ભાઈ ડોન એલોન્ઝો ડી પચેકોના ઉપરીપણાં નીચેની ટુકડી સર્વથી સરસ હતી. તેમ જ આ ટુકડીની અંદર સ્પેનના ઘણા શૂરા સામંતો સામેલ થયા હતા; કારણ કે આ ટુકડીની અંદર સરદાર લોકો પોતાનું જાતિશૌર્ય બતાવી, એક બીજાથી સરસ દેખાવાની હરીફાઈ કરતા હતા; તેથી જે જે આ કારમિઝાજના સરદારો ફરડીનાન્ડની કાવત્રાંખોર, ખટપટયુકત લડાઈ કરવાની રીતિથી નાખુશ થયા હતા, તે સર્વ વેલેરીનું નામ સાંભળી તેના વાવટા નીચે ભેળા થયા હતા.

વિલેનીની ટુકડી, પોતાની છાવણીને વિટાળી, વેગલાની પહાડી સરહદ ઉપર આવેલા ભભકાદાર અને ઝાડીવાળા પ્રદેશની અંદર દાખલ થઈ, ત્યારે માથે આવેલાં સૂર્યનાં કિરણોએ, તેના દબદબાવાળા તેજ અને ભભકાદાર હથીઆરોને ચકચકિત કરી મૂકયાં. એક તો દિવસ સાવ સ્વચ્છ હતો, તે સાથે આસપાસનો દેખાવ અતિ રમણીય હતો; તથા દરેકના મનમાં કંઈ ને કંઈ બહાદૂરીનું કામ કરવાનો ઉત્સાહ ઉછળી રહ્યો હતો; એ સર્વને લીધે આ ટુકડી જુસ્સામાં આવી ગઈ દેખાતી હતી. આવે વખતે તેઓમાં લશ્કરી કાયદાઓ બરાબર રીતે પાળવામાં

આવતા નહીં. કારણ કે તેઓને ખાત્રી હતી કે, જરૂરને વખતે તેઓ સઘળા નિયમસર ગોઠવાઈ જઈ શકશે. આ ટુકડીમાંના સિપાઈઓ ખુલ્લે દિલે આનંદિત વાતો કરતા હતા તથા વાતોને દરમિયાન વખતે વખતે ગાયનના સૂરો પણ લલકારી દેતા. વિલેની સાથે અમીરોની ટોળી ચાલી આવતી હતી, તે પણ અતિશય આનંદમાં આવી ગઈ હોય એમ જણાતું હતું.

ડોન ઈસ્ટિવોનડી સુઝોન બોલ્યો, "કેમ માર્કિવસ! આજ રાજે સર્વથી ખુબસુરત મૂરનાજની મેળવવા વાસ્તે આપણે શું શરત બકશું?"

ડોન એલોન્ઝોડી પેચેકો તેનું તેડું કબુલ રાખી બોલ્યો, "ભલે, હું શરત બકવા હાજર છું. જો હું તેને મેળવું તો તું તારો ઘોડો મને આપજે, અને જો તું મેળવે તો હું આ મારી તરવાર તને આપી દઈશ, કેમ, છે કબુલ?"

ડી સુઝોન બોલ્યો, "કબુલ છે. પણ ખુબસુરત ઓરતવિષે વાત નિકળતાં હમણાં મને એક વાત યાદ આવી છે. ઉમદા ખવાસના માર્-કિવસ! ગઈ રાત્રે તમે આપણી રાણીના તંબુમાં ગયા હતા કે કેમ? એ તંબુને તો કોઈ અસાધારણ ખુબસુરતીની કુમારિકાએ ગઈ રાત્રે ત્યાં આવી સુશોભિત કર્યો છે. તેની કાળી આંખો તો, આપણી કાવા નામની ખુબસુરત ઓરતની કાળી, હૃદયભેદક આંખોને પણ શરમમાં નાંખે એવી છે."

વિલેની બોલ્યો, "અરે હા. મેં પણ તેની ખુબસુરતી વિષે સાંભળ્યું છે, તો પેલા દગાખોર મૂર જેની સાથે આપણો રાજા ગ્રાનડાનો કિલ્લો હાથ કરવા છૂપી મસલત કરે છે, તેણે આપેલાં વચનને બાંયધરી તરીકે આવી છે. એવું કહેવાય છે કે, આપણો રાજ્યકુમાર તેને રાણીના તંબુમાં મૂકવા આવ્યો, તે સારુ રાણી તેના ઉપર બહુ ગુસ્સે થઈ હતી."

ડી સુઝોન બોલ્યો, "આજ સવારે આપણો ધર્મ ગુરુ પેલો બીહા-મણો ટોમસ છૂપી રીતે રાજ્યકુમારના તંબુમાં જતો હતો. તેને મેં જોયો. આ સાધુની સલાહ એવી છે કે, જો તે પ્રમાણે તાબડતોબ વર્તે તો તેથી કંઈ પણ ખરાબ પરિણામ થાય. પણ જો લાંબી મુદત સુધી તે ઉપર દરિયાફ્ કરી પછી તે પ્રમાણે વર્ત્તે તો ફાયદાકારક નિવડે તેમ છે."

આટલી વાતચિત થઈ, એટલામાં એક લશ્કરી અમલદારે આવી વેલેરીના કાનમાં કંઈક કહ્યું. તે સાંભળી વેલેરી તરત બોલી ઉઠ્યો,

"વાહ, વાહ, મેરીનું નામ અમર રહો! સરદારો, લૂટ મેળવવાનો વખત નજદીક જ છે. છાના રહો, અને બરાબર ગોઠવાઈ જાઓ."

આટલું કહી તે એક ટેકરી ઉપર ચડી ગયો અને પોતાનો હાથ ભવાં ઉપર રાખી આંખોને છાંયો નાંખતો, નિચેના મેદાનમાં આસપાસ નજર નાંખવા લાગ્યો. તરત જ તેણે મૂર ખેડુતોનું એક મોટું ટોળું, પોતાનાં ઢોરોને એક ધાટી ઝાડીની અંદર હાંકી જતું જોયું. તેણે આગળ વધવાનો તરત જ હુકમ આપ્યો, અને ટુકડી ધસારાબંધ આગળ ચાલી. દરેક જણ બોલતો બંધ થઈ ગયો, અને ઘોડાની નક્કર ખરીના ડબડકા, અને હથીઆરોના ખણખણાટ સિવાય મધ્યાહ્ન બપોરે છાઈ રહેલ શૂન્યાકારમાં જરાપણ ભંગાણ પડતું નહતું. તેઓ એ ધાડાં જંગલ નજદીક પહોંચ્યા, તે પહેલાં તો મૂર ખેડુતો તેની અંદર કયાંઇએ જતા રહ્યા. મારૂકિવસે તરત જ તે ઝાડીની આસપાસ પોતાનાં લશ્કરને અર્ધચંદ્રાકારમાં ગોઠવી દીધું, અને થોડાંક માણસની એક ટુકડીને, તે જંગલમાંથી કોઈ નિકળી ન જાય તેને વાસ્તે, તેના આગલા ભાગ તરફ રવાને કરી. એ પ્રમાણે ગોઠવણ થઈ રહી, એટલે અર્ધગોળાકાર થઈ ઉભેલું લશ્કર, તે જ ગોઠવણીમાં જંગલની અંદર ઘુસ્યું. ત્રિશેક વાર સુધી તો તેઓના અનુમાન કરતાં જગા કંઇક વધારે ખુલ્લી જણાઈ. પણ જેમ જેમ તેઓ આગળ વધતા ગયા, તેમ તેમ જમીન વધારે ઉંચી નિચી, ખડબચડી અને ઉંચાણવાળી થતી ગઈ, તેમ જ ઝાડો પણ એવાં તો અરસપરસ ગુંથાઈ ગયાં હતાં કે, જોસબંધ આગળ વધવું તેઓને અશકય થઈ પડયું. ડોન એલોન્ઝોડી પેચીકો જેનો ઘોડો અતિશય મજબૂત અને લડાઇની દરેક કવાયદમાં કેળવાયલો હતો તથા તે પોતે વજને પણ હલકો સરસ સ્વાર હતો, તેથી તેણે પોતાના ઘોડાને મોખરે લાવી સર્વથી પહેલાં જંગલની અંદર ઝોંકાવ્યો. થોડોક વખત સુધી તો તે ઝાડીની અંદર દેખાતો બંધ થઈ ગયો. પણ પછી એકાએક મોટી બુમ સંભળાઈ; અને તે બંધ થઈ કે તરત જ, "સ્પેનની કીર્તિ અમર રહો, મારો, મારો, સેન્ટ જંગો આપણું રક્ષણ કરશે" એવા પુકારો સ્પેનિશ લડાયક મરદોના મુખમાંથી નિકળવા લાગ્યા.

દરેક ઘોડેસ્વારોએ પોતાના ઘોડાને આગળ દાબ્યો. પણ એટલામાં એકાએક તીરો, અને ભાલાનો તેઓનાં શરીર ઉપર વર્ષાદ વરસી રહ્યો અને દરેક ઝાડનાં થડ વાંસેથી તથા દરેક ડુંગરની ટેકરી નિચેથી સંખ્યાબંધ મૂર લોકો નિકળી આવ્યા તથા જબરી બુમો પાડતા સ્પેનિશ લોકોની આસપાસ ફરી વળ્યા.

આ જોઇને વિલેનીએ પોતાના સિપાઇને કહ્યું, "પાછા હઠો, પાછા હઠો, નહીં તો માર્યા જશો, અને સપાટ જમીનમાં આવી જાઓ."

આટલું કહેતાંકને તે પોતે ત્યાંથી પાછો ફરી, ઝાડીમાંથી ઘોડાને દોડાવી બહાર કાઢી ગયો. ત્યાં આવી પાછું વાળી જોયું તો ડુંગરોની બખોલોમાંથી મૂર લોકોનાં માણસો અને ઘોડાની હાર એક પછી એક નિકળ્યા જ કરતી હતી. દરેક મૂર ડુંગરની બખોલમાંથી બહાર આવતી વખતે પોતાના ચાલાક અને તેજ ઘોડાને લગામવતી દોરાવતો હતો, અને જેવો જંગલમાંથી ખુલ્લા મેદાનમાં આવતો કે તરત જ સફાઇથી પોતાના ઘોડા ઉપર કૂદી બેસતો. કાઉન્ટ વિલેની આખે શરીરે બખ્તર સજી મોઢાં ઉપર લોઢાંનો બુરખો નાંખી, હાથમાં જબ્બર ભાલો લઈ, મૂર લોકોના ઘેરામાંથી ભાગી છૂટેલા કેટલાક સરદારો સહિત મૂર લોકો ઉપર તૂટી પડ્યો. થોડોક વખત સૂધી સખ્ત ઝપાઝપી ચાલી, અને મૂર લોકોનાં પુષ્કળ માણસો ક્રિશ્ચિયનોનાં ભાલાંથી વિંધાઈ જમીન ઉપર પડેલાં માલમ પડ્યાં. તરત જ વેલેરીની સેન્ટ જંગો આપણું રક્ષણ કરોની બુમ સંભળાઈ. આ વખતે એ માર્‌કિવસ પાસે તેના નિમકહલાલ નોકર સોલીઅર સિવાય કોઇપણ નહતું. તેના કેટલાક સરદાર લોકોને મૂરોએ ઘોડા ઉપરથી ફગાવી નાંખ્યા હતા, અને તેમની આસપાસ ટોળું વળી હાથમાં જમૈયા લઈ તેઓના શરીરમાં કારી જખમ કરવા વાસ્તે, તેઓનાં બખ્તરના સાંધા તપાસતા વિંટળાઈ ઉભા હતા. રપતે રપતે એક પછી એક વિલેનીના સઘળા સોબતીઓ તેને આવી મળ્યા અને હવે ડોન એલોન્ઝોડી પેચીકાનો લીલો ડગલો ઝાડીની બહાર ઉડતો નજરે પડવા લાગ્યો. આને જોઈ વિલેનીએ પોતાના ભાઇની સલામતી વાસ્તે ઇશ્વરનો ઉપકાર માન્યો. પણ એટલામાં એક મૂર ઘોડેસ્વાર પોતાનાં માણસોનાં ટોળાંમાંથી બહાર નિકળી આવી પુરા જોસથી ઘોડાને હાંકતો પેચીકાને મેદાનમાં આવી મળ્યો. આ મૂરે ડી પેચીકાની માફક ભારે પોલાદી બખ્તર ધારણ કર્યું નહોતું, પણ અસલી આરબ લોકોના બખ્તર જેવું હલકું અને વળી શકે એવું બખ્તર પહેર્યું હતું. તેણે સફેદ પાઘડી માથામાં પહેરી હતી, અને તેને સ્વચ્છ ચકચકિત ઉમદાં લોઢાંની આંકડાદાર સાંકળથી મજબૂત રીતે સીકડી લીધી હતી. તેનો ટુંકો ડગલો અને સુરવાળ પણ તમામ સફેદ હતાં. એના જમણા ખભાપર એક નાની સરખી ગોળ ઢાલ તથા તેના હાથમાં તેણે એક લાંબો ભાલો ઝાલ્યો હતો. આ મૂર એક તમામ કાળા ઘોડા ઉપર સ્વાર થયો હતો.

તેણે પોતાનો ઘોડો આગળ કાઢ્યો, કે તરત જ ડી પેચીકો પણ તેની સામે આવ્યો. આ બંને લડવૈઆ કેટલીક ક્ષણ સૂધી કંઈ પણ કર્યા વગર અરસપરસ જોતા ઉભા રહ્યા. બંને તરફનાં માણસો આ બંને લડવૈયાને લડતા અટકાવવાને નાખુશ હતાં.

વિલેની આતુરતાથી બોલ્યો, "ઇશ્વર મારા ભાઇનું રક્ષણ કરો." તે આટલું બોલ્યો, એટલે તેની આસપાસનાં માણસોએ "આમીન આમીન"-ના પૂકારો ઉડાવી તેને વધાવી લીધો. કારણ કે જે કોઇએ આ લડાઈની અંદર જબર જોરવાળાં મુસા બીન અબેલ ગઝનને લડતાં જોયો હતો, તે સઘળાઓ આ વખતે તેનો સફેદ જભ્ભો અને કાળો ઘોડો પીછાની દિલની અંદર ધ્રુજતા હતા. આ પ્રખ્યાત મુસાનો સામાવાળો પણ કંઈ ઓછો માન પામેલ નહતો. એ શખ્સને કેસ્ટાઇલિના શૂરા પુરુષોએ, અને અમીરજાદીઓએ "દ્વંદ યુદ્ધનું ગૌરવ" અને "જંગ બહાદૂર" ના માનવંતા ઇલકાબો આપ્યા હતા.

જ્યારે આ સ્પેનીઅર્ડ ધીરવીર મુસાને પોતાની સન્મુખ આવી ઉભેલો જોયો, ત્યારે તે ઓચિંતો ઉભો થઈ રહ્યો, અને પછી પોતાના ઘોડાને પાછો ફેરવી તેને વધારે ગરમ કરવા વાસ્તે લાંબે ફેરે નાંખ્યો. મૂર, સ્પેનિઅર્ડની શું મુરાદ છે તે જાણી ગયો હોવાથી, પોતાના ઘોડાને સ્થિર ઉભો રાખી, ધસારાની વાટ જોતો શાંત મનથી ઉભો. પણ જરાવાર ખમી તેણે પોતે જ ફરીથી પોતાના દુશ્મન ઉપર હલ્લો કર્યો. આ વખતે એવી તો હુશીઆરીથી અને બહાદૂરીથી બંને લડનારાઓ સામસામે ભેટ્યા કે, ક્રિશ્ચિયન લોકોના મોમાંથી પણ "વાહ વાહ"ના પોકારો નિકળી ગયા. મુસાએ પોતાના હરીફનાં જબર ભાલાનો ઘા પોતાની નાની ઢાલ ઉપર ઝીલી લીધો, અને તે જ વખતે પોતાનાં હલકાં ભાલાંવડે તેના ટોપ ઉપર ફટકો લગાવ્યો. મુસાની નિશાન તાકવાની અગાધ શક્તિને લીધે તે ફટકો બરાબર તાકેલી જગાએ લાગ્યો, અને તેનાં જોરથી એલોન્ઝો પોતાનાં જીન ઉપર સુઈ ગયો.

તરત જ ભાલાઓને એક તરફ રાખવામાં આવ્યાં, અને સ્પેનિ-અર્ડની લાંબી તરવાર, તથા મૂરની ડમાસ્કસમાં બનેલી નાની તરવાર હવાની અંદર ચમકતી નજરે પડવા લાગી. તેઓએ ગંભીર ચહેરાથી પોતાના ઘોડાઓને એક બીજા સામે હાંકયા.

ઉન્મત્ત મૂર બોલ્યો, "શૂરવીર સરદાર! હવે મારે તાબે થા. કારણ કે મારી ઢાલ ઉપર એવો મુદ્રાલેખ લખ્યો છે કે, જે કોઇને આને

(મુસાનો) જરબ લાગશે તે ખચીત મરશે." વળી જો તું મરી જઈશ તોપણ તને હરકત જેવું નથી. કારણ કે જે કોઈ અમારા જેવા પાક દીનને માનનારાના હાથથી મરે છે, તેને વાસ્તે સ્વર્ગના દરવાજા ઉઘાડા રહે છે."

એલોન્ઝો બોલ્યો, "ખોટી બડાઇઓ કરનાર કાફર, તને ખબર છે કે, ક્રિશ્ચિયનનો એક જ યોધો આખી મૂર ફોજને પૂરો પડવા સમર્થ છે."

મુસાએ આનો કંઈ પણ પ્રત્યુત્તર આપ્યો નહીં, પણ પોતાના ઘોડાની લગામ છૂટી મૂકી દીધી. આ ઉમદા પ્રાણી પોતાના સ્વારે કરેલી નિશાની બરાબર સમજી ગયો અને તરત જ એક તીણી ખંખાર કરી ક્રિશ્ચિયન તરફ ચોંટ કરી. એલોન્ઝો પણ પોતાની તરવાર ઉગામી આખું શરીર ઢાલેથી ઢાંકી મૂરની સામે થયો. તેણે જોરથી મુસા ઉપર તરવાર પાળી. મુસા નમી ગયો, સ્પેનિયર્ડે એક મોટો અવાજ કર્યો, અને મુસા પોતાના ઘોડા ઉપરથી પડી ગયો હોય એમ લાગ્યું. પણ આ ભારે તરવારનો જરબ મુસાને જરાપણ અડ્યો નહીં અને તેને બદલે, તેની પોતાની તરવારની વાંકી અણી ઉપરથી જોતાં તો એમ જણાયું કે, સામાવાળાને વાગી પણ નહીં હોય, તેવી રીતે, ગરદન પાસે જે જગાએ ટોપ અને બખ્તરનો સાંધો હોય છે તેમાંથી થઈ, કંઇપણ ખડભડાટ કીધા વગર, વગર અટકાવે સ્પેનિયર્ડની ગરદનમાં પેસી ગઈ. એલોન્ઝો જરાપણ ચીસ પાડ્યા વગર તરત જ ઘોડા ઉપરથી નિચે પડી ગયો. તેનું બખ્તર કોઈ જગાએથી ભેદાયલું જણાયું નહીં, પણ તેમાંથી લોહી ધસારાબંધ વહેતું જણાયું.

મુસા જેવો પોતાનાં લશ્કરને આવી મળ્યો કે, તરત જ તેણે અલ્લાહ અલ્લાહના પૂકાર કીધા અને તે જ વખતે તેના સોબતીઓએ ઇન્સાન અલ્લાહનો પ્રતિધ્વનિ કર્યો; હજુ તો ક્રિશ્ચિયનો પોતાના ગભરાટથી મુક્ત થયા નહોતા, એટલામાં મૂરોએ પાછો તેઓ ઉપર ધસારો કર્યો. મૂર લોકોની સંખ્યા સ્પેનિયર્ડો કરતાં બહુ જ વધારે હતી અને તેઓ તો અજબ થતા હતા કે, આટલા બધા મૂરો આટલી જગામાં તે કયાં છૂપાઈ રહ્યા હતા. મૂર પાયદળ અને ઘોડેસ્વારોએ ક્રિશ્ચિયનોની ઘટતી જતી સંખ્યાને ચારે તરફથી ઘેરી લીધી. એક તરફ મૂરના પ્યાદલો, અતિશય જુસ્સામાં તથા જીવપર આવી જઈ, ઘોડાની ખરીઓ વાગે તથા ઉપર બેસનારના ભાલાના જખમ વાગે તેની પણ પરવાહ રાખ્યા વગર જંમૈયા હાથમાં લઈ પોતાના શત્રુને બરાબર જગોએ જખમ કરવાનો લાગ મળે તે સારુ સ્પેનિયર્ડોના ઘોડાના ચાર

પગ વચ્ચે પણ પેસી આવવાને ચૂકતા નહીં. બીજી તરફ મૂર ઘોડેસ્વારે, સ્પેન લડવૈયાની જબ્બર બાથોને ગુમાવી, ઘડીકમાં આગળ વધી, ઘડીકમાં પાછળ હઠી, પૂર્વ તરફનીવખાણુવા લાયક લડવાની કળાની ખૂબી બતાવતા સ્પેનિયર્ડોપર ભાલાં તથા તીરોનો વર્ષાદ વર્ષાવી તેઓને હેરાન કરી નાંખ્યા. પણ આ મૂર લોકોની ટુકડીનો જીવ ફક્ત અજિત્ય મુસા જ હતો. આ મૂર પોતાના કાળા ઘોડાને કંઇપણુ વિચાર કર્યા વગર નિર્ભયપણે દુશ્મનની હરોલની વચમાં નાંખતો હતો અને વિલેરી તેને ઘેરી લેવા વારંવાર જે જે વ્યૂહરચના કરતો, તેમાં દરેક વખતે એક જ ધસારાથી ભંગાણુ પડી પોતાની ઘાતક તરવારની તીખી અને કવચિત જ દેખી શકાય એવી અણીથી કેટલાક નામી પુરુષોને જમીન દોસ્ત કરતો, ચાલાકીથી કંઈપણુ જખમ ખાધા વગર તેમાંથી પસાર થઈ જતો હતો. આ તેનાં અગાધ શૌર્યથી વહેમી સ્પેનિયર્ડોને એમ લાગ્યું કે, એણે તો જાદુથી પોતાનું શરીર અભેદ્ય રાખ્યું છે.

વિલેનીએ પોતાની જીંદગીથી તથા કીર્તિથી નાઉમેદ થઈ અને પોતાના ભાઇના મૃત્યુની ગમીથી રીશે ભરાઈ, છેવટે પોતાના જ બાહુબળ ઉપર હાર-જિતનો આધાર રાખવાનું નક્કી કર્યું.

તેણે તરત જ બ્યુગલ ફુંકી પાછું ફરવાનો હુકમ આપ્યો અને પોતાના લશ્કરનું રક્ષણુ કરવા વાસ્તે એકલો બંડનાં પુતળાની માફક સ્થિર થઈ લડાઈના મેદાનમાં ઉભો રહ્યો. વિલેની કંઈ શરીરમાં એવડો કદાવર ન હતો, તોપણુ તે સર્વથી સરસ લડનારામાં ગણાતો હતો. સ્પેનિશ લશ્કરમાં તે ફક્ત ગોન્સેલવો ડી ગોરડોવાથી જ ઉતરતી પંક્તિમાં હતો. વળી તે ક્રિશ્ચિયનની ભારે હિંગામવાળી લડાઇમાં તેમ જ મૂર લોકોની ઝડપવાળી અને ચાલાકી ભરેલી લડાઇમાં પણ કસાયલો તથા પ્રવીણુ હતો.

આ પ્રમાણે એ પોતે એક જીવ ઉપર આવેલા સિંહની માફક લડાઈનાં મેદાનમાં ઉભો રહ્યો. તેનું લશ્કર આસપાસ કોઈ ટુકડી હોય તો તેને મદદે બોલાવવા સારુ ગમીનું વાજું વગાડતું પાછું છાવણી તરફ વળ્યું. વિલેનીનું બખ્તર એવું તો સરસ હતું કે, મૂરનાં તીરો તેને કંઈ પણ અસર કરી શકયાં નહીં. મૂર લોકોમાંથી જે કોઈ તેની સાથે બાથ ભિડવા મેદાન પડતો, તે તેની ચાલાક નજર અને ભારે હથીઆરને લીધે પાછો ફરવા કવચિત જ નસીબવાન્ થતો. એટલામાં તો એકાએક ધૂળનું વાદળું તેના તરફ ઉડતું આવતું દેખાયું; અને મુસા, જે એ પળ અગાઉ લશ્કરને બીજે છેડે હતો, તે આ વખતે પોતાના પવનમાં ફરકતા સફેદ ઝભાથી પ્રકાશ મારતો તે વાદળની અંદર તેના તરફ આવતો દેખાયો.

વિલેનીએ મુસાના ઘોડાને ઓળખ્યો અને દાંત પીસી ઘોડાને એડી મારી તરત જ તેની સામો થયો. પણ જેવી તેણે પોતાની વજનદાર તરવાર મુસાના માથામાં લગાવવા ઉગામી, તે જ વખતે ચાલાક મૂર એક બાજુએ ખશી ગયો અને પોતાનાં ખંજરવડે કટિતટ આગળના બખ્તરના સાંધામાંથી ખોસી પડખામાં એવો તો જખમ કર્યો કે, શત્રુના અંગમાંથી લોહી ધડ ધડ વહેવા લાગ્યું. બહાદુર સ્પેનિશ સરદારોએ પોતાના ઉપરીની હાલત જાણી લીધી અને ત્રણ જણ તરત તેની મદદે દોડી આવ્યા.

મુસાએ આ નવી આવેલી કુમક સાથે લડવાને ઉભો રહેવાની તસ્દી લીધી નહીં; પણ તરત જ ત્યાંથી નિકળી પોતાના વિખરાઈ ગએલા સ્વારોને એકઠા કરી એક જથ્થો ઝમાવી દુશ્મનોનાં રહ્યાં સહ્યાં માણસોપર તૂટી પડવાની ગોઠવણ કરવા લાગ્યો.

શૂરા સરદાર વેલેરીએ તદ્દન નાઉમેદ થઈ કહ્યું, "આપણા દહાડા હવે ગણાઈ ચૂકયા છે. મારા દોસ્તો! હવે તો ફક્ત, સ્પેનિશ લડવૈઆઓ હારવા કરતાં મરવું વધારે પસંદ કરે છે, એ વાતને આપણે લડાઇમાં જીવ આપી સાબેત કરવી બાકી રહી છે, અને પરમેશ્વર આપણાં પાપ માફ કરે તથા લાંબો વખત નરકમાં ન રાખે, એ જ તેની પાસે વિનંતિ છે."

તરત જ દૂરથી એક રણસીંગાનો અવાજ આવતો સંભળાયો અને તીવ્ર થયેલા ઈંદ્રિયોવાળા સરદારોએ, ઘોડાની પડઘીના અવાજ આવતા સાંભળ્યા.

ઇસ્ટેવો-ડીસુઝોન પોતાનાં પાગડામાં ઉભો થઈ બોલ્યો, "આપણે બચ્યા છીએ." આમ તે બોલ્યો એટલામાં દુશ્મનના ઘોડેસ્વારોએ તેઓપર પાછો હલ્લો કર્યો. ઈસ્ટેવને જોયું તો મુસાની તીણી આંખો તેના પોતાના તરફ વળેલી જણાઈ. આ ઉત્તમ શૂરવીરે અદ્યાપિપર્યંત બ્હીક શું ચીજ છે, એ જાણ્યું નહોતું; પણ આ વખતે જ્યારે તેણે આ અનિવાર્ય દુશ્મનને પોતાની સામો ઉભેલો જોયો, ત્યારે તેની છાતી ધબકતી બંધ થઈ ગઇ.

ડીસુઝોને મનમાં વિચાર કીધો, "સેતાન એની તરવારની નિગેહબાની કરે છે. પણ કંઈ ફીકર નહીં. હજી મેં ગઈ કાલે જ પાદરી પાસે મારાં પાપો કબુલ કરી તેની પરમેશ્વર પાસે માફી ચાહી છે, તેથી આજે મરીશ તોપણ કંઈ હરકત નથી." આ વિચારથી તેની હીંમત પાછી આવી અને તેણે પોતાના દુશ્મનની તરવારની સામે થવા ઘોડાને દોડાવ્યો.

તેણે ઓચિંતો જઈ મુસાપર હલ્લો કર્યો તેથી તથા જમીન પણ લોહીથી ચિકણી અને મુડદાંથી ભરાઈ ગઈ હતી તેથી મુસાનો

ઘોડો આખડ્યો. અને તેનું ઉગામેલું ખંજર, સ્પેનીયર્ડના રાક્ષસી કદના હથીઆરનું જોર કમ કરવા સિવાય કંઈપણ વધારે કરી શક્યું નહીં. તે સ્પેનિશ નાઈટની તરવાર મુસાનાં આડાં ધરેલાં ખંજરને નિચે ફગાવી, તેની પાઘડીના વચલા આંટામાંથી થઈ બરાબર વચમાં ચાલી ગઈ, પણ તે મૂરે જે સાંકળી પાઘડીનું રક્ષણ કરવા બાંધી હતી, તેની કડી કડી-વાળી વખાણવા લાયક બનાવટની ખૂબીથી તે જખમ વધારે અંદર પેશી શક્યો નહી. પણ આ જબર ધક્કાથી મૂર ઘોડા ઉપરથી જમીન ઉપર પડી ગયો. પણ ચાલાકીથી રડતો રડતો પોતાના સામાવાળીઆના ઘોડાના તંગની નિચે જઈ પહોંચ્યો.

ડીસુઝોન બુમ પાડી ઉઠ્યો, "ફતેહ, ફતેહ મુસા પ—"

આ તેનું વાક્ય હંમેશને માટે અધુરું જ રહ્યું. કારણ કે તેના ઘોડા નિચે પડેલા મૂરે પોતાનો જમૈયો ડીસુઝોનના ઘોડાના બખ્તર વગરના અને જલદીથી મોત લાવે એવા શરીરના ભાગની અંદર ખોસી દીધો, તેથી ઘોડો પોતાના સ્વાર સહિત ધબ દઈને નિચે પડ્યો. તરત જ આ બંને શૂરવીરો લોહીથી ખરડાયલી જમીનપર બાજમબાજી કરવા લાગ્યા. બીજી પળે તો મૂરે પોતાના કમરપટામાં લટકાવેલી તીણી છરી કાઢી ક્રિશ્ચિયનના લોઢાના બુરખામાંથી તેના સીનામાં ખોસી દીધી.

મુસાનો ઘોડો, જે તેની પાસે જ નમ્ર થઈ હાલ્યા ચાલ્યા વગર ઉભો થઈ રહ્યો હતો, તેના ઉપર બેસી, જે જગોએ સખ્ત ઝપાઝપી ચાલતી હતી તે જગાએ જવાનું કામ મુસાએ એવી ઝડપથી કમનસીબ ડીસુઝોનને બેજાન કીધા પછી બજાવ્યું કે ન પૂછો વાત.

હવે ક્રિશ્ચિયન લોકોને મદદમાં આવતું લશ્કર ધસારાબંધ મેદાનમાં આવતું દેખાયું, અને છેટે છેટે ક્રિશ્ચિયન શાહનો વાવટો ઉડતી ધૂળને લીધે ઝાંખો ઝાંખો દેખાવા લાગ્યો. એ ઉપરથી એમ જણાતું હતું કે, ફરડીનાન્ડ શાહ જાતે જ પોતાનાં ઘોડેસ્વાર લશ્કરની મદદે આવે છે.

મૂર લોકો, જેઓ આ ધાડાં જંગલની અંદરથી, તથા ડુંગરોની બખોલોમાંથી તથા ઝાડોનાં થડોમાંથી જરૂરની વખતે જાદુઈ તમાશાની માફક એટલા તો સંખ્યાબંધ નિકળી આવતા, કે જેને જોઈ ક્રિશ્ચિયનો તો હેરત પામી ગયા હતા. તેઓ ક્રિશ્ચિયનને નવી આવેલી કુમકની સામે થવાને, જેવી તેઓના ચંચળ સરદાર મુસાએ નિશાની કરી કે તેઓ બરાબર ગોઠવાઈ ગયા, તથા ઝડપથી પોતાને કંઈ પણ હરકત થયા વગર દુશ્મનો ઉપર બરાબર મારકો થઈ શકે, એવી જગામાં જઈ મુસાના

હુકમ પ્રમાણે વ્યૂહ રચી ઉભા થઈ રહ્યા. આ વ્યૂહ એવી તો સરસ ગોઠવાઈ હતી કે, સ્પેનનો બહાદૂરમાં બહાદૂર યુદ્ધપ્રવિણ વીર પોન્સડી લીઓન જે આ વખતે શાહસાથે ત્યાં આવેલો હતો, તેણે પણ તેઓ ઉપર આ વખતે હલ્લો કરવાની સલાહ આપી નહીં. આ તરફથી જ્યારે વિલેની દાંત પીસતો, ગુસ્સાને લીધે કવચિત્ જ સમજી શકાય એવા શબ્દો બોલી માર્ક્વિસ ઓવ કેડીઝને જલદીથી આગળ વધવા નિશાની કરતો હતો, તેટલામાં શાહ ફરડીનાન્ડ તે લશ્કરને મોખરે આવી પોન્સડી લીઓન સાથે કંઈ વાતચિત કરી તરત જ આખાં લશ્કરને છાવણી તરફ પાછું વળવાનો હુકમ આપ્યો.

જ્યારે મૂર લોકોએ જોયું કે, લશ્કર તો પાછું ફર્યું, ત્યારે તેઓ અતિશય જુસ્સામાં આવી ગયા, અને પોતાના સરદાર મુસાને પણ ન ગણકારતાં દૃશ્મન ઉપર ધસ્યા, તથા કેટલીક નાની નાની ઝપાઝપી કરી તેઓને આગળ વધતાં અટકાવવા લાગ્યા.

હાર મેન્ડો ડી પુલગાર જે પોન્સડી લીઓન સાથે આ વખતે લશ્કરમાં આવ્યો હતો, તથા જેની કીર્તિ સ્પેનનાં ગીતોમાં ગવાય છે, તેણે પોતાની નામના આ વખતે મૂર દુશ્મનોની સામે થઈ એકલે હાથે આખી ફોજનું રક્ષણ કરીને મેળવી હતી. તે એક ઉંચા મજબૂત ઘોડા ઉપર ચઢ્યો હતો, તેમ જ પોતે પણ રાક્ષસી કદનો હોવાથી પોતાની સામે આવનારા હજારો માણસને એક જ દફે સામો થઈ ઘણાકને પોતાની બે હાથાવાળી તરવાર મારી સ્વર્ગે પહોંચાડતો હતો. તેણે મુસાને ત્રણ વખત મેદાનમાં આવી લડવાની હાંક પાડી; પણ મુસા આ વખતે હવે ખૂનરેજી કરી કંટાળી ગયો હતો, તથા પોતાને ડીસુઝોનની સાથે લડતાં જે ભારે ધક્કો લાગ્યો હતો, તેની અસર હજુ તેને ચાલુ હતી. તેથી આવા કસાયલા દૃઢ શત્રુને કોઈ બીજી વખત સામો થવા સારુ જવા દીધો.

આ પ્રસંગ ઉપર જ્યારે કોઈ કોઈ જગોએ છૂટા છવાયા મૂર અને સ્પેનિયર્ડ લોકોનાં માણસો લડતાં હતાં, તે વખતે સ્પેનિયર્ડ એક ટોળું પોતાની ટુકડીથી છૂટું પડી જવાથી તેમાં પાછું સામેલ થવા જંગલને બીજે છેડેથી જતું હતું. તે વખતે તેઓના જેટલા જ મૂર લોકો સાથે તેઓને ઝગડો થયો. આ મૂરોની અંદર એક શખ્સ હતો, જે લડાઇમાં મુદ્દલ ભાગ લેતો ન હતો. થોડો વખત સૂધી તો તેણે, છેટે ઉભે ઉભે મૂર અને ક્રિશ્ચિયન વચ્ચેનો આ નાશકારક ઝગડો, આનંદથી, હસતે મુખડે, અને કરડી નજરથી જોયા કીધો. પણ પછી આ તકનો

લાભ લઈ તે જગાએથી ધીમે ધીમે, અને તેના ધારવા પ્રમાણે કોઇની નજરે પડ્યા વગર ઘોડે ચડી ચાલતો થયો. પણ આવી રીતે કંઇપણ ધાંધલ થયા વગર નાશી જવું તેના કિસ્મતમાં નહોતું. એક સ્પેનિયર્ડે તેને જતાં જોયો, અને તેના કંઈ અલૌકિક અને અજબ જેવા પહેરવેશથી ધાર્યું કે, તે કોઈ મૂરનો સરદાર હશે, આમ સમજી આ શખ્સ તરત જ તેની વાંસે થયો, અને તરત જ પેલો શખ્સ જે આલ્મમન હતો તેણે પોતાની સન્મુખ, ઉઘાડી તરવારથી સમજાવ્યો ન સમજે એવો શત્રુ ઉભેલો દીઠો. આ ઇઝરાઇલીસ્ટ જોકે બહાદુર હતો, તોપણ કેટલાંક કારણોથી આ સ્પેનિયર્ડની સાથે હાથ બાઝી કરવા ખુશી નહોતો, તેથી તરત જ ઘોડાને એડી મારી મેદાનમાં આડો દોડાવી ગયો. સ્પેનિયર્ડ પણ તેની વાંસે થયો અને થોડી પળની અંદર તેને પકડી પાડ્યો. આલ્મમનને, છેવટે નાઉમેદીને લીધે તથા પોતાનો સ્વભાવ પણ જુસ્સાદાર હતો તેથી તેની સામે થવું પડ્યું.

આલ્મમન દાંત પીસતો પોતાનું ખંજર ઉઘાડું હાથમાં ધરી લડવા વાસ્તે તૈયાર થતો બોલ્યો, "મૂર્ખ, લે ત્યારે તારું ખુટું તું ભોગવ." આ ઝગડો લાંબો વખત સૂધી ચાલ્યો, કારણ કે સ્પેનિયર્ડ પણ લડવામાં હુશીઆર હતો, અને હિબ્રુએ કંઈ બખ્તર પહેર્યું નહોતું તેથી, તથા એક નાનાં ખંજર સિવાય પાસે બીજું હથીયાર ન હોવાથી તેને સાવચેતીથી કામ લેવું પડતું હતું. છેવટે તેઓ બથોબથ આવ્યા, અને તરત જ આલ્મમને પોતાનું તીક્ષ્ણ ખંજર સ્પેનિયર્ડના નળગોટાની અંદર ખોસી દીધું. સ્પેનિયર્ડ ધબ દઈ નીચે પડ્યો. આલ્મમન તરત જ આ જગોએથી પાછો ફર્યો. અને પાછો ફરતાં બોલ્યો, "હવે હું સલામત છું." પણ કિસમતનો ઠાઠ જુઓ. જે સ્પેનિયર્ડોને વાંસે લડતા મૂકી આવ્યો હતો, તેઓ પોતાના દુશ્મનોને ઠાર કરી આલ્મમનની વાંસે લાગા હતા, તેઓ તરત જ અહીં આવી પહોંચ્યા.

આ માણસોનો ઉપરી સરદાર પૂકારી ઉઠયો, "શરણ થા, યા તો જીવવાની આશા છોડ."

આલ્મમને આસપાસ જોયું પણ કયાંઈ મદદ મળી શકે તેવું લાગ્યું નહીં; તેથી પોતાનો બુરખો કહાડી નાંખી બોલ્યો, "હું કંઈ તમારો દુશ્મન નથી; ચાલો લઈ ચાલો મને તમારી છાવણીમાં.'

બેચાર જણે આવી તેના ઘોડાની લગામ પકડી, અને તેને પોતાની છાવણી તરફ લઈ ચાલ્યા. થોડી મીનીટમાં તેઓ પોતાની ટુકડી સાથે સામેલ થઈ ગયા.

આ વખતે હવે સાંજ પડી હતી. લડાઈ બંધ થવાથી તેની ગર્જનાઓ અને બુમો બંધ થવા લાગી હતી. સીપાઈઓ પોતપોતાની ટુકડીના નેજા નિચે આવી મળ્યા અને પહેલો તારો ઉગ્યો તે વખતે મુર લોકો પોતાના ઘાયલ સોબતીઓને ખભે ઉપાડી મળેલા જયથી આનંદિત ચહેરે ગ્રાનડા શહેરની અંદર પોતાના સરદાર મુસા સહિત દાખલ થયા.

પ્રકરણ ૩ જું

"શાહની સત્તામાં આવી પડેલો મુસા"

અગાઉ, જે વખતે, અને જે જગામાં વાંચનારની અમે બોઆબદિલ શાહ સાથે પહેલાં ઓળખાણ કરાવી હતી, તે જ જગામાં અને ઘણું કરીને તે જ વખતે પાછા અમે વાંચનારને તે બદબખ્તશાહની હજુર લઈ જઈએ છીએ. આ વખતે તે એકલો ન હતો. તેની માનીતી બાંદી અમીની તેના વિચારગ્રસ્ત ચહેરા ઉપર આતુર પ્યારથી જોતી એક કોચ ઉપર આડી થઈ પડી હતી. શાહ પોતે, ઝરુખા પાસે, ઝગઝગતી ભીતને અઢેલી, નિચેના દેખાવ ઉપર નજર નાંખી, પણ તેથી કાંઈ નિરાળો જ વિચાર કરતો બેઠો હતો.

આ વખતે મુસા ફતેહ કરી શહેરમાં પાછો દાખલ થયો. તેની ખુશાલીમાં તેને જયનાદથી વધાવી લેતા શહેરીઓની બુમો તથા તોપોના અવાજ શાહની કાને આવવા લાગ્યા. આ ઉપરથી શાહે જાણી લીધું કે, મૂર લશ્કરની ફતેહ થઈ છે.

અમીની બીતી બીતી બોલી—"શાહની ગાદી અમર તપો, આપનું લશ્કર જય કરી પાછું ફર્યું જણાય છે."

શાહે અતિશય દુ:ખની લાગણીથી ઉત્તર દીધો—"પણ તે ફોજે પોતાની સાથે પોતાના શાહને લીધા વગર અને તેના દુશ્મન અને દગાખોર શખ્સની સરદારી હેઠળ જય મેળવ્યો છે. હું તો ન નિકળી શકાય એવી નસીબની જાળની અંદર સપડાઈ ગયો છું."

અમીની તરત જ કોચપરથી ઉઠી હાથ જોડી બોલી, "મારા પ્યારા ખાવિંદ, આ મારે મોંહોડેથી આપના ઉપરના મારા પ્યારની વાત શિવાય બીજી કંઈપણ વાત મારે કરવી ન જોઇએ, પણ હમણાં જો આપ માયાળુ સરદાર મને રજા આપો તો હું કંઈક કહેવાની આરઝુમંદ છું." પાદશાહ કિંચિત્ માત્ર હસીને બોલ્યો, "મારી વહાલી અમીની, તારે જે કંઈ શુભ સલાહ આપવી હોય તો બેલાશક આપ."

અમીની બોલી, "મારા પ્યારા ખાવિંદ, હું આપનો હુકમ સીરતાજ કરૂં છું. આપને જો તે નાપસંદ થશે તો વધારે વાર હું નહીં કહું," આટલું કહેતાં તે ઉઠી, તેના ગાલો પ્રકાશવા લાગ્યા, તેની આંખો ચમકવા લાગી તથા તેનું ગુલબદન પ્રફુલ્લિત થયું. તે બોલી, "અને તે હુકમ ઉઠાવતાં જો મારાપર આપ નામવર ખફા થશો તો પણ ભલે હું આનડાની પુત્રી તથા શાહની વહાલી છું. મારી જન્મભૂમી અને આપ તરફના મારા પ્યારના હકમાં મને જે કંઈ ફાયદાકારક લાગશે, તે હું નિડરપણે કહીશ. શૂરવીરોની ઓલાદના છેલ્લા રાજા બોઆબદીલ તારા પાદશાહી અંતઃકરણ તથા મીજાજને જે જે ખ્યાલો દુખાવે છે, તે સર્વને તારા દિલમાંથી ખસેડી કાઢ, જાગૃત થા, અને આનડાની સરદારી મૂસાને ન આપતાં તું પોતે જ મૂસારૂપ બની આનડાની સેવા બજાવવા તત્પર થા. તેને જાદુપર વધારે ઇમાન છે તો ભલે તેને છાતી પાસે તારાં બખ્તરપર તથા તારી સમશેરપર કોતરાવી રાખ અને આલહાંમ્બરાનો ખ્યાલી પાદશાહ મટી જઈ લોકોનો રક્ષણકર્ત્તા બની જા."

બોઆબદીલ શાહ પોતાની સામે ઉભેલા અને ઉશ્કેરાયલા ખૂબસૂરત ચહેરાપર અચંબા તથા શરમની મિશ્રિત લાગણીથી જોઈ રહ્યો અને બોલ્યો, "અહા! એક સ્ત્રીના મુખમાંથી મારે વાસ્તે ઠપકાના શબ્દો નિકળે છે એમ જ થવું જોઇએ."

તેની પાસે દોઝાનું પડી તે ગુલામડી બોલી, "સાહેબ, મને ક્ષમા કર, હું તારા મરતબાને લાયકની નથી, તે વાસ્તે મને દોષિત ઠરાવ નહીં. મારા વહાલા, જ્યારે તું પોતે જ તારાં લશ્કરની સરદારી લઈ તારે પોતાને જ હાથે લાખોના માથાં ઉડાડી દેતો હોય અને તારા હથીઆરની બ્હીકથી લાખો માણુસો ધ્રુજતાં હોય તથા દુશ્મનની કતલ ચલાવવામાં તારી નામના સમુદ્રતલક પહોંચતી હોય ત્યારે તું પોતે જ પોતાને હાલ છે તે કરતાં વધારે સુખી, ઉમંગ ભર્યો અને ચિંતા રહિત નહીં માને? બોઆબદીલ, તું મારો જીગર છે, અને જો તું એક હલકા મછીમારને ઘેર જન્મ્યો હોત તો પણ મારો પ્યાર તારાપર હમણાં છે તેવોને તેવો જ રહેત, પણ તું તો એક શાહ છે, અને જો કે હાલની ચાલતી લડાઇમાં જવા સારુ તને મારે હાથે હથીઆર બાંધતી વખતે મારૂં અંતઃકરણ ભેદાઈ જશે, તો પણ તું એક શાહ તરીકે મરણ પામે એવું હું ઇચ્છું છું."

બોઆબદીલ શાહ બોલ્યો, "પ્યારી અમીની, તું શું કહે છે, તેની તને ખબર નથી. તેમ જ આ દુનિયામાં રાજકર્ત્તા રાજાઓપર કોઈ ફીર-

સ્તાઓ દેખરેખ રાખે છે કે નહીં તે પણ તું કહી શકીશ નહીં. હું જે ઢીલ કરું છું તે માત્ર બ્હીકને લીધે નહીં, પણ ડહાપણને લીધે કરું છું. તને ખબર છે કે વીજળી થવા વાસ્તે તે થયા અગાઉ કાળાં વાદળાંની જરૂર જ રહે છે."

તે આમ બોલ્યો એટલામાં ધીમો પણ સ્પષ્ટ અવાજ આ પ્રમાણે આવતો તેને કાને પડ્યો, "જ્યારે તારાં ઘરપર જ તું કાળાં વાદળાં જમા થવા દે છે ત્યારે તારા જ ઘરપર વીજળી પડશે."

ઓઆબદિલશાહ ચમક્યો અને જુવે છે તો દીવાનખાનાની અંદર શરીરનાં ભભકાદાર લઢણવાળી, કદાવર, પચાશેક વર્ષની એક ઓરત ઉભેલી જણાઈ. તેના જાંબુઆ રંગના જમીન સુધી પહોંચતા ઝભાપર અમૂલ્ય રત્નો ટાંકવામાં આવ્યાં હતાં. તેના કાળા ભૂરા વાળ તેનાં ભવ્ય કપાળપર લટકતા હતા અને તેના મુગટની અંદર જડેલાં સુશોભિત મણિઓએ તો આડો આંક વાળી દીધો હતો.

ગરમ મીજાજથી ઓઆબદિલશાહ બોલ્યો, "માતુશ્રી, તમે કહ્યા કાવ્યા વગર ઓચિંતા કેમ આવ્યાં?" આ ઓરત, જે મગરૂર ઉદાર મનની રાણી એકઝાલાહોરા હતી તે બોલી, "જ્યારે તારા ક્રૂર બાપે તને બચપણમાં જ કેદ કીધો હતો તથા જ્યારે તે કાળાગૃહમાં છુટકારો મેળવવાને વાસ્તે ફક્ત ખંજર તથા ઝેરનો પ્યાલો જ ઉપાય તરીકે આણ્યાં હતાં. તે વખતે જેની યુક્તિથી તારો છુટકારો થયો છે તે માને તારે ધિક્કારી ન કાઢવી જોઇએ."

ઓઆબદિલશાહ બોલ્યો, "તારો કમબખ્ત પુત્ર, જેને તેં ગર્ભાશ્રયમાં ધારણ કરી રાખ્યો તેને માણસાઇમાં લાવી દુર્દૈવ સામે ટક્કર ઝિલવાને બચાવ્યો તેના કરતાં માન આબરૂમાં બચપણમાં જ મરવા દીધો હોત તો વધારે સારું હતું."

રાણી ધિક્કારયુક્ત નજરથી દયા ભરેલે શબ્દે બોલી, "માણસ માથે આવી પડતી આફતોને માટે માણસ પોતે જ ગુન્હેગાર છે, અને દૈવે સતાવેલા પુરુષો ભાગ્યે જ બહાદુર તથા ડાહ્યા નિવડે છે."

ગુસ્સાથી રાતો પીળો થઈ શાહ બોલ્યો, "ગમે તેમ છે તોપણ હું હજી પાદશાહ છું તેથી આવી તરેહનું મને અપમાન ન મળવું જોઇએ. જતાં રહો અહીંથી."

રાણી જવાબ દેવા જતી હતી તેવામાં એક હીજડો અંદર દાખલ થયો અને શાહના કાનમાં કંઇક કહ્યું. ખુશીથી પગ પછાડી શાહ બોલ્યો,

"શું! તે, સિંહ તેની પોતાની જ ગુફામાં સામો થવા આવે છે? તેને અંદર આવવા દે. તે એકલો છે?"

નાઝર બોલ્યો, "મહાન્ પાદશાહ! તે એકલો છે." શાહે કહ્યું, "મારા અંગરક્ષકોને બાહેર તૈયાર થઈ ઉભા રહેવાનો હુકમ આપ, અને તેઓને કહેજે કે હું જરાક નિશાની કરૂં કે તેઓએ મારી હજુર હાજર થવું. અમીની, તું જતી રહે અને માતુશ્રી તમે પણ." એકઝાલાહોરા જુસ્સાથી બોલી ઉઠી, "ત્યારે શું મારી કલ્પના સાચી છે? શું આનડાનું ગૌરવ અને તેનો એક મોટો સ્તંભ તથા એક પૂરી આશા, જેને ગઈ રાત્રે તેં ગેરવાજબી રીતે કેદ કીધો હતો! અરે પેગંબર, યા રસૂલ, રાજાઓએ પોતાના સરદારોનો આમ બદલો વાળવો કે? તે શું આંહી આવેલા છે, અને જ્યારે તે તારા ઉપર વિશ્વાસ રાખી તારી પાસે આવે છે તેને તેના વિશ્વાસનો જ ભોગ કરવા તત્પર થાય છે?"

બોઆબદિલ ચીરડાઇને બોલ્યો, "જતી રહે, ઓરત તું જતી રહે."

તેની માયે જવાબ આપ્યો, "ધક્કા માર્યાવગર તો હું આંહીંથી ખસવાની નથી. તને ખબર છે કે જ્યારે મેં તને તારા બાપના ફાંદામાંથી છોડાવ્યો ત્યારે તારા કરતાં પણ વધારે ક્રૂર માણસની સામે હું થઈ હતી."

શાહ બોલ્યો, "ત્યારે તું આંહીં જ રહે અને જો કે પાદશાહો દગાખોરને કેવી રીતે સજાએ પહોંચાડે છે! મસ્નૂર, આનડાના વીરને અંદર આવવા દો."

અમીની જતી રહી હતી; પાદશાહ શાંત પણ ફિક્કે ચેહેરે તકીઆપર પડ્યો હતો, અને થોડે છેટે, છાતીપર અદબ વાળી શાહનશાહ બાનુ ઉભી રહી. થોડીક પળ પછી મુસા એકલો અંદર આવ્યો. પૂર્વ તરફના રીવાજ પ્રમાણે પાદશાહને અદાંઝાથી તાઝીમતવાઝો બજાવતો તેની નજદીક આવ્યો. અને જમીન તરફ નિહાળતો દબદબા ભરેલી ગુમાની લઢણથી તેની હજુર તે ઉભો રહ્યો.

થોડીવાર પછી શાહ બોલ્યો, "શાહજાદા, ગઈ કાલે જ્યારે મેં તને બોલાવ્યો ત્યારે તેં મારા હુકમનુ અપમાન કર્યું. મારા પોતાના અલહમ્બરાના કિલ્લામાં તારા તાબેદારે રાત્રે હુલ્લડ મચાવ્યું, અને જે કિલ્લામાં તારે મારી ખુશીનો ભોગ થવાને રાહ જોઈ બેશી રહેવાનું હતું, તે કિલ્લાને તેઓએ ઘેરો ઘાલ્યો. તેઓએ અમારા પેહેરેગીરોને વચમાં જ અટકાવ્યા, તેઓને અપમાન આપ્યું અને પાછા ધકેલી કાઢ્યા, અને તારા ધણીના વાવટાથી જે કિલ્લાના બુરજોનું રક્ષણ થયું છે. તેઓને જમીન દોસ્ત કરવા તેઓ તત્પર

થયા. આટલેથી બસ થતું નથી. કાયદાની રૂએ તું મારો બંદીવાન છે. છતાં મારી સૈનાનો તું સરદાર બન્યો અને આજે તું એક દગાખોર તથા છૂપા દુસ્મનની માફક, જે લોકો પોતાના પાદશાહને ધિક્કારી કાઢે છે, તેનો તું આગેવાન થયો. આજ રાત્રે વગર બોલાવે તું મારી પાસે આવ્યો છે. ત્યારે શું એમ તું જાણે છે કે મારા પોતાના જ મેહેલમાં મારા ગુસ્સામાંથી છટકી જઇશ? તારાં ઉદ્ધતપણાંએ તને આંધળો બનાવ્યો છે તથા ફસાવ્યો છે. અરે કમજાત, હવે તું કયાં જવાનો છે."

આટલું કહી તેણે હાંક પાડી, તે ઉઠયો અને મેહેલના મેહેરાબદાર મંડપની અંદર હબશી પેહેરેગીરોની હાર આવી ઉભી. તેઓ સઘળા રાક્ષસી કદના હતા, તેઓના ખભાપર ખુન કરવાનાં હથીઆરો લટકતાં હતાં. આંહી આવી તેઓ ઉભા રહ્યા. તેઓની કાળા રંગની ચામડીમાં તેઓએ પેહેરેલાં કાનનાં લોલક ઝળકી રહ્યાં હતાં. આ ઉપરાંત તેઓના ખભાપર પીતળના ખીલાઓથી જડી લીધેલી લાંબી લાકડીઓ હતી. તેઓની જરાક આગળ હાથમાં તીર કમાન લઇને પાદશાહના હરકોઈ ઇશારાને તાબે થવાને હાજર રહી, તેઓનો સરદાર ઉભો હતો.

બોઆબદિલે પોતાના બંદીવાનને આ ગુલામો બતાવી કહ્યું "આ જોયા?"

"હું તેઓને જોઉં છું અને જે બાબત મેં અગાઉથી જ ધારી રાખી હતી, તેને આધીન થવા તૈયાર જ છું."

રાણી આ સાંભળી ફિક્કી પડી ગઈ, પણ કંઈ બોલી નહીં.

મુસાએ બોલવું પાછું શરુ કર્યું, "જહાંપનાહ, જો મેં તારો હુકમ ગઈ કાલે માન્યો હોત તો તારું તખ્ત તથા તારી કોમ એ બંને પાયમાલ થઈ જાત. જ્યારે મારા સરદારોને એમ ખબર પડી કે હું કેદ થયો છું, તે વખતે તેઓએ લશ્કર જમા કીધું અને મને છોડવ્યો એ વાત સાચી છે. એ વખતે મેં તેઓને સમજાવ્યા હોત તો પથ્થર માથે પાણી ને ધૂળ માથે લીંપણ જેવું થાત. તેઓએ તારા રાજ્ય મેહેલને ઘેરો ઘાલવાનું ધાર્યું હતું. અને કદાચ તે વખતે જ તને ગાદીપરથી ઉઠાડી મૂકયો હોત. હું તેઓના જુસ્સાને અટકાવી ન શકયો, પણ તેને સુમાર્ગે વાળી ગયો. જુસ્સાના આવેશમાં શાહ સામે બલવો કરવાને બદલે દુશ્મનો તરફ ચડી જઇ ફતેહ કરવા તેઓને લઇ ગયો. મારી તે ફરજ બજાવ્યા પછી ખ્રિસ્તી લોકોની તલવારનો એકપણ જખમ ખાધા વગર મારા દોસ્તપાસે મારી ગરદન ખુલ્લી મૂકવા હાજર થયો છું અને તારાં તખ્તનો હિત ઇચ્છનાર તારી મરજી

વિરુદ્ધ નથી થયો, તે સાબીત કરવા એકલો અને એકાએક તારા મેહેલની અંદર આવ્યો છું. તારા પેહેરેગીરોને મારે વાસ્તે જે ફરમાવવાનું હોય તે ફરમાવ, મારે જે કહેવાનું હતું તે સઘળુ મેં કહી દીધું છે."

ધીમે સ્વરે પોતાનો ચેહેરો હાથેવતી છુપાવી પાદશાહ બોલ્યો, "મુસા, આપણે બચપણમાં સાથે રમતા, અને તે દિવસ મારો તારા તરફ અતિશય પ્યાર હતો. હાલ મારું રાજ્ય મારા હાથથી જાય છે. પણ જો તું મારા તરફ વફાદાર રહ્યો હોત તો હું તે સઘળું નુકસાન ખમી શકત."

ગમગીનીની લાગણીથી મૂર શાહજાદો બોલ્યો, "મુસા બીન અબલ ગઝનના ઇમાનમાં તું શું શક લાવે છે? અરેરે! કમનસીબ રાજા, હું મારાં કીધેલાં તોફાનોને માટે નહીં, પણ મારી કીધેલ નોકરીને વાસ્તે જ ગુન્હેગાર ગણાયો છું એમ મેં પેહેલાંથી જ ધાર્યું હતું."

પાદશાહ બોલ્યો, "મારી રૈયત મને શા વાસ્તે ધિક્કારે છે, અને મારું લસ્કર મને શા વાસ્તે ધમકી આપે છે? તથા જે, પ્રજાનો પ્યાર પોતાના માલીક પર ન થયો ને તારા જેવા સાધારણ માણસપર શા સબબથી થયો તે કંઈ સમજાતું નથી."

મુસાએ હિમતથી જવાબ આપ્યો, "જે જે સત્તા બાદશાહે જાતે જ ધારણ કરવી જોઇએ, તે તે તેણે એક સાધારણ રૈયતને સેહેજમાં આપી દીધી છે એ જ તે પ્યારનું કારણ છે. અયે બોઆબદિલ, આપણે બંને આ જહાનમાંથી નાબુદ થઈ જઈએ, તે પેહેલાં મારે બદલે જો તું જાતે આનડાના શૂરવીરોનો ઉપરી થઈ તન અને મનથી આનડાનું રક્ષણ કરવાને સામેલ થાય તો બસ. આ વખતે પેલી નદીના ઉછળતા કાળા મોજાઓની અંદર શાંત મને નાબુદ થઈ જવા રાજી છું. તું એમ જાણજે કે હું જે આ સઘળું કહું છું તે કેવળ આપણની બચપણની દોસ્તીને લીધે કહું છું, તેમ એમ પણ ન સમજ તો કે જેવી રીતે ખ્રિસ્તી રાજ્યોની અંદર તેઓના અમીરો અને સરદારો કેવળ પોતાના રાજાને જ વફાદાર રહેવાની પોતાની ફરજ સમજે છે, તેવી બેહુદી વફાદારી બતાવવામાં મેં મારો જીવ તારા હાથમાં સોંપ્યો છે. મારો ફક્ત એક જ હેતુ છે, તે એ છે કે આપણા ધર્મનું તથા જન્મભૂમિનું રક્ષણ કરવું. આ કારણને વાસ્તે જ દુશ્મનો સામે, મેં મારો જીવ જોખમમાં નાંખ્યો છે. જો રાજા અને રૈયત એકત્ર થઈ જશે તો જ આનડા તારા કબજામાં રહેશે. પણ જો તેઓની અંદર માહોમાંહે ફૂટફાટ હશે તો આનડા તારા

હાથમાં બિલકુલ રહેવાનું નથી. રૈયતની અને તારી વચમાં અણબનાવ થવાનું કારણ જો હું હોઉં તો ભલે મારી ગરદન ઉડાડી નાંખ, મારી છેલ્લી પ્રાર્થના મૂર વંશના છેલ્લા પાદશાહના શ્રેય વાસ્તે જ થશે એ મને ખાત્રી છે."

રાણી સાહેબ આશા ભરેલે ચેહેરે બોલ્યાં; "કેમ પુત્ર, હવે તને ખાત્રી થઈ કે?"

બોઆબદિલે મગરૂરીથી પોતાનું માથું ઉંચક્યું. તેની આંખો ઘડીકમાં તેની મા તરફ અને ઘડીકમાં મુસા તરફ ફરતી હતી. તરત જ તે ઉઠયો અને મુસાના હાથમાં આવી પડ્યો અને બોલ્યો, "માફ કર મારા દોસ્ત, માફ કર! હું કેવો બેવકૂફ છું કે મેં તને નુકસાન પહોંચાડયું." આટલું કહી મુસાની છાતીપરથી પોતાનું બદન ઉપાડી લઈ તેણે પાછું બોલવું શરુ કર્યું. "તારો દાખલો જોઈ મને શરમ આવે છે અને જુસ્સો પેદા થાય છે. હવે પછી ગ્રાનડાના બે સરદારો થશે. હું જો તારી અદેખાઈ કરું તો તે વાસ્તે તું મને ઠપકો નહીં આપી શકે, કારણ કે તે મારા જુસ્સાને લીધે જ થશે. પેહેરેગીરો જાઓ અહીંથી મસ્નૂર એવો હુકમ આપ કે આવતી કાલે સવારમાં બાદશાહ ખુદ લશ્કરની વ્યૂહરચના જોશે." આટલું કહી તે ચૂપ રહ્યો અને વળી પાછો બોલ્યો, "જરા થોભ, સવારે તું મારી પાસે આવજે, તે વખતે મારે જે હુકમ આપવાનો હશે તે આપીશ."

રાણી બોલી, "શા વાસ્તે તારૂં મન એ હુકમ કરતાં પાછું ખેંચે છે? શાને અટકે છે, તારો પાદશાહી હુકમ જલદી અમલમાં લાવ."

હમેશના રીવાજ પ્રમાણે શાંતતા અખ્તીયાર કરીને શાહ બોલ્યો, "માતુશ્રી, ચૂપ રહો, હાલ તમે તમારા છોકરાથી સંતુષ્ટ થયાં છો વાસ્તે પધારો.'

રાણી સાહેબે ઉંડી આહે નાંખી પણ બોઆબદિલની શાંતતામાં કંઈક એવું હતું કે જેની અસર તેણીના શરીરપર ઝટ થઈ અને તે કંપવા લાગ્યું. તેણીએ પોતાનો બુરખો ખેંચ્યો, અને ધીમેથી અસ્થિર પગલે દીવાનખાનામાંથી ચાલી ગઈ.

શાહજાદા મુસા સાથે એકલો રહ્યો ત્યારે તેનાપર લાંબા વખત સુધી વિચારવંત નજર નાંખીને શાહ બોલ્યો, "ભાઈ, તને યાદ છે કે જ્યારે આપણે બચપણમાં વાતો કરતા ત્યારે તે વાતોનો વિષય આપણી જન્મભૂમિના ડાહ્યા પુરુષોએ શોધી કાઢેલી દિવ્ય વિદ્યા વિષેનો હતો.

સીતારાઓની અસરની શોધ, કિસ્મત જાણુવાની વિદ્યા, અંધકારથી ભરેલ ભવિષ્ય જાણુવાની વિદ્યા વગેરે બાબતોપર આપણે ઉતરી પડતા. મારા ઉપર ગુજરતા ફેરફારો, તેની સાથે થતી ગમી અને હાલનાં મારાં કિસ્મ-તને ટેકો આપનાર મારાં બચપણુમાંથી જ નજુમી લોકોએ આપેલું 'કમ-નસીબ' એવું ઉપનામ વગેરે બાબતોના સાક્ષીભૂત પૂરાવાથી મારાં મનનું વલણુ ઉપર કહેલી વિદ્યાઓ તરફ થયું છે. હવે અણીને વખતે મારી તથા મારાં તખ્તની સલામતીને વાસ્તે માણુસો કરતાં ફિરસ્તાઓપર હું વધારે ઇમાન રાખું છું. આ કારણુથી જ કંઈ કીધા વગર હું નિસ્તેજ થઈ બેઠો છું; એ જ કારણુથી અલહમ્બરામાં સુસ્ત થઈ પડ્યો છું; અને તેમ કરી મેં મારા લોકોને બલવો કરવાનું કારણુ આપ્યું છે. જ્યારે મારા દોસ્તોએ મને છોડી દીધો તથા દુશ્મનોએ મને ઘેરી લીધો છે ત્યારે તે વખતે પણુ હું ખુશીમાં રહેતો, કારણુ કે મને પૂર્ણ ખાત્રી હતી કે આખર અદશ્ય સૃષ્ટિમાંથી ફિરસ્તાઓ તલવાર સહીત મને મદદ કરવા નિકળી આવશે. તું તેનો ખુલાસો સાંભળી અજાયબ થઇશ. આજથી બે રાત્રી અગાઉ–(શાહ જવા લાગ્યો) મારે ભૂત સાથે મુલાકાત થઈ હતી. મારા બાપને મેં મારી પાસે ઉભેલો જોયો. પણુ આ વખતે તેનો આકાર જેવો તેની હૈયાતીમાં હતો તેવો બીહામણો, રાક્ષસી તથા મજબૂત હતો તેવો નહોતો, પણુ ફિક્કો અને માત્ર પડછાયાના જેવો હતો. તેણે, ઈઝરાયલના જેવા પોતાના હોઠોમાંથી આ પ્રમાણે ફરમાન કીધું 'મુસાથી ચેત.'

બાદશાહ એકાએક અટકયો. અને પોતાના શબ્દોથી મુસા ઉપર શી અસર થઈ છે તે જોવા થોભ્યો, પણુ તે મૂરના ગર્વિષ્ઠ ચેહેરામાંથી તેનાં દિલનું દર્દ કંઈ પણુ જણાયું નહીં. એક ક્ષણુવાર, તેના હોઠોપર દયાની લાગણીને લીધે જરા હાસ્ય રમી રહ્યું, પણુ પાદશાહની નજર પડે તે અગાઉ ગેબ થઈ ગયું.

બોઆબદિલે પાછું બોલવું શરુ કર્યું, "આ ચેતવણીની અસરથી મેં તને પકડવાનું હુકમનામું કાઢ્યું. આ વાતને જવા દો. આપણે પાછા અસલ વાતપર આવીએ. હું તે ભૂતને પગે પડવા જતો હતો કે તે તરત જ હાલ્યા ચાલ્યા વગર ખસી ગયું. મેં તે ભૂતને પૂછ્યું, 'મેં જે બલવો કર્યો હતો તેનાં પાપનો બદલો દુનિયાંપર મને બરાબર મળી ચૂકો છે. હવે તેને માટે મને આપ ક્ષમા કરશો કે નહીં?' ભૂતે જવાબ આપ્યો, ,ભૂતકાળનાં કીધેલાં પાપનાં પ્રાયશ્ચિત માટે તારી પાસે જે તાજ છે તે

જાળવી રાખજે." વળી મેં પૂછયું કે 'લડાઈનો વખત આવ્યો છે કે નહીં?' તે ભૂતે અપારદર્શક હવામાં અદૃશ્ય થઈ જતાં કહ્યું 'હજુ નથી આવ્યો.' હું બોલી ઉઠયો 'તું મને છોડી જાય તેની અગાઉ તું મારી પાસે આવ્યો હતો તેવી નિશાની આપી જા, કે જેથી આ સઘળો દેખાવ સ્વપ્નું જ હતું તેમ ન જણાય, અને કહે કે એવો વખત કવારે આવશે કે જ્યારે બોઆબદિલનો સીતારો બુલંદ થઈ તેનાં તાજને મજબૂત કરી તેને આ દુનિયામાં સુખી બનાવશે.' તે ભૂતે જવાબ આપ્યો, 'નિશાની તથા ચેતવણી તને વારસામાં મળી ચુકાં છે.' આટલું કહેતાં તે આકાર ગેબ થઈ ગયો અને ઘાડું અંધારું પ્રસરી ગયું; અને અમારા હાથમાં અમે જે દીવીઓ ઝાલી હતી તે પાછો પ્રકાશ નાંખવા લાગી. તે અગાઉ આનડા પાદશાહોના પોશાકમાં એક હાડપીંજર અમારી નજરે આવ્યું. તેના પાદશાહી પણ ભયંકર માથાંપર કીમતી ઝવેરાત લટકતું હતું. તેણે પોતાનો હાથ ઉંચો કર્યો અને સામેની દીવાલમાં આગના ભભુકાની માફક પ્રકાશ મારતું એક શંકુ પડયું હતું તે તરફ આંગળી કરી. તે ઉપર આ શબ્દો લખ્યા હતા, 'ચેતો' 'ડરો નહી' 'હથિયાર સજો,' શંકુનો કાંટો ચક્કર ચક્કર ફર્યો અને 'ચેતો' શબ્દ પાસે અટકયો. તે વખત પછી તે કાંટો ત્યાંથી ખસ્યો નથી. મુસા, આ પ્રમાણે હકીકત છે. જાદુઈ દીવાનખાનામાં ચાલ, તો વખતે, તે તુંને પણ નજરે પડશે."

મુસા બોલ્યો, "દીનપરવર, આ વાત તો ખરેખર ભયંકર છે. તારા દોસ્તને માફ કરજે, પણ તે વખતે તું એકલો હતો કે તારો સોબતી આલ્મમન તારી સાથે હતો."

બોઆબદિલશાહ બોલ્યો, "કેમ મુસા, એમ પૂછવું પડયું?"

મૂસાએ જવાબ આપ્યો, "ગરીબપરવર, મને તેનામાં ઇમાન નથી. ખ્રિસ્તી રાજાઓ બળ કરતાં કળથી દુશ્મનોને વધારે સેહેલાઇથી જીતી શકે છે. તેઓના જાસુસો તેઓના લડવૈયાઓ કરતાં વધારે ભયંકર હોય છે. હું જો દગાખોર હોત તો ખ્રિસ્તીરાજ તારાં લશ્કરના સરદાર ઉપર વેર લેવા કરતાં તારાં તખ્તને ભયમાં નાંખવા બેહેતર ગણુત, તારે હવે શાને વાસ્તે અસ્વસ્થ રહેવું જોઇએ? શૂરાઓને માટે દરેક કલાક શુભ શુકન સૂચક છે. દરેક કલાકે આપણું ભય વધતું જાય છે. હાલના વખતનો લાભ નથી લેતા તો ખોરાકી ખપી જાય છે, અને ખોરાકની તંગી એ એક એવી તો આફત છે કે જેની સામે ટક્કર ઝીલવા કોઈપણ માણસ સમર્થ નથી. એ આલ્મમન કંઈ આપણી કોમ અથવા આપણાં લોહીનો

નથી. આજે સવારે મેં તેને સ્પેનીયર્ડ લોકોની છાવણી નજદીક આપણાં શેહેરથી બહાર ભમતો જોયો હતો."

શાહ બોલ્યો, "શું તે બાહાર ભટકતો હતો? તે કંઈ બોલતો હતો ?"

મુસાએ કહ્યું "ન સમજી શકાય એવી રીતે કંઈ કંઈ બડબડતો હતો."

મુસાએ આલ્મમનની સાથે થયલી મુલાકાતનું સઘળું બયાન કીધું; તેને કેમ રોકી રાખવામાં આવ્યો હતો, લડાઇમાં તેને કેવો માર પડ્યો હતો અને પછી સ્પેનીશ રાજાએ તેને કેમ પકડ્યો હતો વગેરે હકીકત કહી સંભળાવી.

થોડીવાર થોભ્યા પછી શાહ બોલ્યો, "તે એક વિચિત્ર તથા ભયંકર માણસ છે. પેહેરેગીર તથા બેડીના દશકલાંમાંથી પણ તે નાશી આવે એવો છે, અને હું ધારું છું કે તે હવે થોડી મુદતમાં પાછો ભાગી આવશે. મુસા, હવેથી તું જીવતા માણસના શકમાંથી તથા મુએલાની ચેતવણીમાંથી નિર્ભય રહે. પ્યારા દોસ્ત, તારા જેવા માણસના ઇમાનમાં શક લાવવો અને જીવતા રહેવું તેના કરતાં રાજપાટ ખોઈ મરવું બેહેતર છે. ચાલો હવે, આપણે પેલો જાદુઈ તખ્તો તપાસીએ, અને જોવાનો વખત આવ્યો છે એવી મારા મનમાં અસર થાય છે. ત્યારે મારું અંતઃકરણ ધબકવા લાગે છે."

પ્રકરણ ૪ થું

બોઆબદિલશાહની વર્તણુકનો તાદૃશ્ય ચિતાર તથા મુસાનું પોતાની માશુકના બાગમાં ગમન

મુસા બીન અબલ ગઝન વિચારવંત તથા નરમ મીજાજે શાહની મુલાકાતથી પાછો વળ્યો. જે જાદુઈ શંકુની અસરથી શાહને એમ ભાસી ગયું હતું કે દુસ્મનપર હલ્લો ન કરવો, તે અસરને ધિક્કારી કાઢવાને માટે તેણે કીધેલી સઘળી દલીલો વ્યર્થ ગઈ હતી. અને જો કે પાદશાહી મેહેરબાની તેનાપરથી કમી નહોતી થઈ, તોપણ તે મૂરને એમ લાગ્યું કે જ્યાં લગણ પાદશાહનું મગજ જાદુની સત્યતાના વિચારોથી ભરપુર રહેશે, ત્યાં લગણ તેની મેહેરબાનીપર પુરતો ભરોસો રાખી શકાય નહીં. આ લડવૈઓ, જેના નામપર દુસ્મનો પણ કુરબાન થઈ જતા તથા જેનો સ્વદેશનો જુસ્સો દિવસે દિવસ વધતો જતો હતો, તેણે, પાદશાહના અસ્થિર ભાવથી પોતાના દેશપર શી શી આફતો આવી પડશે, તેનો વિચાર કરવામાં પોતાના શરીરની પણ દરકાર મૂકી દીધી હતી.

તે મનમાં બડબડ્યો, "પાદશાહ બાહાદુર છે છતાં નબળો, આવો નબળો છતાં હઠીલો છે. અને વિચારવંત છે છતાં પણ ભોળો છે. કમનસીબ બોઆબદિલ, તારો સીતારો ખરેખર ખરાબ જ છે. તારા જન્મથી જ તારી કુદરતી બક્ષીસો લય પામી છે."

આખા ગ્રાનડા શહેરની અંદર મુસા જ ફક્ત પાદશાહની ખરેખરી વર્તણુક જાણી શક્યો હતો. પણ તેની સાથે તેની અગમ્ય અને ગુચવાડાભરેલી કેટલીક વર્તણુક તે જાણી શકયો નહોતો. બોઆબદિલ મલચીકો કંઈ જેવોતેવો માણસ નહોતો. તે અતિ માયાળુ તથા સખી હતો, અને તેનો જાતિસ્વભાવ શાંત અને નમ્ર હતો. અને જો કે તેની બળવાખોર રૈયત તથા તેના નાફરમાન દરબારીઓની ચાલચલણથી તેના સ્વભાવમાં ફેરફાર થતો જણાતો હતો, તોપણ તેનું વલણ, મનની મોટાઈ તથા ઇન્સાફ તરફ વધારે જતું; અને જો કે ગુસ્સાની વખતે તે બહુ તામસી થઈ જતો તોપણ માફી બક્ષવામાં તેના મોટાં મનની સત્તા વધારે ચાલતી, તે જમાનામાં તથા પોતાની કોમમાં તે એક ખરેખર મોટો ફીલસુફ હતો. આવાં બીજાં કેટલાંક કારણો છે, જેને લીધે તેનાં રાજ્યની હાલની સ્થિતિને તે બિલકુલ લાયકનો નહોતો પણ તેના જન્મ તથા તેનાં બચપણથી જ આવી પડતા કેટલાક બનાવો તથા ભોળા વિચારોને લીધે તેની તીક્ષ્ણ બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ હતી, અને જેમ એક માણસ શક, ભય તથા મનની અસ્થિરતાને લીધે પોતાના માનસિક વિચારોને ઉપરથી પૃથ્વી તરફ દોડાવે છે, તેની માફક આ પાદશાહ પણ કરતો હતો. તેનાપર આવી પડવાની આફતોનાં ત્રાસદાયક ભવિષ્યસૂચક વિચારો તેના માથામાં ભમ્યા કરતા હતા અને લોકોએ તેથી તેને એકમતે કમનસીબ જાહેર કીધો હતો. જ્યારે જ્યારે તે દુશ્મનની સામે કંઈપણ તદબીર કરવા યત્ન કરતો, ત્યારે ત્યારે એકાએક નહીં જણાયલું આકસ્મિક કંઈ એવું કારણ આવી પડતું કે જેથી તેનું દિલ ભાગી જતું, આ પ્રમાણે ધીમે ધીમે નાઉમેદ કરી નાંખે એવું કાળું વાદળું તેના મનપર આવી લટકી રહ્યું હતું. છુપી રીતે ઇસ્લામી ધર્મપર ઇમાન હોવાથી, તથા અવશ્ય આવી પડતા ભવિષ્યપર ભરોંસો રાખતો હોવાથી, પોતાના દુશ્મન સામે થવા માણસને બદલે ફીરસ્તાઓ તેને વધારે મદદ કરશે એવું તે ખાત્રીપૂર્વક જાણતો હતો. પોતાની આસપાસ જાદુગરો તથા ભવિષ્યવેત્તાઓને તે ભેળા કરતો, તે વખતે તેના વિચારો આ દુનિયા છોડી બીજી દુનિયામાં લાગતા. આવા હરામખોરોનાં વચનોનાં ખરાપણાંનાં ઇમાન, તથા તેનાં નિષ્કપટ મનપર

તેઓની વધારે સેહેલાઈથી થતી અસરને લીધે, તે તેઓનાપર ફિદા રહેતો; તથા તે જાદુઈ કળાથી જ પોતાના અદ્દ્ભુત દુશ્મનોની જાળમાંથી નિકળી જવા યત્ન કરતો. દુઃખ તથા ભયની સામે, બીજાં માણસોની માફક નહીં, પણ જાદુના જોરથી ટક્કર ઝીલવા ફોકટ પ્રયત્ન કરતો હતો." આવા તેના કેટલાક બીજા ગુણોને લીધે આત્મમન તેના મનનો સરદાર બન્યો હતો. જો કે દુનિયાની બાબતો પર, તથા વિદ્યા સંબંધી તકરાર કરવામાં તે મોટા મોટા ઓલસાઓને પણ હઠાવી મુકતો, પણ વેહેમની બાબતમાં તો તેને એક બચ્ચું પણ ઠગી જાય તેમ હતું. તેનું અંતઃકરણ પશ્ચાત્તાપને લીધે બળી ખાક થઈ ગયું હતું. પોતાનો જાન બચાવવાને માટે તેણે બાળકપણુમાં પોતાના બાપ સામે બળવો ઉઠાવ્યો હતો. તે ક્રૂર રાજાને અંધાપા તથા ઘડપણમાં તેના ભાઈ અલઝગલે કેદ કીધો હતો, અને ત્યાં તેનાં એકાએક થયેલા મૃત્યુનો શક પણ એના જ શીરપર આવ્યો હતો. બોઆબદિલશાહ જો કે આ બાબતમાં નિર્દોષ હતો, તોપણ પોતાના બાપનાં ખૂન બાબતમાં તેને અલઝગલમાં પૂરો શક હતો, અને તેથી કરીને તેનો સીનો વેરથી બળી જતો હતો.

પાદશાહની વર્તણુકપર વિચાર કરતો અને તેના દેશની બરબાદીનો ખ્યાલ કરતો મુસા ચાલ્યો જતો હતો અને અણુજાણપણે તેની પોતાની માશુક લીલાના મકાન પાસે આવી અટકયો. તે આગળ પ્રમાણે દીવાલને અઢ્યો અને ઘરની નજદીક ગયો. સઘળે શાંત હતું અને કોઈપણ માણસ ત્યાં જણાતું નહોતું. તેણે નિશાની કીધી પણ અંદરથી કંઈપણ જવાબ ન આવ્યો; તેણે આગળની માફક ગઝલ લલકારી, પણ જરૂખાની અંદર રોષણી પણ દેખાઈ નહીં, તેમ ચાલીમાં પરી નમૂન ઓરત પણ જોવામાં ન આવી. ઉદાસ તથા દુખિત અંતઃકરણે તે, તે જગ્યાથી પાછોએ વળ્યો અને ઘેર આવી એક પલંગપર પડ્યો. પણ તે આટલો બધો થાકેલો હોવા છતાં તેને નિદ્રા ન આવી. લીલાનાં કુળની બેખબરી, તેઓની ભાગ્યે જ થતી મુલાકાત, તથા સ્પેનિશ મૂર આશકોના રીવાજ પ્રમાણે મસ્ત ઇશ્કને લીધે, મુસાનો લીલાપર એટલો તો પ્યાર બંધાયો હતો કે જેવો પ્યાર હાલના જમાનામાં કોઈપણ દેશના શું, પણ કોઈપણ સુધરેલા દેશના મુસલમાન આશકોમાં ભાગ્યે જ જોવામાં આવે. તેણે ઘણી પૂછપરછ કીધી પણ તેણીના જન્મ તથા તેણીના હાલનાં ઠેકાણાં બાબતમાં તે કંઈપણ જાણી શકયો નહીં. એ પાકા બંદોબસ્તવાળાં એકાંત ઘરના રહેવાશીઓ કયાં ગયાં છે તે બાબતમાં પડોસમાં પણ કોઈને ખબર નહોતી. ફક્ત, પરદેશથી આવેલા તે ઘરના

ગુલામોનો ઉપરી, એક બુઢ્ઢો યાહુદી તે ઘરની બહાર પડોસમાં વખતે વખતે જોવામાં આવતો. અને જો કે એવા ગપો ચાલતા કે તે ઘરમાં અઢળક પૈસો છે, તોપણ સાધારણ રીતે એમ માનવામાં આવતું કે એક, પરદેશ ગયેલા મૂર અમીરનું તે મકાન છે. તે જગાએ તે એક બે સાંજ સુધી ગયો પણ કંઈ પત્તો લાગ્યો નહીં. આથી તે બહુ અધીરો થયો તથા આખર એવો ઠરાવ કર્યો કે જ્યાંસૂધી તેની કંઈપણ ખબર ન મળે ત્યાં સૂધી તે ઘરની પાડોસમાં પડ્યા પાથર્યા રહેવું. આવા મક્કમ ઠરાવથી તે તે મકાનની આસપાસ ફરતો હતો, તેવામાં તે ઘરની પછીતની એક બારીમાંથી એક માણસ છાનોમાનો બાહાર નિકળતો તેણે જોયો. તે લાંબી ડાંગપર ટેકો દઈ ચાલતો હતો. તે બાગમાં પેઠો, અને ફુવારાની પાસેના ફૂલના તક્તામાંથી ફૂલ તોડવા લાગ્યો. કબરસ્તાનમાં ફરતાં ભૂતના જેવો તેનો ચેહેરો જોઈને મૂર ચમક્યો. પોતાને બીક લાગી તેથી જરા તેને હસવું આવ્યું, અને પછી જલદીથી ધીમે પગલે તેની પાસે ગયો અને તે બુઢ્ઢો માણસ દેખે તે અગાઉ તેના ખભાપર ધીમેસથી હાથ રાખ્યો.

આ માણસ ઝીમેન હતો. તેનાથી બ્હીકને લીધે ચીસ પડાઈ ગઈ.

તે મૂર બોલ્યો, "ચૂપ રહે, ડર નહીં, હું તારો દોસ્ત છું. તું બુઢ્ઢો માણસ છે. અને બુઢ્ઢા માણસોને હમેશાં પૈસો વધારે વહાલો લાગે છે." આટલું કહી તેણે તેના હાથમાં સોનાના સીક્કા મુકયા. યાહુદી ખુશી થતે ચેહેરે બોલ્યો, "દાના, ઉદાર પરોપકારી સાહેબ, સલામ, કંઈ બંદાને સેવા ચાકરી ફરમાવો છો?"

મુસા બોલ્યો, "તમે આ ઘરમાં રહો છો કેમ? આ ઘરમાં લીલા રહેતી હતી તે હાલ કયાં છે અને કેમ છે?"

તેણે જવાબ આપ્યો, "નામદાર સાહેબ મને ભરોસો છે કે તે ખુશીમાં હશે."

મુસાએ પૂછ્યું, "ત્યારે શું તને બરાબર ખબર નથી."

તેણે કહ્યું, "નામદાર સાહેબ, કેટલાએક દિવસ થયા મેં તેને જોઈ નથી. તમે તમારો વખત વ્યર્થ ગુમાવો છો, અને નાહક ઝાકળવાળી રાત્રે નિકળી તંદુરસ્તીને ધક્કો આપો છો. કૃષ્ણપક્ષના પાછલા દહાડાઓ તો બહુ હાનિકારક છે."

મૂરે અવાજ કાઢયો, "અફસોસ, તે જતી રહી, આનડા છોડી જતી રહી. તું મને કહે કે તે કયાં ગઈ છે, અને તારે વાસ્તે આ રહ્યા સોનાના સીક્કા."

ઝીમન બોલ્યો "અફસોસ, દાના સરદાર, હું ફક્ત એક નોકર છું અને તે કયાં ગઈ છે તે હું જાણતો નથી."

મુસાએ પૂછયું, "તે કયારે આવવાની છે."

ઝીમેને જવાબ આપ્યો, "તે બાબતની પણ મને બરાબર ખબર નથી."

મુસાએ પૂછયું, "તારો શેઠ કોણ છે અને આ ઘરનો માલીક કોણ છે?'

ઝીમેનનો ચેહેરો ફીક્કો પડી ગયો. તે આમ તેમ ભયભીત થઈ જોવા લાગ્યો અને થોડીવાર પછી જવાબ આપ્યો; "સાહેબ, મારો તથા આ ઘરનો માલીક આફ્રીકાનો એક ધનાઢ્ય મૂર છે, તે પણ હાલ જતો રહ્યો છે. તે વખતે વખતે અહીં આવે છે, પણ હવે ગ્રાનડા શહેરમાં રહેવું સલામત નથી; મારાથી બનશે તો હું પણ જતો રહીશ."

મુસાએ તેના ખભાપરથી પોતાનો હાથ ઉપાડી લીધો અને ઝીમેન તરફ જોયું. તે, મૂરની સામે ધિક્કારની નજરથી જોયા કરતો હતો, કારણ કે માણસ જાત વાસ્તે તેને ધિક્કાર હતો.

ઝીમેને પૂછયું, "જવાન લડવૈયા વધારે કંઈ કહેવું છે? ઈશ્વર તારી ઉમેદ પાર પાડે તથા તારી રાતો એશઆરામમાં ગુજરે. સલામ સાહેબ, હું રજા લઉં છું."

મુસાએ તેના બોલવાપર કંઈ પણ ધ્યાન ન આપ્યું અને તે જ જગાએ બોલ્યા ચાલ્યા વગર સ્થિર ઉભો રહ્યો અને જેમ એક માણસ મનની સખ્ત વેદનાથી છૂટો થાય છે ત્યારે ઉંડો નિ:શ્વાસ નાંખે છે તેની માફક તેણે પણ ઉંડી હાયભરી અને મોટેથી બોલ્યો, "લીલા, અલ્લાહ તારૂં રક્ષણ કરો. હવે ગ્રાનડા જ ફક્ત મારી માશુક છે."

પ્રકરણ ૫ મું

શાહનું રૈયત સાથે સમાધાનીપર આવવું

મૂર તથા ક્રિશ્ચિયન લોકો વચમાં, કંઈપણ ઝપાઝપી થયા વગર કેટલાક દિવસ વહી ગયા, કારણ કે મૂરની છુપાઈ રહેવાની જગા પાસે શીકસ્ત ખાધા પછી ફરડીનાન્ડે પોતાના લડાયક સરદારોપર સખ્ત અંકુશ રાખવા ઠરાવ્યું હતું. જે ટુકડીઓને મૂર લોકોએ હાર ખવડાવી હતી તે તે ટુકડીઓને પાછી પોતાના મકાનપર આવવા ફરમાવ્યું; અને જે

રસ્તે ઘેરી લીધેલા શહેરને માટે ખોરાકી આવતી, તે તમામ રસ્તાઓને પોતાના લશ્કરથી રોકી મૂકવા ઠરાવ કર્યો. તેણે પોતાના મેલાણની આસ-પાસ મજબૂત કિલ્લાકામ કરવાનું શરૂ કર્યું અને હુકમનામું કાઢ્યું કે, કોઇએ પણ મૂર લોકોપર ચડાઈ ન કરવી.

હજી સુધી આલ્મમન આનડામાં આવ્યો નહોતો. તેનું શું થયું તેની કંઈપણ પાદશાહને ખબરખબર ન પડી અને તેની લાંબી ગેરહાજરીથી પાદશાહના સુસ્ત ઉત્સાહી સ્વભાવમાં કંઇક જીવ આવ્યો. મુસાએ આપેલી શિખામણ, તેની માએ આપેલી સલાહ, તથા તેની માશુક અમી-નીએ આપેલા ઉત્સાહને લીધે તેના અંતઃકરણનો નિદ્રાવશ સિંહ જાગૃત થયો; પણ હજુ તેની પ્રજા તેના તરફ અસંતુષ્ટ વૃત્તિથી જોતી હતી, અને હજી પણ જો તે વીવરામ્બલામાં પોતાનાં લશ્કરની સલામ ન લે તો બલવાનો સંભવ વધારે રહેતો હતો. આવો સમય ચાલતો હતો તેવામાં તેના સીતારાએ જોર કીધું, જેથી તેની રૈયતનો વિશ્વાસ તેનાપર પૂર્ણ ચોંટી ગયો. તેનો નિર્દય કાકો અલઝગલ જે પ્રથમ તખ્ત લેવાને સામો થયો હતો, તથા જેણે પુખ્ત ઉમર તથા લશ્કરી ચતુરાઇને લીધે ઘણી ખરી પ્રજાનો પ્યાર પોતા તરફ મેળવી લીધો હતો, તે ફરડીનાન્ડને થોડાક મહીના થયા શરણ થયો હતો. ખ્રિસ્તી રાજાએ તેનો મુલ્ક કબજ કરી લીધો હતો અને તેના બદલામાં એક ઉજ્જડ વેરાન પ્રદેશ તેને આપ્યો હતો. તેની શીકસ્તથી બોઆબદિલને કંઇ પણ ફાયદો થયો નહીં પણ ઉલટું લોકોની લાગણી તેની સામે ઉશ્કેરાઈ હતી. તેઓ એમ કહેતા કે, જો બોઆબદિલશાહે અલઝગલને મદદ કરી હોત તો તે કોઈ દિવસ પણ શરણ ન થાત. લોકોની તેના તરપ ખરાબ લાગણીને લીધે જ તેને અલ્હમ્બરાના કિલ્લામાં ભરાઈ રહેવાની જરૂર પડી હતી. અલઝગલ પોતાના ભત્રીજાને ધિક્કારતો હતો, તેથી હમણાં તેને એમ સૂજ્યું કે તેના રાજ્ય સામે દગો કરી તેને પાયમાલ કરી નાંખું. સઘળી વાત, તે આ વખત ભૂલી ગયો અને પોતાનો જીવ જોખમમાં નાંખીને પણ બોઆબદિલ પર વેર લેવાનો પક્કો ઠરાવ કરીને તેણે પોતાની રૈયતને હથિયાર સજાવ્યાં, અને બહાદુર મર્દોનો સરદાર બનીને સ્પેનીશ છાવણીમાં ગયો અને મૂર લોકો સામે ફરડીનાન્ડને મદદ કરવા તે તૈયાર છે એમ ફરડીનાન્ડને કહી મોકલાવ્યું. જ્યારે આ વાત મૂર લોકોના જાણવામાં આવી ત્યારે તેઓને જે ગુસ્સો થયો, તેનું કોણ વર્ણન કરી શકે? અલઝગલના આ ગુન્હાને લીધે લોકો એકદમ બોઆબદિલની તરફેણમાં ઉતરી પડ્યા. અલ્હમ્બરાના કિલ્લા પાસે

તેઓ જમા થયા અને આંખમાં આંસુ લાવી પાદશાહની માફી માગી. આ બનાવથી પાદશાહના અસ્વસ્થ વિચારો સર્વ બદલી ગયા. તેણે વીવરામ્બલાના વિશાળ મેદાનમાં તમામ લશ્કરને જમા થવા ફરમાવ્યું; અને સવારે જ્યારે લશ્કરી પોશાકમાં ડાબી બાજુએ મુસા સહિત, તથા પોતે ફરીથી પોતાની રૈયતનો માનીતો બાદશાહ થયો તેનાં ગુમાન સહિત વીવરામ્બલાના મેદાનમાં આવ્યો ત્યારે પ્રજાના હર્ષનો પાર રહ્યો નહીં અને "ઓઆબદિલ શાહ ચિરંજીવ રહો!" એવા આકાશને ભેદી નાંખે તેવા અવાજથી શાહને વધાવી લીધો; અને જવાન શાહ મુસા સામું જોઈ બોલ્યો, "આખર બાજી હાથ પાછી આવી છે. હવે હું બિલકુલ કમનસીબ નથી."

પ્રકરણ ૬ ઠ્ઠું

લીલા, તેનો નવો આશક તથા કેથોલિક ધર્મ ન માનનારાને સજા કરનારી સ્પેનની સભાના અધ્યક્ષના આબેહુબ ચિતાર

આ પ્રમાણે ગ્રાનડામાં બનાવો બન્યા કરે છે, તે દરમિયાન ક્રિશ્ચિયન છાવણીમાં શું શું થાય છે, તે તરફ નજર કરીએ. સ્પેનની રાણી ઈસાબેલાના તંબુની આસપાસ, તેની સહચરીઓ, સ્પેનની ઉમરાવજાદીઓ હતી. તંબુઓની જે લાંબી હારો હતી, તે માંહેલી એક હારમાંના એક તંબુની અંદર એક યુવાન્ ઓરત એકલી બેઠી હતી. સાયંકાળને લીધે તંબુની અંદર અંધારું છવાઈ રહ્યું હતું, તેથી તેનાં શરીરનો અને મુખની આકૃતિનો ઝાંખો આભાસ જ માત્ર નજરે પડતો હતો. પણ આ કુમારિકા કોઈ ખેદકારક વિચારમાં લીન થઈ ગઈ છે, એવું સાબીત કરવાને તેના અસ્પષ્ટ દેખાતાં શરીરની ઉદાસીન, ઉંધ, તેનું નિચું નાંખેલ માથું તથા જાંઘ ઉપર પડેલા હાથ, એટલું પણ બસ હતું.

તેણે વિચાર કીધો, "અરે, હું તે કેવા ભયમાં આવી પડી છું. જે મારો બાપ કે મારો આશક, પોતાની રાંક લીલાને કેવા જુલમી હાથમાં ઉપાડી મૂકી છે, તે બાબતનો ખ્યાલ જ માત્ર કરત તો બસ હતું."

તેની આંખમાંથી દુઃખનાં આંસુઓનાં બોરબોર જેવડાં બેચાર ટીપાં નિકળ્યાં, અને બેમાલુમ રીતે તેના નરમ ગાલો ઉપરથી થઈ નીચે સરી પડ્યાં. એ જ વખતે ક્રિશ્ચિયનના રીવાજ મુજબ છાવણીના મુખ્ય મુખ્ય સરદારોને ઈશ્વરની સ્તુતિ કરવાવાસ્તે બોલાવવા સારુ લીલાને

કાને ઉંડો અને મીઠો અવાજ નાંખતો છાવણીનો ઘંટ વાગ્યો, કારણ કે ફરડીનાન્ડ માણસોને એવું સમજાવતો હતો કે, પોતે જે કંઈ કામો કરે છે, તે કેવળ ધર્મને ખાતર જ કરે છે. તે પ્રમાણે આ પોતાની મતલબ સાધવા વાસ્તે મૂર લોકો સાથે ઉઠાવેલી લડાઇને પોતે ધર્મની લડાઇનું નામ આપતો, તેથી ધર્મની સર્વ ક્રિયાઓ છાવણીમાં થતી જોવાને તે ખુશી હતો.

લીલા ઘંટનો અવાજ સાંભળી તરત ઘુંટણે પડી વિચારવા લાગી– "આ ઘંટ ક્રિશ્ચિયન લોકોને તેઓના ઇષ્ટદેવની પ્રાર્થના કરવા વાસ્તે બોલાવવા સારુ વાગે છે. પણ એ અવાજ, હું, જે એક બંદીવાન છું, તેને યાદ દેવરાવે છે કે, પરમેશ્વર હમેશાં નિરાધારનો આધાર છે. હે ઇશ્વર ! નોધારાના આધાર, પતિતપાવન, દીનબંધુ, દીનાનાથ મારું રક્ષણ કર; તથા મારી વારે ધા. તેં ઘણાકને અણી સમયે અજાણી ભૂમિમાં મદદ કરી છે, તો તારી આ અનાથ બાળકી, જેને તારો જ કેવળ આધાર છે, તેની સંભાળ લે."

આ પ્રમાણે સ્વચ્છ મને, અતિશય શ્રદ્ધાપૂર્વક તેણે પરમેશ્વરની સ્તુતિ કરી, અને લાંબો વખત સુધી આવી હ્રદયભેદક સ્થિતિમાં પડી રહી. ઘંટ વાગવો બંધ થયો હતો. બહાર પણ સઘળું ચુપાચાપ અને શાંત હતું. એવામાં તરત જ આ કુમારિકાના તંબુનાં બારણાને આડો નાંખેલો થક ઉંચકાઈ એક યુવાન્ શખસ પગથી તે માથાં સુધી એક લાંબો ઉમદા ઝભ્ભો ઓઢી તંબુની અંદર દાખલ થયો. તેણે અંદર આવી ઘુંટણે પડેલી કુમારિકા તરફ ચુપકીથી જોયા કર્યું અને તે પોતાની જગાએથી ઉઠી ઉભી થઈ નહીં ત્યાં સુધી પોતે અંદર આવ્યો છે, એવી તેને ખબર પડવા સરખી પણ દીધી નહીં.

તે ઉઠી કે તરત જ તે યુવાન્ શખસ તેનો હાથ લેવાનું કરતો બોલ્યો, "સુંદરી, તું જ્યારે મારા પત્રોનો પ્રત્યુત્તર નથી જ વાળતી, ત્યારે લે, તારા ગુલામને પ્રત્યક્ષ તારે પગે પડતો જો. મધુરમૂર્ત્તિ, ઘુંટણે શા વાસ્તે પડવું અને કેમ પડવું, એ તું જ મને શિખવે છે."

લીલાએ કચવાઇને તથા અતિશય ભય પામીને જવાબ દીધો, "રાજ્યકુમાર, તમે જ ઉઠીને મને આમ કહો છો ? અરે, શા વાસ્તે મને આ પ્રમાણે અપમાન પહોંચાડી પજવો છો ? શું મને તમારા ઇમાનપર ભરોંસો રાખી, મારો પિતા ઓળમાં નથી આપી ગયો ? ત્યારે એક ઓળમાં આવેલી અબળા તરફ તમો આ પ્રમાણે વર્ત્તો છો ? એ કેવું કહેવાય ? શું, ઓરત

જાતને વહાલામાં વહાલી જે તેની આબરુ, કીર્ત્તિ અને આરામિયત, તે પણ મારી પાસેથી આવી રીતે ખુંચવી લીધામાં આવે છે? અને તો પણ વળી, તમારા જેવા રાજકુમારને અછાજતું અને મને અપમાન લગાડે એવું, પ્યારનું જૂઠું નામ આપીને લુંટી લેવામાં આવે છે? કેવું ખરાબ?"

ડોન જુઆન મંદમંદ હસતો બોલ્યો, "મીઠી માશુકડી, જે કંઈ મેં સાંભળ્યું છે, તે જો ખરું હોય તો તદનુસાર ગ્રાનડાની મૂર કન્યાઓ જેથી તદ્દન અવાકેફ છે, એવું સદાચરણ તને તે શહેરમાં મળ્યું છે. પણ તેથી પણ વધારે સરસ અને સહેલા ન્યાયશાસ્ત્રના મતો તથા સદ્‌ગુણો તને શિખવવાની મને છૂટ આપ. તારા જેવી ખૂબસુરત ઓરતની પ્રશંસા કરવી, એ મારા જેવા ક્રિશ્ચિયન રાજકુમારને કંઈ અછાજતું નથી. તેમ જ એક ઓળમાં આવેલી કુમારિકાને જો સ્પેન જેવડા વિશાળ દેશનો રાજ્યકુમાર પોતાનું મન અર્પણ કરે, એમાં તે કુમારિકાને અપમાન લાગે એવું કંઈ નથી. પણ આપણે આવી વાતો કરી ફોકટનો વખત ગુમાવીએ છીએ. આપણની આસપાસ ચુગલીખોરો, છૂપા દૂતો તથા તીક્ષ્ણ નજરવાળાં માણસો ઘૂમ્યા કરે છે. હાલ હું જેમ તેઓની નજર ચૂકાવી ભાગી આવ્યો છું, તેમ કંઈ વારે ઘડીએ બનશે નહીં. સુકુમાર સુંદરી, હું જે કહું છું તે તું સાંભળ." આ વખતે, તે, તેનો છૂટવાને પ્રયત્ન કરતો જે હાથ પકડવામાં ફળીભૂત થયો, તે હાથ ઝાલી તે બોલ્યો, "નહીં, નહીં પ્રિયે, આટલી બધી શરમાય છે શાને? ઓરત જાતના મનમાં એવી તે કોઈ મુરાદ છે કે, જે મારાથી પૂરી પાડી ન શકાય? મનમોહન મધુરાક્ષી, માશુકડી, ફક્ત એક જ શબ્દ બોલ અને તરત હું તને આ તારી આંખોને અપ્રિય થઈ પડેલા આ સ્થાનમાંથી ઉઠાવી લઈ જાઉં. તું તો રાજ્યભવનને શોભાવવા લાયક સુંદરી છે. તું તો કોઈ ગુલાબ અને નારંગીના બગીચામાં બેસી તારા આશકના પ્યારનાં વચનો સાંભળવાને યોગ્ય છે. અરે હું ખરેખરું કહું છું કે, જો આ મારા હાથો તારી લાંબી ગરદનની આસપાસ વિંટાશે તો તેથી તુંને તારા ઘરવાસ્તે, કે તારા નાશ પામતાં શહેર વાસ્તે ઝૂરવું તો નહી જ પડે. અયે મુગ્ધે! જો તને તારાં પોતાનાં મહત્વનું એટલું બધું ગુમાન હોય કે, મનના કુદરતી અંકુરોને પણ તું દાદ ન આપે, તો તારે જાણવું જોઈએ કે, જો તું મને તારું દિલ અર્પણ કરીશ, તો સ્પેનની મોટામાં મોટી ઉમરાવજાદીઓ પણ તારા પગ પાસે પોતાનું માથું નમાવશે. આજ રાત્રે,—અરે જરા સાંભળ તો ખરી—આજ રાત્રે જ હું તુંને અહીંથી લઈ જઈશ. તું ફક્ત મારું વચન કબુલ કર અને પછી જો કે પાદરીઓ અને

ધર્મગુરુઓ, તને ગમે તો કાફર કહે કે જાદુગરણી કહે, કે પછી ગમે તે કહે, તોપણ તેઓ તો શું પણ રાજા પોતે પણ તારા આશકની છાતી ઉપરથી તુંને ખસેડી શકવાને સમર્થ નથી."

તે બોલતો બંધ થયો કે, તરત જ એક ઘોર અવાજ આવ્યો કે "મહાન્ ક્રિશ્ચિયન શાહના કુમાર, તેં ઠીક કહ્યું;" અને તરત જ પાદરી ટોમસ ડીટોરકવેમેડા રાજકુમારની સન્મુખ આવી ઉભો.

પાદરીએ જરાવાર થોભી પછી કહ્યું, "રાજપુત્ર, તેં આ જે કંઈ કહ્યું, તેને વાસ્તે આપણા ધર્મગુરુઓ તુંને ગુનેહગાર નહીં ગણે, કાં કે તારું મન જાદુના જોરથી ફેરવી નાંખવામાં આવ્યું છે."

રાજકુમાર આ ભયંકર માણસની બ્હીકથી દબાઈ તો ગયો હતો, તોપણ તેણે ખુલ્લી રીતે હિમ્મતથી કહ્યું, "પાદરી સાહેબ, તમને ખબર નથી કે, આ કુમારિકાની આંખોના જેવી આંખોની જાદુઇથી ફરડીનાન્ડ શાહથી પણ વધારે ધર્મચુસ્ત માણસોનાં છોકરાઓ અંજાઈ ગયા છે."

પાદરી બોલ્યા, "અરે! આ તો ધર્મની નિંદા કરે છે! રાજકુમાર, સાવધ રહેજે. તું પોતે શું કરે છે તેનું તને મુદ્દલ ભાન નથી. સારું, હવે અહીંથી જતો રહે."

રાજકુમાર, જરાવાર સુધી તો જવું કે ન જવું, તેના વિચારમાં ઉભો જ થઈ રહ્યો, પણ છેવટે જાણ્યું કે, ગમે તેમ થશે તોપણ મારે અહીંથી જવું તો પડશે જ; એમ વિચારી તે, પોતાનો ઝભો બરાબર ઠીક ઠાક કરી ત્યાંથી નીકળી ગયો.

લીલા ફિક્રીફ્ચ પડી તથા એક બલામાંથી છૂટી તો બીજી બલામાં આવી પડી, તેથી મનમાં બ્હીતી તે પાદરી સામે ઉભી થઈ રહી.

ટોમસ બોલ્યો, "કાફર પુત્રી, તું નિચે બેશ. તારી સાથે વાત કરવાની અમારા ધર્મમાં છૂટ છે, વાસ્તે સાંભળ. તુંને તારા આત્માનો ઉદ્ધાર કરવાની તો કયાંથી ફિકર હોય, કારણ કે તું તેથી અજ્ઞ છો, તોપણ આ તારાં નાજુક વિલાસી અવયવો, અને તારી રંગીલી ખૂબસૂરતીનું જો તું રક્ષણ કરવા ઇચ્છતી હો તો જે હું પૂછું તેનો ખરેખરો ઉત્તર દેજે. જે શખ્સ તુંને અહીં લાવ્યો હતો, તે શું ખરેખર તારો બાપ થાય?"

લીલા ધાસ્તીથી તથા આવો અસત્ય સવાલ પૂછાતો સાંભળી મુર્છા પામવાની અણી ઉપર આવી જઈ કહ્યું—"ખરેખર, ફક્ત એ એક જ મારું માવિતર છે."

પાદરીએ પૂછ્યું, "તે કોને માને છે? તથા કિયો ધર્મ પાળે છે?"

લીલાએ કહ્યું, "મેં તેને કોઈ દિવસ પણ કોઈની ભક્તિ કરતો દીઠો નથી, જેથી એ સવાલનો જવાબ આપવા અશક્ત છું."

પાદરી બોલ્યો, "હમ્, તે ભક્તિ કરતો નથી; એ પણ એક વખાણવા લાયક વાત છે. પણ તે પોતાને કઈ કોમનો કહેવરાવે છે?"

લીલાએ કહ્યું, "હું તેનો જવાબ તને બરાબર આપી શકતી નથી."

પાદરી બોલ્યો, "એમ છે કેમ ? ત્યારે અમારી પાસે એવા ઓજારો છે કે, જે તારે મોઢેથી એ વાત કઢાવી શકશે. છોકરી, તું હઠીલી મ થા. શું તું એમ ધારે છે કે, તે મુસલમાની ધર્મ માને છે?"

લીલાએ ધાર્યું કે, આ સવાલને જે જવાબ આપીશ તે છેવટે ખરો જ મનાશે; તેથી તે આતુરતાથી બોલી, "ના ના, કદી નહીં. તે તો મૂર ધર્મને નાકબુલ કરે છે, ધિઃક્કારે છે તથા તુચ્છ લેખે છે."

પાદરીએ પૂછ્યું, "વારુ ત્યારે તે અંદરખાનેથી ક્રિશ્ચિયન ધર્મ ઉપર ભાવ રાખે છે?"

લીલાએ પોતાનું શિર નીચું નાખી નાનો જવાબ દીધો.

ટોમસ બોલ્યો, "છોકરી, તારી ચૂપકીનું કારણ હું સમજું છું. વારુ તને પોતાને કીયા ધર્મના તત્વો શિખવવામાં આવ્યા છે?"

લીલાએ દૃઢતાથી જવાબ દીધો, "હું જે ધર્મ માનું છું, તેને માણસો જે કહે છે, તે હું જાણતી નથી. પરંતુ તે ધર્મ એક ઈશ્વરને માનવાનો છે. જે ઈશ્વર પોતાનાં પસંદ કરેલા માણસોપર તુષ્ટમાન થઈ તેના દુઃખ દેનાર માણસો પાસેથી તેનો બદલો લેશે; તથા તે એ જ પરમેશ્વર છે, કે જેણે જમીન આસમાન બનાવ્યાં છે, તથા જેણે પોતે કોણ છે, તેનું તથા પોતાના કાયદાનું ગ્નાન, જેરુસલમના મેદાનમાં અને હિબ્રોન નદી ઉપર વસનારી કોમને જ પરંપરાથી આપ્યું છે, એ જ પરમેશ્વરને માનવાનું મને શિખવવામાં આવ્યું છે."

પાદરીએ શાંતતાથી ઉત્તર દીધો, "ત્યારે તારા બાપે તને આજ ધર્મ માનવાનું શિખવ્યું છે, કેમ ? બહુ સારું, હવે હું સંતુષ્ટ થયો છું. ભલે હવે તું શાંતિથી આરામ લે. આપણે ફરીથી પાછા મળીશું."

આ છેવટના શબ્દો નરમ અને શાંત હાસ્યથી કહેવામાં આવ્યા, પણ એ હાસ્યની અંદર દુઃખિત અંતઃકરણવાળી તથા ચમકતી આંખવાળી કુમારિકાએ ભયાનક માનસુકન તથા પિડાસૂચક ચિન્હો દીઠાં.

લીલાનો તંબુ છોડી તે પાદરી ફુરડીનાન્ડના તંબુ તરફ વળ્યો. પણ તંબુની નજદીક પ્હોંચ્યો, તે પહેલાં તો એક નવો વિચાર તેના મગજમાં આવ્યો. તરત જ પોતાનો રસ્તો બદલી ફુરડીનાન્ડના તંબુની વાંસે ઝાડોની અંદર, લાકડાંની, તાકીદે બાંધી લીધેલી તથા નદીના વહેળા ઉપર આવેલી ક્રિશ્ચિયન લોકોનાં નાનાં સરખાં દેવળના આકારની એક જગા નજદીક તે આવી પહોંચ્યો. આ ઝુંડના મોં પાસે એક પહેરેગીર પહેરો ભરતો હતો, તે સિવાય ત્યાં કોઈ પણ નહોતું. તે સાધુ એ દેવલની અંદર દાખલ થયો, અને એક જેમ તેમ કોતરેલી, પણ અતિશય શણગારેલી મેરીની પાષાણની મૂર્તિ સમક્ષ તે ઘુંટણે પડ્યો.

તે પવિત્ર પુરુષ બોલ્યો, "ઓ પવિત્ર માતા, મને જે કંઈ કામ સોંપવામાં આવ્યું છે તેમાં મદદનીશ થા. તને ખબર છે કે, અમે હાલીએ ચાલીએ છીએ, તે કેવળ તારા સુપુત્ર "ક્રાઇસ્ટ"ની કીર્તિનો ફેલાવો કરવા વાસ્તે જ હાલીએ ચાલીએ છીએ, તથા અમારું શરીર પણ તેને જ વાસ્તે છે. પણ અફસોસ, માણસનું મન હમેશાં અદઢ હોય. ઓ દયાળુ દેવી, હું ખરેખર કહું છું કે, કોઈ કોઈ વખત કોઈ નાહનાં, જવાન, નાજુક તથા ખૂબસૂરત માણસો ઉપર તારા પુત્રનું વેર લેવાનું કામ જ્યારે મારા-પર આવી પડે છે, ત્યારે મારું મન પણ તેમ કરવામાં હઠી જાય છે. પણ ખૂબસૂરતી, જવાની, ભૂરા વાળ કે ધ્રુજતા પગોવાળાં માણસો એ સર્વ સરજનહારની નજરમાં શું છે ? આપણે સર્વ કંગાળ કીડાઓ છીએ. તે પવિત્ર તારણહાર પાસે, કેવળ તેને માનનારાઓનાં સાચાં મન સિવાય બીજું કંઈપણ કબુલ થતું નથી. ઇમાનદારી વગરની યુવાની, શ્રદ્ધા વગ-રનો બુઢાપો, અને પવિત્રાઈ વગરનો સદ્‌ગુણ, એ સર્વ તેઓની ખુબીને લીધે ઉલટાં વધારે ભયંકર થઈ પડે છે. હું આ સર્વ જાણું છું, તેમ જ સમજું છું; પણ માણસ તરીકેની લાગણી મારામાં પ્રબળ છે. વાસ્તે ઓ દેવી, મને દઢ મનનો બનાવ, કે જેથી તે લાગણી હું મારા મનમાંથી ખેંચી કહાડું, અને એક હાલતાં ચાલતાં યંત્રના જેવો થઈ, જે કોઈ તારા પુત્રના ધર્મથી વિરુદ્ધ હોય, તેને રીબાવીને મારું."

આટલું બોલ્યો કે, તરત જ તેની આંખોમાંથી આંસુ પડવા લાગ્યાં અને મોડેથી ધ્રુસકાં એટલાં બધાં તો આવવા લાગ્યાં કે, તે વધારે બોલી શકયો નહીં. તે ધૂળમાં લોટવા લાગ્યો, તથા વાળ પીખવા લાગ્યો, અને જોસથી દરદની બૂમો નાંખવા લાગ્યો. તેના દિલની અંદર અતિશય દરદ થતું હતું. છેવટે તેણે એક ચાબકો પોતાના ડગલાની અંદરથી બહાર

કહાડ્યો. એ ચાબુકમાં પાંચ સાત સોટા હતા, તથા દરેક સોટાની અંદર ઝીણા અણીદાર ખીલા ખોસેલા હતા. તેણે તરત જ પોતાનો મોટો ડગલો અને અંદરનું રુનું બદન બહાર કહાડ્યાં, અને ઉઘાડા દીલે થઈ તે ચાબકા પોતાના ખભા ઉપર લગાવવો શરુ કર્યો. તે એવા તો જોરથી મારતો હતો કે, થોડીવારમાં તો આસપાસની જગા, માંસના ઝીણા ઝીણા કટકા અને લોહીના છાંટાથી ખરડાઈ ગઈ. આ ભારે સજા શરીરને આપ્યા પછી જે થાક એ કરડા સાધુને લાગ્યો, તેથી તેની બુદ્ધિ કંઇક ઠેકાણે આવી હોય એમ લાગ્યું. તરત જ તેના મોં ઉપર હાસ્ય રમી રહ્યું. આવી રીતે તનને સજા કરી મનના અસ્થિર ભાવને શાંત કર્યો. તે પોતાનો રુંવાનો ડગલો પહેરવા લાગ્યો ત્યારે બોલ્યો, "ઓ દયાળુ મા, હવે તો તેં મારા મનને શાંત કરવા દર્શન દેવા નક્કી કર્યું હશે. આ મારા દાખલાથી તું માણસ જાતને શિખવે છે કે, જે કોઈ પોતાનાં ધર્મને આગળ વધારવા ઇચ્છતો હોય, તેણે પોતાનાં શરીરને તુચ્છ બરાબર લેખવું જોઇએ.' આવા વિચારથી તેના મુખ ઉપર હંમેશની પેઠે પાછી શાંતિ પથરાઈ રહી.' તેણે પોતાનાં થરથરતાં અને જખમી બદન ઉપર ડગલો પહેરી, તે લોહીથી ખરડાયલો ચાબકો તેની અંદર સંતાડી ત્યાંથી રાજાના તંબુ તરફ ચાલ્યો.

તેણે આવીને જોયું તો ફરડીનાન્ડ, તેના ખજાનચીએ રજુ કરેલા મૂર લોકો સાથેની તેની લડાઇના ખરચનો હિસાબ તપાસવામાં મશગુલ થઈ એક ટેબલ પાસે બેઠો છે.

રાજા બોલ્યો, "આ લડાઇએ તો ઘર ઘાલ્યું છે. જો મૂર લોકો હજી પણ આમને આમ લડ્યા જ કરશે તો, અમને અમારી ખાસ જાગીર પણ વેંચવાની ફરજ પડશે."

પાદરીએ કહ્યું, "બેટા, તારા જેવાં ઉત્તમ કામોનું ખર્ચ ઉઠાવવા વાસ્તે પરમેશ્વર ગમે ત્યાંથી તને પૈસા આપી દેશે. પણ તું મુંઝાય છે શા સારું? શું પૈસા મેળવવાનું સાધન તારી પાસે જ હાજર નથી? જે લડાઇથી આખું ક્રિશ્ચિયન રાજ્ય જયવંત થવાનું છે, તે તું એકલો શા વાસ્તે લડીશ? બીજા કોઈ પણ લડનારા નથી?"

રાજાએ તરત જવાબ દીધો, "બાવાજી, આપ શું કહેવા ધારો છો, તે હું સમજ્યો છું. તમે એમ કહેવા ઇચ્છો છો કે, બીજા ક્રિશ્ચિયન રાજાઓએ પણ મને પૈસાની અને માણસોની મદદ કરવી જોઇએ; પણ તેઓ સઘળા લોભી અને ઇર્ષાખોર છે."

પાદરી બોલ્યો, "નાના, હું કંઈ રાજાઓ વિષે કહેતો નથી."

ફરડીનાન્ડ આતુરતાથી બોલ્યો, "ત્યારે તમે એમ કહેવા માગો છો કે, મારા સરદારોએ, અને જાગીરદારોએ પોતાની જાગીરો ઘરેણે મૂકી મને પૈસા આપવા જોઇએ, કેમ? આપનું કહેવું તો વાજબી છે, પણ એ લોકો તો તેઓએ હમણાં જે થોડી ઘણી મને મદદ કરી છે, તેને વાસ્તે પણ બડબડતા હોય એમ જણાય છે, ત્યારે નવી મદદ તો કયાંથી જ આપે."

પાદરી બોલ્યો, "ના ના, એ અમીરો, જેઓ ખરા ઇમાનથી, તથા પૂર્ણ વફાદારીથી ધર્મની રક્ષાના કામમાં સામેલ થયા છે, તેઓને શા વાસ્તે હેરાન કરી તેઓનો ભભકો નરમ પાડવો જોઇયે? પણ બેટા, સાંભળ, હું તને એક યુક્તિ બતાવું. એ યુક્તિથી આપણો ધર્મ માનનારાને બદલે આપણા ધર્મની વિરુદ્ધ મતવાળા માણસો પાસેથી જ તું લડાઇનો ખર્ચ કઢાવી શકીશ. તારા રાજ્યની અંદર અને મુખ્યત્વે કરીને તરતમાં જિતાયલા એન્ડે લુશિઆ અને ક્રોમડોવાની અંદર બહુ જ શ્રીમંત લોક વસે છે. પૃથ્વીની મોટી મોટી ખીણો પણ ભરાઈ જાય એટલો પૈસો એ નાપાક કાફરોએ ક્રિશ્ચિયનોના હાથમાંદી ખુંચવી એકઠો કર્યો છે. મારા રાજા, હું તે કોમ વિષે બોલું છું કે, જેણે ક્રાઇસ્ટને ક્રોસ ઉપર ચડાવી મારી નાંખ્યો છે."

રાજા બોલ્યો, "અરે રે! પણ તેને વાસ્તે કંઈ બાનું જોઇએ."

પાદરી બોલ્યો, "તે તો તારી પાસે હાજર જ છે; જે દગાખોર સાથે તેં કામ પાડયું હતું, તથા જેણે આનડા શહેર તારા કબજામાં સોંપવા વચન આપ્યું હતું, પણ તે જ તે સવારે મૂર લોકો સાથે ક્રિશ્ચિયનો સામે લડતો માલુમ પડ્યો હતો, અને જેના હાથ ક્રિશ્ચિયનના લોહીથી ખરડાયલા છે, તે માણસ શું એક યાહુદી નથી? શું તેણે પોતાની કોમને ક્રિશ્ચિયનોના જેટલા હક્કો આપવા માગ્યું ન હતું? શું તે જૂઠાં જૂઠાં બાનાં દઈ એક જાદુગરણીને તારા તંબુની અંદર મૂકી નથી ગયો? જે છોકરીએ કંઈ જાદુથી તથા સેતાનની મદદથી તારા છોકરાનું મન ફેરવી પોતા તરફ ખેંચી લીધું છે, તથા પ્યારમાં અંધ બનાવી દીધો છે, તે તને માલમ નથી?"

રાજાએ અતિશય ગમખાર જીગરે જવાબ દીધો, "ત્યારે મારો છોકરો પોતાની સ્વતંત્રતાનો આ પ્રમાણે ઉપયોગ કરે છે, કેમ?"

તે સાધુ, રાજાના બોલવા તરફ કંઈપણ લક્ષ આપ્યા વગર બોલ્યો, "ત્યારે શું એની આખી કોમને ઠાર કરવાનું તારી પાસે પૂરતું કારણ નથી?

એ નાપાક શખ્સને મૂર લોકોએ તને છેતરવા અહીં મોકલ્યો હતો. એ લોકોએ પોતાની ધારણા સજ્જડ બેસાડવા સારુ સુલેમાનને લોભાવનારા હુન્નરો તારા પુત્રને લલચાવવા કામે લગાડ્યા છે; એ ખુબસુરત ઓરતની આંખે તારા છોકરાને મોહિત કરી નાંખ્યો છે; અને તેથી યાહુદીઓ ભવિષ્યમાં સ્પેનના રાજ્યમાં પોતાનો પાયો મજબૂત કરશે, એ નિઃશંક છે." ફરડીનાન્ડ પોતે જે કહે છે તે, બરાબર ધ્યાનથી સાંભળે છે તે જોઇને તે વધુ બોલ્યો, "કોણ જાણે કે આવતી કાલે, ફરડીનાન્ડ જેવા અજિત શાહને મારી એક જાદુગરણીનાં ફંદમાં ફસાઈ તેના ગુલામ તરીકે વર્ત્તનાર એક યુવાન્ શખ્સ સ્પેનની ગાદી ઉપર પણ બેસે. વાસ્તે એ યાહુદીને તો મારવા જ. જો કે સાધારણ રીતે જોતાં પણ એમ જણાઈ જ આવે કે, આ નાપાક, વેશ ધારણ કરેલા માણસને, જો તેના સઘળા જાત ભાઇઓએ મદદ ન કરી હોય તો તે આવડા મોટા પાયાપર કદી પણ મંડાણ ન કરે. તોપણ આપણુની પક્કી ખાત્રી કરવા વાસ્તે, અને સજ્જડ પૂરવારી લાવવા વાસ્તે તેની, અને તેની છોકરી પાસે એવું કબુલ કરાવીએ કે, તેઓના જાતભાઇઓએ ઉશ્કેરી તેની પાસે આ કામ કરાવ્યું છે, તો જ આપણને લાભ થાય. આમ થવાથી સઘળા યાહુદી લોકો પાસેથી માલમત્તા લૂટી લેવાનું આપણને સબળ કારણ મળશે, અને આપણો ખજાનો તર થશે." પણ રાણીનું અંતઃકરણ બહુ નરમ છે, વાસ્તે રાજા તરત વચમાં બોલી ઉઠયો, "એ ખરું છે. રાણી ઈસાબેલાને, આપણે જે કરીએ છીએ, તે વાજબી કરીએ છીએ, એવું પૂરવારીથી સમજાવવું જોઇશે. નહીં તો એ આડી આવશે."

પાદરી બોલ્યો, "જો એવું સાબીત કરી અપાય કે, એ યાહુદી લોકોવડે તારી જીંદગી તથા રાજ્ય જોખમમાં આવી પડ્યાં હતાં, તથા યાહુદીની એક કન્યા સાથે પ્યારમાં પાડવા વાસ્તે, તારા ઉંચ તુકમના છોકરા ઉપર જાદુ કરવામાં આવ્યું હતું તો, રાણી, એ બાબતમાં વિરુદ્ધ થવાને બદલે ઉલટી આપણને મદદનીશ થઈ પડશે."

ફરડીનાન્ડે ઉત્સાહથી કહ્યું, પવિત્ર પુરુષ, તું મારો આ દુનિયાનો અને આવતી દુનિયાનો તારણહાર છે. વાસ્તે તને અને તારી મંડળીને આ કામ બજાવી લાવવાનું અમે સોંપીએ છીએ. જા તરત જ જા. તારે જે કંઈ કરવાનું હોય તે કર; કારણ કે મૂર લોકો જેમ તેમ શરણ થાય તેવા નથી, અને આપણી પાસે પૈસો મુદ્દલ નથી, વાસ્તે તાકીદ કર."

સાધુએ આંખો વીંચી પોતાના ઈશ્વરનો ઉપકાર માન્યો અને કહ્યું, "બેટા! તને હવે વધારે કંઈ પણ કહેવું નહીં પડે. હું હમણાં જ જઈ મારે કામે લાગું છું."

રાજાએ બદલાયલા દેખાવથી કહ્યું; "પણ જરા થોભ, મારી સાથે મારી પ્રાર્થના કરવાની જગામાં ચાલ. મારું અંતઃકરણ મને બહુ ડંખે છે, જેથી તારી પાસે મારાં પાપ કબુલી ઈશ્વરની માફી માગીશ."

સાધુ તરત તેના હુકમને તાબે થયો. આ પ્રમાણે જ્યારે અજબ જેવી મનશક્તિવાળો, પણ અતિશય ધર્મવહેમી ફરડીનાન્ડ, જે પોતાના ફાયદા વાસ્તે જ માણસો ઉપર જુલમ ગુજારતો. પણ મનની નબળાઈ રૂપી પાપને કબુલ કરી પશ્ચાત્તાપનાં આંસુઓ વર્ષાવતો હતો, તથા તે પાદરી તેને ઘડીકમાં દીલાસો અને ઘડીકમાં ઠપકો દેતો. તેની પાપની કબુલાતો સાંભળતો હતો. તે વખતે કોઈ પણ રાજા કે પાદરી એમ ધારતો નહોતો કે, એક તરફ પોતાના જેવી માણસ જાતને રીબાવવી તથા તેની પાસેથી પૈસા કઢાવવાની લાલચથી એક આખી કોમને પાયમાલ કરવાની યુક્તિઓ શોધવી, અને બીજી તરફ, આંસુઓ ઢાળી ખોટે ખોટા માળાના મણકા ફેરવી, પરમેશ્વરની માફ માગવી એ ભૂલભરેલું, દુષ્ટ ને અધમ કર્મ છે.

પ્રકરણ ૭ મું

ધર્મસભા અને અદ્ભુત ચમત્કાર

મધ્ય રાત્રીનો સમય હતો. આખી છાવણી ભર ઉંઘમાં પડી હતી. આ વખતે, પાદરીના ચાર સીપાઈઓ, પોતાની સાથે એક શખ્સને લઈ રાજાના તંબુની પાસેના એક વિશાળ તંબુ તરફ ચુપચાપ જતા હતા. આ માણસના હાથમાં હાથકડી નાંખી હતી. તે ઉપરથી એમ જણાતું હતું કે, એ કોઈ કેદી હશે. આ તંબુની આસપાસ, ફરતા ચોકીબાનો મૂકી તથા ગઢના જેવી ભીત ચણી તેને સારા બંદોબસ્તમાં રાખ્યો હતો. આ તંબુ રાજાના તંબુ કરતાં પણ કદે મોટો હતો. એને ફરતી વાડ હોવાને બદલે પાણાની ભીંત ચણી લીધેલી હતી. તેના સ્તંભની ટોંચે ધોળાં ક્રોસથી અંકિત થએલો કાળો વાવટો ઉડતો હતો. આ તંબુ પાસે આવી, કેદી સાથેના સીપાઈઓએ નિશાનીસૂચક અમુક શબ્દો બોલી કેદીને બારણામાં ઉભેલા બે નબળા દેખાતા સીપાઈઓને સોંપ્યો, અને તે પછી પોતપોતાની નોકરીની જગ્યા ઉપર આવી ગુપચુપ ઉભા રહ્યા.

એ કેદી જેવો તંબુની નજદીક આવ્યો કે ઉભો થઈ રહ્યો, અને પોતે કઈ જગાએ આવ્યો છે, તે બરોબર નિશાન સહિત ધ્યાન રાખવા આસપાસ જોયું, અને પછી ભભકાદાર, પણ આતુર પગલે તંબુની અંદર દાખલ થયો. તંબુના ઝાંખાં અજવાળાવાળાં બે ભાગ પસાર કર્યા પછી ત્રીજા ભાગની અંદર, છાતીએ ક્રુસનાં ચિન્હવાળો લાંબો ડગલો પહેરી એક શખ્સ ઉભેલો તેની નજરે પડ્યો. આ કેદી આલ્મમન જ હતો. તેણે અંદર આવી જોયું તો તંબુની ચારે તરફ રેશમી પડદાઓ ટાંગી દીધા હતા તથા તેને એક છેડે એક નાનો સરખો માંચડો બાંધ્યો હતો. તેના ઉપર એ ટેબલ પાસે ત્રણ જણ બેઠા હતા. આ કમીટીના પ્રમુખની ખુરસી ઉપર શાંત ચહેરાવાળો ટોમસ બેઠો હતો. ઓરડાના ઉંબર આગળ બે સીપાઈઓ આલ્મમનને લાવનાર ચાર સીપાઇઓના જેવો જ પોશાક પહેરી હાથમાં લાંબા ભાલા ઝાલી તથા પડખે તરવાર બાંધી ઉભા હતા. હાલ ઘડી ફક્ત આટલાં માણસ તંબુની અંદર હતાં.

તે ઈઝરાઇલિસ્ટે ફિક્કે ચહેરે, પણ ચમકતી અને ધિક્કારયુક્ત આંખથી આસપાસ નજર કરી. જ્યારે તેની આંખો ટોમસની આંખો સાથે મળી, ત્યારે આ, પોતપોતાની જાતિ કોમમાં પોતાના કરડા સ્વભાવ અને કામ કરવામાં ખંત વાસ્તે પ્રખ્યાત થએલા પુરુષો એક જ નજરે પોતાના દુશ્મનને રોબમાં લઈ પોતાની સરસાઈ સ્થાપિત કરવા ઇચ્છતા હોય તેમ ઘણીવાર સૂધી અરસપરસ જોયા કીધું.

છેવટે ટોમસ બોલ્યો "બંધવારે,, જો તું જરા થોડો હઠીલો અને થોડો ગુમાની હોત તો તે તારી હાલની સ્થિતિને વધારે છાજતું કહેવાત. પણ હશે, તેનું કંઈ નહીં. અમે લોકો ગરીબ અને નરમ મનના છીએ, તથા તને અહીં બોલાવ્યો છે, તે કેવળ વડીલ ભાવથી તારું હિત કરવા જ બોલાવ્યો છે. તું એક દગાખોર, તેમ જ અમારા દુશ્મનોનો છૂપો જાસુસ છે. તેથી તારું મોત તો થવું જ જોઇએ; તોપણ અમે તને જીવતો રાખવામાં રાજી છીએ, કારણ કે અમે બધાએ નબળા મનના છીએ તથા જીવવાના ઉત્સુક છીએ, ત્યારે તું શા વાસ્તે ફોકટને માર્યો જાય? એ અમારો મત છે. વાસ્તે એ તકનો લાભ લીધા વગર તેને જવા દઇશ નહીં.

આલ્મમને કહ્યું, "પાદરીજી, જો તું દયાળુ હો તો સારી વાત છે. મેં પહેલાંથી આવતી વખતે જ, હું મૂર લોકોના હાથમાં કેમ સપડાઈ ગયો, તથા સ્પેનિયર્ડો સાથે મને શા કારણથી ઝગડો થયો, એ સર્વ ખરેખરું

કહી દીધું છે. આ તો નિમાજ પડતાં મસીદ કોટે વળગવા જેવું થયું છે. હું ફરડીનાન્ડ શાહનું હિત કરવા જતો હતો, તેટલામાં મૂર લોકોએ મને પકડી લીધો, જેથી ફરડીનાન્ડને ખાતર મારો જીવ જોખમમાં આવી પડ્યો. ત્યાંથી પણ નાશી છૂટ્યો હતો. તે જ ફરડીનાન્ડ હવે મને મારી નંખાવવા તત્પર થયો છે. જગતનો ઇન્સાફ તો જુઓ. ભલાની દુનિયાં કયાં છે? મેં જે જે અમુલ્ય ફાયદા કરી આપવાનું માથે લીધું હતું, તેના બદલા તરિકે મને મોતની સજા થતી હોય તો ભલે, હું તેને વાસ્તે તૈયાર છું. બેલાશક તારાથી જે થાય તે કરી છૂટ. પણ તારા રાજાને એટલું તો કહેજે કે, આલ્મમનને મારી નાંખવાથી તને જે ગેરફાયદો થશે, તેનો બદલો ત્રીશ હજાર માણુસો રાખવાથી પણ નહીં વળે."

તે સાધુ તુચ્છકાર સહિત બોલ્યો, "બસ, બસ, હવે તારી લુલી બંધ કર. તું હવે એવું ધારતો નહીં કે, તારા પોકળ શબ્દોથી સ્પેનના બળવાન્ રાજા ફરડીનાન્ડને તું છેતરી શકીશ. તને તો હવે, જે રાજાને તેં નોકરી કરી બતાવવાનું વચન આપ્યું હતું, તેના તરફ દગો રમવાના વાંક કરતાં પણ એક વધારે ગભીર ગુન્હાનો જવાબદાર થવું પડશે. સાચું બોલ, શું તું એક યાહુદી નથી?"

હિબ્રુ આંખો કાઢી ગંભીરતાથી બોલ્યો, "માણુસ પોતાનાં કૃત્ય વાસ્તે જવાબદાર થાય છે, પણ તેના મતો વાસ્તે તે જવાબદાર થતો નથી. વાસ્તે સવાલનો જવાબ હું નહીં આપું."

પાદરી બોલ્યો, "સબૂર ત્યારે અમારી પાસે એવાં હથીઆરો છે કે, સખ્તમાં સખ્ત માણુસ પાસેથી તે મનમાન્યો જવાબ કઢાવી શકે છે. કર કબુલ, નહીં તો પછી તેનો ઉપયોગ કરવાની ફરજ પડશે."

હિબ્રુએ કહ્યું, "હું કંઈ તારી ધમકીથી ડરતો નથી; તોપણ હું એક માણુસ છું, અને તેં એ વાત જાણવાની હઠ લીધી છે, તો એવી નજીવી વાત સારુ, શા સારુ સજા ખમું? લે હું કહું છું કે, તારા ક્રાઇસ્ટને મારી નાંખનાર યાહુદી કોમમાં જ મારો જન્મ થયો છે."

પાદરી બોલી ઉઠ્યો, "લ્યો, એ કબુલ કરે છે. લખી લો એની જબાની. બંધવા, તેં આ પ્રમાણે વર્ત્તવામાં ડહાપણ વાપર્યું છે. અમે ઉમેદ રાખીએ છીએ કે, આથી કરી તું મોતથી, તેમ જ શરીરને પીડા આપવાથી પણ બચીશ. વારુ તારી છોકરીને પણ તે જ ધર્મનો ઉપદેશ આપવામાં આવ્યો હતો, કેમ?"

હિબ્રુ બોલ્યો, "શું તું મારી છોકરી વિષે વાત કરે છે? તેના ઉપર તો કંઈ તોહોમત નથી આવ્યું? મારા ઇષ્ટ દેવના સોગંદ ખાઇને કહું છું કે, તમે તેના એક બાળને પણ અડવાની હિમ્મત કરશો નહીં." તેના સવાલ પૂછનારે બેદરકારીથી કહ્યું, "અમારા સવાલનો જવાબ આપ."

આલ્મમને કહ્યું "હા, તેને તેના બાપના ધર્મનાં તત્ત્વો જ શીખવવામાં આવ્યાં છે."

થોડોવાર સ્થંભી તે સાધુ બોલ્યો, "આ શખ્સ કહે છે તે લખી લો. હવે થોડાક સવાલનો જવાબ આપ એટલે બસ, પછી તારી જીંદગી સલામત છે. તારા જાતિભાઇઓને, વગવાળા અને બળવાન્ બનાવવા અથવા તારી લુચાઈ ભર્યા શબ્દોમાં બોલીએ તો ક્રિશ્ચિયન લોકો સરખા હકો અપાવવા વાસ્તે તેં જે ગુપ્ત કાવત્રાં રચ્યાં હતાં, તેમાં, અથવા સ્પેનના રાજકુમારને તારી ખુબસુરત છોકરી ઉપર મોહિત કરવાસારુ જે જાદુ તેના ઉપર કરવામાં આવ્યું હતું, તેમાં તારા જાતભાઇઓએ તને મદદ કરી હતી? કે તેમ કરવા ઉશ્કેર્યો હતો?"

આલ્મમને ગુસ્સાથી કહ્યું, "બસ, ચુપ થા. તેં મારી છોકરીનું નામ લીધું કે નહી? અરે હું શું આ ખરું સાંભળું છું? શું એક રાજાના ઇમાન ઉપર ભરોંસો રાખી, જે છોકરીને મેં આળમાં આપી હતી, તેને તે જ રાજાના છોકરાએ લંપટ વચનો કહી અપમાન આપ્યું છે? પાદરીજી, હું વિનતિ કરી કહું છું કે, ખરેખરી હકીકત હોય તે મને કહો. ખરું છે કે હું એક યાહુદી છું તો પણ એક પિતા તરીકેની, અને માણુસ તરીકેની લાગણી મારા દિલની અંદર કાયમ છે."

પાદરી ટોમસ જે પોતે નાનપણથી સંસારથી વિરક્ત હોવાથી પ્યારનું બંધન કેવું છે, તેની ખુબીથી અજ્ઞ હતો. તેથી તેણે કંઈ પણ લાગણી અનુભવ્યા વગર જવાબ દીધો, "આવા જૂઠા જૂઠા હાવ ભાવ કરી તું અમને ઠગી શકીશ નહીં. જે કંઇ તને સવાલ પૂછવામાં આવ્યો છે, તેનો જ માત્ર જવાબ આપ એટલે થયું. બોલ, એ કાવત્રામાં તારી સાથે કોણ સામેલ હતા?"

આલ્મમન બોલ્યો, "મેં તુંને સઘળું કહી દીધું છે, પણ તુંને મેં મારી છોકરી વિષે સવાલ કર્યો, તેનો તેં જવાબ પણ આપ્યો નહી. જા હું તુંને ધિઃક્કારું છું અને કહું છું કે, તારાથી થાય તે કર; હું તો હવે ચુપ જ રહીશ."

આ સાંભળી ટોમસે પોતાના પાદરી ભાઇઓ તરફ નજર કરી, અને પોતાનો હાથ ઉંચો કર્યો. તેના મદદનીશ પાદરીઓએ કંઈ ગુસ ગુસ

કરી; પછી તેઓમાંનો એક જણ ઉઠી, તેઓની વાંસેના રેશમી પડદાની અંદર જતો રહ્યો. થોડીવારમાં પડદો ખસેડાયો અને તેની અંદર એક બીહામણો ઓરડો કેદીની નજરે પડ્યો. એ ઓરડામાં તરેહ તરેહનાં માણસ જાતને દુઃખ દેવાનાં હથીઆરો ટાંગ્યાં હતાં. ઓરડાની વચમાં પડેલા ચાંમડી તાણવાના સંચાની પાસે એક ઉંચો પડછંગ માણસ કેદી તરફ જોતો ઉભો હતો. તંબુના બારણાં પાસે ઉભેલા બે સીપાઇઓ આલ્મમનની નજદીક આવ્યા, અને તેના હાથ અને પગમાંથી બેડીઓ કહાડી નાંખી. આ સઘળી ક્રિયા આલ્મમન બેધડક રીતે જોયા કરતો હતો.

તરત જ હિક્ષુ આગળ વધતો અટકયો અને અતિશય ગરીબ અવાજથી બોલ્યો, "પાદરી સાહેબ, તમે મારી એકની એક વહાલી છોકરી-વિષે જે ખબર આપી, તેથી મારી બુદ્ધિ ગુંચવાઈ ગઈ છે. મહેરબાની કરી હું પાછો શુદ્ધિમાં આવું ત્યાં સુધી થોભો; અને પછી તમારો સવાલ ફરી પૂછજો. હું બરાબર જવાબ આપીશ."

પાદરી મનથી એમ સમજતો હતો કે, કોઇને દુઃખ અપાતું જોવામાં જ દુઃખ સહન કરવાની શક્તિ આવી રહી છે, તેથી, તથા શરીરનું રક્ષણ કરવા તરફ કુદરતી રીતે ધિઃક્કાર હોવાથી, આલ્મમન યંત્રોને જોઈ ડરી ગયો જાણી તેના મનની નબળાઈ તરફ તુચ્છકારથી હસ્યો અને પછી તેણે તે હિક્ષુને છૂટો મૂકવા ચોકીબાનોને કહ્યું અને પછી આલ્મમન તરફ વળી માયાળુ સાદથી બોલ્યો, "બંધવા, જે સજા તારે વાસ્તે નક્કી થઈ છે, તે અમે પોતે ભોગવી તુંને છોડવી શકતા હઇયે તો અમે ખુશીથી તેમ પણ કરીએ, પણ તેમ બનવું અશકય છે. ભલે, જરા થોભ, તારી વિચાર-શક્તિ પાછી મેળવ. તુંને ત્રણ મીનીટની ફુરસદ આપવામાં આવે છે. પણ તે વખત પછી પણ જો તીનપાંચ કરીશ તો તે કામ નહી આવે."

હિક્ષુએ આભારસૂચક વચનોમાં કહ્યું, "હું આપનો તે વાસ્તે આભારી થયો છું. આટલો વખત મને બસ થશે." આટલું કહી તેણે પોતાનું માથું નીચે ઢાળી દીધું અને કંઈ વિચાર કરતો હોય તેમ પોતાના મોટા ડગલાના સળો છાતી ઉપર જમા કરવા લાગો. આ પ્રમાણે દોઢેક મીનીટ ગઈ હશે; એટલામાં તેણે પોતાનું માથું ઉંચુ કર્યું. તરત જ તેનો ઉપર ઓઢેલો મોટો ડગલો નીચે પડી ગયો. પાદરીએ એક મોટી ચીશ પાડી, ચોકીબાનો બીકથી વાંસે હટી ગયા અને આલ્મમનમાં કંઈ અજબ જેવો ફેરફાર થઈ ગયેલો માલમ પડ્યો. તે જાણે ખરેખર બળતાંની અંદર ઉભો હોય એમ દેખાવા લાગ્યું. તેના મોંમાંથી પણ ભડકા નીકળતા દેખાવા

લાગ્યા. તેના બળતાને લીધે રાતા દેખાતા વાંકા વાળ તેની ગરદનની આસપાસ સરપની મીસાલ સરખા રમવા લાગ્યા. તેનું બદન તદન લોહી જેવું રાતું થઈ ગયું. તેનો લાંબો કરેલો હાથ તપાવેલા લોઢાના સળીઆ મીસાલ દેખાવા લાગ્યો. હવે તે ધ્રુજતા અને થરથરતા કેદીની મીસાલ ઉભો નહોતો; પણ કોઈ ભયંકર જાદુગર અથવા પ્રબળ સેતાનની મીસાલ ભભકાથી ઉભો હતો.

પાદરીઓ તો બીકથી મરી ગયા. છેવટે ટોમસ પોતાની હિમ્મત પાછી જમા કરી બોલ્યો, "પકડો, એ જાદુગરને," છતાં કોઈ પણ પોતાની જગાએથી ખસ્યું નહી. પણ આલ્મમને તે જ વખત તરત જ એક શીશી કહાડી જમીન ઉપર પછાડી. શીશીના અસંખ્ય ટુકડા થઈ ગયા અને ઓરડાની અંદર અંધકાર ફેલાવતો ધુમાડો દેખાવા લાગ્યો. થોડી મુદતમાં તો આખો ઓરડો ધુંવાડાથી ભરાઈ ગયો અને ઘોર અંધકાર વ્યાપી રહ્યું. હિબ્રુનું બળતું શરીર આસ્તે આસ્તે ઝાંખું ઝાંખું દેખાવા લાગ્યું, અને છેવટે સાવ દેખાતું બંધ થઈ ગયું. દરેકની આંખે જાણે અંધાપો આવી ગયો હોય, એમ લાગ્યું. ચીસો અને રાડો સિવાય ત્યાં કંઈ પણ સંભળાતું નહતું. જ્યારે કેટલીક વારે અંધારું નાબુદ થયું, ત્યારે જોયું તો આલ્મમન ન મળે. એક ચોકીબાન લોહી લુવાણ થઈ જમીન ઉપર પડ્યો હતો, તેની જબાની ઉપરથી એમ જણાયું કે, તે સીપાઈ આલ્મમનને નાસતો અટકાવવા જતો હતો, પણ તે, તેને જખમી કરી છૂટાવી નાઠો. આટલું કહી તે સીપાઈ તે જ વખત મરણ પામ્યો. ગભરાટમાં લાંબો વખત સૂધી કોઇએ તપાસ્યું નહી કે, તે કેદી, મજકુર સીપાઇનો ડગલો ઉતારી, તે પહેરી છાવણીમાંથી નાશી જવા પામ્યો છે. એ વાત ઉપરથી સાબીત થતું હતું કે તે જાદુગરને, પોતે સીપાઇનો ડગલો પહેર્યા વગર જાદુનાં જોરથી છાવણીમાંથી નિકળી જઈ શકશે, એવો પોતાના જાદુમાં ભરોસો નહોતો.

પાદરી તરત જ ઘુંટણે પડી ગંભીરતાથી કહેવા લાગ્યો; "કોઈ સેતાન આવી આપણા તંબુમાં ભરાયો હતો. ચાલો આપણે ઈશ્વરસ્તવન કરીએ; જેથી તેની ખરાબ અસરથી મુક્ત થઈ જઇએ."

ભાગ ૩ જો

પ્રકરણ ૧ લું

"રાણી ઈસાબેલા, અને યાહુદી કન્યા"

પાદરીની ધર્મસભાની સન્મુખ ઉપર જણાવેલો દેખાવ ચાલતો હતો, તે વખતે સ્પેનની રાણી ઈસાબેલાએ, પાદરી તથા સ્પેનીશ રાજકુમાર સાથે થએલી મુલાકાતથી દિલની અંદર ભય પામી લીલા શૂન્ય મૂઢ હાલતમાં પોતાના તંબુમાં પડી હતી, ત્યાંથી તેને બોલાવી. લીલા અસલથી જ રાંક સ્વભાવની હતી, તેમ જ તેને ઘણી સંભાળથી અને લાડથી ઉછેરવામાં આવી હતી, તેથી તે બાપડી પોતા ઉપર ગુજરતી સખતી સાથે દૃઢતાથી બાથ ભીડી શકતી ન હતી. એ તો ખરું છે કે, એ, ઈશ્વરી બક્ષીસવાળી અને ઉમદા ખવાસની રાણી, જેનામાં જે કંઈ ઉત્તમ ગુણો હતા તો તે ઈશ્વર તરફથી ખાસ તેને જ મળેલ હતા, અને જે કંઈ ખામીઓ તેની અંદર હતી, તે કેવળ તેની અવસ્થા અને જમાનાની અપૂર્ણતાને લીધે જ હતી. તે પોતાના રાજ્ય ભરથારની પેઠે કંઇક ધર્મની વહેમી અને તીખા સ્વભાવની હતી, તો પણ એટલું તો હતું કે, ધર્મને ખાતર પણ કોઈ ઉપર જુલમ ગુજારવાની તેને ફરજ પડતી તો તેવે પ્રસંગે પણ તેનું મન દયા તરફ વળતું અને જો કોઈ પણ ખુદાનું લાલ એ પાદરીઓની જુલમગાર ધર્મસભાના કૃત્યોની સામે થઈ, જાદુ ચલાવવાના શકમાં ફસાઈ પડેલા ઘણાક નિરપરાધી, અભાગીઆ જીવોનાં દુ:ખો ઓછાં કરી શકતું, તો તેવું માણસ એક રાણી ઈસાબેલા જ હતી. સારાં નસીબે તેનામાં ન્યાયબુદ્ધિ અને કરુણાની લાગણી બહુ જ તીવ્ર હતી. આથી કરી ઘણી વખતે તે, જો કદાચ ખુદ તોહોમતદારને બચાવી લેવા સમર્થ ન થતી, તો પણ તેનાં નિર્દોષ કુટુંબ અને જાત ભાઇઓને તો એ તોહોમતથી બચાવી લેતી જ.

પાદરી ટોમસે, પોતે ફરડીનાન્ડ સાથે મસલત કરી, તથા આલ્મમનની તપાસ લેવા ગયો, તે દરમિઆન રાણીની મુલાકાત પણ લઈ લીધી હતી; અને તે વખતે આલ્મમનનાં દગલબાજપણાં, તથા રાજકુમાર જુઓનના લીલા પ્રત્યેના અપવિત્ર પ્યાર વિષે રાણી પાસે સારી પેઠે મીઠું મરચું ભભરાવી, રંગ લગાડી કહ્યું હતું. એ સમયમાં કોઈ પણ ખ્રિસ્તી સરદાર યાહુદી કન્યા સાથે પ્યારમાં પડતો, તો તેણે મોટું પાપ કર્યું ગણાતું. ઈસાબેલાએ જ્યારે પાદરીની એ વાત સાંભળી ત્યારે, એક

ધર્મી માતા અને ગર્વિષ્ઠ રાણી, જેવું પોતાના પુત્ર વિષે એવી વાત સાંભળી ભય રાખે તેવું, તે પણ પોતાના છોકરાએ કરેલ ધર્મને અપમાન લગાડે એવાં કૃત્યથી ભય રાખવા લાગી. આમ હતું તો પણ લીલાને તેની તપાસ સારુ પાદરીની ધર્મસભાને સોંપી આપવા ટોમસે તેને ઘણુંએ સમજાવ્યું, પણ રાણીએ સાફ ના પાડી; અને એ ત્રાસદાયક ધર્મસભા તે વખતે નવી જ સ્થપાયલી હતી, તેથી રાણીની કબુલાત વગર તેના છાયામાં આવી રહેલા કોઈ પણ માણસને હાથ લગાડવાની તે સભા હિંમત કરી શકતી નહીં.

ઈસાબેલા દઢતાથી બોલી, "સાધુ પુરુષ, ડરો નહી. એ કન્યાની તપાસ કરવાનું કામ હું મારી પોતાની ઉપર લઉં છું અને કંઈ નહીં કરું, તોપણ એ કન્યાને તે અવિચારી છોકરાને લલચાવતી અટકાવવાને ખાતર આ છાવણીથી બહાર કોઈ બીજી સરસ જગાએ મોકલાવી દઈશ જ. એ કન્યાને મારા અને મારા સ્વામીના ઇમાન ઉપર ભરોંસો રાખી તેના બાપે બાંયધરી તરીકે અમારી સંભાળ હેઠળ સોંપી છે; અમે તેને કબુલ કરી છે, અને તેથી તેની સલામતી વાસ્તે અમારું વચન તેને મળી ચૂકયું છે. હું સત્ય ઇમાનથી કહું છું કે, હું જાદુને માનું છું, તેમ જ તેની ઉત્પત્તિ દુષ્ટ સેતાનથી થઈ છે એ પણ કબુલ કરું છું તોપણ રાજકુમાર જુઆન ઉપર જાદુ ચલાવવાનું જે તોહોમત એ છોકરી ઉપર મૂકવામાં આવે છે, તે તો બિન પાયાદાર છે. એ બાપડી એવું પાપી કામ કરે એવી નથી; ઉલટું તેના તરફ આપણા તરફથી પાપયુક્ત અઘટિત રીતે વર્ત્તવામાં આવ્યું છે. વળી મારો પુત્ર પણ નિઃસંશય એ છોકરી યાહુદેણ છે- એમ જાણતો નહી હોય. એ વાતની જો તેને ખબર પડશે તો તે પોતાની ચુક સુધારવાની ઢીલ કરશે નહીં. ધર્મપિતા, આપ આ વાતમાં શક લાવો છો, પણ હું આપને ફરીથી કહું છું કે, આ કામની અંદર મારા ઉપર જે ભરોસો રાખવામાં આવે છે, તે ભરોસાને લાયક હશે તે પ્રમાણે જ હું તેની અંદર વર્ત્તીશ. વાસ્તે ભલા ટોમસ, ભલે તમે સિધાવો. અમને રાજ્ય કરતે લાંબી મુદત થઈ છે, તેથી એક સાદી છોકરી ઉપર અતિ અખતિઆર મેળવવાને, અને તેની પાસેથી કામ લેવાને અમે શક્તિવાન્ ન હઈએ, એમ બને જ નહીં." આટલું કહી રાણીએ એવાં તો મધુર અને રોપ બતાવતા હાસ્યથી પોતાનો હાથ પાદરી તરફ લંબાવ્યો, કે તેનું ચીડીઉં મન પણ તેથી નરમ થઈ ગયું અને નાખુશીથી તેની મરજીને તાબે થઈ નિઃશ્વાસ નાંખી રાણીએ આપે

લીધેલા કામનું શુભ પરિણામ આવવા વાસ્તે કોઈ પોતાના ઇષ્ટદેવનું સ્તવન કરી તંબુ છોડીને તે ચાલતો થયો.

ઈસાબેલાએ મનમાં વિચાર કીધો કે; "ગરીબ બીચારી છોડી! એના કુમળાં અવયવો, અને નાજુક બદન એ સાધુની સખત તપાસનું દુઃખ સહન કરવાને તદ્દન નાલાયક છે! બાપડી કેવી નમ્ર જણાય છે! તેના ચહેરાની અંદર ઓરત જાતના આજ્ઞાંકિતપણાના સર્વ હાવભાવ સાફ દેખાઈ આવે છે. બેશક, જો તેને કોઈ સારા શિક્ષકના હાથમાં સોંપવામાં આવી હોય, તો, તેના પોતાના તુચ્છ ધર્મને તજી ખરો ધર્મ શીખી શકે તેમ છે. વળી તેને જો કોઈ ખ્રિસ્તી મઠની છાયા નીચે મૂકવામાં આવશે તો તે મારા છોકરાની વિષયી નજરથી અને એ સાધુના સખત જુલમથી સલામત રહી શકશે; વાસ્તે આ વખતે મારે તેને મળવું તો જોઇએ જ." આ ઇરાદા પ્રમાણે લીલાને રાણીએ પોતાની હજુર બોલાવી હતી.

જ્યારે લીલા, ઈસાબેલાના તંબુમાં દાખલ થઈ ત્યારે તેને ધ્રુજતે પગલે અંદર આવતી જોઈ રાણી પોતાના દિલમાં દયા લાવી તેના સામું જોઈ રહી. રાણીના હુકમથી જેવો લીલાએ પોતાનો બુરખો ઉંચો કર્યો, તે વખતે તેના ફિક્કા અને તરતમાં ઢાળેલાં આંસુના તાજા રેલાથી અંકિત થયેલા ગાલને જોવાથી તેના દિલ ઉપર પાદરીએ કરેલા ભલામણ કરતાં વિશેષ અસર થઈ, અને તેના અંતઃકરણની દરેક રગમાંથી દયાની શેરો છૂટી રહી.

ઈસાબેલા યાહુદી કન્યાને દિલાસો આપતી હોય તેવી રીતે બોલી; "બેટા, મને ધાસ્તી લાગે છે કે રખે, તે વગરવિચારના તોરી જુવાન રાજકુમારે તને પજવી હોય. છોકરી, હવે એ ધાસ્તી તારા મગજમાંથી કહાડી નાંખ; પણ તને મેં જેવાં આચરણવાળી ધારી છે, તેવાં આચરણવાળી તું જો હોય, તથા તારી નિષ્કલંક આબરુને એબ લગાડે એવાં એ રાજકુમારનાં તને પરણવાનાં માગાં સાંભળવાથી દૂર રહેવા ઇચ્છતી હોય, તો હું જે ઉપાય બતાવું, તે પ્રમાણે વર્તવા ના પાડીશ નહીં."

લીલાએ તે રાણી પાસે એક ઘુંટણે પડી કહ્યું, "ખુદાવિંદ બાઈ સાહેબ, એકાંતવાસ અને આરામિયત આપતું કોઇપણ સ્થળ મને બતાવવામાં આવશે, તો તે હું ઘણી જ ખુશીથી તથા બહુ જ આભારથી કબૂલ કરીશ."

ઈસાબેલાએ નરમાસથી જવાબ દીધો, "લીલા, જે સ્થાનમાં હું તુંને મોકલવા ઇચ્છું છું, તે સ્થાનની એકાંતતા ખરેખર પવિત્ર છે, અને તેની

આશ્ચર્યત તો ઈશ્વરી છે. પણ એ સંબંધી તુંને પછી અનુભવ થશે. હવે રાજકુમારને, તું અહીંથી જતી રહેવાની છે તેની ખબર પડે નહિ, અને ફરીથી આવી તુંને સતાવે, તે અગાઉ આ છાવણીમાંથી નીકળી જવામાં તું વધારે ઢીલ તો નહીં કરે કે ?"

લીલા બોલી, "શું હું ઢીલ કરું ! તેને બદલે મહેરબાન બાનુ, જો હમણાં જ તમે મને અહીંથી રવાને કરતાં હો તો હું આપની વિશેષ ઓશીંગણ થઇશ."

રાણી આ સાંભળી સ્વગત બોલવા લાગી, "મેં એ છોકરીના ગુણની તેના ચહેરા ઉપરથી બરાબર પરીક્ષા કરી છે." આટલો વિચાર કરી તેણીપ્રત્યે બોલી, "ભલે ત્યારે, આપણે આજે જ સર્વ ગોઠવણ કરશું. તું હવે પેલા અંદરના તંબુમાં જા. તારે વાસ્તે એક પાલખી તૈયાર કરવામાં આવશે; અને મધ્યરાત્રિ પહેલાં તો તું અમારા રાજ્યના સર્વથી બહાદૂર સરદારો અને અમીરી ઉમરાવજાદીઓ જે ઘરમાં રહેછે, તેની અંદર જઈ સહીસલામત સૂઈ રહી હઇશ. તને એક ભલામણ પત્ર આપવામાં આવશે, જેથી કરી તારી યજમાના તારી બરાબર બરદાસ્ત રાખશે. તે બહુ માયાળુ છે, તેનાથી તારી કોઇપણ વાત છૂપાવતી મા તથા જે કંઈ સલાહ આપે તે તરફ પૂરતું ધ્યાન આપજે. ઈસુ ભગવાન્ અને મેરી માતા એ બાઈની સલાહ ઉપર નીગેહબાન હોય; જેથી ભૂલમાં ભમતી છોકરીને સદ્ધર્મના માર્ગની સૂઝ પડે."

લીલાએ રાણીનું કહેવું સર્વ સાંભળ્યું અને અજબ થઈ, પણ ચુપ થઈ રહી. પછી ત્યાંથી ચાલી રાણીના હુકમ મુજબ તંબુના બીજા ભાગ તરફ ચાલી, પણ જેવી તે ભાગનાં બારણાં પાસે આવી કે તે ઉભી થઈ રહી અને બોલી, "માયાળુ બાઈ, મને માફ કરો તો હું કંઈ આપને સવાલ પૂછું. તે કંઈ મારા પોતાના અંગ વિષે નથી." રાણીએ કહ્યું. "કંઈ પણ ધાસ્તી વગર કહેને બેટા."

લીલા બોલી, "મારા બાપ વિષે કંઈ આપને ખબર છે? તે મને જ્યારે અહીં મૂકી ગયો ત્યારે તેણે મને વચન આપ્યું હતું કે, આજથી પાંચ દિવસ પછી હું પાછો તને જોવા આવીશ. પણ અફસોસ ! તે દિવસ વીતી ગયો, છતાં પણ હું અહીં અણજાણ્યા આદમીના આવાસમાં એકલી જ પડી રહી છું."

ઈસાબેલા મનમાં બોલી, "દુઃખી છોકરી! એના બાપે કેવું નીમકહરામીપણું કર્યું છે તથા તે વાસ્તે તેને શી સજા થવાની છે, તેથી એ બાપડી અણવાકેફ છે. પણ એને શા વાસ્તે એ વાતની ખબર પડવી જોઇએ!

આ પછીની દુનિયામાં શું શું સુખ છે, તેથી જો તે અજ્ઞાન છે, તો આ દુનિયામાં પડતાં સંકટોથી પણ તેને અજાણ રાખવી જોઇએ." આમ વિચાર કરી પછી તે પ્રકાશપણે બોલી, "લીલા, તું એ વાતની કંઈ પણ ફિકર નહીં કર. તારા અને તારા બાપ વચ્ચે મિલાપ થવાનું કંઈ પણ ખાસ કારણ હશે. પરંતુ જે જગોએ તું આજ રાત્રિએ જવાની છે, ત્યાં તને દોસ્તોની ખામી મુદ્દલ નહીં જણાય."

લીલા બોલી, "દરિયાએ હાફેજ઼! હવે ફક્ત થોડુંક જ પૂછી હું ચૂપ રહીશ. ખુદાવિંદ બાનુ, મારા તંબુની અંદર હમેશાં કોઈ કરડો બુઢ્ઢો મરદ આવે છે! અરે તેનું નામ સંભાર્યાથી પણ મારા શરીરનું લોહી ઠરી જાયછે, એ બુઢ્ઢો જ્યારે જ્યારે મારી પાસે આવે છે, ત્યારે ત્યારે એક દુશ્મનના જેવી લાગણીથી મારા બાપ વિષે સવાલો કરે છે, અને એ સવાલો પૂછી મારા બાપને ફસાવી મારે એવી વાતો મારી પાસેથી કઢાવવા યત્ન કરે છે. કૃપાળુ રાણી, આ શખ્સને તમે ઓળખો છો? મારા પિતાને હરકત કરવાની તેનામાં સત્તા તો નહીં હોય?"

રાણી બોલી, "બચ્ચા, શાંત થા, જે પુરુષ વિષે તું બોલે છે, તે ઇસા ભગવાનનો પાદરી છે. નિરપરાધી માણસોને તેનાથી ડરવા જેવું કંઈ નથી. તારા વિષે જો હું કહું તો બેટા, તારે તો ખુશી થવા જેવું છે કે, જે ઘરમાં તુંને હવે પછી રહેવાનું છે, તેમાં ફરીથી તું એ સાધુને જોઇશ નહીં. ગરીબ છોકરી, શાંત થા, અને રડ નહીં. સર્વ લોકોને માથે કંઇને કંઈ ફિકર આવી પડેલી હોય છે. આપણી તો ફરજ છે કે, આ ઝહાનમાં જે કંઈ આપણા ઉપર પડે, તે આવતી દુનિયામાં સુખ મેળવવાની ઉમેદ રાખી સહન કરવું.

રાણીને પોતાને પણ ભભકાથી શાંત ન થઈ શકે તથા સત્તાથી નરમ ન પડી શકે એવું કેટલીક પ્રકારનું પોતાના ઘર સંબંધીનું તેને દુઃખ હતું, તેથી કરી ઉપરના છેલ્લા શબ્દો તે એવી તો ભવિષ્યસૂચક ગમીથી બોલી કે, તેણે તેના માયાળુ સ્વર અને હેતાળ ચહેરાથી લીલાનાં નરમ થઈ ગયેલા અંતઃકરણને વધારે નરમ બનાવી દીધું. એ સાફ દિલવાળી લીલા, તરત રાણી નજદીક આવી એક ઘુંટણે પડી, પોતાના ઉપ રઉપકાર કરનારી રાણીનો હાથ ઝાલી પ્રેમલાગણી સહિત તેના ઉપર ચુંબન કરી, તેને આંસુથી ભીંજવી નાંખી બોલી, "શું તમે પણ આટલાં બધાં દુઃખી છો? ત્યારે તમારા હકમાં શુભ થવા વાસ્તે હું મારા પ્રભુની પ્રાર્થના કરીશ." લીલાએ આ પ્રમાણે રાણીનો હાથ ઝાલવાની તથા ઉપર પ્રમાણે કહે-

વાની સાદાં દિલથી હિંમત કરી તે જો બીજા કોઇએ ત્યાં જોયું હોત તો તે, એ ચાલને રાણીને અપમાન પહોંચાડનાર સમજત. પણ રાણી તો તેથી અજબ થઈ, પણ મનમાં દયાર્દ્ર થઈ પોતાના હાથને લીલાની આભારસૂચક બાથમાં જ રહેવા દઈ, બીજો હાથ પોતાની સન્મુખ ઘુંટણે પડેલી નિર્દોષ કુમારિકાનાં સુંદર છૂટાં પડેલા માથાનાં ઝુલ્ફાં ઉપર ફેરવતી તે બોલી, "બચ્ચા, જ્યારે તારો ને મારો ઇષ્ટદેવ એક જ થશે, ત્યારે તારી સ્તુતિ તારા અને મારા હકમાં શુભ કરી શકશે. સુખી થા બેટા, મારા દિલની અંદર માતા તરીકેની લાગણી કાયમ છે, અને તું મા વગરની છે, જેથી તુંને જોઈ મારા દિલની અંદર શું શું લાગણીઓ થાય છે, એ હું જ સમજું છું."

પ્રકરણ ૨ જું

લીલાને ઉપજેલો ખ્રિસ્તી ધર્મ ઉપર મોહ

જે વખતે આલ્મમન એ ખ્રિસ્તી પાદરીઓની ધર્મસભામાંથી ભેદ ભરેલી રીતે નાશી ગયો, તે જ વખતે અને લગભગ તે જ પળે એક નાનો સરખો કાફલો એક પાલખીમાં લીલાને બેસારીને ઈસાબેલાના તંબુમાંથી નીકળ્યો. આ કાફલાની અંદર જે માણસો હતાં, તે ઈસાબેલાના ખાસ અંગરક્ષકોમાંના વીર સિપાઇઓ હતા. તેઓ સ્પેનિશ છાવણી વટાવીને જે આંટીગુંટીવાળો સાંકડો ડુંગરાઉ રસ્તો સ્પેનની સરહદમાં જ આવેલો હતો, તે રસ્તે થઈ એક ઉંચું ચઢાણ ચઢી, સ્પેનિશ અને મૂર લોકો વચ્ચેની મજકુર રમણીય લડાઇમાં મશહુર થયેલ એક મજબૂત કિલ્લેબંધીવાળા ગઢની નજદીક આવી થોભ્યા. દરવાજા પાસે આવતાં નાકામાં ચોકી કરતા પહેરેગીરના "ખડે રો"ના ધાડા અવાજથી અને નાકાના અદેખાં કમાડના "ચીરરરરકુક" કરતા અવાજથી તેમ જ દરબારના ચોકની ખડબચડી જમીન ઉપર પડતી ઘોડાઓની પડઘીના અવાજથી અને ચંદ્રના રૂપેરી કિરણોથી પ્રકાશિત થએલા ગઢના બુરજો અને કોઠાઓને કંઈ કરતા તથા સમારતા હોય તેમ બનાવી દેતી તથા સિપાઇઓના દાઢીવાળા કરડા ચહેરાને દશ્યમાન કરતી મસાલોના ભભક મારતા પ્રકાશથી આખા દિવસના થાક અને આવેશથી સચેત પણ સ્તબ્ધ હાલતમાં પડેલી લીલા પાછી ખરી શુદ્ધિમાં આવી. તરત જ એક બુઢ્ઢા રસોડાના દરોગાએ ત્યાં આવી લીલાને પોતાની સાથે લઈ લીલાનાં આનડા શહેરમાંનાં મહેરાબદાર સ્તંભો ઉપર બાંધેલાં ભભકાદાર ઘરનાં કરતાં કેવળ જુદા જ દેખાવના, સોનેરી

ગુલદાર રેશમી લૂગડાંથી ઢાંકી લીધેલા દિવાલોવાળાં, ગાથીક બાંધણીના ઓરડાની અંદર તેને તેડી ગયો. લીલા જેવી ઓરડામાં દાખલ થઈ કે, તરતમાં જાગેલી એ મઠમાં રહેનારી સાધુ થઈ ગયલી ખ્રિસ્તી કન્યાઓ તરત જ માનસહિત તેની આસપાસ વીંટી વળી. એ કન્યાઓને જો ખબર હત કે આ નવી આવનાર ઓરત એક યાહુદણ છે, તો તેઓ તેને એટલું બધું માન આપત નહીં. તેઓ તેની અલૌકિક ખુબસૂરતી તથા નવીન પરદેશી પહેરવેશ જોઈ અજબ રહેતી હતી, તથા તેણે અહિં આવી તેઓની મંડળીમાં વધારો કર્યો તેથી ખુશી થતી હતી. લીલા જેવી સ્થિતિમાં અહીં આવી, તેથી કેવળ જુદી જ સ્થિતીમાં જો તે અહીં આવી હત તો આ નિસ્તેજ દેખાતા ઓરડા તથા આશ્ચર્ય ઉપજાવે એવા દેખાવો જો છાવણીનાં ઘોંઘાટ, રાજકુમારનાં પરણવાનાં માગાં અને પાદરીના કરડા સવાલો એ સર્વથી છૂટવાની જ ધારણા હતી તેથી તેને તો એ ઓરડા વગેરે દેખાવો આનંદદાયક લાગ્યાં. તે મનમાં વિચારવા લાગી કે, "રાણીએ પોતાનું વચન બરાબર પાળ્યું છે. હું હવે અહીં આરામિયત તથા સુખમાં રહી શકીશ." આવા આવા વિચારો મનમાં આવવાથી રાતે તેને ઉંઘ મોડી આવી અને જ્યારે જાગી ત્યારે જોયું તો લગભગ બપોર થવા આવ્યા હતા, એમ તેને જાળીયામાંથી જોતાં જણાયું. તેણે પોતાની આંખ ઉઘાડી જોયું તો પોતાના બીછાનાની નજદીક એક ઉમરે પહોંચેલી, પણ મમતાળુ અને પહેલી નજરે જ જોનારને દિલ ખુશ લાગે એવી અને ફિકા રંગવાળી ઓરતને બેઠેલી દીઠી. તેણે જો કે કાળાં વસ્ત્રો પહેર્યાં હતાં, તોપણ તેના જભાની બાહેની અંદર તથા શૃંગાર તરીકે છાતી ઉપર પહેરાતાં કપડાની અંદર જે કીમતી મોતી જડ્યાં હતાં તેથી, તથા સોનાની સાંકળીમાં લટકાવેલા હીરા જડિત ક્રુસથી તથા તેથી પણ વિશેષ વળી હુકમ કરે એવી દબદબાવાળી તેની લઢણથી લીલા જેવી બીન-અનુભવી છોકરીને પણ જણાઈ આવ્યું કે, આ કોઈ ઉંચા દરજ્જાની ઓરત છે.

એ બાઇએ દયાભાવથી લીલાને કહ્યું, "બચ્ચા, તું કંઇક મોડી ઉઠી છે, પણ ફિકર નહીં. ઉંઘવાથી તારી થાક ઉતરી ગઈ હશે. મને તું આવી છે એવી હમણાં જ ખબર પડી, નહીં તો મારી મહેરબાન રાણીએ મોકલેલા પરોણાને હું સર્વથી પહેલી જ મળવા આવત."

આ બાઇનું નામ ડોના ઈનેઝડી કવેકઝાડા હતું. એના શબ્દો કરતાં એના ચહેરાની અંદર એવી તો નરમાશ રહી હતી કે, તેથી લીલાનું દુઃખિત મન ટાઢું થયું. ખરું કહીએ તો લીલા એક એવાં માણસની મેહેમાન થઈ હતી કે, જેના જેવું શુદ્ધ ખ્રિસ્તી લોહીનું પવિત્ર માણસ

સ્પેનની અંદર જવલ્લે જ મળી આવે. તે બાઈ લીલાના યાહુદી ગ્નાતિ ભાઈઓને મુદ્દલ ધિક્કારતી ન હતી અને દુઃખ દેવાનો વિચાર પણ કરતી નહીં. ડોના ઈનેઝ પોતે એક યાહુદીની આભારી થઈ હતી, જેથી તે આભારનો બદલો આપી કોમ ઉપર વાળવા તે ઇચ્છતી હતી.

આ મજકુર આનડાની લડાઈ થઈ, તે અગાઉ ઘણાં વરસ પહેલાં ડોના ઈનેઝ અને તેનો ભરથાર નેપલ્સ શહેરમાં સ્પેન તરફથી કંઈ રાજકીય કામ પ્રસંગે આવ્યાં હતાં. આ વખતે સ્પેન અને નેપલ્સના રાજ્યો વચ્ચે ઘાડ સંબંધ ચાલતો હતો. આ વખતે ડોના ઈનેઝને ફક્ત એક જ છોકરો હતો. આ જવાન શખ્સ ઢંગઢાવ વિનાનો તથા જંગલી સ્વભાવનો હોવાથી તેને કંઈ સાહસિક કામ કરવાનું મન થયું અને તે મુજબ પૂર્વ તરફના દેશોમાં મુસાફરીએ ચાલ્યો. તે એકાદા ઉજ્જડ પ્રદેશમાં મુસાફરી કરતો હતો, તેવામાં એક વખત એક પૈસાદાર વણજારાએ તેનું ચોરોથી રક્ષણ કર્યું હતું. આથી કરી જેવી રીતે ભટકતાં અને તરંગી મિજાજનાં માણસો વચ્ચે, બંને જણાં એક જ કામ વાંસે લાગ્યાં છે એવું જાણી જેવી તરેહની દોસ્તી બંધાય છે, તેવી રીતની દોસ્તી પેલા વણજારા સાથે બાંધી. વખત જતાં તેને માલુમ પડ્યું કે, તેનો વણજારો સોબતી તો એક યાહુદી છે, આથી કરી જમાનાના દોર પ્રમાણે પોતે એક ખ્રિસ્તી છે જેથી તેને નીચ યાહુદી સાથે દોસ્તી બાંધવી ન જોઇએ. આ વિચારથી તથા પોતે એક યાહુદીનો ઉપકારી થયો છે એ વિચારથી સંકોચાઈ તેણે પોતાના સોબતીને છોડી દીધો. મુસાફરી કરતાં કરતાં છેવટે કંટાળી ઘર તરફ વળતો હતો, એટલામાં ઓચિંતા સખત તાવે તેના ઉપર હુમલો કર્યો. તેની સાથેનાં સઘળાં માણસોએ જાણ્યું કે, એને તો મરકી થઈ છે, તેથી તેઓ સર્વ તેને પડતો મૂકી અળગાં થઈ બેઠાં, અને બાપડા નિરાધારને મરવા પડેલો રહેવા દીધો. આ વખતે પણ એક પુરુષે તેની બારીક હાલત જાણી લીધી અને દયા ખાઈ તેની બરદાસ્ત લઈ ચાકરી કરી, તથા પોતે દવા દારુમાં હુશિયાર હોવાથી કેટલાક ઉપાયો અજમાવી છેવટે તેને સારો કર્યો. આ પુરુષ તે જ યાહુદી હતો, જેણે તેને અગાઉ ચોરોથી બચાવી લીધો હતો. આ તેના બીજી વખતના અને વિશેષ સ્તુતિપાત્ર ઉપકારને લીધે સ્પેનિયર્ડનું ધર્મ સંબંધીના તફાવતનું ગુમાન બેસી ગયું અને તે દિવસથી એ યાહુદીપર ઉપકારની લાગણી સહિત અત્યંત પ્યાર રાખવા લાગ્યો. તેઓ કેટલીક મુદ્દત સુધી સાથે રહ્યા, અને પછી તે ઇઝરાયલીસ્ટ અને એ જવાન કવેકઝાડા પાછા નેપલ્સ આવ્યા. ડોના ઈનેઝે પણ તે ઇઝરાયલિસ્ટનો પોતાના છોકરાનો જાન

બચાવવા વાસ્તે સારો આભાર માન્યો. ડોના ઈનિઝનાં મનમાં આ ઉપકારની લાગણીએ વિશેષ જડ ઘાલી. તે કેવળ કંઈ એ ઉચ્ચ વિચાર અને દબદબાવાળો યાહુદી, તેના જાત ભાઈઓના જેવો હાજી હા કરનારો ન હતો તેથી જ નહીં, પણ તેની તરતમાં પરણેલી ઓરતની આશ્ચર્યજનક ખુબસૂરતી અને નમ્ર ચાલચલગતથી પણ તેમાં વધારો થયો હતો. આ ઓરતને તે યાહુદી હાલની સુધરેલી ફેશન પ્રમાણે પસંદ કરી પરણ્યો હતો. યુવાન્ કવેકઝાડા નેપલ્સમાં આવ્યા પછી ઘણા દિવસ જીવવા પામ્યો નહીં. લાંબી મુસાફરીનો થાક અને સખત મંદવાડ ભોગવ્યા પછી રહેતી નાકૌવતીને લીધે તે બાપડાનો બાંધો નબળો પડી ગયો હતો, જેથી દિનદિન તે ઘસાતો ચાલ્યો. છેવટે પોતાના અંતકાળે આ ખ્રિસ્તીપુત્રે, પોતાના મરણ પછી તદ્દન સંતાન વગરની થઈ જનાર પોતાની મા, જેની અંદર તેના ભરથારના જેવું કૅથોલિક ધર્મ વિષે બેસમજ ભરેલું ગુમાન ન હતું, તેને પોતાની પથારી પાસે બોલાવી, અને પોતાઉપર એક યાહુદીએ જે ઉપકાર કર્યો છે, તેના એ યાહુદીએ પોતાને મોંએ માંગેલા નજીવા બદલા તરીકે, ધર્મ ઝનુનપણાંથી યાહુદી કોમના કોઈપણ માણસપર કોઈપણ પ્રકારનો જુલમ ગુજરતો હોય તો તે જુલમથી તેનું રક્ષણ કરવું અને તેને દિલાસો આપવા બનતો પ્રયત્ન કરવો, એવું વચન પોતાની મા પાસેથી તેણે માગી લીધું. ડોન ઈનિઝે, પોતાના લોહીથી ઉત્પન્ન થયેલા છોકરારૂપી છોડની છેલ્લી વિનતિ પૂર્ણ કરવા આપેલું વચન બરાબર પાળ્યું. તેની પોતાની તેમ જ તેના ધણીની સ્પેનમાં સારી નામના અને સત્તા હોવાને લીધે, તથા ઈનિઝને સ્પેનની રાણી ઈસાબેલા સાથે બચપણથી દોસ્તી હોવાને લીધે, તે પાછી જ્યારે નેપલ્સથી સ્પેન આવી, ત્યારે ઘણાક યાહુદી લોકો, જેના ઉપર જુલમ કરવાનું ખાસ કારણ તો તેઓનો પૈસો ખુંચવી લેવાનું હતું, પણ બહાર બતાવવાનું કે તેઓ વિરુદ્ધ ધર્મ માનનારા છે તેથી તેઓ ઉપર જુલમ કરવામાં આવે છે, તેવા બાપડા યાહુદીઓને ખોટેખોટાં તોહોમતોથી અને જુલમથી એ બાઈએ બચાવી લીધા હતા. વળી પોતે દંઢ કૅથોલીક મતની હતી, જેથી પોતાના યાહુદી તરફનાં આવાં ઉદાર કૃત્યને લીધે તે યાહુદીમાં પણ માન પામતી હતી અને તેથી તેઓમાંના ઘણાકને તેઓનો ધર્મ મૂકી કૅથોલીક ધર્મ ગ્રહણ કરી સ્વર્ગીય સુખ લેવાનો ઉપદેશ હમેશાં આપતી હતી. આ પ્રમાણે તેણે પોતાના માયાળુ અને નમ્ર શબ્દોથી ઘણાકને કૅથોલીક ધર્મમાં આણ્યા હતા. તેઓ ઉપર જો જબરદસ્તી કરવામાં આવી હોત તો તેઓ તે

ધર્મ કબુલ કરત નહી. આ પ્રમાણે વર્તી તે ભલી સાધુડીએ ખ્રિસ્તી લોકોમાં પણ સારી નામના મેળવી હતી. આવાં આવાં કારણોથી જ ઈસાબેલાએ લીલાનું બરાબર રક્ષણ કરવા વાસ્તે તેને ધર્મનો ખરો ઉપદેશ કરવા વાસ્તે તેને પસંદ કરી હતી.

ડોના ઈનેઝ એકદમ મોટી મોટી તકરારો કરી લીલાને પોતાનો ધર્મ કબુલ કરાવવાને બદલે આસ્તે આસ્તે યાહુદી ધર્મની અંદરની કેટલીએક ખામીઓ બતાવી, તેના મનમાં ધર્મનો જુસ્સો નરમ કરવાનું પ્રયત્ન કરવા લાગી. લીલા સાથે વારંવાર જે જે વાતો થતી, તેની અંદર લીલા પોતાના ધર્મ સંબંધીના એવા તો ઉંચા અને સાદા મતોથી તકરાર ચલાવતી હતી કે, બાપડી ડોનાઇનેઝ વારંવાર ગુંચવાઈ જતી ને આશ્ચર્ય પામતી. કારણ કે ગમે તો એમ હો કે આલ્મમનના મનની અંદર યાહુદી લોકો ઉપર તેઓનાં નીચપણાં (એ નીચપણું કેવળ તેઓના ઉપર ગુજરતા જુલમને લીધે જ તેઓમાં ઉત્પન્ન થયું હતું, અને તેઓ પાસેથી હમેશાં જોર જુલમથી પૈસા કઢાવવામાં આવતા હતા. આજ કારણથી તેઓ કંજુસ થઈ ગયા હતા, ને લીધે ધિક્કાર હોવાથી તેઓને પણ લીલાની સાથે કંઇપણ વ્યવહાર રાખવા દેતો નહીં, તેથી, કે પછી યાહુદી ધર્મનાં ફરમાનોના, તેના પોતાના ફિલસુફી ભરેલા વિચારોને લીધે સાધારણ રીતે લોકોમાં સમજાતા અર્થના કરતાં તે કંઈ જુદા જ અર્થ કરતો હોય તેથી, પણ લીલાના દિલની અંદર એ યાહુદી ધર્મસંબંધી જે કંઈ વિચારો ઉતારવામાં આવ્યા હતા, તે હાલ સૂધી ડોનાઇનેઝના સંબંધમાં આવેલા બીજા યાહુદીઓના કરતાં કેવળ જૂદી જ તરેહના હતા. લીલાને શીખવવામાં આવેલા એ મતની અંદર ઈશ્વર અહિક કે જીવવાળો છે, એમ માનવાનું શીખવવામાં આવ્યું હતું નહી. તેમ જ એ મંતવાળા લોકો ઈશ્વરને માણસ જાતના જેવી લાગણી અને ગુણોવાળો સમજતા નહીં, તથા તેઓ ઈશ્વરને આખી સૃષ્ટિનો કર્તા અને ઉપરી ગણતા, તેમ છતાં પણ રક્ષણકર્તા તો કેવળ યાહુદીની પવિત્ર કોમને જ લેખતા, એવા યાહુદીઓના એકલપેટા વિચારને ધિક્કારતો હતો. તથા એ મતને આત્મતત્વ વિચારયુક્ત કેવળેશ્વર વાદ ગણવાને બદલે એક મૂર્ખાઈ ભરેલો અને બેહુદો એક ઈશ્વર નાદ ગણતા. લીલાનું ધ્યાન તેનો પરમેશ્વર પોતાની પસંદ કરેલી જાતની સંભાળ લેશે, એ બાબત કરતાં ઉપર ઉપરથી જોનારને કરડા દેખાતા ઇશુ દેવને માનવા તરફ થોડું ધ્યાન ખેંચવામાં આવ્યું હતું. જે વખતે આખી દુનિયા અસંખ્ય પૂતળાંઓને પૂજવાનું કબુલ કરતી હતી, તે વખતે નહિ સુધરેલા અને

જંગલી લોકો સાથે એકાંત જગામાં પડે પડે પણ જે શખસે ઉત્તમ પ્રકારનું જ્ઞાન સંપાદન કરી ફિલસુફી ભરેલા વિચારો મગજમાં ભરી લીધા હતા તથા જે શખસ મૂર્તિ પૂજવાના સઘળા મૂર્ખ વિચારો તરફ તથા ઈશ્વરને મનુષ્યની સાથે સરખાવવાના મત તરફ ધિક્કારની નજરથી જોતો હતો, તે ભેદી શખસે લીલાને જે ધર્મસંબંધી કેળવણી આપી હતી, તે કંઈ મૂર્ખાઈ ભરેલી હોય એમ કેમ ધારી શકાય? લીલા, યાહુદીના ટુંકા અને બીજા કોઈને પણ પોતા સરખા ન લેખવાના મતથી કેવળ અણુવાકેફ હતી. તે હતી તો યાહુદેણ, પણ બરાબર કહીએ તો, સર્વનો પરમેશ્વર એક જ છે, એવા મતવાળી હતી તથા આવતી દુનિયામાં સારાં નરસાં કૃત્યોનું ફળ મળશે, એમ માનનારી હતી. ચાલાક ડોના ઈનિઝે તરત જાણી લીધું કે, તે આવા મતવાળી છે. તેથી તેને મનમાં નક્કી લાગ્યું કે, લીલાને પોતાના ધર્મમાં લઈ શકાય તેમ છે. જે માણસના મગજમાં સ્વેચ્છાથી પરમેશ્વરમાં વિશ્વાસ બેસી ગયો હોય, તે માણસ આ સિવાય બીજી દુનિયા છે એવું ન માને, એ વાત અસંભવિત છે. ડોના ઈનિઝે લીલાની નવું નવું જાણવાની જિજ્ઞાસા પ્રદીપ્ત કરી, અને લીલા, ઘણી ખુશીની સાથે ડોના ઈનિઝ જે કંઈ કહેતી, તે સાંભળતી તથા તે જે જે મતો તેના મનમાં ઉતારતી, તે ખુશીની સાથે કબુલ કરતી; કારણ કે, આ મતો ડોના ઈનિઝ કંઈ જોર જુલમથી તેને મનાવતી નહીં, પણ ધીમે ધીમે સમજાવી સમજાવી તેના મનમાં ઉતારતી હતી. તેમ જ લીલાની આસપાસ તેના મતો ફેરવે, એવું કોઈ નહોતું. વળી પોતાના ધર્મની વાતો અને એહવાલોથી તે અજ્ઞ હતી. આવાં કારણોથી લીલા આ ખ્રિસ્તી મતો પોતાના યાહુદી ધર્મના જૂના પુસ્તકોને આધારે બાંધેલા છે, એમ સમજવા લાગી અને આવા મતો બંધાવા પછી એ ધર્મથી ડરી પાછા હઠવા જેવું તેને કંઈ લાગ્યું નહીં. ઈસાએ સહન કરેલાં દુઃખો તેની ઉત્તમ પવિત્રતા, તથા ક્ષમા કરવાની અત્યુત્તમ રીતથી કરી લીલાનાં નરમ હૃદયમાં સારી અસર થઈ. ઈસાના શ્રેષ્ઠ વિચારો લીલાની બુદ્ધિને પસંદ પડ્યા. તે એમ સમજવા લાગી કે, સ્વર્ગની અંદર ગમે તો રાય હો કે ગમે તો રંક હો, ગમે તો જુલમગાર હો કે ગમે તો જુલમ સહન કરનાર હો, પણ એ સર્વનું તારણ કરવા વાસ્તે તે પરોપકારી પુરુષ પોતાનો હાથ લંબાવી બેઠો છે. એ બાપડી ઘરથી વિખૂટી પડી હતી, તેમ તેની યુવાનીનો ખૂબીવંતો અને ઉંડો પ્યાર નિષ્ફળ થવા જેવું થયું હતું. આવાં આવાં કારણોથી આ સૃષ્ટિનાં સુખોપરથી તેનું મન ઉઠી

જઈ ઈશ્વરી સુખ તરફ દોડયું. કેટલીક બાબતો સાથે મુકાબલો કરતાં તેને એમ ભાસવા લાગ્યું કે, ખ્રિસ્તી ધર્મ યાહુદી ધર્મનું બીજું રૂપ છે.

લીલાની ઉપદેશક, કૅથોલીક ધર્મમાં કઈ કઈ ખામીઓ છે તે વિષે તથા અમુક જાતો કઈ કઈ બાબતો જૂદી પડેલી છે તે બાબતમાં તેની પાસે કંઈ બોલતી નહી; બલકે તે કોમો કેટલીક બાબતમાં અરસ પરસ મળી ગયેલા છે એમ જે લીલા માનતી, તે તેને માનવા દેતી. આમ થવાથી લીલા જો કે ખરું જોતાં તો ખ્રિસ્તી મતની થઈ ગઈ હતી તો પણ તે પોતે, એક યાહુદેણ છે એવું હજી સૂધી તે માનતી હતી. પણ ખૂબસૂરત લીલાનાં દિલમાં એક વાત હમેશાં ડંખ્યા કરતી હતી અને વારંવાર તેની શાંત થયેલી મનોવૃત્તિને અસ્થિર બનાવી દેતી હતી. એ વાતનું જો લીલાને સ્મરણ નહોત તો તે ખરેખર આ ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરી મનને શાંત બનાવી દેત. તેને વારંવાર મનમાં થઈ આવતું હતું કે, "મારો પિતા, જેનાં કરડાં મન અને ભેદી કિસ્મતને નરમ પાડી દિલાસો આપનાર કેવળ હું જ છું, તે જો આ પ્રમાણે મારું આ ખ્રિસ્તી ધર્મ સ્વીકાર કરવાનું સાંભળે તો તેના મનમાં શું થઈ આવે ! તેમ જ શું આવી રીતે વર્ત્તવાથી મૂર લોકોમાં ઈશ્વરતુલ્ય મનાયેલા મારા મનના માન્યા મુસા સાથે કોઈ પણ દિવસ મળવાની ઉમેદ, તે શું નાબુદ નથી પામતી ! પણ અફસોસ, દૈવે પ્રથમથી જ અમોને જૂદાં પાડી નાંખ્યાં છે. અમારો ધર્મ કેવળ જૂદો જ છે" આવા વિચારથી તે બાપડી વારંવાર નિઃશ્વાસ તથા આંસુ નાંખતી ચોંકી ઉઠતી હતી.

રફતે રફતે જેમ જેમ લીલાનું મન આ નવા ધર્મ તરફ વળતું ગયું, તેમ તેમ તેનું વલણ એ ધર્મનાં ચિત્રો અને મઠની શાંત જીંદગી તરફ વોરાતું ગયું. તેનું મન આ સૃષ્ટિનાં સુખોથી નાઉમેદ થઈ ગયું હતું. તેથી તથા આ નવા ધર્મના વિચારો મગજમાં ભરાયાથી, એ યુવાન્ કુમારિકાને આ સૃષ્ટિની મોહજાળથી હમેશ વાસ્તે છોડાવનારી તથા સ્વર્ગનું નિરંતર સુખ આપનારી આ મઠની શાંત જિંદગીમાં કંઈ અજબ ખૂબી દિસવા લાગી. પોતાનો ઉદ્ધાર કરવાની લાગણી સાથે બીજાનો મોક્ષ કરવાની લાગણી પણ તેના દિલની અંદર થવા લાગી હતી. કારણ કે હવે તે સમજવા લાગી હતી, કે પોતાનો ધર્મ છોડી સંસારસુખ તજી ખ્રિસ્તી ધર્મમાં જો કોઈ આવે અને તે પોતાના ઉંધે રસ્તે ચડી ગયેલા જાત ભાઈઓના હકમાં જો બંદગી કરે તો તે ઈશ્વર પાસે કબૂલ રહે છે અને તેથી તેઓનો ઉદ્ધાર થઇ શકે છે. આવી આવી બાબત તો લીલાના

મનમાં હમેશાં ઘોળાવા લાગી અને છેવટે ખૂબ ગુસ્સામાં આવી તેણે ખ્રિસ્તી ધર્મ સ્વીકારવા નક્કી કર્યું.

પ્રકરણ ૩ જું

"લડાઈ કરવાના વખતનું આવી પહોંચવું"

જે દિવસે બોઆબદિલશાહે પોતાના લોકો સાથે સલાહ કરી મેદાનમાં આવી પોતાનાં બહાદુર લશ્કરની કવાયદ જોઈ, તેને ત્રીજે દિવસે બોઆબદિલ પાદશાહ પોતાના સામંતો અને સરદારો સહિત મોટી કચેરીમાં બેસી દુશ્મનની છાવણી ઉપર એકદમ હલ્લો કરી, દુશ્મનને પૂરેપૂરા હંફાવવા સંબંધીમાં ગોઠવણી કરતો હતો, તે વખતે એક જાસુસ શ્વાસ ભેર દોડતો મહેલના દરવાજા પાસે આવ્યો. તે એક અણધારી અને અતિશય આનંદ ઉપજાવનારી ખબર લાવ્યો હતો. એ ખબર એ હતી કે ગઈ રાત્રે ફર્ડીનાન્ડ પોતાની છાવણી ઉઠાવી ડુંગરાઉ રસ્તેથી થઈ કૉરડોવા તરફ ચાલતો થયો છે. આ વાત એમ થઈ કે, જે વખતે ફર્ડીનાન્ડ પોતે ગ્રાનડા શહેરને ઘેરો ઘાલી પડ્યો હતો, તે મુદત દરમિયાન તેના સ્પેનના મુલકમાં કેટલાક લોકોએ તેના વિરુદ્ધ એક સંપ કરી બળવા જગાવ્યા હતા. આ ખબર જ્યારે ફર્ડીનાન્ડને છાવણીમાં મળી ત્યારે તેણે પોતાનું ધ્યાન હવે પોતાના મુલક તરફ રોકવાનું દુરસ્ત ધાર્યું તેથી, તથા આલ્મમન સાથે ચલાવેલાં કાવત્રામાં પણ નિષ્ફળ થવાથી ગ્રાનડા શહેરને જલદીથી તાબે કરી લેવા સંબંધી હવે તે પોતે નાઉમેદ થઈ ગયો હતો, તેથી એ સ્પેનના રાજાએ નક્કી કર્યું કે, મૂર લોકોનાં વેગ નામના શહેરની પૂરી ખરાબી કર્યા પછી છાવણી ઉઠાવી જવી અને પોતાના બીજા સર્વ દુશ્મનોને જળ મૂળમાંથી કાઢી નાંખી, તેઓથી નિર્ભય બની પોતાની તિજોરી પાછી તર કરવી. તેમ કીધા પછી ફરીથી ગ્રાનડા શહેરને ઘેરો ઘાલી પડ્યા રહેવું. કારણ કે હવે તેમ કર્યા વગર ગ્રાનડા ઝટપટ શરણ થાય તેમ ન હોતું. તેણે યાહુદી લોકો પાસેથી પૈસા કઢાવવા, એટલું જ નહી પણ હાલ જે ખ્રિસ્તીના વડવાઓ યાહુદી હતા તથા જેઓની અંદર યાહુદી ધર્મમાં પાછા જવાનો શક રહેતો હતો, તેઓની પાસેથી પણ જોર જુલમથી પૈસા કઢાવવાની મોટી મોટી યોજનાઓ પાદરી ટોમસ સાથે કરી હતી.

સ્પેનીઆર્ડોની છાવણીમાંથી આલ્મમન અજબ જેવી રીતે ગુમ થયો, તે વિષે વહેમી સ્પેનીઆર્ડો બહુ જ અજબ જેવી તથા અતિશયોક્તિ

ભરેલી વાતો કરતા હતા. એ બાબત એન્ડે લુશીઆમાં વસતા યાહુદીઓ અને ખ્રિસ્તી થયેલા યાહુદીઓ પાસેથી પૈસા કઢાવવાનાં કારણુ તરીકે બસ હતી અને જ્યારે એક તરફ રાજા ફર્ડીનાન્ડ તેઓનો છૂટકારો કરવાને બહાને પૈસા ઓકાવતો હતો, ત્યારે બીજી તરફ પાદરી ટોમસ તેઓને સજા કરવાની તૈયારી કરવા લાગ્યો હતો.

ગ્રાનડામાં જ્યારે બોઆબદિલશાહને સ્પેનીઅર્ડોએ પોતાની છાવણી ઉઠાવી લીધી છે એ વાત કહેવામાં આવી ત્યારે તેણે પહેલાં તો તે વાત માની નહીં. પણ પછવાડેથી તપાસતાં એ જય આનંદદાયક ખબર ખરી ઠરી. તરત જ બોઆબદિલે પોતાની અગાઉના જેવી, જવાનીની ચચળતા ધારણ કરી લીધી અને બોલ્યો;

"અલાહુઅકબર, જ્યાં સૂધી દુશ્મનો આપણને, પાછા આવી ઘેરો ઘાલી બેસશે ત્યાં સૂધી આપણે અહીં રહીશું નહીં. તેઓ આપણને છોડી ગયા છે તો આપણે તેઓનો પીછો લેશું. ચાલો, જાઓ, આપણા ફકીરો અને મુલ્લાઓને બોલાવો. આપણે, ધર્મયુદ્ધ કરવું છે, એવો ઢંઢેરો પીટવાથી શું? મૂરશાહ આજે મેદાનમાં હાજર છે. એક પણ મુસલમાનથી વસેલાં શહેરને આપણો ઢંઢેરો પહોંચે નહીં એમ ન થવું જોઇએ. આપણા ઝુંડાની આસપાસ સઘળા મુસલમાન બચ્ચા એકઠા કરીશું."

સઘળા સભાસદો તરત જ એક અવાજે બોલી ઉઠયા "શાહ બોઆબદિલની ગાદી અમર તપો."

બોઆબદિલશાહે પાછું બોલવું શરૂ કર્યું. તે બોલ્યો, "દોડો એક પળ પણ ગુમાવો નહીં. ચાલો વેવરંબ્લાના મેદાનમાં સઘળા એકઠા થાઓ, તથા લશ્કરને કુચ કરવાની આજ્ઞા આપો. નામદાર મુસા, આપણા ઘોડેસ્વાર લશ્કરની સરદારી ધારણ કરશે, અને આપણાં પાયદલનું ઉપરીપણું હું જાતે લઇશ. કાલે સવારે સૂર્યોદય પહેલાં તો આપણા લશ્કરે અહીંથી કુચ કરી જવું જોઇએ."

તરત જ સઘળા સરદારો અને અમીરો, શાહના હુકમને તાબે થઈ આનંદિત ચહેરે મહેલમાંથી ઉઠી ગયા. પણ શાહ જ્યારે એકલો પડ્યો ત્યારે હમેશની માફક વળી અસ્થિર વિચારનો થઈ ગયો. કેટલી પળ સુધી આતુર વિચારોમાં લીન થઈ મહેલની અંદર આમથી તેમ ફર્યો પછી તે, તરત જ ઓચિંતો કચેરીવાળો ઓરડો છોડી, મહેલના છૂપા ઓરડામાં થઈ એક લોઢાના પત્રાથી મઢી લીધેલા કમાડવાળા દરવાજા પાસે આવી ઉભો, ત્યાં સૂધી સામેને સામે ચાલ્યો ગયો. અહીં

આવી પોતાના કમર પટાની અંદર લટકતી એક નાની કુંચી તે દરવાજાને તેણે લગાવી અને તરત જ ઘણી જ સહેલાઇથી તે દરવાજો ઉઘડી ગયો. તરત જ બોઆબદિલ તેની અંદર દાખલ થયો. આ ઓરડો ચારે કોરથી ગોળ હતોઅને મજકુર બારણાં સિવાય બીજું કોઈ બારણું કે બારી તેની અંદર હોય એવું દેખાતું ન હતું; પણ શાહે તો આસપાસ જોયા પછી તે ગોળ ઓરડાની દિવાલમાં એક છૂપી કળ શોધી કહાડી, અને તેને હાથ અડાડ્યો કે તરત જ દિવાલની અંદર માર્ગ થઈ ગયો, અને તેની અંદર એક મોટો ગોખલો દેખાયો. એ ગોખલાની અંદર ચોખામાં ચોખાં નખ તેલથી બળતો દિવો પડ્યો હતો, અને તેની નજદીક કોઈ અજાણ્યા સાંકેતિક અક્ષરમાં લખાયલો પીળા રંગના કાગળનો વીંટો પડ્યો હતો. બોઆબદિલે તે વીંટો તરત જ પોતાના ડગલાનાં ગુંજાની અંદર સેરવી દઈ તે દીવો હાથમાં લઈ, ગોખલાની અંદર વળી એક છૂપી કળ હતી, તેને દાબી, એટલે તરત જ તેમાં પણ માર્ગ થઈ ગયો, અને અર્ધગોળાકારના કેટલાક વર્તુળવાળી એક સીડી નજરે પડી; રાજાએ તે છૂપી કળ પાછી દાબી એટલે તે દરવાજો પાછો બંધ થઈ ગયો અને પોતે સીડી વાટે નીચે ઉતર્યો. સીડી ઉપરથી નીચે ઉતર્યો, એટલે એક ભીનાશવાળા ખચબચડા રસ્તાની અંદર આવી ઉભો. અહીં આવ્યો ત્યારે આસપાસની મજબૂત દિવાલોમાંથી પણ પાણીનો ખળખળ કરતો અવાજ તેને સંભળાવા લાગ્યો. એ અવાજ એવું બતાવવાને બસ હતો, કે આ રસ્તો જમીનની અંદર ઉંડો કોતરી કાઢ્યો છે. આસપાસ છાઈ રહેલા અંધકારને લીધે દીવો ખુબ પ્રકાશમાં બળવા લાગ્યો. રાજા પોતે એટલો તો આતુર મને અને ઝડપથી ચાલતો હતો કે, ટુંક મુદતની અંદર ધારેલી જગા, જે ઘણી છેટી હતી, ત્યાં આવી પહોંચ્યો. આખરે તે એક પહોળી વિશાળ ગુફાની અંદર અગાઉ જણાવેલ છૂપાં બારણાંઓના જેવા ગુપ્ત કળોવાળાં ઘણાંક બારણાં હતાં ત્યાં આવ્યો. આ ભોયરું આનડાના મૈયત શાહોને દાટવાના કામમાં આવતાં ઘણાંક ઘુમટદાર ભોંયરાઓમાંનું એક હતું. આ ભોંયરાની અંદર શાહની બરાબર સામે, શાહાનશાહી પોશાક ધારણ કરેલું તથા માથે રાજ્યમુગટ ધારણ કરેલું એવું માણસનું હાડપિંજર ઉભું હતું. આ હાડપિંજરની સામે, મુસા આગળ જે જાદુઈ પ્રકાશિત કુંડાળાનું શાહે વર્ણન કર્યું હતું, તે પૂર જોશથી પ્રકાશી રહ્યું હતું.

શાહ તરત તે હાડપિંજરની સામે ઘુંટણે પડી હાથ જોડી બોલ્યો, "ઓ, ભયંકર બિક ઉપજાવનારી મૂર્તિ, તું એક મહા લડાયક અને દાના શાહનો પડછાયો છે. તારા પોકળ હાડકાની અંદર જો તે શાહના સૂક્ષ્મમાં

સૂક્ષ્મ અને અદૃશ્ય આત્માનો કંઈ પણ અંશ હજુ ઘૂમતો હોય તો, તારા આ પશ્ચાત્તાપ કરતા પુત્રની અરજ સાંભળ. એ પુત્રે તેની યુવાનીમાં તારી સામે જે બળવો ઉઠાવ્યો હતો, તે વાસ્તે તેને માફ કર. તારા એ પુત્રના નબળા સંશયી મનની અંદર તારી બહાદુરી રેડી તેને જોસ્સાવાળું બનાવ. ખ્રિસ્તીઓની સામે લડાઇએ ચડવાના તમે ફરમાવેલા વખતના આવી પહોંચવાની રાહ જોયાં વગર હું લડવા ચડું છું. આ મારાં ઉદ્ધતપણાનું પરિણામ જો કદી ખરાબ આવવાનું હોય તો તે મારા પોતાના શરીરને લગતું આવે, પણ તેને વાસ્તે મારી રૈયતને કંઈ ગેરફાયદો ન થાય, તેવું કૃપા કરી કરજે. જો હું લડાઇમાં નાબુદ થાઉં તો મારું કમનસિબ પણ મારી સાથે નાબુદ થાય, અને મારે બદલે કોઈ સારો શક્તિવાન્ શાહપણું ધારણ કરે અને મારી ભૂલો સુધારે તથા આનડાને નાબુદ થતું અટકાવે એવું કરજે."

આટલું બોલી તેણે પોતાનું મ્હો ઉંચું કર્યું; અને એ હેબકનાશક મુડદાંનું ફાટેલું મ્હો તથા બહાર દેખાતા દાંત, તે સાથે વળી તેણે જે માથે મુગટ પહેર્યો હતો તથા પૂર ઝરીના વસ્ત્રો શરીર ઉપર ધારણ કરેલાં હતાં તેથી તે એવું તો ભયંકર લાગતું હતું કે, તેની બીકથી બોઆબદિલનો જુસ્સો અને ગમી એ સર્વે તેના દિલની અંદર ઠરી ગયાં. તે આખે શરીરે ધ્રુજી ઉઠ્યો. પછી ઉંડો નિઃશ્વાસ નાંખી, ઉઠી ઉભો થયો. પણ જેવો તે ઉભો થયો અને તેની ગમીથી ભરેલી આંખો હમેશ મુજબ જે જગા તરફ તે મુડદાએ પોતાનો હાથ રાખ્યો હતો તે તરફ ગઈ કે તરત જ તેણે શું જોયું ? તે પ્રકાશિત શંકુનો કાંટો જે આજ સૂધી એક જ જગા ઉપર સ્થિર જ રહ્યો હતો, તે પોતાની જગાએથી ખસતો જણાયો અને તે શંકુના ઘેરાની અંદર જે જગોએ "લડાઈ કરો" એવું લખ્યું હતું ત્યાં આવી થોભ્યો. બોઆબદિલે આ સઘળી ક્રિયા બ્હીક અને આનંદમિશ્રિત મને જોઈ અને પછી બોલી ઉઠ્યો, "શું આ હું ખરું વાંચું છું ? શું મારી સ્તુતિ આખરે સંભળાઈ છે ? શું લડાઈ કરવાનો ફરમાવેલો વખત આવી પહોંચ્યો ?" તે આટલું બોલી રહ્યો કે, તે જ વખત જમીનની અંદર કંઈ ગડગડાટ થાય તેના જેવો ઉંડો અને ધીમો અવાજ તે ગુંબજની અંદર સંભળાયો. તે જ પળે તે ગુંબજની એક દિવાલમાં માર્ગ થઈ ગયો અને લાંબી મુદત થયા જેના આવવાની વાટ જોવાતી હતી, તે જાદુગર આલ્મમનનો આકાર શાહની નજરે પડ્યો. આ વખતે આલ્મમન અગાઉની માફક ફકિરના જેવા છૂટા પોશાકમાં ન હતો; તેની પહોળી છાતી અને જોરાવર અવયવો આ વખતે તમામ બખ્તરથી સજ થયેલાં હતાં.

ફક્ત તેનું મસ્તક ઉઘાડું હતું. તેનું કપાળ આ વખતે ભેખીઆ વેશેથી નહીં પણ લડાયક ઉત્સાહથી પ્રકાશ મારતુ હતું. તેણે જમણા હાથમાં નાગી તલવાર અને ડાબા હાથમાં બરફના જેવો સફેદ અને ચળકતો ઝુંડો ઝાલ્યો હતો.

આલ્મમનનું આવવું એવું તો અણુચિંતવ્યું હતું, અને રાજાનું મન એવું તો આવેશમાં આવી ગયું હતું કે, આલ્મમનને જોવાથી શાહના મનમાં જે અસર થઈ, તેવી આશ્ચર્યસુચક અને માન ભરેલી લાગણી કોઈ ફિરસ્તાને જોઈને પણ કવચિત જ ઉત્પન્ન થાય.

આલ્મમન બોલ્યો, "નામદાર શાહ, સ્પેનિઅર્ડો સાથે લડાઈ કરવાનો વખત છેવટે આવ્યો છે. જોસભેર હલ્લો કર અને જયવંત થા. ખ્રિસ્તી શાહ સાથે સંધિના કોલકરાર થઈ શકે, એવી ઉમેદ જરા પણ નથી. તારા ફરમાનથી હું તેઓની છાવણીમાં ગયો હતો તથા ફર્ડીનાન્ડ સાથે મળ્યો હતો, પણ ત્યાં મારાપર જે આફ્તો આવી પડી, તેમાંથી ફક્ત હું મારાં જાદુનાં જોરથી જ છૂટી શકયો છું. જયવંત શાહ, ખુશી થા, તારી લોઢાના પાયાની પનોતી, જેવી રીતે પ્રકાશિત સૂર્યને આડું આવેલ વાદળું ખસી જાય છે, તેવી રીતે તારા ઉપરથી ખસી ગઈ છે. આપણા પૂર્વ તરફના દેશોના જીનોએ ચમકતા તારાઓમાંથી આ વાવટો બનાવી મને આપ્યો છે. એ ઝુંડો તારા લશ્કરને મોખરે હમેશાં પ્રકાશતો રહેશે અને ખ્રિસ્તી લોહીથી વહેતી નદી ઉપર ઉડશે. જેવી રીતે ભરતી તથા ઓટના ઉપર ચંદ્ર સત્તા ચલાવે છે, તેવી રીતે આ વાવટો લડાઇના મેદાનમાં રહી તેની ગતિ ગોઠવણઉપર દેખરેખ રાખશે."

બોઆબદિલ બોલ્યો, " અગમ્ય પુરુષ, તેં મને આજ નવી જીંદગી બક્ષી છે."

આલ્મમન બોલ્યો, "અને હું તારી જોડે લડી ફર્ડીનાન્ડના આરેગોન અને કેસ્ટાઇલના મૂલકોને પાયમાલ કરી તેનો પૈસો તારા પગ પાસે લાવીશ. વાસ્તે બહાદૂર બોઆબદિલ, તૈયાર થા અને લડાઈ કર. લડાઇના મેદાનમાં તારા ઘોડાને ખંખારતો જોવા હું ઉત્સુક છું."

ભાગ ૪ થો

પ્રકરણ ૧ લું
"કિલ્લાની અંદર લીલાની સ્થિતિ-ઘેરો"

જે શાંત વિચારો તથા પવિત્ર ઇચ્છાઓ લીલાના મનમાં રમી રહ્યાં હતાં તેની અંદર, એકાએક એવી ખબર આવી કે, જેથી કિલ્લાની અંદરનાં સર્વ મનુષ્યો ભયભીત જેવાં થઈ ગયાં, તેથી ભંગાણ પડ્યું; અસંખ્ય દળ લઇને બોઆબદિલ પાદશાહ મેદાનમાં નીકળી ચૂકયો હતો. સ્પેનના શાહના મુલકને પાયમાલ કરતો અને એક પછી એક ફર્ડીનાન્ડનાં મજબૂત લશ્કરથી રક્ષણ થયેલા કિલ્લાઓ કબજે કરતો ચાલ્યો આવતો હતો. તેની ફત્તેહ તાત્કાલિક તથા સેહ બેસારે તેવી હતી. તેનાં લશ્કરનો ત્રાસ આબાદ દેશમાં એકવાર ફરીથી ફેલાઈ ગયો. દરેક દિવસે તેનાં લશ્કરમાં અસંખ્ય વધારો થતો આવતો હતો. સીરા ને વેડાનાં બરફથી ઢંકાયેલ શિખરોપરથી જંગલી અને તોફાની પહાડી લોકોનાં ટોળેટોળાં બહાર નીકળી આવી બોઆબદિલના લશ્કરમાં સામેલ થયાં. ગ્રાનડાનાં દેદીપ્યમાન કવાયદી લશ્કરમાં તેઓએ પોતાના કઢંગા પોશાક તથા જંગલી દેખાવથી વિચિત્ર દેખાવ કરી મૂક્યો.

જે જે મૂર લોકોનાં શહેરો ફર્ડીનાન્ડને શરણે થયાં હતાં, તેઓએ તરત, પોતાનો, સ્પેનીશ લોકો સાથેનો સંબંધ તોડી નાંખ્યો અને દરેક શહેરમાંથી યુવાન્ ઉત્સાહી લડવૈયાઓ તથા કસાયલા અનુભવી લોકોનાં ટોળેટોળાં પોતાના પાદશાહના નેજાનીચે આવી જમા થયાં. સ્પેનીયર્ડોના આ ગભરાટની અંદર વધારો કરતી વળી એવી વાત તેઓમાં ચાલી કે, એક વિકાળ યુદ્ધસ્થિર જાદુગર મુસલમાનોને ઉશ્કેરવા ગેબી રીતે પ્રગટ થયો છે અને જ્યારે મૂર લોકો, ઘેરાયલા લોકોની તોપોના સખત મારાથી પાછા હઠી કિલ્લો લેવાની ઉમેદ છોડી દે છે, તેવે પ્રસંગે એ જાદુગર કોણ જાણે કયાંથી ઓચિંતો આવે છે અને હાથમાં ધોળો ઝુંડો ઝાલી જબરજસ્ત મારો ચલાવી કિલ્લો કબજે કરી આપે છે અને એક પણ જખમ ખાધા વગર ફતેહ કરી પાછો વળે છે. તે પોતાના તનનું અને મનનું જોર ખરચી મૂર લોકોને શૌર્ય ચડાવે છે અને તેના હંમેશના ફતેહમંદ વાવટાનાં બળથી દરેક કિલ્લો તેઓને શરણ થાયછે. આવી આવી અફવાઓ સ્પેનીશ છાવણીમાં ચાલી રહી હતી. આણી તરફ બહાદુર મેન્ડોડી કવેઝેડા, બીજા સ્પેનીઅર્ડોની પેઠે જાદુગરથી ડરવાનેબદલે માત્ર

અઠ્ઠીસો માણસથી અલ્હીન્દીન કિલ્લાનું, બોઆબદિલશાહની ફતેહથી જરા-પણ ડર્યો વગર દઢતાથી રક્ષણ કરવા તત્પર થયો હતો. આવી પડેલા તોફાનની તેને અગાઉથી જ ખબર હોવાથી, સલાહસંપના દિવસોમાં ભવિ-ષ્યમાં થનાર ઘેરા માટે તેણે સઘળી તૈયારીઓ કરી મૂકી હતી. મદદ વાસ્તે સ્પેનીશ છાવણીમાં ફર્ડીનાન્ડને છૂપા દૂતો મોકલ્યા હતા. કિલ્લાની મજબુતીમાં વધારો કરવા વાસ્તે તેણે કિલ્લાની બહાર બાંધકામો કરાવ્યાં તથા ખોરાકનો પુષ્કળ જથ્થો કિલ્લાની અંદર ભરી મૂક્યો. તેમ આ કિલ્લો, ગ્રાનડાની પડોશમાં હોવાથી તથા તેની આસપાસ અલપકસરાસની રાક્ષસી ખીણો હોવાથી મૂર લોકોને જિતવો ઘણો કઠીન પડે તેવો હતો. તે કિલ્લો સ્પેનીઅર્ડોના હાથમાંથી જાય નહીં, તે વાસ્તે તેનું રક્ષણ કરવામાં કંઈપણ ખામી રાખવામાં આવી નહોતી.

સવારનો વખત હતો અને લીલા સૂર્યનાં ઉગતાં કિરણોમાં પ્રકાશ મારી રહેતા ગ્રાનડાના દૂરના બુરજો તરફ જોતી જરુખામાં ઉભી હતી. આ ક્ષણે તેનું દિલ, સ્વદેશના વિચારોથી ભરપૂર હતું. ચાલતા વખતનું સઘળું ભાન તે ભૂલી ગઈ હતી.

છેટે લડાઇનાં વાજાં વાગ્યાં. તેના અવાજથી લીલાના વિચારોમાં ભંગાણ પડ્યું. તે ચમકી અને કાન દઈ સાંભળવા લાગી. હવે તે અવાજો વધારે સ્પષ્ટ સાંભળવા લાગી અને હવે તો તલવારોનો ખડખડાટ, આફ્રિ-કન ઢોલનો અવાજ અને મૂર લોકોની બ્યુગલનો કઠોર નાદ સ્પષ્ટ રીતે ઓળખાવા લાગ્યો. તે જરુખા પાસે આવી, કાન ધરી ઉભી રહી અને નજર ફેંકી જોયું તો ડુંગરોના ચડાવ ઉપર મુસલમાન વીરોના ભાલાઓ ચળકતા દીઠા. તરત જ સઘળા કિલ્લામાં ગડબડાટ મચી રહ્યો.

મેન્ડોડી કવેઝેડા તરત જ હથીઆર સજી, તૈયાર કીધેલાં લશ્કર પાસે હાજર થયો. લીલા દરેક વખતે, તેને પોતાનાં મુઠ્ઠીભર લશ્કરને સરસ ઢબમાં ગોઠવતી જોતી હતી અને આશ્ચર્ય પામતી હતી. થોડી મીનીટમાં ડોનાઇનેઝ તથા કિલ્લાની સઘળી ઓરતો ભયભીત ચહેરે લીલાની આસપાસ આવી ઉભી. આવા ભયમાં હતી, તોપણ ઓરતના કુદરતી સ્વભાવ પ્રમાણે બારીમાંથી મૂર લશ્કર ઉપર તેઓના ભવ્ય દેખાવ જોવાની લાગણીને દાબી શકી નહીં. લીલાના ઓરડાની જાળીઓમાંથી કંઈપણ ડર રાખ્યા વગર બહાર શું થાય છે, તે બરાબર દેખાતું હતું. આ યાહુદી કુમારિકાનું આસપાસમાં શોરબકોર તરફ મુદ્દલ લક્ષ નહોતું. તે તો ધબકતે હૃદયે તથા ચળકતે ચહેરે ઘોડેસ્વારોની અંદર સિંહના

જેવી ચાલવાળા, સફેદ પોશાકવાળા મુસા બિન અબલગઝનને ઓળખી કાઢવા, એક જાળી પાસે આવી ઉભી હતી.

આ વખતે તેની હાલત કેવી હતી, તે કહું છું. જો કે તે લગભગ ખ્રિસ્તી ધર્મને માનનારી થઈ ગઈ હતી, તોપણ મૂર લોકોની ફત્તેહ થાય એવુ શું ન ઇચ્છે ? તેમ જ પોતે એક સ્ત્રી જાત હતી, તેથી શું પોતાના આશકની હાર થાય, એવું શું મનમાં ધારી શકે ? પણ વિચાર કરવાનો વખત હવે થોડો હતો. કારણ કે મૂર ઘોડેસ્વારની એક ટુકડી કિલ્લાની દીવાલ પાસે આવી ઉભી અને બ્યુગલના અવાજથી કિલ્લાની અંદરના માણસોને જણાવ્યું કે, 'શરણ થાઓ.'

મેન્ડોડી કવેઝેડાએ તુરત જવાબ આપ્યો, "જ્યાં સુધી આ કિલ્લાનો એક પાણો બીજા પાણાપર ચોંટ્યો રહેશે ત્યાં સુધી અમે શરણ થવાના નથી. આટલું કહ્યા પછી દશેક મીનીટની અંદર કિલ્લામાંથી તોપોનો અવાજ આવવા લાગ્યો.

આ વખતે લીલાની બારીપાસે સઘળી ઓરતો આવી ઘેરો ઘાલનાર લશ્કરની–વ્યૂહ રચના જોવા તથા તેનું જોર જોવાને તેના જરુખા-માંથી બહાર જોવા લાગી. ટેકરીની નીચે એક હાર, એક જથા પછી બીજો જથો, એમ મૂર લોકોનું લશ્કર ફેલાઈ ગયું હતું. આ સઘળી રચનામાં સૂર્યનાં કિરણોને લીધે તેની શોભામાં વધારો થતો હતો આ લશ્કર રૂપેરી દરિયાના મોજાની માફક અવાજ કરતું આગળ વધ્યું. બોઆબદિલશાહના તંબુપર તરત જ બાદશાહી નેજો ફરકવા લાગ્યો અને પાદશાહ પોતે એક સફેદ રંગના સોનેરી સામાનથી શણગારેલા તેજી પર સ્વાર થયો હતો અને હમણાં પોતાના પ્યાદા લશ્કરનો સરદાર બની, તેઓને હુમલો કરવાની સૂચનાઓ આપતો હતો.

ઇનેઝ બોલી; "પ્રિય પુત્રી, અમારી સાથે પ્રાર્થના કરવા સામેલ થા.' પણ લીલા કોની પ્રાર્થના કરે.

આ ઘેરો ચાર દિવસ અને ચાર રાત્રિ સુધી ચાલ્યો; અને તે દરમિયાન બપોર, સાંજ, સવાર, રાત્રિ, અધરાત્રિ, આખો દિવસ કંઈ પણ દમ ખાધા વગર લડ્યા જ કર્યું. તેમ જ આનડા શહેર તેઓની પાડોશમાં હોવાથી તેઓના લશ્કરમાં વધારો થતો આવતો હતો અને તેથી શત્રુ કરતાં તેઓ વિશેષ બળવંત રહેતા હતા.

પાંચમે દિવસે એક મોટા બુરજ સિવાય, આખું શહેર તથા આખો કિલ્લો મુસલમાનોના હાથમાં આવી ગયો અને આ મોટા બુરજમાં મરવું કાં મારવું, એવા ઇરાદાથી બાકી રહેલું લશ્કર જમા થયું.

ધૂળ અને લોહીથી ભરેલો કવેઝેડા જ્યાં ઓરતો અર્ધ મુએલી જેવી થઈ બેઠી હતી, તે ઓરડાની અંદર આવ્યો. તેના વાળ સફેદ થઈ ગયા હતા, તેની આંખોમાંથી લોહીની તસરો ફૂટી આવતી હતી અને તેનો ચહેરો વિકાળ બની ગયો હતો.

તે બોલ્યો, "ખોરાક અને દ્રાક્ષારસ આપો; કારણ કે, તે હવે મારું છેલ્લું ભોજન થશે."

તેની સ્ત્રી પોતાના હાથ તેની ગરદનની આસપાસ વીંટાળીને બોલી; "પ્રાણેશ, હજી વાર છે. જૂદા થવાના વખત અગાઉ આપણે એકવાર ફરીથી આલિંગન લઈ પ્રેમચુંબન કરીશું."

ફિક્કે ચહેરે પણ સ્થિર આંખો સહિત પાછી ઈનેઝ બોલી, "ત્યારે હવે જિતની તો બિલકુલ ઉમેદ નથી કે ?"

તે બોલ્યો, "બિલકુલ નથી, પણ જો આવતી કાલે પેલી ટેકરીઓ તરફથી સ્પેનિશ લશ્કર આવશે તો કંઈ ઉમેદ રહે ખરી." આ પ્રમાણે તે બોલી રહ્યો કે, તરત જ તેણે બે ચાર કોળીઆ ખોરાક ખાઈ લીધો અને એક પ્યાલો દારુનો ગટગટાવી ચાલ્યો ગયો.

આ વખતે મૂર લોકોનો અવાજ સ્ત્રીઓને કાને બરાબર પડવા લાગ્યો અને સળીઆવાળી જાળી પાસે જઇને લીલા જોય છે, તો ચાલતી દીવાલોની માફક મૂર લોકોનું લશ્કર ધસ્યું આવતું હતું.

મૂર લોકોના ઇજનેરો મોખરે આવી, તોપ ગોળા હરકત ન કરે તેવો લાકડાંનો કોટ બાંધતા આગળ વધતા આવતા હતા. એ ઇજનેર લોકોનો બચાવ કરવાને માટે, લશ્કરના પાછલા ભાગમાંથી તીરોનો વરસાદ જારી વરસતો હતો અને કેટલાક લોકો કિલ્લાના બાકોરાંમાંથી દાખલ થઇને અંદરના માણસોને ઘાયલ કરી નાંખતા હતા. એમ કરતાં કરતાં તેઓ છેક કિલ્લાની તળેટી નીચે આવી ઉભા.

તરત જ કિલ્લાના હાકેમના જોવામાં આવ્યું કે, ઇજનેરો પોતાનું કામ કર્યો જાય છે અને લાકડાંની દીવાલથી દુશ્મનનું રક્ષણ થઈ શકે તેમ છે ત્યારે તે દાંત કચકચાવી બોલ્યો, "પ્રભુના કસમ લઇને કહું છું કે, તેઓ કિલ્લાની નીચે ડટાઈ મરવાના. ગોન્ઝલ્વો, જરા જો તો, સામેની ટેકરીઓપર ભાલા ચળકતા મારા જોવામાં આવે છે. મારી આંખો ઉજાગરાએ કરીને ઝાંખી થઈ ગઈ છે."

તે બોલ્યો, "બહાદુર મેન્ડો, અફસોસ, તે તો માત્ર બરફની નીચે આવી જતાં સૂર્યનાં કિરણોનો પ્રકાશ છે. તો પણ હજી કંઈ બાજી હાથથી ગઈ નથી."

આટલું બોલતાં જ તે શૂરો સીપાઈ સાલાર તીણી ચીસ પાડી જમીન-પર પટકાઈ પડ્યો અને મરણ પામ્યો. કારણ કે આ વખતે તેને એક તીર કપાળમાં વાગ્યું અને તેના ભેચેભેચ કાઢી નાંખ્યા.

કવેઝેડા બોલ્યો, "મારા બહાદુર લડવૈયા, તારા પર શાંતિ વરસો. કિલ્લો ખોદનારાઓનું શૂરા મૂરોથી રક્ષણ થયું છે. ઈશ્વરના સોગંદ ખાઇને કહું છું કે, ધોળા વાવટાવાળો તે જ જાદુગર આલ્મમન છે. તેનાપર દેવતાનો વરસાદ વરસો. હવે તે લાકડાંની દીવાલથી બહાર આવ્યો છે."

તરત જ કિલ્લામાંથી આલ્મમનનાં શરીરપર વિશ પચીશ તીરો પડ્યાં. પણ તે તો વગર હરકતે લાકડાંની દીવાલ વાંસે ધોળો વાવટો હલાવતો છૂપાઈ રહ્યો.

છઠ્ઠા દિવસનો સૂર્ય ઉગ્યો. દુશ્મનોએ પોતાનું કામ પૂરું કરી લીધું. મોટા બુરજને જમીનદોસ્ત કરી મૂકયો અને કિલ્લાની દીવાલને, દુશ્મનનો કિલ્લો બરોબર કબજામાં આવી જાય, ત્યાં સૂધી નાશી ન જાય એવા હેતુથી બોઆબદિલશાહના ફરમાનથી લાકડાંના સ્તંભોથી કિલ્લાની દીવાલો ટેકવી રાખી હતી.

મધ્યાહ્ન થયા, મૂર લોકોનું તમામ લશ્કર મેદાન છોડીને ચુપચાપ બુરજની નીચેની ટેકરી પર જમા થયું. ખોદનારા સીધા ઉભા રહ્યા અને સ્પેનીઅર્ડો, જેવી રીતે ખલાસીઓ, નાશકારક તોફાનમાંથી વહાણને બચાવવાને માટે તેઓના સર્વ પ્રયત્નો નિષ્ફળ ગયા પછી, બેદરકાર રહે છે, તેની માફક બેદરકાર તથા ઈશ્વરાધીન બની બહુ થાકી જઈ, લાંબા થઈ કોઠાઓ ઉપર પડી રહ્યા.

તરત જ મૂર લોકોને જવાનો રસ્તો થઈ ગયો અને બોઆબદિલશાહ, પોતાના જમણા હાથની કોરે મુસા તથા ડાબા હાથની કોર આલ્મમન સહિત, બુરજની તળેટી પાસે આવ્યો. તેઓની સાથે તેઓની પછવાડે ઇથોપીઅન (સીદી) પહેરેગીરો હાથમાં દીવીઓ ઝાલી ચાલ્યા આવતા હતા અને તેઓની વચમાં પાદશાહી નિશાન ધરનારો ચાલ્યો આવતો હતો. સંખ્યાબંધ લશ્કરનું ચુપચાપપણું, મશાલની રોશનીમાં પ્રકાશ મારતા મશાલચીના બીહામણા ચહેરા, શાહનો ભવ્ય દેખાવ, મુસાની બહાદુરી ભરેલી ચાલ, આલ્મમનનું ખુલ્લું માથું તથા તેનો ઝળકતો વાવટો, વગે-રેના દેખાવથી લશ્કરનો દેખાવ ભયંકર તથા ભવ્ય દીસતો હતો.

કવેઝેડાએ, બહાદુર લડવૈયા તરફ મુંગે મોઢે નજર કરી, પણ કંઈ પણ નિશાની ન કરી. તે કંઈ બડબડ્યો, તેની આંખો પ્રકાશવા લાગી.

તરત જ તેણે નીચે ઓરતોનો વિલાપ સાંભળ્યો, અને તેને તેની યુવાનીની શોભા અને આખી ઉમ્મરની સાથ ખુબસૂરત ઈનેઝ યાદ આવી. તરત જ તેણે, કોઈ દિવસે નહીં નમેલો એવો સ્પેનનો વાવટો નીચે નમાવ્યો. હેઠળ એકદમ મોટો પોકાર ઉઠયો અને તે પોકારે ઠેઠ નીચેથી કિલ્લાને ધ્રુજાવી મૂકયો.

ઉંડી આહે ભરી કવેઝેડા બોલ્યો, "મર્દો, દોસ્તો, જાગૃત થાઓ, આપણે મર્દ આદમીઓની માફક લડ્યા છીએ અને તેથી આપણા દેશને આપણને માટે શરમાવું નહીં પડે."

તે નીચે ઉતર્યો, શૂરા સીપાઇઓ તેની પછવાડે ઉતરવા લાગ્યા. કિલ્લાના દરવાજા ખુલ્લા કીધા અને આ સઘળા જંગ બહાદુર ખ્રીસ્તીઓ મૂર લોકોને શરણે થયા.

કવેઝેડાએ કિલ્લાની કુંચી બોઆબદિલશાહના ઘોડાના પગ પાસે મૂકી અને બોલ્યો, "ગમે તો મારો, ગમે તો જીવાડો. પણ કિલ્લામાં ઓરતો છે."

શાહ બોલી ઉઠયો, "જેઓ પવિત્ર છે તે સારું, અમે તેઓને હમણાં છૂટી મૂકીએ છીએ અને જ્યાં તમારી મરજી હશે ત્યાં તેઓને વગર હરકતે મોકલી આપવામાં આવશે. બોલો સાહેબ, કઈ જગાએ મોકલવા ધારો છો."

પોતાના હાથવતી આંસુ લોહી બહાદુર કવેઝેડા બોલ્યો, "સખી દિલના શાહ! તેં આથી અમારાપર બહુ એહસાન કર્યું છે. અમે તારી માંગણી કબુલ કરીએ છીએ. પર્વતોની પેલીમેર એલફ્રાડેઝ નામના મેદાનના છેડાપર એક કિલ્લો છે, જેમાં કંઈ પણ લશ્કર નથી, તેમ તે કિલ્લો મજબૂત પણ નથી તેમાં, અને જો તે ઉપર પણ લડાઈ કરવાનો વિચાર હોય તો, ઓરતોને રાણી સાહેબ પાસે કોડાવા મોકલી આપવી જોઇએ."

બોઆબદિલશાહે જવાબ આપ્યો, "ભલે, તેમ કરવામાં આવશે." પછી પૂર્વ તરફના રિવાજ પ્રમાણે પોતાની આસપાસના વૃદ્ધ પુરુષોને પસંદ કરી તેઓને ફરમાવ્યું કે, તેઓએ કિલ્લામાં જઈ કવેઝેડાની સૂચના પ્રમાણે ઓરતોને વગર હરકતે લઈ જવી. બીજા સરદારોને સ્પેનીશ કેદીઓ સોંપી આપ્યા અને લશ્કરને તે જગા છોડી જવાનું ફરમાવ્યું તથા થોડું લશ્કર કિલ્લાનો પૂરો નાશ કરવાને વાંસે રાખ્યું.

આલ્મમન તથા મુખ્ય મુખ્ય સરદારોને સાથે લઈ બોઆબદિલ શાહ ગ્રાનડા તરફ ચાલ્યો. કવેઝેડા અને તેના સાથીઓ એક મજબૂત પહેરા

સાથે ચાલ્યા જતા હતા, તેવામાં જે કિલ્લાનું રક્ષણ તેઓએ બહાદુરીથી કર્યું હતું, તે કિલ્લો તેઓની નજરે આવ્યો અને તે તેજ હાલતમાં તે જ જગાએ કાળાં તથા ભાંગી ગયેલાં ખંડેરોવચ્ચે મગરૂરીથી ઉભો જણાયો. તરત જ તેઓના કાનપર ભયંકર કડકડાટ સંભળાયો. બુરજ જમીનપર પડ્યો; તેમાંથી ધૂળના ધૂઆના ગોટે ગોટ નીકળવા લાગ્યા અને જે કિલ્લાપર એરેગૉન તથા કૅસ્ટીલનો ફત્તેહમંદ રીતે ઉડતો વાવટો મૂર લોકોની નજરે પડ્યો હતો, તે કિલ્લો તેઓના રક્ષકોની આગળ જમીનદોસ્ત થયો.

આ વખતે લીલા જે તેના પિતા તથા આશકની નજદીક જ હતી, તોપણ હવે જેનાથી તે જૂદી પડી ગઈ હતી, તે પણ પર્વતોની હાર પાસેથી ડોનાઇનેઝ તથા બીજી ઓરતોની સાથે ચાલી જતી હતી.

પ્રકરણ ૨ જું

આલ્મમનની દરખાસ્ત, બેઇઝરાય લીટનો સમાગમ અને બનતા બનાવોથી તેઓના પર થતી અસર

ઉપલી ફત્તેહ કીધા પછી બોઆબદિલે પાસેના કેટલાએક કિલ્લાઓ તાબે કીધા. આનડા એ, એક મજબૂત માણસની પેઠે, જેણે જેણે તેની સ્વતંત્રતા છીનવી લઈ કમ કૌવત બનાવી દીધું હતું, તે સર્વને જબરી શિકસ્ત આપી નબળા પાડી નાંખ્યા અને આસપાસનો કેટલોક પ્રદેશ પાછો પોતાને કબજે કીધા પછી, તેણે આખર સેલો બ્રેનાના બંદરપર હુમલો કરવાનો નિશ્ચય કર્યો. જો, આ શહેર પાદશાહને હાથ આવે તો, આનડા તથા તે બંદરના વચમાં અમુક તરેહનો સંબંધ રાખ્યાથી આફ્રિકામાંથી મદદ મળી શકે, અને જો સ્પેનીયર્ડો પાછો લડાઇનો ઝુંડો ઉપાડે તો તેઓને મળતા ખોરાકનો જથો અટકાવવાને સમર્થ થવાય તેમ હતું. ઉપર કહેલાં બંદર ઉપર મૂસાને સાથે લઈને પાદશાહ પોતાનો જયવંત ઝુંડો લઈ ગયો.

જે દિવસે કુચ કરવાની હતી, તે દિવસે આલ્મમન પાદશાહની હજુર આવ્યો. ફર્ડીનાન્ડની પાસે ગયા પછી આ જાદુગરમાં ઘણો ફેરફાર થઈ ગયો હતો. તેનો હમેશનો દોર જતો રહ્યો હતો. ખરું જોતાં તો પોતાની પુત્રીના પ્યારને વાસ્તેજ એ જાદુગરે પોતાની જાત ગાળી હતી. તેની આંખો ઉંડી પેસી ગઈ હતી. તેની રીતભાતમાં પણ વિચિત્ર ફેરફાર થઈ ગયો હતો. તેની છોકરી એજ રાજાના કબજામાં હતી, કે જેણે તેને પોતાને પાદરીઓની ધર્મસભાની ઘાતકી સજા ભોગવવાને તેઓના હાથમાં સોંપ્યો હતો. તે બાપડીને તેના ધર્મ છોડી દેવા વાસ્તે કેટલો

જુલમ શોષવો પડતો હશે અને શું લીલાનું નાજુક શરીર અને કુમળું અંતઃકરણ તેની વિરુદ્ધ લેવાતા ઉપાયોની સામે ટક્કર ઝીલી શકતું હશે? તે મનમાં બડબડ્યો. એ ખ્રિસ્તીઓનો મઝહબ કબૂલ કરવા કરતાં તેઓ જેવી રીતે મારે તેવી રીતે મરવું બેહેતર છે." દરેક પળે તે પોતાના દાંત કરડતો હતો. તેનાં સ્વપ્નાં, તેની મુરાદો, તેનો કીનો તથા તેનો અતિ લોભ એ સર્વ હાલે સૂઈ ગયાં હતાં. એક ને એક જ વિચાર તથા એક ને એક જ ઉમેદ તેનાં તોફાની અંતઃકરણમાં રમ્યા કરતી હતી.

આવી ધ્યાનસ્થ હાલતમાં આ ડોળ ઘાલુ જાદુગર શાહને મળ્યો. આ જાદુગર કે જેના પર હાલની ફત્તેહથી શાહની પૂરી શ્રદ્ધા બેસી ગઈ હતી, તેણે શાહને સમજાવ્યું કે, "ફર્ડીનાન્ડનાં લશ્કરને છેટેના પ્રદેશમાં લડાઈમાં રોકવું, એ ડહાપણનું કામ છે, અને તેમ વળી હું તેથી કોર્ડોવા જઈ શકીશ અને જે જે મૂર લોકો સ્પેનીશ લોકોને શરણે થયા છે, તેઓ આગળ શાહની તરતમાં થયેલી ફત્તેહની વાતો કરી તેઓનાં મન ઉશ્કેરીશ અને ત્યાં જઇને એવો તો ગભરાટ પેદા કરી દઇશ કે, જેથી શાહને પોતાના મળત્યાઓ પાસેથી લશ્કર જમા કરવાનું પૂરતું બની શકશે."

આલ્મમનના કહેવાપરથી પાદશાહનું અસ્થીર મન સ્થીર થયું અને આખર એવું ઠરાવવામાં આવ્યું કે, એ યાહુદીએ તરત જ શહેરમાંથી રવાના થઈ જવું.

આ પ્રમાણે જે વખતે આલ્મમન ઘર તરફ એકલો ચાલ્યો જતો હતો, તેવામાં વાંસેથી કોઇએ તેને હિબ્રુ ભાષામાં બોલાવ્યો. તેણે પાછું વળી જોયું અને યાહુદી ઝભ્ભો પહેરેલો એક માણસ તેની નજરે પડ્યો. તેણે ઓળખી કાઢ્યો કે, તે ઇલીઆસ યાહુદી છે. આ સખસ યાહુદી કોમમાં સર્વથી દોલતમંદ હતો.

તે યાહુદીએ જમીન સૂધી વાંકા વળી સલામ કરીને કહ્યું, "સુજ્ઞ સ્વદેશી, માફ કરજે, પણ જેની મદદથી આપણી કોમ પ્રસિદ્ધતાને પામશે, તેવા પુરુષની સાથે સગપણ કાઢ્યા વગર મારાથી રહેવાતું નથી."

આલ્મમન તરત જ બોલી ઉઠ્યો, "ચુપચુપ, શું હું તમારો સ્વદેશી થાઉં ?" "ત્યારે શું તારા પોતાના કહેવા પ્રમાણે તું એક યાહુદી નથી?"

તે યાહુદી બોલ્યો, "હું યાહુદી છું અને જે કોમનો તારો મરહુમ પિતા હતો તે જ કોમનો હું છું. તારા બાપની ખાકપર શાંત વરસજો. જ્યારે તું એક છોકરો હતો તથા ગ્રાનડાનાં શહેરમાં રઝળતો હતો, ત્યારે જ ફક્ત મેં તને જોયો હતો. તો પણ હાલ મેં તને ઓળખી કાઢ્યો છે.

તું જ્યારે અહિં પાછો વળી આવ્યો ત્યારે જ મેં તને ઓળખી કાઢ્યો. તે વખતે મેં તને પ્રગટ ન કીધો, તેનું કારણ માત્ર આટલું જ કે, મને ખાતરી હતી કે, તારી સહાયતાથી તારા જાત ભાઇઓ ગુણપાટનાં લુગડાં કાઢી નાંખશે, અને ઉંચાં ઘરોના માળા ઉપર પોતાનું ભોજન લેશે.”

આ યાહુદીના તીક્ષ્ણ તથા અરબી ચહેરા તરફ આલ્મમન કરડાકીથી જોઈ રહ્યો અને અંતે તેણે જવાબ આપ્યો, “યાહુદી કોમ પોતાની અસલ સ્થિતિપર કેવી રીતે આવશે; તેને વાસ્તે તું લડીશ?”

તેણે જવાબ આપ્યો, “ઈસાચરના પુત્ર, મારામાં લડવા જેટલું સામર્થ્ય નથી; કેમકે હું વૃદ્ધ પુરુષ છું. પણ આપણી કોમ જબરદસ્ત છે અને આપણા જવાનીઆઓ મજબૂત છે. આ કુતરાઓની લડાઇમાં.”

આલ્મમન બોલી ઉઠયો, “સિંહ પોતાનું પોતે મેળવી લે છે. ચાલો, આપણે પણ ત્યારે ઉમેદ રાખીએ. જે જે સજાઓ સાંભળ્યાથી દિલ બીમાર થઈ જાય છે તથા લોહી ઠરી જાય છે, તેવી સજાઓ નીચ ખ્રીસ્તી કોમના શાહે આપણી કોમ સાથે ઠરાવી છે, તે બાબતમાં તેં કંઈ સાંભળ્યું છે?”

ઈલીઆસ બોલ્યો, “અફસોસ, યાર, આવા માઠા સમાચાર મારે કાને આવ્યા વગર રહે જ કેમ! આ દેશમાં મારા આબરુદાર તથા પૈસાદાર સગાઓ ઘણા છે.”

આલ્મમન જુસ્સાથી બોલ્યો, “ખ્રીસ્તી લોકોના જુલમથી મરી જાય, તેના કરતાં તેઓ લડાઇમાં મરી જાય, એ શું વધારે સારું નથી! યા પરવરદીગાર, તારી કોમમાં જો કોઈપણ મરદાનગી રહી હોય તો તે પરવાનગીને ઉશ્કેરવાને તેઓમાં શક્તિ આપ કે જેથી, જેમ જમીનપર કાપણીમાંથી બાકી રહી ગયેલાં ઘાસને આગ બાળી નાંખે છે, તેની માફક તેઓ દુનિયાને પાયમાલ કરી નાંખે.”

પોતાના સોબતીના જુસ્સાથી ઉશ્કેરાયાને બદલે ફિક્કો પડી જઈ તે યાહુદી બોલ્યો; “આમ ઉદ્ધત થવું કાંઈ કામનું નથી. કેમકે તેમ કરવાથી આપણા રાજ્યકર્તાઓનો ગુસ્સો વધશે અને આપણી મુરાદ પાર નહી પડે.”

આલ્મમન પાછો હઠ્યો, અને પોતાના સોબતીના ખભાપર હાથ મૂકી તેના સામું જોઈ રહ્યો તથા જરાક હસીને ચાલ્યો ગયો.

ઈલીઆસ તેને અટકાવી શક્યો નહીં. તે બડબડ્યો, “તેમ થવું અસંભવિત છે તથા ભયંકર છે. હું હમેશ એમ વિચાર કરતો હતો.

ભલે અમોને નુકસાન કરે, તેનામાં જોર નહીં હોય તો તેને મારી છુરી આપીશ. ખરેખર દ્રવ્ય એ એક મોટી વાત છે. ચાલો હવે ઘેર જાઉં. વગર ફોકટનું દીવાઓમાંનું તેલ બળી જતું હશે; કારણ કે ગુલામોને ખબર છે કે, હું બહાર ગયેલો છું." તે યાહુદીએ ઝભ્ભો આસપાસ વીંટાળ્યો અને ઉતાવળે પગલે ચાલવા માંડ્યું.

આલ્હમમન અહીંથી થઈ જમીનની અંદરના અંધારા રસ્તાઓ જેની ફક્ત તેને જ ખબર હતી, તેમાંથી થઇને ઘેર આવ્યો. તે આખી રાત એકલો બેસી રહ્યો, પણ સવારનો તારો ઉગ્યો અને ડુંગરો તરફ ઝળ-ઝળું થઈ રહ્યું ત્યારે વૃદ્ધ ઝીમનને સાથે લઇને અંદરના રસ્તાઓમાંથી થઇને બહાર નીકળવા ચાલ્યો.

આલ્હમમન બોલ્યો, "ઝીમન, હું એક શક ભરેલી તપાસ માટે જાઉં છું. કાં તો મારી પુત્રીને કાફર લોકોના હાથમાંથી છોડાવી સલામત આવું છું અને કાં તો તેમ કરતાં મરું છું. પણ બંને વાતમાં આનડા તરફ પાછા વળવાનો સંભવ થોડો રહેલો છે. ઈશ્વર ન કરે ને તેમ થાય તો આ જગામાં મારી જેટલી દોલત છે, તેનો તું વારસ થજે. હું જાણું છું કે, જ્યારે તારા હાથમાં જર આવશે ત્યારે તું તારા છોકરાઓની ખામી ભૂલી જઇશ."

ઝીમન નીચો નમ્યો, અને ન સંભળાય તેવા શબ્દોમાં પોતાના શેઠનો ઉપકાર માન્યો. તેણે (આલ્હમમને) ઓરડાની આસપાસ જોયું અને ઉંડો નિઃશ્વાસ નાંખ્યો અને શોકાતુર ચહેરે કહ્યું, "મારી કીતાબો તથા મારા જીવમાં કંઈ ખરાબ શુકનો દેખાય છે." આટલું તે બોલી રહ્યો કે તેણે દરવાજો ઉઘાડ્યો અને જે ગુપ્ત વાંકા ચુંકા રસ્તામાંથી તે હમેશાં અલહમ્બરાના કિલ્લામાં તથા શહેરના બહારના ભાગોમાં છૂપી રીતે જઈ શકતો, તે રસ્તાઓમાંથી તે નીકળી ગયો.

ઝીમન જરા તેના ગયા પછી થોભ્યો. તે બડબડ્યો "જો, એ મરી જાય તો સઘળું મારું થાય. અરે! જો તે પાછો ન આવે, તોપણ તેનો પૈસો મારો થાય; મારો એકલાનો જ થાય. મારે વાંસે છોકરું છૈયું કંઈ છે નહીં." આટલું કહેતાં તેણે ગુફાનો દરવાજો બંધ કર્યો અને ખુલ્લી હવામાં બહાર આવ્યો.

પ્રકરણ ૩ જું

"પિતાપુત્રીનો મેળાપ અને નાસતા કેદીનો બચાવ"

બંને હરીફ શાહ ફર્ડીનાન્ડે તથા બોઆબદિલે જૂદી જૂદી દિશાઓમાં સરખી ફતેહ મેળવી. સેલોબ્રેનો, જેનો ખ્રિસ્તી લોકોએ થોડી મુદત અગાઉ કબજો લીધો હતો, તે શહેરમાં તેઓના શાહ બોઆબદિલની ફતેહ સાંભળી ગડબડાટ મચી રહ્યો. વસ્તીએ બળવો કર્યો, ખ્રિસ્તી સીપાઇઓને મારી કાઢ્યા અને મૂર વંશના છેલ્લા રાજાને અંદર આવવા દેવાને માટે શહેરના દરવાજા ઉઘાડી નાંખ્યા. સ્પેનીયર્ડો નાશીને કિલ્લામાં ભરાયા. શહેરનાં રક્ષણ વાસ્તે કિલ્લામાં રહેતી ખ્રિસ્તી સેના, બોઆબદિલનાં હથીઆર સામે થઈ. કિલ્લાની દીવાલો અતિશય મજબૂત હતી, જેથી મૂરોને એમ જણાયું કે ખુનરેજી થયા વગર અને લાંબો વખત સૂધી ઘેરો ઘાલ્યા વગર શહેર હાથમાં આવશે નહીં.

ફર્ડીનાન્ડશાહ જેવો કોર્ડોવામાં દાખલ થયો કે, તરત જ ત્યાં તેણે લોકોની માલમતા જપ્ત કરવા અને ધર્મને બહાને તેઓને દુઃખ દેવાની શરુઆત કરી; પાંચસો યાહુદી લોકો, અઘોર કર્મ કરવાવાળા, ખ્રિસ્તી ધર્મ ન માનનારાઓને સજા કરનારી પાદરીઓની ધર્મસભાનો ભોગ થયા. એટલું જ નહીં પણ ઘણા ખ્રિસ્તીઓ, જેના વડીલો યાહુદી હતા એવું જાણવામાં આવ્યું હતું તેઓને પણ કેદખાનામાં ઘોંચી ઘાલ્યા. કેટલાએકોએ તો પોતાનો અર્ધો ખજાનો રાજાને અર્પણ કરી,જાનની સલામતી મેળવી હતી. આ વખતે સ્પેનીશ સ્પાર્ટોમાં વસતી પીડાતી રૈયતે ભારે બળવો ઉઠાવ્યો. યાહુદી લોકો પણ જુલમથી એવા તો કંટાળી ગયા હતા કે, તેઓએ પણ આ બળવામાં ભાગ લીધો. કેટલાક ખ્રિસ્તી લોકોએ તેઓને ઉશ્કેર્યા તથા તેઓને મદદ આપી. આ આબાદ કામે એક બહાદુર માણસના હાથ નીચે લડાઇનો ઝુંડો ઉઠાવ્યો. કમનસીબે આ બળવાનું સવિસ્તર બ્યાન અમારા હાથમાં નથી આવ્યું, તોપણ સ્પેનીશ તવારીખપરથી જણાય કે, તે બળવો ઘણો ભયંકર હતો. આટલું તો ખુલ્લું કે, આ બળવાનું સવિસ્તર વૃત્તાંત બહાર પાડવાની સખત મના કરવામાં આવી હતી. કારણ કે તેથી સ્પેનીશ રાજ્યનીતિને લાંછન લાગતું હતું, તેથી તેનું ચોખ્ખું ધર્માંધપણું પણ જણાઈ આવતું હતું. આ બળવો છૂપો રાખવામાં આવ્યો હતો, અને બળવાખોરોને સજા કરવાનું કામ મજકુર પાદરીઓની સભાને સોંપ્યું હતું. તવારીખપરથી માત્ર આટલી જ

ખબર પડે છે કે, ફર્ડીનાન્ડે કીધેલી ફતેહ પછી તરત જ એક ખુનખાર બળવો થયો હતો.

એક સાંજરે એક પુરુષ જેને પકડવાને વાસ્તે સેંટ હુરમેંડાડના લશ્કરની એક હથીઆરબંધ ટુકડી તેની વાંસે લાગી હતી, તે પુરુષ એક ડુંગરાઉ ઉજ્જડ ખીણમાંથી બહાર આવતો દેખાયો. આ ખાણુ એક એકાંત નાના સરખા મહેલના બગીચાનાં મૂળમાં પોતાનું મોં કાઢતી હતી. મહેલની આસપાસ ગઢ કે દરવાજા પાસે પહેરેગીરો ફરતા હોય એવું કંઈ નહતું. તેથી તે ઉજ્જડ નરેડાટ જેવો લાગતો હતો. આ જગાએ જેવો તે શખ્સ નાસતો નાસતો આવ્યો કે, તેણે શાંત હવામાં બ્યુગલનો તથા ઘોડાઓની ખરીનો અવાજ સાંભળ્યો. જેમ એક મછીમાર, એક કિનારેથી બીજે કિનારે તેમ કર્યાથી શિકારની જાળમાં ફસાયા વગર રહેશે જ નહી એવી ખાતરીથી જાળ પાથરે છે, તેની માફક તો સીપાઇઓ ચારે દિશામાં પથરાઈ ગયા હતા. તે શખ્સ અવાજ આવે છે કે નહીં, તે ખાતરી કરવા ઉભો અને આસપાસ નજર ફેરવી. તે તમામ થાકી ગયો હતો; તેની આંખો રાતીચોળ થઈ ગઈ હતી. પરસેવાનાં ટીપાં પડતાં હતાં અને તેનું આખું શરીર, સાબર જ્યારે પોતાનો જીવ બચાવ્યાની આશાથી નિરાશ થઈ જીવ ઉપર આવી જઈ જે થાય, તે સહન કરવા શિકારીઓની સામું થઈ ઉભું રહે છે ને ત્યારે શરીરે જેમ ધ્રુજે છે, તેની માફક ધ્રુજવા લાગ્યું. કિલ્લાની પેલીમેર લાંબું પહોળું વિશાળ મેદાન હતું અને તેમાં એક પણ ઝાડ નહોતું કે જેની પુંઠે તે છૂપાઈ રહે. પાસે ફરનારાઓની આગળ દોડવું, તે તો તેઓના હાથમાં ફસાઈ જવા જેવું હતું. જીવ બચાવવાના તેની પાસે ફક્ત બે જ ઉપાય રહ્યા હતા; કાં તો જે રસ્તે ઘોડેસ્વારો આવતા હતા તે જ રસ્તે પાછા ફરવું યા તો આ મહેલના બગીચાનાં ઝાડોની અંદર જે ભાંગો તૂટો આશ્રય મળે તે લેવો. એ સિવાય બીજો કોઈ ઇલાજ ન હતો. છેવટે તેણે મહેલના બગીચાનાં ઝાડોની અંદર છૂપાઈ રહેવાનું નક્કી કર્યું અને તરત જ બગીચાની ભીંત ઠેકયો અને ચેસ્ટ, જટ અને ઓકનાં ઝાડોની અંદર જઈ પડ્યો.

આ વખતે બાગમાં ફુઆરાની પાસે બે ઓરતો બેઠી હતી; એક કંઇક ઉમરે પહોંચેલી હતી અને બીજી પૂર જુવાનીમાં હતી, પણ તેણીની જૂવાનીનું ફુલ કવખતે કરમાઈ ગયું હતું, તેથી તેના સંગેમરમર જેવા ફિક્કા પણ ખુશનુમા ચહેરાપર કંઈ પણ જુવાનીની નિશાની જણાતી નહોતી.

આ બે ઓરતોમાંથી મોટી બોલી ઉઠી, "અફસોસ બાળા, મુગ્ધા, કેવળ આવા એકાંત કલાકોમાં જ દુનિયાં વ્યર્થ છે, એવા વિચારો માણ-

સના મગજમાં આવે છે. પ્યારી સહીઅર, તારા પર દયા આવ્યાને બદલે મને અદેખાઈ આવે છે. હું ખાતરીથી કહું છું કે, ખ્રિસ્તી ધર્મ કબૂલ કર્યાથી તારા જીવને વિશ્રાન્તિ મળશે. જે જુવાનીમાં મરી જાય છે તે સુખી છે, પણ જેઓ ઈશ્વરસ્તવન કરે છે, જેઓ પાપથી મુક્ત રહે છે તથા સદ્‌ગુણને વળગ્યા રહે છે, જેઓનાથી ભય તો દૂર નાશી જાય છે પણ કલ્યાણ થવાની આશામાં વધારો થાય છે, જેઓ માણસને મન તેઓ મરી ગયાં છે પણ ઈશ્વરને મન મરી ગયાં છે એમ નથી, તેઓનું મોત ઘણું સુખદાયક છે."

ધિક્કારયુક્ત શબ્દે લીલા બોલી, "પૂજ્ય માતુશ્રી, આ પૃથ્વી માથે જો હું એકલી જ હોત તો ઈશ્વર સાક્ષી છે કે કેવી ખુશીથી હું તમારો ધર્મ કબૂલ કરત, પણ મારું હૃદય હજી માણસ જાતના હૃદય જેવું છે. ઘણી વખત હું ચમકી ઉઠું છું. તે વખતે મને મારા બચપણના અને મારા પ્યારા પિતાના વિચારો યાદ આવે છે."

ડોનાઇનેઝ બોલી, "લીલા, તારા વિચારો ગમગીની ભરેલા છે. જૂદાઇથી કદાચિત્ પ્યાર ઘટી જતો હોય તો શું, તું તારા બાપ વાસ્તે શોક કરે છે, અને હું મારા ભર જુવાનીમાં કપાઈ મૂએલા છોકરા તથા મૂર લોકોના કેદખાનામાં મરણ પથારીએ પડેલા મારા પ્યારા ભરથારને વાસ્તે શોક કરું છું. તારા મનમાં દીલાસો લે કે દિલગીરી તો સર્વને લાગુ પડી છે."

લીલા જવાબ દેવા જતી હતી કે, તરત જ જે નારંગીના ઝાડો નીચે તેઓ બેઠાં હતાં તેની ડાળીઓ હાલી અને તેઓ અને પાણીના વહેતા ઝરાની વચમાં કાળો ઝભ્ભો પહેરેલો એક આકાર આવી ઉભેલો દેખાયો. લીલા ઉભી થઈ અને આ વેશને લીધે એક ચીસ પાડી બેભાન અવસ્થામાં તે શખ્સની કોટે વળગી પડી.

મનની ઉંડી વેદનાથી બળતો નિ:શ્વાસ નાંખતો આલ્મમન બોલ્યો, "યા ઇઝરાયલ, શું ખરેખર હું મારી પુત્રીને જ જોઉં છું! શું હું તેને હૃદય સાથે ચાંપું છુ અને શું હું આ છેલ્લી જ વખત તેને મારી છાતી સાથે ચાંપું છું? મારી પુત્રી લીલા, ઉંચુ જો જરા તારા પિતા તરફ આંખ તો ફેરવ અને તેનાં બળતાં કપાળ ઉપર એક ચુંબન તો લે."

લીલાએ શુદ્ધિમાં આવી તેની છાતી પરથી પોતાનું બદન ઉપાડી લીધું અને તે પોતાનો બાપ છે કે નહી, એમ ખાતરી કરવા ઊંચી નજર કરી બોલી, "શું મારા પવિત્ર પિતા આપ જ છો! ખરેખર ઈશ્વરે જ આપણા બંનેનો મિલાપ કર્યો છે."

આલ્મમન ગંભીર ચહેરે બોલ્યો, "તે જ કારણથી મારું મોત થવાનો સંભવ છે. જોસબંધ આવતા ઘોડાઓની ખરીનો અવાજ તું શું નથી સાંભળતી? તેઓ મારી વાંસે ચડી આવે છે."

લીલા બોલી, "તેઓ કોણ છે?"

આલ્મમન બોલ્યો, "સ્પેનીયર્ડ ઘોડેસ્વારો છે અને તેઓ મારી પછવાડે લાગ્યા છે."

ડોનાઇનેઝ, જેને આટલો વખત સુધી બાપ બેટીએ તદ્દન વિસારી દીધી હતી, તે તરફ જોઇને લીલા બોલી, "પૂજ્ય માતુશ્રી, આને બચાવો. એ કઈ જગામાં સંતાય? હું ધારું છું કે, કબરસ્તાનના ઘૂમટોની અંદર તે સંતાઈ શકશે. વહાલા પૂજ્ય પિતાજી! આ રસ્તેથી નીકળી જાઓ."

ઈનેઝ ધ્રુજતી ધ્રુજતી આલ્મમન પાસે આવી બોલી, "જરા થોભ, શું હું સાચું દેખું છું! શું હું તેજ પુરુષ જોઉં છું? જેણે મરણ પથારીએ પડેલા મારા એકના એક છોકરાને આરોગ્ય કરી, તેની માના જીવમાં જીવ નાંખ્યો હતો? શું તું તે માણસ નથી? જેણે મારા છોકરાને નેપલ્સમાં મરકીના દરદમાંથી બચાવ્યો હતો? મારા સામું જો. તારા દોસ્તની માને નથી ઓળખતો?"

યાહુદીએ જવાબ આપ્યો, "આપનો ચહેરો મને કંઇક ઝાંખો ઝાંખો અને જાણે સ્વપ્નામાં જોયો હોય એવો સાંભરે છે. જ્યારે તમે મારી પાસે તે વાતો કરો છો ત્યારે મારી જુવાની મને યાદ આવે છે; જે વખતે લીલા એક કુમળી બાળક હતી અને તેની મા વિસર્જન થયેલી શાહાન-શાહતનાં શહેર પાસે યુફ્રેટીસ નદીના ઘોઘાટ કરતા કીનારાપર ગાયન કરી મને રીઝાવતી હતી. તારો છોકરો હવે મને યાદ આવ્યો. કારણ કે મને સાંભરે છે કે, તે વખતે મને એક ખ્રીસ્તી સાથે દોસ્તી હતી અને તે વખતે હું જુવાનીના તોરમાં હતો.

લીલા જે હજી સુધી પોતાના બાપને ગળે વળગી પડી હતી, તે અધીરાઇથી બોલી, "પિતા, પૂજ્ય માતુશ્રી, વખત શાને ખોઓ છો?"

ઈનેઝ બોલી, "તું સત્ય કહે છે અને હું પણ ખાતરીથી કહું છું કે, મારા પુત્રના જીવને બચાવનાર, અને તેના દોસ્તને બચાવવાનાં જ્યાં સુધી મારી પાસે સાધન હશે ત્યાં સુધી હું તેને મરવા નહીં દઉં."

આટલું બોલી ઈનેઝ, પોતાના વિચિત્ર પરોણાને કિલ્લાના પાછલા ભાગમાં એક નાની બારી પાસે લઈ ગઈ અને કેટલાએક ઓરડાઓ ઓળંગ્યા પછી જે ઓરડાઓ લૂગડાં ઉતારવાના કામમાં આવતા હતા,

તેમાંનો એક ઓરડો, જે પોતાના ઓરડાની નજદીક હતો તથા જેના દરવાજાપર આડા પડદા ટાંગી મૂકયા હતા, તે ઓરડામાં તેને લઈ ગઈ. કિલ્લાની અંદરની ગુફાઓમાં લઈ જવા કરતાં આ જગ્યા તેને વધારે સલામત લાગી. કેમકે તેણીનાં મોટાં નામ તથા રાણી સાથેની ધાટી મિત્રાચારીને લીધે, નાશી જનારો તેના ઓરડામાં ભરાયો છે, એમ કોઈ પણ શક નહિ લે.

થોડીક વાર થઈ કે કેટલાએક ઘોડેસ્વારો કિલ્લા પાસે આવી પહોંચ્યા. મહેલનો માલીક કોણ છે, તે જાણ્યા પછી બગીચા તથા મહેલના નીચેના ભાગોમાં થોડી ઘણી તપાસ કરી સંતોષ પામી અને નોકરોને સાવધ રહેવાની ભલામણ આપીને પાછા તેઓ સ્વાર થયા અને અંધારી રાતે ફક્ત તારાથી પ્રકાશિત થએલા મેદાનપર તે શખ્સની તપાસપર નીકળી પડ્યા.

જે ઓરડામાં આલ્મમન છૂપાયો હતો, તે ઓરડામાં કોઇને ખબર ન પડે તેમ લીલા ગઈ અને જુએ છે તો પોતાનો પિતા ભર ઉંઘમાં પડેલો. હતો. મુસાફરીની સઘળી રંજ ખમ્યા પછી તથા પોતાની પુત્રીના એકાએક મેળાપથી થયેલી નિરાંતને લીધે તે એક નાનાં બચ્ચાની માફક નિશ્ચિતપણે સુઈ રહ્યો હતો. પરસ્પરનું સગપણ આ વખતે બદલાઈ ગયેલું જણાતું હતું, કારણ કે લીલા જ્યારે આંસુ ભરેલી આંખે, પોતાના પિતાનો સૂકાઈ ગયેલો પણ શાંત ચહેરો જે બારીમાંથી આવતી રોશનીથી પ્રકાશ મારતો દેખાતો હતો તેના ઉપર નિહાળતી બેઠી હતી, ત્યારે એક મા પોતાના બચ્ચા તરફ જે હેતથી જુવે છે, તેવાં જ બલકે વધારે હેતથી તે જોતી બેઠી હતી. આવી રીતે રાત વીતી ગઈ, તોપણ પિતા પુત્રી હજી તેજ ઓરડામાં અને તેજ રીતમાં જોવામાં આવતાં હતાં.

પ્રકરણ ૪ થું

"આલ્મમન સાંભળે છે, અને જુએ છે, પણ માનતો નથી; કારણ કે તીવ્રમાં તીવ્ર મગજ પણ હદથી જયાદા કામ કરવાથી શૂન્ય થઈ જાય છે"!

જે ઓરડામાં આલ્મમન સૂતો હતો, તે ઓરડાની અંદર આસ્તે આસ્તે અરુણોદયનો પ્રકાશ પડવા લાગ્યો, તોપણ આલ્મમન તો હજી સૂતો જ પડ્યો હતો. "આજે ખ્રિસ્તીઓનો સબાથનો દિવસ હતો. એનું બીજું નામ ખ્રિસ્તીનો દિવસ" કરીને પણ છે. સૂર્યનાં કિરણો પૂર્વ દિશામાં

પ્રકાશ મારી રહ્યાં હતાં, તેથી જે ઓરડામાં આલ્મમન સૂતો હતો, તેના એક ઉંડા ગાથિક બાંધણીના ગોખલાની અંદર એક ક્રુસ પડયું હતું. તેના ઉપર સૂર્ય પોતાનો પ્રકાશ નાંખી, જાણે તેને જયવંત બનાવી, લીલાની નજર સામે કેથોલીક શિલ્પ શાસ્ત્રીએ કોતરેલી ઈશ્વરી સહન શીલતાથી અંકિત થએલા ઈસાનબીની મૂર્તિને લાવી મૂકતો હોય એમ જણાતું હતું. એ મૂર્તિ જાણે લીલા તરફ જોતી હોય તથા તેને ઉત્તેજન આપી પોતા તરફ બોલાવતી હોય એમ લીલાને લાગ્યું. તે ગુપચુપ આસ્તેથી પોતાના બાપને પડખેથી ઉઠી, અને ધીમેથી ચાલી તે પૂજનીય મૂર્તિ પાસે જઈ ઘુંટણે પડી આ પ્રમાણે બડબડી;–

"ઓ તારક પિતા, મને મદદ કર. તારાં પ્રાણીને આશ્રય આપ. સુખમયી રસ્તા ઉપર ચાલવાને તેના પગમાં જોર બક્ષ કે તેમ કરવાથી તે, આ સૃષ્ટિ ઉપર જેના ઉપર પ્યાર રાખે છે, તે સર્વથી તેને વિખૂટા પડવું પડે છે, તોપણ તે રસ્તો પકડવામાં તેને મદદ કર અને જો કોઇપણ બાબતનો ભોગ આપતાં તેની શાપિત અને હઠીલી કોમના ઉદ્ધાર વાસ્તે કંઈપણ થઈ શકતું હોય તો ઓ કૃપાળુ ઈશ્વર, તે કબુલ કર અને તે વાસ્તે એક યાહુદી કન્યાએ કરેલી સ્તુતિ ઉપર ધ્યાન આપ."

આ પ્રમાણે જ્યારે લીલા ડચકાં ખાઈ ગદગદ કંઠે સ્તુતિ કરતી હતી, તેટલામાં તે, એક ઉંડા અફસોસનો ધ્વનિ સાંભળી ચોંકી ઉઠી; અને બ્હીકમાં મોં ફેરવી જોયું તો આલ્મમનને ઉઠીને પોતાના હાથ ઉપર માથું ટેકવી પગ્યો પગ્યો અંગારના જેવી બળતી આંખોવડે લીલા તરફ જોતો જણાયો.

લીલા જઈ પોતાનું મોં છૂપાવવા લાગી. તે જોઈ આલ્મમન બોલ્યો, "બોલ, બેટા, મને ખરું કહે, નહીં તો એક ભયંકર વિચાર મારા મગજમાં પેસી મને પથ્થરવત્ બનાવી મૂકશે. હું ધારું છું કે, તું પેલી મૂર્તિની આગળ ઘુંટણે તો પડી ન હતી? મારી મતિ મુઝાય છે. દયાને ખાતર બોલ જલદી!"

લીલાએ બોલવા પ્રયત્ન કર્યો, પણ "પિતાજી"ના પવિત્ર શબ્દ શિવાય તે વધારે કંઈ બોલી શકી નહી.

આલ્મમન ઉઠી ઉભો થયો અને લીલાના હાથ તેના મોં ઉપરથી ખસેડી પોતાના હાથમાં ઝાલી તેના ચહેરા સામું જાણે તેના મનની વાત જાણી જવા માગતો હોય તેમ, એકી નજરે કેટલીક વાર સુધી જોઈ રહ્યો. આ દરમિયાન લીલાએ પોતાની હિમ્મત પાછી મેળવી પિતાના સામું જોયું.

છેવટે આલ્મમન થોડી વાર સૂધી મુંગો રહી પાછો બોલ્યો, "તું મને જોઈ ધ્રુજતી નથી, એ ઉપરથી જણાય છે કે, મેં તારા વિષે વિચાર બાંધવામાં ભૂલ કરી છે. તુંને જે બાબતની ગુન્હેગાર મેં જાણી હતી, તે બાબતની ગુન્હેગાર તું નથી. મારા બેટા. આવ મારી બગલમાં."

લીલા પોતાના બાપની આજ્ઞા પ્રમાણે તેની છાતી ઉપર પોતાનું માથું નાંખી બોલી, "અફ્સોસ, છેવટે મારા ઈશ્વિર તમારી પાસે કબુલ કરવાની હું હિમ્મત ધરીશ. પિતાજી, આપણી કોમ ઉપરના પેલા ભયંકર શાપ, જેણે આપણુને ઘરતડ વગરનાં, સત્તાહીન, ધિક્કારાયલા કરી મૂક્યાં છે, તે ઉપર અને આપણે જે જે જુલમ અને દુઃખો સહન કર્યાં છે, તે ઉપર દરિઆફ કરી, તમારાં ઉત્તમ મનને શિખવો, કે જે શખસના પવિત્ર પગોથી આપણી પેલેસ્ટાઇનની ભૂમિ પવિત્ર થઈ છે, એવા ઇસુખ્રીસ્તીને આપણી કોમે જે દુઃખ અને પીડા આપી છે, તેનું પરિણામ તો સારું ન જ આવે. આપણે જાતે જ રોપેલાં કડવાં ઝાડનાં કટુ ફળ આપણે જ ચાખવાં પડે છે. મને આવતી દુનિયામાં સુખ મેળવવાની આશા થઈ, તેથી મેં પેલા ઉપર ઈમાન રાખી તે તરફ જોયું અને તેણે મારી ઉમેદ પૂરી કરી. પિતાજી, તમારાં અંતઃકરણને કઠણ બનાવો નહીં અને આ તમારાં બચ્ચાનું કહેવું સાંભળો. તમે જો કે ડાહ્યા હશો, અને મારામાં એક ઓરતના જેવી ટુંકી બુદ્ધિ છે, તોપણ, મારા કહેવા ઉપર તમારે ધ્યાન તો આપવું જોઇએ."

આલ્મમન, કોઈ ઉંડા ગારમાંથી આવતા અવાજના ધાટા અને ભૂતના જેવા સ્વરથી બોલ્યો, "મુંગી રહે મુંગી." આટલું કહી બે એક પગલાં પાછળ હઠી તેણે પોતાના બંને હાથ લીલાનાં લમણા ઉપર મૂક્યા અને બોલ્યો, "ખરેખર, એ છોકરી ગાંડી થઈ ગઈ છે, અવસ્ય ગાંડી થઈ ગઈ છે. તે આજે કંઈ બોલે છે, તે કેવળ તેની ઘેલછાની અંદર જ બકે છે." આટલું કહી એકદમ અતિશય માયાળુ અવાજ ધારણ કરી તે બોલ્યો. "અરે મારા બચ્ચાં, તને ખબર છે કે, મારા ઉપર શાંશાં સંકટો પડ્યાં છે. મેં રાત્રને દિવસ વૈર વૈરનાં સ્વપ્નાં જોયાં છે ત્યારે એ સ્વપ્નમાં તું મને જગાડવામાં તારા જ હાથ અને તારાં જ દિલાસા ભરેલાં મધુર વચનો સહાયભૂત થાય એવું હું ઇચ્છું છું. બેટા, ચાલો આપણે આ ધિક્કારવા લાયક જગ્યામાંથી નાશી જઇએ. ભલે એ બંને મૂર અને એ નાપાકો માંહોમાંહે લડ્યા કરે, અને ગમે તે પક્ષની હાર થાય આપણે તેથી વિરક્ત થઈ રહીશું. ચાલો જ્યાં સૂધી કિલ્લામાં સર્વે સૂતા જ છે,

તેટલામાં આપણે બાપ દિકરી છેટેની કોઈ એકાંત જગામાં રહેવા સારુ નીકળી જઇએ. આપણે રાહની અંદર મીઠી મીઠી દિલાસો આપનારી વાતો કરીશું. પણ લીલા, પેલી ખ્રિસ્તીની મૂર્તિ વિષે મારી પાસે એક શબ્દ પણ બોલતી ના. તારો પરમેશ્વર કંઈ એ લાકડાનાં પૂતળાં જેવો નથી."

આલ્મમન જે લાંબી મુસાફરી અને નીચોવી નાંખનારા વિચારોથી થાકી ગયો ન હત તો એ હંમેશના તીખા પુરુષે કંઈ જુદા જ રૂપમાં વાત કરી હત. પણ ગરમીની અસર કઠણ પથ્થર ઉપર પણ થાય છે. તે પ્રમાણે વિયોગરૂપી દુ:ખની અસર આલ્મમન ઉપર પણ થઈ હતી, આવે પ્રસંગે આલ્મમનની પોતાની કુદરતી અસાધારણ બુદ્ધિ છતાં, અને, તેથી બીજા સર્વ ઉપર સરસાઈ ભોગવવા છતાં પણ જ્યારે તે એ પ્રસંગો ઉપર અંદેસો કરતો, તેવે વખતે એ અગમ્ય પુરુષ, જે પોતાના જાદુના જોર ઉપર ઇમાન રાખી કંઈ ફિરસ્તાઈ સત્તા ધારણ કરવાની હિંમત બાંધતો હતો, તે એવો તો નરમ ઘેંસ થઈ જતો કે, બીજું કોઈ પણ એવું નરમ કવચિત જ થઈ શકે.

નવીસવી ખ્રિસ્તી થએલી લીલા વાસ્તે આજનો સમય બહુ બારીક હતો. તેના બાપની આવી અણધારેલી નરમાશથી તેનું મન સાફ નરમ થઈ ગયું. તેમ જ કૅથેલીક ધર્મ વિષે તેનામાં એટલો બધો જુસ્સો ઉત્પન્ન થયો ન હતો કે, તે આ સૃષ્ટિના સાચા પ્યાર બંધનને પણ તુચ્છકારી કહાડે. મઠમાં રહેલી પવિત્ર ચીજોથી તથા તેમાં વસ્તી સહસરીઓથી તેના મનપર જે અસર થઈ હતી, તે તથા આવી રીતે ખ્રિસ્તી થઈ, ઇસુ ખ્રિસ્તીને દુ:ખ દેવાથી પોતાના જાતભાઇઓ ઉપર પડતાં સંકટોમાં ઘટાડો કરી તેઓના હકમાં શુભ કરવાની ઉત્કંઠા, વિગેરે સર્વે ઉંચા અને આશાજનક વિચારોનું પિતૃપ્રેમ આગળ કંઈ ચાલ્યું નહીં. તે મનમાં વિચારવા લાગી કે, 'શું? તેણે પોતાના બાપને દુ:ખની વેળાએ છોડી દેવો જોઇએ? અને આવી રીતે દુ:ખની વેળામાં તેને છોડી દેવો, એ શું સદ્‌ગુણ ગણાશે? આ બંને સવાલોનો જવાબ તેના અંત:કરણે એક જ વખતે આપ્યો. તે આલ્મમનની નજદીક આવી, તેના હાથમાં પોતાના હાથ લપેટ્યા, અને શાંત તથા દઢતાથી બોલી, "બાવાજી, જ્યાં જ્યાં તમે જશો, ત્યાં ત્યાં તમારી વાંસે આવવા હું હાજર છું."

પણ આવી રીતે તેઓ પોતાની નાશી જવાની ધારણામાં ફતેહ પામી, જે ફળ તેઓ હાંસલ કરત, તેથી કેવળ વિરુદ્ધ જ કરવાની ઈશ્વરની મરજી હતી.

આલ્મમન હજી તો **લીલાને** જવાબ આપવા જાય છે, તે અગાઉ મહેલના દરવાજા આગળ ફૂંકાયલા રણસીંગાનો ચોખો અને જોરથી આવતો અવાજ તેને કાને પડ્યો.

આલ્મમન તરત જ પોતાનું ખંજર કાઢી ભયથી આસપાસ જોતો બોલ્યો, "સાંભળ, મારી વાંસે લાગનારા અને મારા મારાઓ આવી પહોંચ્યા જણાય છે."

આ વખતે એ બ્યુગલનો **અમંગળ** અવાજ પણ **લીલાના** મનને કંઇક સમાધાની આપનારો થઈ પડ્યો. તે બોલી, "હું જઈ તપાસ કરી આવું છું કે એ બ્યુગલ કોણે અને શા વાસ્તે ફૂંક્યું છે. તમે અહીં જ રહેજો. પણ સાવધ રહેજો. હું હમણાં જ વળી આવું છું."

લીલાએ જલદીથી પાછું ફરવા કહ્યું હતું, તોપણ તે પાછી આવી, તે દરમિયાન કેટલીક મીનીટ વીતી ગઈ. હમણાં ડોનાઇનેઝ તેની સાથે હતી. તેના ઝરદ અને ક્ષોભમયી ચહેરા ઉપરથી જણાતું હતું કે, તેના મનમાં કોઇપણ પ્રકારની ધાસ્તી રમી રહી છે. એક હલકારાએ આવી તેને જાહેર કર્યું હતું કે, રાણી **ઇસાબેલા** મોટાં લશ્કર સહિત અહીં આવે છે. તે પોતાનો ભરથાર **ફર્ડીનાન્ડ**, જે હમેશની માફક પોતે અગાઉ જીતી લીધેલા મૂરનાં એકાદા **શહેરમાં** થએલા બંડ બેસાડી દેવાના કામમાં રોકાયો હતો, તેની પાસે જવા નીકળી હતી. આ ખબર સાંભળ્યા પછી વધારે વખત આ કિલ્લામાં રહેવું, તે **આલ્મમન** વાસ્તે સલામતી ભરેલું ન હતું, વાસ્તે તેણે પોતાનો બચાવ કરવા સારુ વેશ બદલી આ જ ઘડી કિલ્લો છોડી નાશી જવું જોઇએ.

ઇનઝે, આલ્મમનને આ સર્વ વાત વિદિત કરી કહ્યું કે, "મારી પાસે એક ભરોંસાદાર નોકર છે, તેને હું તમારી સાથે આપીશ, જેથી રસ્તામાં તમને કંઈ હરકત નહી નડે. તેમ છતાં પણ રસ્તાની અંદર કોઈ તમારા પર શક લાવે, તો મારું નામ લીધાથી તથા મારો નોકર તમારી સાથે છે એવું જાણ્યાથી તમને વગર હરકતે જવા દેશે. અહીંથી ગોડીકઝ જે કંઈ બહુ છેટું નથી, તે શહેર મુર લોકોથી વસેલું છે અને હમણા સૂધી તે ફર્ડીનાન્ડના તાબામાં હતું, પણ હાલ તેણે બળવો ઉઠાવ્યો છે, પણ ફર્ડીનાન્ડ તે શહેરને ઘેરો ઘાલે, તે **અગાઉ** તો તમે સહી હલામત ત્યાં પહોંચી જશો."

આ સાંભળી કેટલોક વખત સૂધી તો **આલ્મમન** દરદના પૂર વિચારમાં લીન થઈ ગયો, પણ છેવટે તેણે તેની યુક્તિ પ્રમાણે વર્તવા હા પાડી.

એટલે ડેનાઇનેઝ તરત ત્યાંથી નીકળી પોતે કહેલ નોકરને હુકમ આપવા બહાર જતી રહી.

જ્યારે તે હિબ્રુ પોતાની છોકરી સાથે એકલો રહ્યો ત્યારે તે બોલ્યો, "લીલા, તું એવું મા ધારજે કે મારી પોતાની સલામતીને ખાતર જ હું અહીંથી નાશી જવાનું કબુલ કરું છું. નહી, એવું તો કદી બને જ નહીં લીલા, જ્યારથી મેં તુંને મારાં અવિચારીપણાને લીધે પારકાના હાથમાં સોંપી મારી નજર આગળથી ગુમાવી છે, ત્યારથી, તું જે મારા કુટુંબનો એક જ તરૂણ રોપો છે, તથા તારી માના મારા ઉપરના પ્યારની કેવળ એક જ નિશાની છે, તે તું મને કેટલી વહાલી છે તે એમાં જણાયું છે. તું મને પાછી અહીં મળી, આથી કરી આ સૃષ્ટિ, જાણે શિયાળામાંથી વસંત ઋતુમાં આવી હોય એવી મનોરંજક મને લાગે છે, તથા મારી અંદર નવો અને માયાળુ જીવ ફરીથી આવ્યો હોય એમ મને ભાસે છે. મારી વાહાલી, કેવળ તારે ખાતર જ, દુશ્મનના હાથમાંથી નાશી છૂટવા સારું માણસ જાતની બુદ્ધિ જે જે ઉપાયો બતાવે છે, તેનો ઉપયોગ કરવા હું કબુલ કરું છું. હું ફરીથી એક અઠવાડિયાની અંદર ગમે તે જોખમે પણ આ જગાએ આવીશ અને તે વખતે, તેં જે મને આજે વચન આપ્યું છે, તે પ્રમાણે તારે મારી સાથે ચાલવું પડશે. આપણા નાસી જવા વાસ્તે સર્વે ગોઠવણી હું પોતે કરીશ. તથા પથ્થરવાળા રસ્તામાં તુંને ચાલવું ન પડે એવી સગવડ પણ કરીશ. ઈઝરાયલીસ્ટનો ઈશ્વર તારી નીગેહબાની રાખે, અને તારાં મનને બળવાન્ બનાવે." તે આટલું બોલ્યો, એટલામાં ઓરડા તરફ આવતાં કોઇના પગલાંનો અવાજ સંભળાયાથી લીલાને પોતાની છાતીએથી ખસેડી તે બોલ્યો, "પણ મારા તારા તરફના આવા પ્યારને લીધે તુંને અને હુંને શું શું ઉચિત છે, એ હું ભૂલી જઇશ એવો તું ખ્યાલ પણ મા લાવ. તેમ જ એવું પણ સમજ જે કે, મારો તારા તરફનો પ્યાર મૂર્ખ પિતાઓના જેવો જડ અને પશુવત્ છે. હું તારી માને ખાતર, તારી પોતાની ખાતર અને તેથી વિશેષ વળી ખાસ આપણા ઈશ્વર ઈઝરાયલને ખાતર તારાં ઉપર હેત રાખું છું. જો તું, મારા પિતા ઇસાચરના વંશનું રહ્યું સહ્યું નિશાન નાબુદ થઈ જઇશ, જો તું અમારા હાથમાંથી નીકળી જઇશ તો પછી ભગવાનની કૃપાને પાત્ર થયેલા યાહુદી લોકોમાંના સર્વેથી પૈસાદાર અને ગર્વિષ્ઠ કુટુંબનો પણ સાથે જ નાશ થશે."

આ વખતે ઈનેઝ ઓરડાના ઉંબરમાં દાખલ થઈ, પણ આલ્મમનના મગરુર અને આતુર હાવ ભાવ જોઈ પાછી વળી ગઈ અને આલ્મમન તો બોલ્યો જ જતો હતો. તે બોલ્યો, "હિબ્રુ કોમની પ્રજાનો

ઉદ્ધાર હમણાં સુધી તો મારે જ હાથે અને મારી હૈયાતીમાં થશે, એમ હું મૂર્ખાઇથી સમજતો હતો, પણ તેમ બનવું તો મુશ્કેલ છે. એ ઉદ્ધાર વાસ્તે હવે તારામાં અને તારા વંશજોમાં ઉમેદ રાખું છું. પણ હવે એ વાત બંધ કરીએ. તું હાલ ખ્રિસ્તીના ઘરમાં બેઠી છે, તોપણ જે ધર્મ મનાવવાને અમારા ઉપર હથીઆરનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો, છતાં અમે તેને કબુલ ન હોતો કર્યો તેને તું કબુલ કરીશ એવું હું કદી ધારું જ નહી. પણ તેમ ધારવામાં જો હું ભૂલ કરતો હોઉં, અને તેં જો તે ધર્મ સ્વીકાર્યો, તો પછી તેની સજા ઘણી ભયંકર થશે. જો એકવાર મને એવી ખબર મળી કે, તેં તારો બાપદાદાનો ધર્મ તજી દીધો છે, તો પછી ગમે તો કોઈ પાદરી કે કોઇ લડવૈયો તારું રક્ષણ કરવા ઉભો હશે, ગમે તો હજારો શૂરા સામંતો તારી આસપાસ તારા બચાવ વાસ્તે વીંટાઈ ઉભા હશે, તો પણ આ પોલાદી ખંજર ઈસાચેર યાહુદીના વંશજને તેના ઉપર પડતી બદનામીથી બચાવી લેશે. વાસ્તે હુશિઆરીમાં રહેજે. તું રડે છે કેમ! રડ નહી, હું કંઈ તને ધમકી આપતો નથી, ફક્ત ચેતવણી આપું છું. હવે ઈશ્વર તારું રક્ષણ કરો."

આટલું કહી પોતાની વહાલી છોકરીને એક ચુંબન આપી જે થોડો ઘણો વખત બાકી રહ્યો હતો, તેની અંદર પોતાનો જરૂર જેવો વેશ બદલી પેલા સ્પેનિયર્ડ વળાવા સાથે મહેલ છોડી ગયો. આ વળાવાને પોતાની શેઠાણીના પરોપકારી સ્વભાવની માહિતી હતી, તેથી તેના આવા હુકમથી તે કંઈ પણ તાજુબી વગર તાબે થયો, તોપણ એના દિલમાં એ બાબત કંઇક વહેમ તો ઉપજ્યો જ હતો.

આલ્મમનના ગયા પછી થોડીવારે રાણી મેહેલમાં આવી પહોંચી. રાણીએ આવી ઈનેઝને કહ્યું, "ડોનાઇનેઝ, તમારા કિલ્લાની આસપાસનાં મૂર લોકોથી વસેલાં દરેક ગામે બંડ ઉઠાવ્યું છે, જેથી વધારે વખત આ મહેલમાં રહેવું તમને સલામતી ભરેલું નથી; વાસ્તે તમે તમારી સાથે તમારી સર્વ મઠની સાધુ છોકરીઓને લઈ મારી સાથે ફર્ડીનાન્ડની છાવણીમાં ચાલો. હું અહીં આવી છું તે કેવળ તમને તેડવા વાસ્તે જ આવી છું.

લીલા આ હકીકત જાણી જડભરત જેવી થઈ ગઈ. તેના બાપ સાથે તેની થએલી મૂલાકાતે, તથા તે મૂલાકાતથી દિલની અંદર ઉત્પન્ન થએલા આવેશોના ભયાનક ઝગડાએ તેને શૂન્ય મૂઢ બનાવી મૂકી. અને જ્યારે સંધ્યાકાળે તે પાછી ફર્ડીનાન્ડની છાવણીમાં દાખલ થઈ, ત્યારે કેવળ એક જ વિચાર તેનાં ગુંચવાયલાં અને બેહેર મારી ગએલા મગજની અંદર રમી રહ્યો હતો. તે વિચાર એ હતો કે, આવી રીતે ફર્ડીનાન્ડની

છાવણીમાં આવી પડવાથી તેનો પિતા તેને અગાઉની જગા ઉપર ન જોઈ પાછો ફરી જશે, તેથી ખ્રિસ્તી ધર્મ સ્વીકારવામાં વિઘ્ન ઉપજાવનાર આલ્મમન ઉપરનું પોતાનું હેત વધારે વખત હરકત નહીં કરી શકે. કારણ કે તે સમજતી હતી કે, જો ફરીથી તેઓ અરસપરસ મળ્યાં તો પછી પિતાના પ્યારમાંથી છૂટવું કઠિન છે.

આલ્મમને ડોનાઇનેઝનો મહેલ જે દિવસે છોડ્યા, તે પછી પાંચમે દિવસે તે પાછો એની એ જગોએ આવ્યો. પણ જુએ છે તો મહેલ સાફ ઉજડ પડ્યો છે અને તેમાં સાધુડી કે આદમી નજરે પડતું ન હતું એટલે લીલા તો કયાંથી જ હોય?

પ્રકરણ ૫ મું

"બંડ કરવાથી ઉત્પન્ન થએલાં હાનિકારક પરિણામ"

યાહુદી લોકો, આગળ જણાવેલા ફર્ડીનાન્ડ સામે થએલા એક સંપમાં ભાગ લઇને જ બેસી રહ્યા નહીં. હમણાં સૂધી તો એ લોકો મૂર અને ખ્રિસ્તી વચ્ચે થતી લડાઇમાં કોઇનો પણ પક્ષ લેતા નહીં, પણ આ વખતે જ્યારે મૂર લોકોથી વસેલાં કેટલાંક શહેરોએ ફર્ડીનાન્ડ વિરુદ્ધ બળવો ઉઠાવ્યો ત્યારે તો તેઓએ આગળની માફક કોઈ પક્ષમાં ભાગ ન લેવાની રીતિને છોડી દીધી.

ફર્ડીનાન્ડ તથા કૅથોલીક ધર્મના પાદરીઓ તેઓ ઉપર જુલમ કરી તેઓનો બધો પૈસો છીનવી લેતા હતા તથા નિર્દય રીતે દુઃખ દઈ પોતાનું જંગલીપણું બતાવતા હતા, તેથી તેઓ જુસ્સામાં આવી ગયા હોય કે પછી, તેઓની જ્ઞાતિનો એક માણસ, જે તેઓનો સરદાર ગણાતો હતો, તેના ઉશ્કેરવાથી ઉશ્કેરાયા હોય કે એ બંને કારણો એકઠાં થયાં હોય તેથી, પણ એટલું તો સાફ હતું કે આ વખતે, અદ્યાપિ સૂધી ન દેખાડેલો જુસ્સો એ સલાહ સંપને ચાહનારા લોકો બતાવવા લાગ્યા. તેઓ હજારો રૂપીઆ જાહેર ત્રીજોરીમાં આપવા લાગ્યા, તથા હથીઆરો માગવા લાગ્યા, અને તેઓના પોતાના સરદારોનાં ઉપરીપણાં નીચે ગુમાની અને તુંડતુંડ મુસલમાનના સૈન્યમાં દાખલ થયા.

આ જોડાઈ ગએલા દુશ્મનોને સામે થવામાં મદદ કરનારી, ફર્ડીનાન્ડ પાસે, તેની કાવાદાવાવાળી અને કાવત્રાંખોર ખટપટી રાજ્યનીતિ હાજર હતી. આલ્મમન અને પોતા વચ્ચે યાહુદી લોકોના હકમાં શુભ કરનાર જે કરાર પહેલાં થયો હતો, તેનો તેણે પોતાનાં હથિઆર તરીકે

ઉપયોગ કર્યો. તેણે છૂપી રીતે આસપાસ ખબર ફેલાવી દીધી કે, યાહુદી લોકોએ તો ફર્ડીનાન્ડ સાથે લાભકારક સલાહ કરવાની લાલચે, મૂર લોકો સામે દગો રમી તેનાં આનડા સુદ્ધાં તે શહેરો ફર્ડીનાન્ડના હાથમાં સોંપાવવાનું માથે લીધું છે. આ ગપ સાથે પોતાની અને આલ્મમનની વચ્ચે થએલુ તહનામું, જે આલ્મમન જ્યારે તેની પાસે પકડાઈ આવ્યો ત્યારે પાદરીઓની સભા હજુર તેને તપાસવા વાસ્તે ઉભો કરતી વખત તેણે તેની પાસેથી લઈ લીધું હતું. તે તહનામું પોતાના એક ભેદુ યાહુદીને વેશ પહેરાવી મૂરના એક શહેરમાં મોકલી દીધું.

ત્યાર પછી બીજા ભેદુ મારફ્ત તે જ શહેરના બળવો ઉઠાવનાર મૂરોના મુખ્ય મુખ્ય આગેવાનોને છૂપી રીતે ખબર મોકલી કે, એક યાહુદી અમુક તરાહનો કાગળ લઈ અહીં આવ્યો છે. તરત જ મૂર લોકે એ શહેરમાં શોધ કરાવી અને યાહુદીનો વેશ ધારણ કરેલા તે સીપાઈને પકડ્યો અને ઝાડો લેતાં તેની પાસેથી પેલો કાગળ મળી આવ્યો. એ કાગળમાં એવી મતલબનું લખાણ કર્યું હતું કે, અમુક યાહુદી આલ્મમને પક્કાઈથી પોતાનું ખરું કે ખોટું ધારણ કરેલું નામ આ કરારની અંદર પ્રસિદ્ધ કર્યું ન હતું. જો આજથી બે મહિનાની અંદર આનડા શહેર ફર્ડીનાન્ડને તાબે કરી આપે તો અમુક તરેહના હક તે યાહુદી લોકોને આપે. આ ખત વાંચીને મૂર લોકોને એટલો તો ગુસ્સો ચડ્યો કે, કંઈ કહેવાની વાત નહિ.

તેઓને અગાઉ વહેમ હતો કે, યાહુદી લોકો કંઈ ખાનગી કારણસર જ તેઓ સાથે સામેલ થયા હશે. પણ હવે તો તેઓને પક્કિ ખાત્રી થઈ કે, તેઓએ હથીઆર કેવળ આ જ કારણસર માગ્યાં હતાં. તરત જ એક હુલ્લડ ઉઠ્યું. મુખ્ય મુખ્ય યાહુદીઓને પકડવામાં આવ્યા અને કંઈ પણ તપાસ કર્યા વગર તેઓને કાપી નાંખ્યા. આસપાસના સર્વ શહેરમાં તેમ જ આનડામાં પણ આ બાબતની ખબર મોકલવામાં આવી કે જેથી તેઓ સર્વ આ ખ્રિસ્તી તેમ જ મૂર એ બંનેના દુશ્મન બિચારા ગરીબ યાહુદીઓથી સાવધ રહે. મૂર લોકો કુદરતી રીતે લોભિષ્ઠ અને ઘાતકી સ્વભાવના હોવાથી તેઓએ આ વખતે યાહુદીઓ ઉપર જે કંઈ ક્રૂરપણું ચલાવવા માંડ્યું, તેણે ફર્ડીનાન્ડ અને પાદરીઓના નિર્દયપણાને હરાવી મૂકયું.

યાહુદી લોકોનું શુભ કરવાનું આલ્મમને જે પ્રયત્ન કર્યું હતું, તે જ પ્રયત્ન આ વખતે તેઓનાં દુ:ખ અને મુસીબતને વધારનારું થઈ પડ્યું. યાહુદી લોકોથી સાવધ રહેવાની ઉપર જણાવેલી ખબરો જ્યારે આનડામાં

આવી ત્યારે બોઆબદિલ શાહ હજી સેબેલોનાને ઘેરો નાંખી પડ્યો હતો. તેથી રાજવહીવટ, શાહની વતી વજીર જુસફ ચલાવતો હતો. તેને જ્યારે એ ખબર મળી ત્યારે તેણે ઘટતો ખજાનો યાહુદીના પૈસાથી તર કરવાની આ તક ગુમાવી નહીં. મૂરના તાબાના મુલકના જે જે શહેરોમાં યાહુદી લોકો વસતા હતા, તે સર્વને લૂંટી લેવામાં આવ્યા. યાહુદીના ઘરની લૂંટ અને તેની જપતી એ તો નિત્યનું કામ થઈ પડ્યું. કેવળ સ્વાર્થ અને ધર્મમાં અંધ થયેલા લોકો બાપડા યાહુદીઓ ઉપર જુલમનો વરસાદ વરસાવવા લાગ્યા.

આ પ્રમાણે જુલમનું કામ નિયમસર ચાલ્યું જતું હતું તે, વખતમાં એક દિવસે મોડી રાત્રે હંમેશના રાબેતા મુજબ ઝીમન, આલ્મમનના ઘરની અંદર બધું બરાબર છે કે નહીં, તે તપાસવા આંટા ફેરા દેતો હતો. આ વખતે જેમ જેમ તેની નજર આસપાસના સર સામાન, ફરનિચર અને તેના ભભકા ઉપર પડતી ગઈ, તેમ તેમ તે ધીમે ધીમે હસતો, પોતાના દુબળા હાથ મસળતો બોલ્યો જતો હતો, "જો મારો શેઠ મરી જાય,—જો મારો શેઠ મરી જાય–" આવા આવા વિચારમાં તે રોકાયો હતો, તેવામાં તેણે છેટે છેટે કંઈ ઘોઘાટ થતો સાંભળ્યો તેથી તે તરફ ધ્યાન દઈ સાંભળ્યું તો હાલમાં સાધારણ થઈ પડેલા "અદળ જુસફ, ઘણું જીવો," અને "દગાખોર યાહુદીઓનું નખોદ જાઓ" ની બુમો પડતી સંભળાઈ.

ઝીમનના મોનો રંગ તદ્દન બદલાઈ ગયો. તે બોલ્યો, "અરે ? કોઈ મારા યાહુદીભાઇનાં ઘરની લૂંટ થતી લાગે છે. ઈસાચેરના દીકરા, આ કામ તારું છે. ખરેખર તેં, તારા બાપ દાદાથી વિશેષ ડાહ્યો થવામાં ગાંડાપણું વાપર્યું છે. જેવી રીતે અમે તેઓને બજારમાં અને ચૌટામાં ઠગીએ છીએ, તેની માફક એ મૂર્તિપૂજકોને મહેલ અને લશ્કરની છાવણીમાં ઠગવાનો પ્રયત્ન કરવામાં તેં મોટી બેવકુફાઈ કરી છે. હું શિવાય કોઇને પણ ખબર નથી કે, એ શક્તિવાન્ સાધુ એક યાહુદી છે. હું તેને ફાંસી લટકાવી દેવાને શક્તિવાન્ છું અને જો તે મરી ગયો તો પછી આ સઘળી માલ-મતા કોની? બૂઢા ઝીમનની જ તો."

આ વિચાર કરી તે અટકયો. પોતાની આંખો વીંચી મૂકી અને પોતાની આબાદી ઉપર વિચાર કરવા લાગો અને મનમાં મગન થયો. પછી ત્યાંથી ઉઠી નીચે પોતાની ઓરડીમાં આવ્યો. તે હજી તો ઓર-ડીમાં પહોંચ્યો ન હતો તે અગાઉ તો બહારનો દરવાજો આસ્તેથી ઠોકાયો. તે દરવાજો જ્યારે ત્રણ વાર ઠોકાયો ત્યારે ઝીમને જાણ્યું કે, આવનાર

શખ્સ કોઈ યાહુદી છે. મોટી ઉમર, લોભ અને એકાંતવાસના કીડાએ ઝીમનના દિલમાંથી સદ્‌ગુણને તો સાવ કોતરી જ ખાધો હતો, તોપણ તેની અંદર તેના જાતભાઇઓ ઉપરની પ્રીતિ કાયમ હતી. ઝીમન તેઓ ઉપર માત્ર એટલા જ માટે પ્યાર રાખતો હતો કે, તેઓ તેની અદેખાઇને પાત્ર થાય એટલા સુખી ન હતા. ઝીમનના શેઠની સત્તા, તેનું જ્ઞાન, તેના જો કે અનાડી પણ ઉંચા વિચારો એ સઘળાએ ઝીમનને દાબી દીધો હતો, તેથી તે પોતાના દિલની અંદર પોતાના શેઠને ધિક્કારતો હતો. કારણ કે ઝીમન પોતે તેનાથી હલકી સ્થિતિમાં હતો. પણ તેના કચરાયલા જાતભાઇઓનું સદાય નમતું બદન, ગુલામના જેવો સ્વર તથા બ્હીતાં અવયવો જોઈ તથા તેઓમાં અદેખાઈ ઉપજાવે એવું કંઈ ન હોવાથી તે તેઓની દયા ખાતો હતો અને પોતે આવો હલકો બુઢ્ઢો અને અશક્ત છે, છતાં પણ પોતાના જાતભાઇઓનું રક્ષણ કરવાની પોતામાં શક્તિ છે, એ જાણી વારંવાર તે ઉશ્કેરાઈ આવતો હતો.

આ પ્રમાણે તે પોતાના જાતભાઇઓ સાથે વ્યવહાર ચાલુ રાખતો અને વારંવાર આલ્મમનનાં ઘર નીચેનાં મોટાં મોટાં ભોયરાં અને ગુબજોની અંદર ભયની વખતે તેઓને સંતાડી મૂકતો. આ આલ્મમનની જગા છે એવું શાહ તથા કોટવાલ સિવાય કોઈ જાણતું ન હતું. સઘળા લોકો સમજતા હતા કે, એ જગા એક પરદેશ ગએલા મૂર અમીરની છે. આ અફવાથી કરી તથા ખાસ બોઆબદિલે પોતે એ જગ્યાની દેખરેખ રાખવા કોટવાલને હુકમ કર્યો હતો તેથી ગ્રાનડા શહેરની અંદર યાહુદીઓને છૂપાઈ રહેવા વાસ્તે આ લાયક બીજી કોઈ જગા ન હતી.

પોતાના જાતભાઇએ કરેલી નિશાની ઝીમને ઓળખી કાઢી, એટલે તે ધીમે ધીમે ચાલતો બારણાં પાસે ગયો. અને હિબ્રુ કોમનું માણસ છે એવું ઓળખવાને નિશાની તરીકે વપરાતા શબ્દોનું ઉચ્ચારણ કરી પાછો તેનો ઉત્તર મેળવી તેણે દરવાજો ઉઘાડ્યો; અને તરત જ ઉંચો અને વાંકો વળી ગયેલો પૈસાદાર યાહુદી ઈલીઆસ ઘરની અંદર દાખલ થયો.

ઝીમન દરવાજો બરાબર બંધ કરી બોલ્યો, "મારા મેહેરબાન અને ભલા શેઠ, મારા જેવા તુચ્છ ગુલામને ત્યાં આપનાં માનવંતાં પગલાં શા કારણથી થયાં છે?"

તે યાહુદીએ જવાબ દીધો, "મારા દોસ્ત, તું મને માનવંતો કે પૈસાદાર કહે નહીં. ખરું છે કે વરસો થયાં આ શહેરમાં મુસલમાનો સુદ્ધાં મને માન આપતા આવ્યા છે, કારણ કે મેં હીરા અને ઝવાહેરના જોરથી શાહની અને મોટા મોટા સર્વ માણસોની મારી સલામતી વાસ્તે

જામીનગીરી લીધી છે. પણ અફસોસ, આજે સવારે મને પણ વઝીરની હજુર બોલાવવામાં આવ્યો હતો અને જ્યારે દશ વરસની મહેનતથી પૈસો એકઠો કરી શકાય તેટલો પૈસો આપ્યો ત્યારે મને દુઃખમાંથી છોડ્યો. ઝીમન, મારા દિલની અંદર જે કલેજું બાળનાર વિચાર આવે છે, તે એ છે કે, આપણી કોમ ઉપર આ જુલમની ઝુંશરી આણનાર આપણામાંના એક શખ્સના તોરી વિચારો છે."

ઝીમન, જાણે તે શું કહે છે તે ન સમજતો હોય એવું ડોળ ઘાલી બોલ્યો, "મારા મુરબ્બી, આપ કંઈ ભેદી વાત કરો છો, જેથી મારી અલ્પ બુદ્ધિ તે સમજી શકતી નથી."

તે યાહુદી પોતાનું માથું ધુણાવતો બોલ્યો, "ઝીમન, તું શા વાસ્તે ન સમજવાનું ડોળ ઘાલે છે? હું શું કહું છું તે તું બરાબર સમજે છે, પણ લે હું તુંને ખુલ્લે ખુલ્લું કહું છું. તારો શેઠ, આલ્મમનનું જૂઠું નામ ધારણ કરી ફરે છે. એ નીચ મનનો પુરુષ, જેણે પોતાના બાપ દાદાના રીવાજો અને કાનુનોને છોડી દીધા છે, તેને જો આપણે તેમ છતાં પણ એક યાહુદી કરી શકતા હઇએ તો, તેણે જ 'હોરડોટા' અને 'ગોડિકઝ'ના યાહુદીઓને બળવો કરવા ઉશ્કેર્યા હતા અને તેની મુર્ખાઇથી આપણા ઉપર આ સંકટ આવી પડ્યું છે. પાક ઈબ્રાહિમ, એ યાહુદીએ પચાશ ખ્રિસ્તી અને સો મૂર લોકો જેટલો પૈસો માગે, તેટલું ખર્ચ મને કરાવ્યું છે."

ઝીમન તો આ સર્વ કંઇપણ બોલ્યા વિના ચૂપ થઈ સાંભળતો બેઠો હતો અને પેલા ઇલીઆસ યાહુદીને તો, પોતાનો પૈસો ગયો હતો તેનો જોસ ઘડીએ ઘડીએ ચડી આવતો હતો. તેથી વળી તે બોલ્યો, "જે વખતે એકવાર ફરીથી એ ઈસાચેર યાહુદીનો દીકરો ગ્રાનડા શહેરમાં આવ્યો અને રાજાના દરબારમાં એક સલાહકાર થઈ પડ્યો ત્યારે જ ખરેખર મેં એને એની આંખ અને એના સ્વર ઉપરથી ઓળખી કાઢ્યો, કારણ કે એનો બાપ ઈસાચેર મારો દિલજાન દોસ્ત થતો હતો, તેથી એ જ્યારે બચ્ચું હતો ત્યારે હું એને આપણાં દેવલમાં તેડી ગયો હતો, તેથી એને હું બરાબર ઓળખી શકું છું. પણ તે વખતે તેની લુચ્ચાઈ અને વેશ બદલેલી હાલત જોઈ હું અતિશય રાજી થતો હતો. કારણ કે તે વખતે મેં એવી ઉમેદ રાખી હતી કે, તે દરબારમાં માનિતો થઈ પોતાના બાપના દોસ્તની વખારેથી રાજાની રાણી અને તેની રાખેલીઓ સારુ કપડાંલત્તાં ખરીદી મને ખટાવશે અને તે સાથે પોતાના જાત ભાઇઓના હકમાં પણ કંઈ રુડું કરશે. પણ વરસોનાં વરસો વહી ગયાં, પણ હજી એણે

આપણે માથે પડતો ભાર ઓછો કર્યો નહીં, પણ તેને બદલે ઉલટું હાલમાં જે ઘેલછા તેના મગજમાં પેશી ગઈ છે, તેને લીધે પેલા મુસલમાની લશ્કરનું ઉપરીપણું ધારણ કરી, તથા આપણા જાત ભાઈઓને મોત અને ભયની ચુંગાલમાં લાવી મૂકી આપણા દેવનો પોતા ઉપર શાપ તથા આપણી નાતનો ગુસ્સો ખેંચી લીધો છે. જે જે યાહુદીઓ, ખ્રિસ્તીને પોતાની માલમત્તા સોંપી પાદરીઓની ધર્મસભાની ફરમાવેલી સજામાંથી બચી આવ્યા છે, તે સર્વ કહે છે કે, ખ્રિસ્તીએ આપણ ઉપર જે આટલો બધો જુલમ ગુજાર્યો છે, તેનું કારણ કેવળ તારા શેઠની મૂર્ખાઈ ભરેલી અને બેહુદી ઇચ્છાઓ જ છે તથા તેની એ યુક્તિઓએ પાછો આપણને મૂર લોકોને હાથેથી પણ માર ખવરાવ્યો છે. ધુળ પડો એના પિંડ ઉપર અને એનું નામ નાબુદ થઈ જાઓ !"

ઝીમન આ સર્વ સાંભળી નિઃશ્વાસ નાંખી ચુપ રહ્યો અને આ યાહુદી જે નિંદા કરવા બેઠો છે, તેનો ઇરાદો શું હશે તે વિચાર કરતો બેઠો. થોડીકવાર ખામોશ ખાધા પછી ઈલીઆસ યાહુદી ફરીથી આ વખતે તેનો સ્વર બદલાઈ ગયો હતો–તે બોલ્યો, "એ ઈસાચેરનો દીકરો બહુ પૈસાદાર છે અને બેશુમાર ખજાનાનો માલેક છે."

ઝીમને કહ્યું, "ખરું છે. મારા શેઠ, આલ્મમનનો પૈસો લગભગ આફ્રિકાના અરધોઅરધ શહેરમાં પથરાયલો પડ્યો છે."

ઈલીઆસ બોલ્યો, "મારા દોસ્ત, ત્યારે હવે તને માલુમ થયું છે કે, તારા શેઠે મને અતિશય ગેરલાભ કર્યો છે. હું તારા શેઠની છૂપી વાત જાણું છું અને તેથી એના ઉપર રાજાનો ગુસ્સો થાય અને એ શૂળીએ ચડે એવું હું કરી શકું છું, પણ હું ઇનસાફી અને નરમ મનનો છું. ભલે તારો શેઠ જો મારા ગએલા પૈસા જેટલો પૈસો મને આપવા કબુલ કરતો હોય, તો પછી હું એની છૂપી વાત કયાંઈ પણ ઉઘાડી નહીં પાડું."

ઝીમનને તો આ બદલાના પૈસા આપવાની વાત સાંભળી બીક લાગી. તેણે ધાર્યું કે તેમ થયાથી તો પોતાના આલ્મમનના વારસ તરીકેના વારસામાંથી ઓછું થઈ જાય. આમ વિચારી તેણે ઈલીઆસ યાહુદીને કહ્યું, "ઈલીઆસ કાકા, મારો શેઠ કેવો છે, તે તું બરાબર જાણતો નથી."

ઈલીઆસ બોલ્યો, "પણ, હું એને એની વાત જાહેર કરી દેવાની ધમકી આપીશ તો ?"

ઝીમન વચ્ચમાં બોલી ઉઠ્યો, "તો તેથી તારા શરીરનાં માંસથી દારુ નદીના માછલાં ધરાશે. અરે જો હાલ ઘડી આલ્મમનને ફક્ત એટલી જ

ખબર મળે કે, તું એની બધી વાત જાણે છે, તો નક્કી જાણજે કે, તારા દહાડા હવે ગણાઈ ચૂકયા."

આ સાંભળી તે યાહુદી મોટી ધાસ્તીથી બોલ્યો, "ખરેખર, ત્યારે તો હું પૂરેપૂરી ધાસ્તીમાં ફસાઈ પડ્યો છું. કારણ કે મેં મારે મોઢે જ આલ્મમનને કહ્યું છે કે હું તારી વાત જાણું છું."

ઝીમન બોલ્યો, "અરે, ત્યારે તો સદ્‌ગુણી યાહુદી ઇલીયાસ, તારું આવી રહ્યું છે. જે દિવસે આલ્મમન આ શહેરમાં આવશે, તે દિવસથી દશ દિવસની અંદર તારું મોત થશે, એ નક્કી જાણજે. હું મારા શેઠને બરાબર ઓળખું છું. એ એક ભયંકર માણસ છે. કોઇનું લોહી રેડવું, એ તો એને પાણી રેડવા બરોબર છે."

ઇલીઆસના મનમાં પોતાનું રક્ષણ કરવાની લાગણી દીપ્ત થવાથી તે આ દેશમાં આવી જઈ પગો પછાડતો લાલચોળ આંખો કરી બોલ્યો, "ભલે ત્યારે એ હરામખોર પાયમાલ થઈ જાય. ઝીમન! જાણજે કે, આ શહેરની અંદર ઓછામાં ઓછા સો યાહુદીઓ છે, જેણે એને મુએલો જોવાના શપથ લીધા છે, જેથી એ આલ્મમનને મારે હાથે હું કાંઈ પણ નુકસાન નહી કરું. જે યાહુદીઓ કોરડોવાથી નાસી અહીં આવ્યા છે, તેઓએ પોતાના વડીલોને મરતા અને પોતાની મીલકતને લૂંટાતી જોઈ છે. તેઓ એ લુંટનું અને ખુનરેજીનું કારણ એ ઈસાચેરના છોકરામાં જ દેખે છે. તેઓએ, એ ઠગારાને ઓળખી કાઢ્યો છે, તેથી આ ઘડી એક સો જમઇઆ તેના શરીરમાં ભોકાવા વાસ્તે તૈયાર છે. વાસ્તે તારા શેઠને કહેજે કે, જાગતો સૂએ. પણ ઝીમન! એક મૂર્ખ માણસની માફક મેં તુંને મારી છૂપી વાત કહી દીધી અને તું તો તારા શેઠને એ સર્વે કહી દઇશ તો પણ તારે વિષે યાહુદીઓના મોંઢાથી મેં જે સાંભળ્યું છે, તે ઉપર ઇતબાર રાખી નિર્ભયપણે મેં મારું અંતઃકરણ તારી પાસે ખુલ્લું કર્યું છે. શું ત્યારે તું અમારી સાથે દગો રમીશ કે અમને મદદ આપીશ?"

ઝીમને એક પળ સૂધી વિચાર કર્યાં કર્યો અને તેની અંદર પોતાના શેઠનો પૈસો જ તેના મનમાં રમી રહ્યો હતો. પછી તેણે પોતાનો જમણો હાથ ઈલીઆસ તરફ લંબાવ્યો અને પછી તેઓ દોસ્ત તરીકે ત્યાંથી છૂટા પડ્યા.

પ્રકરણ ૬ હું

"ઓઆબદિલનું આનડા તરફ પાછું ફરવું અને ફરીથી ફર્ડીનાન્ડનું આનડા શહેરને ઘેરી લેવું"

ગયા પ્રકરણમાં જણાવેલ ઝીમન અને ઈલીઆસ યાહુદીની મુલાકાત જે દિવસે થઈ, તેને ત્રીજે દિવસે આનડા શહેરમાં એવી વાતો ચાલી રહી કે, ઓઆબદિલશાહની સેલોબેનાનું શહેર લેતાં જબર હાર થઈ છે, અને તેમાં તેને ભારે નુકસાન થયું છે. સ્પેનિશ વીર હરનાન્ડોડેલ પુલગાર મૂર લોકોને એ સેલોબ્રેનાના શહેર ઉપરથી ઘેરો ઉઠાડવાની ફરજ પાડવા વાસ્તે મજબૂત લશ્કર જમા કરવામાં ફતેહ પામ્યો છે તથા ફર્ડીનાન્ડ પણ ઓઆબદિલ સામે ચઢવા રવાને થઈ ચૂક્યો છે. આવી આવી ખબરોથી આનડા શહેર ખળભળી રહ્યું હતું, એટલામાં એ વાતો ખરી છે તથા ઓઆબદિલશાહ પાછો વળી આવે છે, એવી ખબર આપવા એક ઘોડેસ્વાર આવ્યો.

રાત્રિને વખતે ઓઆબદિલ પોતાનાં લશ્કર સહિત આનડામાં દાખલ થયો. તે આવી રીતે માનભંગ હાલતમાં જનાનખાનામાં પેસી જતો હતો, એટલામાં તેની કરડા દેખાવની મા તેને સામે મળી. તે બોલી, "મારા છોકરા! તું પાછો ફર્યો; અને તે પણ હાર ખાઇને" ઓઆબદિલ પોતાની માને જવાબ આપે, તે અગાઉ તો પ્રકાશિત મેહેરાબદાર મંડપની અંદરથી ઉતાવળાં પણ હલકાં પગલાં આવતાં સંભળાયાં અને તરત જ ખુશીનાં અશ્રુ વરસાવતી અમીની, ઓઆબદિલની છાતી ઉપર આવી પડી અને બોલી, "મારા વહાલા, મારા શાહ, મારી ચશ્મોનાં નુર, આપ પાછા આવ્યા ખરા; આપ ભલે પધાર્યા."

આ જૂદી જૂદી તરેહના આવકારથી ઓઆબદિલના દિલમાં બહુ અસર થઈ ગઈ. તે પોતાની મા તરફ ફરી બોલ્યો, "મારી માતુશ્રી! તેં જોયું કે, ખરા પ્યારથી ચાહનારમાં અને મહત્વપણાના અભિમાનથી ચાહનારમાં કેટલો ફેર છે? મારી પડતીની વખતે ઓ મારી મા, મને તારી જીભના જખમ ન લાગે તો ઈશ્વરનો પાડ માનું."

અમીની ધીમે ધીમે બોલી, "પણ મારા શાહ! હું મહત્વપણાના અભિમાનથી પણ તમને ચાહું છું, અને તે જ કારણથી આપની પડતી મને વધારે પ્યારી છે. કારણ કે તે હાલતમાં આપને ઘણું વિચારવાનું નહીં હોય, તેથી આપ મારા પોતાના જ થઈ રહેશો. મારા વીર પુરુષ ઓઆ-

બદિલ પોતાની દાસીના દુઃખોમાં ભાગ લે, તો એ દુઃખોને પણ હું સદ્ભાગ્ય સમજું."

પોતાની ગર્વિષ્ઠ મા તરફથી મોં ફેરવી બોઆબદિલ બોલ્યો, "મારી વહાલી! ત્યાં પ્રકાશ અને ભોજન તૈયાર છે. આપણે ભોજન લઈ અને ખુશી થઈશું. મારી પ્રિયતમા અમીની! મને એક ચુંબન આપ."

બોઆબદિલ ગમે તેવો ખિન્ન, ગુમાની અને હરકોઈ વાતની જલદીથી અસર થાય એવા મનવાળો હતો; અને આ સંકટનો સમય હતો, તો પણ અમીનીની સોબતથી તે આ વખતે પ્રફુલ્લિત વદનનો દિસતો હતો. શુદ્ધ પ્યારની એવી મોહક અસર છે. જો કે અમીનીની નમ્ર સત્તા, પૂર્વ તરફના દેશોના રિવાજ મુજબ કેવળ જનાનખાનાની ભીંતોની અંદર જ ચાલતી હતી, તોપણ એનાં રોનકદાર પ્રકાશિત પણ ફિકાં મુખની અંદર દિલાસો આપનારી નરમાશ અને કામ કરવાનો ઉત્સાહ આપનાર જુસ્સો તો કાયમ જ હતો.

જ્યારે આ પ્રમાણે બોઆબદિલ અને તેનું પેદળ સૈના ગ્રાનડામાં આવ્યું ત્યારે નામવર મુસા પોતાની ઉમદામાં ઉમદી ઘોડેસ્વાર ટુકડીને લઈ સ્પેનના મુલકને વેરાન કરતો અને પોતે નવાં જિતી લીધેલાં શહેરોને જોવા તથા તેમાંના લોકોને હિમ્મત આપવા બહાર જ ફર્યા કરતો હતો.

આ પ્રમાણે તે રોકાયો હતો, એટલામાં ફર્ડીનાન્ડના લશ્કરે તેનું ધ્યાન ખેંચ્યું. એ લશ્કર એકવાર ફરીથી વેગ ઉપર તુટી પડ્યું અને તેનો સઘળો પાક લૂંટી લીધો અને પછી જે જે શહેરોએ બળવો ઉઠાવ્યો હતો, તેને સોહે દેવા તે તરફ વળ્યું. તે સર્વને એક સપાટે હરાવ્યા પછી થોડો વખત સૂધી સ્પેનીશ લશ્કર શાંત થઈ બેઠું. આ સલાહશાંતિનો લાભ લઇ સ્પેનના દરેક ભાગમાંથી દઢ અને ઉત્સાહી જુસ્સાવાળા મુરો ગ્રાનડામાં આવી એકઠા થયા અને ગ્રાનડા શહેર એ વખતના વીર અને સાહસિક પુરુષોનું મધ્ય બિંદુ થઈ રહ્યું.

ફર્ડીનાન્ડે આ પ્રમાણે પોતાની જિત પૂર્ણ કરી, પોતાનો ખજાનો ફરીથી તર કરી રાજ્યનું બધું લશ્કર એકઠું કર્યું. એ લશ્કરમાં ચાલીશ હજાર પેદળ અને દશ હજાર ઘોડેસ્વાર હતા. એ સર્વને લઈ છેલ્લી વારનું નસીબ અજમાવવા ફર્ડીનાન્ડ ગ્રાનડા ઉપર ચઢી આવ્યો અને ત્યાં આવી તે શહેરને ઘેરી લીધું. આ વખતે બંને પક્ષના મનમાં એમ થઈ ગયું કે, હવે લડાઇનું જે પરિણામ આવશે, તે છેલ્લીવારનું અને હારજિતનું નક્કી કરનાર નીવડશે.

પ્રકરણ ૭ મું

"છાવણીમાં આગ—હજારો દુશ્મનો વચ્ચે એક સાહસિક પુરુષનું આવવું"

ખ્રિસ્તી સૈનાના મુખ્ય મુખ્ય સામંતોએ વિચારયુકત કરેલી ગોઠવણી મુજબ જે દિવસે તેઓએ ગ્રાનડા શહેર ઉપર હલ્લો કર્યો, તે દિવસની સાંજ થવા આવી હતી. ખ્રિસ્તી રાજ્યોમાં આગળ કદીપણ ન થએલી એવડી આ ફર્ડીનાન્ડની વિશાળ છાવણીમાં આસ્તે આસ્તે શાંતિ અને ચૂપકી પસરવા લાગી છે. અંધારું વધવા માંડયું અને તારાઓ વધારે ચોખ્ખી રીતે અને શાંતતાથી પ્રકાશવા લાગ્યા. સ્વચ્છ મધુરી હવાની અંદર સ્પેનના રાજ દરબારી તંબુઓ તેઓના ઉપર યુક્તિથી ગોઠવેલી દીવાની હારોથી ઝળઝળી રહ્યા હતા. તે તંબુઓના સોનાના ઢોળ ચડાવેલ સ્તંભો ઊપર ભભકાદાર ચિત્ર વિચિત્ર વાવટા પર્વતમાંથી આવતા સનનન કરતા ચપળ પવનથી ફરફરી રહ્યા હતા. આ તંબુઓના મધ્યમાં જાણે એક મહેલ જ હોય એવો દેખાતો રાણીનો તંબુ ઉભો હતો. અણીદાર ભાલાઓ તેના સ્તંભો તરીકે કામમાં આણ્યા હતા અને કીનખાબ ને એવાં બીજાં સોનેરી બુટ્ટાદાર કપડાંથી તેની આસપાસની વાડો મઢી લીધી હતી. એ તંબુના સંખ્યાબંધ ખંડોએ એટલી તો જગો રોકી હતી કે, જેમાં ઉપર એક ભવ્ય મહેલ સહેલાઇથી બાંધી શકાય. એ સિવાય બીજા આસપાસના તંબુઓ અને સિપાઇઓની રાવટીઓ પણ કંઈ ઓછી ભભકાદાર લાગતી ન હતી. ઘણાક સિપાઇઓએ તો પોતાનાં રહેઠાણ ઝાડનાં પાંદડાં અને ડાખળીઓથી બાંધી લીધાં હતાં, જેમાંનાં કેટલાંક તો હજુ લીલાં જ દેખાતાં હતાં. આ સિપાઇઓના તંબુઓથી એમ જણાઈ આવતું હતું કે, જાણે અસલના જંગલી લોકો હથીઆર લઈ ખ્રિસ્તીઓની મદદમાં આવ્યા ન હોય? મધ્ય રાત્રિને સમયે લીલા ઘાસવાળી જમીન ઉપર પડેલી આ છાવણીની કેનવાસના તંબુઓથી બનેલી ગલીઓની અંદર અંધારું પોતાનું બળ વધારતું જતું હતું. આ સમયે ઈસાબેલા રાણી પોતાના ખાનગીમાં ખાનગી ઓરડાની અંદર પોતાના ભરથારની સલામતી વાસ્તે તથા લડાઇનું શુભ પરિણામ થાય તે વાસ્તે ઈશ્વરની સ્તુતિ કરતી હતી. પોતાના દેવનાં ઉંચા આસન સન્મુખ ઘુંટણિયે પડી, તે પોતાની અતિશય શ્રદ્ધાને લીધે ભક્તિભાવમાં નિમગ્ન થઈ ગઈ. આખી છાવણીમાં ચોકી ઉપર ફરતા પહેરેગીરો તથા રાણી ઈસાબેલા સિવાય કોઈ પણ જાગતું ન હતું. સઘળે શાંત હતું. તેના અંગરક્ષકો, નોકરો, ચાકરો

સર્વ આરામવાસ્તે પોતપોતાને સ્થળે જઈ સૂઈ રહ્યા હતા. પહેરેગીરોના પગનો અવાજ પણ એ તંબુની અંદર સંભળાતો ન હતો.

આ પ્રમાણે તે પોતાના પ્રભુના આસન સામે ઘુંટણિયે પડી બંદગી કરતી હતી, તેવામાં કોઇના મજબૂત હાથે તેનો ખભો ઝાલ્યો. એક ધીમી ચીસ તેના મોંમાંથી નીસરી ગઈ અને ફરીને જોયું તો પૂર્વ દેશના લડવૈયાના હાથમાં જોવામાં આવતો પહોળો જમૈયો તેની નજરે પડ્યો.

"ચૂપ રહે, જો જરા પણ બુમ પાડી કે, જરા જોરથી શ્વાસો શ્વાસ લીધો તો જાણજે કે, ભલે તું એક રાણી છે અને તારા હજારો લડવૈઆના વચમાં બેઠી છો, તોપણ હું તુને જીવતી મૂકીશ નહીં."

ઉપર મુજબના શબ્દો એક કરડા અને હુકમ કરે એવા પણ ગળી ગએલા દેખાવવાળા શખ્સના મોંમાંથી નિકળતા કેસ્ટાઇલની રાણીને કાને પડ્યા.

"તારો શો ઇરાદો છે, શું તું મારું ખૂન કરવા ધારે છે?" એ પ્રમાણે રાણીએ ધ્રુજતાં ધ્રુજતાં કહ્યું. નાશવંત મનુષ્યને જોઈ કદાચ તે આ પહેલી વખત જ ધ્રુજી હશે.

તે મરદ બોલ્યો, "ડર નહીં. જો તું હું જે કંઈ તુને પૂછું, તેમાં મને ઠગીશ નહીં અને બરાબર જવાબ આપીશ તો તારા એક વાળને પણ ઇજા નહીં આપું. વખત બહુ થોડો છે. હું જે પૂછું, તેનો બરોબર ઉત્તર આપજે. હું આલ્મમન હિબ્રુ છું. તારા હાથમાં જામીનગીરીમાં સોંપેલું મારું માણસ ક્યાં છે. હું મારી છોકરી પાછી માગું છું. મને ખબર છે કે, તે તારી સાથે છે. કહે તારી છાવણીના કીયા ખૂણામાં તેને રાખી છે!"

આલ્મમનનું નામ સાંભળી ઈસાબેલા પોતાની બીકને કંઇક ઓછી કરી બોલી, "જંગલી માણસ, મને ખાત્રી છે કે, તારી છોકરી હવે તારા અધર્મી હાથમાં પાછી આવશે નહીં. તારી છોકરી હાલ આ છાવણીમાં નથી."

આલ્મમન પોતાનો જમૈયો ઉંચો કરી બોલ્યો, "કેસ્ટાઇલની રાણી, જૂઠું મા બોલ, દિવસોના દિવસો થયાં હું તારી વાસોવાંસ રખડ્યા કરું છું અને હથીઆર બંધ માણસો તારા તંબુની નીગેહબાની રાખે છે, તોપણ તારી સૂવાની જગા આગળ ઘણી વખત મેં આવ જા ક્યાં કર્યું છે અને તે ઉપરથી હું જાણું છું કે, મારી છોકરી તારી સાથે છે. એવું ધારજે મા કે, હું આટલા આટલા જોખમને માથે ખેંચી અહીં હજારો દુશ્મનોની વચ્ચે તેઓના ભયને તુચ્છકારી તારી પાસે આવ્યો છું, તે

મારી અતિશય ઘાતકી અને ભયંકર ધમકીને ખરી પાડ્યા વગર ચાલ્યો જઇશ. જો તું ખરેખરું નહી કહે તો હું તુને માર્યા વગર મૂકીશ નહી, વાસ્તે કહે મારી છોકરી ક્યાં છે !"

ઈસાબેલા પોતે રાણી હતી, છતાં પોતાની આવી ભય ભરેલી હાલત જોઈ આલ્મમનના દમામમાં લેવાઈ જઈ બોલી "કોઈ સારા મઠમાં રેહેવા વાસ્તે ઘણા દિવસ થયાં તારી છોકરી અહીંથી ગઈ છે; અને પોતાની ખુશીથી જ ગઈ છે. ઇસુ ખ્રિસ્તે એને પોતાના ખોળામાં લીધી છે."

ગમે તો હજારો અને લાખો ભાલા આલ્મમનના શરીરમાં ભોંકાયા હત, તોપણ જેવી રીતે હાલનાં રાણીનાં વચન સાંભળી, આ જવામર્દ એકદમ ઉત્સાહ અને હિમ્મત રહિત થઈ ગયો, તેવો કદી પણ એ તેથી થાત નહી. તેના ચહેરાના દુબળા થઈ ગયેલા સ્નાયુઓ એકદમ પોતાનો દૃઢ નિશ્ચય અને ધમકીદર્શક દેખાવ છોડી દઈ, ન કહી શકાય એવી ધાસ્તી, દુઃખ અને નાઉમેદીને વશ થઈ ગયો. તે કેટલાંક કદમ પાછો હઠી ગયો અને તેના પગો ધ્રુજવા લાગ્યા. તેના દિલમાં જાણે કોઇએ તીવ્ર જખમ કર્યો ન હોય એવું જણાયું. બધી ઓરતોમાં સર્વથી બહાદૂર અને અક્કડ ઈસાબેલા આ તકનો લાભ લેતાં ચૂકી નહી. તે તરત એક હરણની માફક આગળ કુદી અને ઝટપટ જે ઓરડામાં પોતાના નોકરો સૂતા હતા, તેનો પડદો ખસેડી તેમાં ઝપાટાબંધ પેસી ગઈ, અને એક ઘડીમાં આખો તંબુ પોતાની મદદની હાંકોથી ગજવી મૂકયો. ચોકીબાનોને જગાડવામાં આવ્યા તથા અંગરક્ષકો પોતાનાં બિછાનામાંથી કુદી ઉઠ્યા. તેઓએ રાણીની બ્હીકનું કારણ પૂછ્યું અને તે જાણ્યા પછી તે જગ્યા તરફ ચાલ્યા, પણ જેવા તેઓ પેલા રેશમી પડદાવાળા ઈસાબેલાના તંબુના ખંડમાં પહોંચ્યા, તે જ વખતે અગ્નિનો એક જ્વલેહદાર ભડકો તેઓ ઉપર આવી પડ્યો. આખો તંબુ તરત સળગી ઉઠ્યો. તે તંબુમાંની ચીજોએ એ બળતાંને ખુબ વધાર્યું. બળતું જોસબંધ બળતું હતું, છતાં પણ કેટલાક સાહસિક સિપાઇઓએ અંદર ઘુસવાનો હિમ્મતથી પ્રયત્ન કર્યો. પણ ધુંવાડા અને પ્રકાશથી કરી તેઓની આંખે ઝાંઝવાં આવી ગયાં અને મગજ મુંઝાઇ ગયું. આગ એવી તો ઝડપથી લાગી કે, ઈસાબેલાને પોતાને પણ ભાગી છૂટવાનો ભાગ્યે જ વખત જડ્યો. રાણીને, પોતાના ભરથારને કંઈ અગ્નિથી હરકત થશે, એવી બીક લાગવાથી તેને સાવધ કરવા ઝટપટ તેના તંબુ તરફ દોડી, પણ ત્યાં જઈ જોયું તો ફર્ડીનાન્ડ તો એ ગોંધલથી કયારનોએ જાગી ઉઠી હાથમાં નાગી તલવાર લઈ,

પોતાના તંબુનાં બારણાંથી બહાર આવતો હતો. જે પવન થોડી મિનિટ અગાઉ તંબુ ઉપરના વિજયી વાવટાને ફરફરાવતો હતો, તે જ પવન આ વખતે નાશકારક આગને ચોતરફ પ્રસરાવવા લાગ્યો. આગ તો વીજળીના ઝબકારાની માફક એક જગાએથી બીજી જગાએ લાગવા માંડી અને કોઈ પણ માણસને તે આગ હોલવી નાંખવાનો વિચાર સૂજે, તે અગાઉ તે આખી છાવણીમાં ફેલાઈ ગઈ.

પોતાની પત્નીની ગુંચવાડા ભરેલી વાત સાંભળવાને થોભ્યા વગર ફર્ડીનાન્ડ, "મૂરોએ આ કામ કર્યું છે. તેઓએ આપણા ઉપર છાપો માર્યો છે" એમ કહેતો લડાઇનાં નગારાં અને બ્યુગલો ફૂકવાને હુકમ આપતો, શરીરપર જે લાંબો બીછાનામાં પહેરી સૂવાનો જબ્બો પહેર્યો હતો, તે સહિત પોતાના સરદારોને જગાડવા જાતે જ દોડ્યો. તેનું અચ્છું કવાયદી લશ્કર જરાવારમાં જમા થઈ ગયું અને દુશ્મનો તરફથી તીરોના વરસાદ વર્ષવાની રાહ જોવા લાગ્યું. દરમિયાન આગનું જોર તો એટલું બધું વધતું ગયું કે, આખું આકાશ રોશનીથી છવાઈ ગયું. એ અગ્નિના પ્રકાશથી સિપાઇઓના ટોપ અને કવચ જાણે ભઠીમાં પડ્યાં ન હોય તેમ પ્રકાશ મારતાં હતાં, તથા હથિઆરબંધ માણસો, માણસોને બદલે જાણે હાલતા ચાલતા ધૂમકેતુઓ ન હોય, એવા દેખાતા હતા ! ગ્રાનડા શહેર અગ્નિના અતિશય પ્રકાશને લીધે જાણે ઢુકડું આવી ગયું હોય એમ દેખાતું હતું. એક સ્પેનિશ ઘોડેસ્વારની ટુકડી, આગળથી ધારવા પ્રમાણે દૂસ્મનો હલ્લો કરશે જ, એવી ઉમેદથી ગ્રાનડા તરફ દોડી. તે વખતે ગ્રાનડા શહેરના ગઢ ઉપર મુસલમાનો એકઠા થતા હતા તથા તેઓના ભાલા પ્રકાશ મારતા તેઓએ દીઠા. વળી મૂર લોકો પણ આ સ્પેનીશ છાવણીમાં આગ શા કારણથી લાગી છે, તેનાં કારણથી સ્પેનીયર્ડોના જેટલા જ અજાણ હતા, તેથી આ છાવણીમાં આગ લાગી તેમાં કંઈ દગો છે એવું સમજી ગઢથી બહાર નીકળ્યા હતા. અહીં આગ તો આખી છાવણી બાળી જેવી ઝડપથી લાગી, તેટલી જ ઝડપથી ઠંડી થઈ જવા લાગી અને એ રેશમી તંબુઓનાં રાખના ઢગલારૂપી ખંડેરોપર રાતનું ગમી ભરેલું અંધારું છાઈ જવા લાગ્યું.

ફર્ડીનાન્ડે પોતાની દરબાર બોલાવી. હમણાં તેને ખબર પડી હતી કે, આ આગ લગાડવાનું કામ કંઈ મૂર લોકોનું ન હતું. હવે તેને પોતાની રાણી શું કહેતી હતી, તેની સમજ પડવા લાગી હતી. આલ્મમનનું અજબ જેવી રીતે ચોકીબાનોની નજર ચૂકાવી રાણીના તંબુમાં દાખલ થવું

અને પાછું પોતાના દુશ્મનની આંખમાં ધૂળ નાંખી નાસી જવું, એ સર્વે ફર્ડીનાન્ડને તેના ભરમેલ સ્વભાવને લીધે પહેલાં તો જાદુઈ લાગ્યું. પણ પછીથી પૂર્વ તરફના દેશોના લડવૈયાઓ અને લૂટારાઓ કેવી અજબ જેવી રીતે મજબૂત ચોકી પહેરાને પણ ઠગી તથા તેઓની નજર ચૂકાવી પોતાની હાંસલ બર લાવી જાય છે, એ વાત યાદ આવવાથી તેનો વહેમ ઉડી ગયો અને આ તો ચોખ્ખું હતું કે, આ જે આગ લગાડી હતી તે તો આલ્મમનનું પોતાનું વેર તૃપ્ત કરવા વાસ્તે તથા સહી સલામત નાસી જવા વાસ્તે જ આલ્મમને લગાડી હોવી જોઇએ. આવું ધારી પોતાના દિલમાંથી, આલ્મમનનું નામ સાંભળતાં જે બીક લાગી હતી, તેને ખસેડી કાઢી આ ગુજરેલી આફતમાંથી શુભ કરનારું પરિણામ કાઢવાનો ફર્ડીનાન્ડે ઠરાવ કર્યો. લશ્કરનો જુસ્સો અને ગુસ્સો એટલો તો વધી ગયો હતો કે, મૂર લોકો ઉપર એકદમ હલ્લો કરવાને તેઓ તડપતા બેઠા હતા.

જ્યારે સઘળા સામંતો અને સરદારો પોતાની આસપાસ જમા થયા ત્યારે સ્પેનનો શાહ બોલ્યો "ઈશ્વિર, આપણી છાવણીમાં લાગેલી આગથી "ઇસુ"ના નામ વાસ્તે લડનાર ખ્રિસ્તી લડવૈયાઓને એમ સૂચવે છે કે, હવે પછી આપણી છાવણી ગ્રાનડા શહેરના રાજ્ય મહેલમાં થશે, વાસ્તે આજ સવારે જ આપણે હલ્લો કરીશું. મૂસલમાનોનું હવે આવી રહ્યું છે."

જેવો ખ્રિસ્તી શાહ ઉપર લખેલું વાકયો બોલી રહ્યો કે તરત જ દરેક જણની તરવાર મ્યાનથી બહાર કુદી પડી, અને શસ્ત્રોનો ખણખણાટ થઈ રહ્યો.

ભાગ પાંચમો

પ્રકરણ ૧ લું

જંગી લઢાઈ

જ્યારે તે ભયંકર રાત વીતી ગઈ અને ધીરે ધીરે બ્હાણું બ્હાવા લાગ્યું ત્યારે મૂર લોકોએ ગ્રાનડાના કિલ્લા ઉપરથી ફર્ડીનાન્ડના લશ્કરને પોતાના કિલ્લા તરફ આવતું જોયું. કેટલેક છેટે કાળાં અને ધખધખતાં છાવણીનાં ખંડેર દેખાતાં હતાં, અને સામેથી આવતા શત્રુના ઉમંગી

લશ્કરના ભભકાદાર અને ચળકતા વાવટાઓ ફરફરી રહ્યા હતા; તેમ જ રણસંગ્રામી વાજાં વાગી રહ્યાં હતાં. આ જોઇને મૂર લોકો હરખડી ગયા. આટલી બધી આફત વેઠયા પછી ક્રિશ્ચન લોકો પાછા ફરી જશે, એમ ધારનારા તો આ ચઢાઇનો ઉત્કંઠિત અને ઝાંખા પાડી દે એવો દેખાવ જોઇને બહુ જ અચંબો પામ્યા તથા ભયભીત થઈ ગયા.

અદ્યાપિ સુધી તેઓ આશ્ચર્ય પામતા અને અસાવધ હતા, તોપણ બોઆબદિલનાં રણવાદ્ય પાછળથી સંભળાયાં અને તેઓએ તેના સરદારોને મોખરે ચાલતાં મૂરીશરાજાને, દરવાજા તરફ જવાના રસ્તામાં થઇને આવતો જોયો. આ દેખાવ જોનારને સ્તબ્ધ કરી નાંખે તેવો તથા આશ્ચર્ય પમાડે એવો હતો; અને જ્યારે બોઆબદિલ દરવાજા પાસેની ભૂમિમાં આવી ઉભો ત્યારે તો વીસ હજાર લડવૈયાઓનો પોકાર આગળ વધતા જતા ક્રિશ્ચનોને કાને પડ્યો.

જેવો એ લશ્કરી પોકાર શાન્ત પડ્યો કે, તરત જ બોઆબદિલ બોલ્યો;–"અરે ગ્રાનડાની રૈયત! આ ચઢાઈથી જ તેમનો નાશ થવાનો છે. ગઈ રાતની આગ વખતે જ અલ્લાએ તેમનું નિર્માણ કરી મૂકયું છે. બધા આગળ વધો! આપણે આપણાં ઘર રક્ષણ રહિત થવા દઇશું, પણ આપણાં અંતઃકરણ જ તેમની દુર્ગમ્ય ખાઇરૂપ થશે! આપણા લડવૈયાઓ દુકાળ અને કતલથી ઓછા થઈ ગયા છે તે ખરું, છતાં પણ આપણે જેટલા જીવતા છીએ, તેટલા પણ ગ્રાનડાનો બચાવ કરવાને બસ છીએ! મરી ગયેલા હજી આપણાથી જૂદા પડ્યા નથી. મરી ગયેલા જ આપણી સાથે લડવામાં ભાગ લે છે. તેઓનો આત્મા આપણને લઢવાને માટે ઉશ્કેરે છે! જેણે પોતાના ભાઇને લઢાઇમાં ખોયો હોય છે, તેનામાં બે માણસનું બળ આવે છે! આ લઢાઇમાં આપણે બધા લઢીશું, સ્વતંત્રતા કે બેડી! રાજ્ય કે દેશનિકાલ! ફતેહ કિંવા મોત! આગળ વધો! શૂરવીરો, આગળ વધો!!"

આ પ્રમાણે બોલી રહેતાની સાથે જ તેણે પોતાના બખ્તરવાળા ઘોડાની લગામ ખેંચી તેને આગળ ચલાવ્યો. તે આગળ ધસ્યો અને દરવાજાની પેલી તરફ જઈ પહોંચ્યો. બોઆબદિલ એલચીકો ગ્રાનડામાંથી તે બીનાથી ભરપૂર રણસંગ્રામમાં જનાર પહેલો જ મૂર હતો. પછી ખડકોમાંથી ધશી આવતી નદીની માફક ભભકાદાર મૂરીશ ઘોડેસ્વારોની ટૂકડિયો ધશી આવી. લશ્કર ગોઠવાઈ રહેતાં મુસા સૌથી છેલ્લો આવ્યો. તેના શ્યામ અને ભયંકર ચહેરા ઉપર ઉત્સાહી રાજાનો જોસ્સો જણાતો ન હોતો.

ગયાં અઠવાડીયાના ઉદ્વેગથી તેના ગાલ બેસી ગયા હતા. તેના હોઠ ઉપર તથા તેની વર્તણુકનું મમત્વ અને દૃઢપણું બતાવે એવાં તેનાં લોખંડી જડબાં કરચલી પડી જવાથી તેનો મનોગત ઠરાવ તથા રીતભાત બતાવી આપતાં હતાં.

મુસાએ હવે આગળ આવીને આમ તેમ ફરતા લડવૈયાઓને વ્યુહ-રચનામાં ગોઠવ્યા; એટલામાં સ્ત્રિયોનો પોકાર શ્રવણે પડ્યો; અને જે લડવૈયાઓએ અવાજ તરફ જોયું, તેમણે પોતાની સ્ત્રિયોને–પોતાની વહુ-ઓને–દીકરીઓને જનેતાઓને અને પોતાની પ્રાણ પ્યારીઓને કિલ્લાઓ-માંથી અને બુરજોમાંથી લાંબા હાથ કરી કરીને પોતાની તરફ જોતી દીઠી. મૂરલોકોને હવે સમજણ પડી કે, આપણે આપણાં ઘરબાર, કુટુંબ, કબીલો અને વેદિકાઓને માટે લઢવાનું છે અને તે એવા રૂપમાં કે જો પરાજય થાય તો પુરુષોને ગુલામ અને સ્ત્રીઓને વેશ્યા થવું પડે; પછી દરેક મુસલમાનને પોતાનું અંતઃકરણ ખંજરના સ્ટીલ (કઠણ લોખંડ) જેવું કઠણ થતું લાગ્યું.

જ્યારે ઘોડેસ્વારો પોતાની મેળે બરોબર વ્યૂહરચનામાં ગોઠવાઈ ગયા અને શત્રુનું દળ જ્યારે ઘણું જ પાસે ને પાસે આવતું ગયું ત્યારે બોઆબદિલ કે જે કિલ્લાની દિવાલ આગળ લાંબો પહોળો થતો દેખાતો હતો, તે તેઓની વચ્ચે આમ તેમ જૂદી જૂદી દિશાઓમાં ભરજોસમાં ફરવા લાગ્યો. મૂરીશ લોકોનું પાયદળ જે છિન્નભિન્ન, આતુર, અને અનિયમિત ટોળીઓમાં વહેંચાઈ ગયું હતું, તેને નિયમિત કરવાને તથા તેમના ચઢેલા પણ ધૂની શૌર્યને મજબૂત કરવાને એકદમ યત્ન કરવા લાગ્યો.

એટલામાં ક્રિશ્ચન લોકો એકદમ અટક્યા; અને ફર્ડીનાન્ડ રાજની-તિજ્ઞ હોવાથી તેણે આખી પ્રજાને પૂર્ણ જોસમાં અને નાઉમેદીમાં હુમલો કરવા ન દેવો, એવો નિશ્ચય કર્યો. તેણે હરનેન્ડો ડેલ પલગરને પોતાની પાસે બોલાવી, કેળવાયલા અને સાહસિક ઘોડેસ્વારના લશ્કરથી મૂરીશ ઘોડેસ્વાર ઉપર તૂટી પડીને તેમના મુખ્ય લશ્કરમાંથી મુસાના ઉછળી રહેલા જુસ્સાને મંદ પાડવાનો પ્રયત્ન કરવાને કહ્યું. પછી પોતાના લશ્ક-રને જૂદી જૂદી ટુકડિયોમાં વહેંચી નાંખીને દરેકને જૂદે જૂદે ઠેકાણે મોકલ્યું, કેટલાકને પાસેના કિલ્લાને ઘેરો ઘાલવાને અને કેટલાકને જોડની વાડીઓમાં તથા બગીચાઓમાં આગ લગાડવાને મોકલ્યા. (તેણે ધાર્યું કે) આમ કરવાથી એક સંગ્રામનું કર્તવ્ય ઘણા સંગ્રામમાં છિન્ન ભિન્ન થઈ જશે; અને હમણાં જે વ્યૂહરચનાથી તથા એક સંપથી તેમનું અજિત બળ બંધાયું છે તે તૂટી જશે.

આમ જ્યારે મુસલમાનો હુમલો કરવાના હુકમની જ માત્ર વાટ જોતા હતા ત્યારે ઓચિંતુ ક્રિશ્ચનોનું મુખ્ય લશ્કર તેઓએ છૂટું પડતું જોયું. હજી તેઓ ગુંચવણમાં અને આશ્ચર્યતામાં હતા એટલામાં તો કોટની ડાબી અને જમણી બાજુએ આવેલી સુન્દર વાડીઓમાંથી આગના ભભુકા નિકળતા તેઓની નજરે પડ્યા અને વિખરાયલા લશ્કરથી રક્ષણ થતા શહેરની પાસેના મજબૂત કિલ્લા સામે ક્રિશ્ચન તોપખાનાના ધમધોકાર બ્હાર થતા સંભળાયા.

તે વખતે મુસાએ રોકેલી જગા તરફ ધૂળનું વાદળ–વંટોળિયો ચઢી આવ્યું અને ક્રિશ્ચન નાઇટો તેઓનાં મજબૂત બખ્તર સહિત તે શાહજાદાના લશ્કરના મધ્ય ભાગ ઉપર તૂટી પડ્યા.

તેમના સોબતીઓની ટોપીપરનાં પિંછા કરતાં કેટલાક ઇંચ ઊંચે જબરા ડેલપલગરનો મુગટ ફરફરતો હતો અને તેના સિદ્ધા ભાલાથી જેમ એક પછી એક મૂર નીચે પડતા ગયા, તેમ તેમ તે ઘોર અને ગંભીર ઉંડા અવાજથી બોલતો ગયો કે "નાસ્તિકનો નાશ, ધર્મ વિરોધીઓને તો મારો ને મારો જ."

ઉતાવળા અને ચાલાક ગ્રાનડાના ઘોડેસ્વારો આ ભયંકર હુમલાથી હજી કંઈ પાછા હઠી ગયા નહોતા. લશ્કરી ટુકડીઓને ઘણી જ તાકીદે જાગૃત કરીને પોતાના મધ્યભાગને અડચણ ન આવે તેમ તેઓએ તોપનો મારો ચલાવ્યો. એક મોટી અને હોંશિયાર સિપાઇયોની ટુકડીને એવી રીતે ગોઠવી કે, જેથી નાઈટ્સ પાછા ફરી શકે નહિં. ક્રિશ્ચનો આમતેમ ફર્યા અને કંઈ ફાવ્યું નહિ, ત્યારે પુનઃ શત્રુના દળ ઉપર તોપોનો માર ચાલુ રાખ્યો.

'તું કયાં છે અરે! મુસલમાન, કુતરા! તું શું સિંહ સાથે લઢીશ? અરે! નીચ મુસા બેન એબીલ ગાજન! તું કયાં છે?

'અલ્યા ક્રિશ્ચન! તારી સામે જ!' એમ કોઇએ રૂઢ અને સાફ અવાજે જવાબ આપ્યો, અને લોકોનાં ટોપચાં વચ્ચે આંખો ઝાંઝવા આવી જાય એવી મૂરની પાઘડી ઝળકી રહી.

હરનેન્ડોએ પોતાના ઘોડાને રોકયો. એક ક્ષણવાર શત્રુ તરફ તાકીને જોયું અને ઘોડાને વધારે બળ આપવાને તે જરા પાછો હટ્યો. એક પળવારમાં બન્ને લશ્કરના બહાદૂર લડવૈયા ભાલાં લઇને સામસામા આવી ગયા.

મુસાએ ક્રિશ્ચનના શસ્ત્રને પોતાની ગોળ ઢાલ ઉપર ઝીલી લીધું અને પોતાનો ભાલો શત્રુની છાતીમાં ભોંકયો; પરન્તુ તે મુજ્તો હોવાથી

કંઈ સખ્ત લાગ્યો નહિ. તેણે પોતાની તલવાર ખેંચી, ઝડપથી માથા ઉપર ફેરવી અને થોડા વખત સૂધી એવી ઝડપથી ચલાવી કે પાસે ઉભા રહેલાઓ પણ તેને જોઈ શકયા નહિં; જો કે તલવારના ઝપાટા સામા પક્ષના તલવારીઆઓએ ઝીલી તો લીધાં જ.

આખર હુર્નેન્ડોએ પોતાનું શ્રેષ્ઠ બળ બતાવવાને મુસાની લગોલગ ઘોડાને લાવી તલવાર કમ્મરે જ લટકતી રહેવા દઈ, મુસાની ઢાલને એવી મજબૂતાઇથી ઝાલી ને એટલા બધા જોરથી ખેંચી લીધી કે તેણે જે યત્ન કર્યો તે બધો ફોકટ ગયો. મુસાએ તરત ઢાલ છોડી દીધી; અને તે સ્પેનિયર્ડે તેનું જોર પાછું મેળવ્યું નહિં, એટલામાં તો તેને પોતાના કાળા ઘોડાની ખરીઓ નીચે કચરી નાંખ્યો; એક ટુંકી પણ ભારે ગદા કે જે તેણે પોતાના જીનમાંથી કહાડી, તેવડે તેણે હુર્નેન્ડોના માથા ઉપર એવો સખત ઝટકો માર્યો કે, તે રાક્ષસ બેભાન થઇને પૃથ્વી ઉપર પડ્યો.

એક પળમાં તો તે ઘોડેથી ઉતર્યો, પોતાની ઢાલ ઊંચકી લીધી, તરવાર પાછી મેળવી અને દુશ્મનની છાતી ઉપર ધુંટણ મૂકીને ચઢી બેઠો; અને ડોન હુર્નેન્ડો ડેલ પલગર કોઈ પાદરી, ધર્મગુરુ કે વૈદ્ય વગર જ રામશરણ પહોંચી ગયો હોત, પણ થોડી જ વારમાં વીસ નાઇટો પોતાના ઘણા જ બળવાન્ અને બહોશ ઉપરીને આવા દુઃખમાં પડેલો જોઈ એકદમ ત્યાં આવી પહોંચ્યા; અને તે વીશ ભાલાનાં અણિયાંથી ગ્રાનડાના સિંહને તેના ભક્ષથી દૂર રાખ્યો. ત્યાં તેટલી જ ઝડપથી મૂરીશ વીરપુરુષો પણ સપાટાબંધ દોડી આવ્યા, અને અદ્યાપિ સૂધી પણ બેભાન અવસ્થામાં પડેલા ક્રિશ્ચનના શરીર આગળ ઘણી જ જબરી અને નાશકારક કાપાકાપી ચાલી. મુસાને તેની ટોપીની પ્રીટ કહાડી નાંખવા જેટલો પણ વખત મળ્યો નહિં અને તે કહાડી નાંખ્યા વગર મૂર લોકો પોતાની સમશેર કોઈ ઉપર ચલાવી શકયા નહિં; વળી તેની આસપાસ ગમે તેટલા ભાલા અને ખંખારતા ઘોડા હતા, તોપણ પેઇનીમની સ્થિતિ ક્રિશ્ચન કરતાં ઘણી ભય ભરેલી હતી. થોડીવારે હુર્નેન્ડોને તેની ભયંકર મૂર્ચ્છામાંથી ભાન આવ્યું અને પોતાની દશા જોઈ તથા સમય જોઇને એકદમ તેણે મૂરનો ઢીંચણ પોતાની છાતી ઉપરથી ખસેડી નાંખ્યો. બીજા યત્ને જ તે ઉભો થયો અને બેઉ વીરપુરુષો એકએકની સામસામે ઉભા થઈ ગયા; પરંતુ તેઓ ફરી દ્વન્દ્વ યુદ્ધ કરવાને રાજી નહોતા. બેઉ જણ ઉભા થતાં, હિમ્મતવાન્ અને સાહસિક છતાં ક્રિશ્ચનના અતુલ બળથી તથા ન ભેદી શકાય એવા બખ્તરથી મુસાએ જાણ્યું કે, હું જ ખરાબ સ્થિતિમાં આવી પડેલો

છું તે પાછો હઠ્યો અને સીસોટી વગાડી પોતાના ઘોડાને બોલાવી સ્વાર થયો; અને જોત જોતામાં ઘોડેસ્વાર ટુકડીની અંદર ધુસી જઈ મોખરે આવી પહોંચ્યો. તે ઘોડા ઉપર સ્વાર થયો અને અસાવધ સ્પેનીયર્ડને તેના નાશી જવાની ખબર પડી ત્યાર પહેલાં તો તે શત્રુની વચ્ચે આવીને ઉભો રહ્યો.

હુરનેન્ડો હજી શત્રુથી છૂટો થયો નહોતો. પોતાની સમશેરથી ત્રણ નાઈટોને અધમુવા કરી, પોતાની આસપાસની જગ્યા સાફ કર્યા પછી મુસાએ પોતાને ખભે ભેરવેલી નાની અરેબીયન કમાન હાથમાં લીધી અને ઘોડેથી ઉતરેલા બખ્તરવાળા ક્રિશ્ચનના ઉપર એક પછી એક સુસવાટ કરતાં તીરો એવા સપાટાબંધ મૂકવા માંડ્યાં કે તેના બખ્તરના ભારે કરીને જ તે જગ્યા છોડી શકયો નહિં; તેમ જ ઉપરાઉપરી સુસવાટ કરી આવતો તીરનો વરસાદ પણ તે બંધ કરી શકયો નહિં. તેને લાગ્યું કે, આવું એકાદ તીર જો ટોપીના કાણામાંથી અથવા બખ્તરના સાંધામાંથી વાગશે તો મોત જ થશે; કે—જે (મોત) તેના નશીબ અગર તેની અર્ધાંગના વગર કોઈ અટકાવી શકે તેમ નથી.

પછી ગભરાઈ ગયેલા અને ચીઢાઈ ગયેલા તે નાઈટે બે હાથ જોડીને કહ્યું કે—"હે દયાદેવિ ! તારા દાસને આ નજીવી લઢાઇમાં કુકરની પેઠે મારવા દઇશ નહિ; પણ જો હું મરી જાઉં તો અહિંયા પાસે જ લઢતા મારા શત્રુની પણ તેવી જ સ્થિતિ કરજે."

આ પ્રમાણે હજી તો તે પોતાની ટુંકી પ્રાર્થના પૂરી પણ કરી રહ્યો નહોતો એટલામાં તો સ્પેનીયર્ડોનો ઘણો જ જબરો સંગ્રામશોર તેને કાને પડ્યો, અને વિલેનાની બહાદૂર ટોળીને તેમના સાથીની મદદે મેદાનમાંથી દોડી આવતી જોઈ. મુસા ગમે તેવો બળવાન્ હતો. તોપણ તે શત્રુનું અગણિત દળ જોઇને ગાંડો ઘેલો થઈ ગયો. પ્રથમ તો તે આમતેમ ફર્યો, પોતાના શૂરવીરોને એકઠા કર્યા અને અનુક્રમે તોપનો મારો ચલાવતો આગળ આવતા નવા શત્રુને અર્ધે માર્ગે જઈ મળ્યો.

જ્યારે રણસંગ્રામમાં આ પ્રમાણે ભયંકર કતલ ચાલી રહી હતી ત્યારે ફર્ડીનાન્ડ પોતાની યુક્તિમાં એટલે સૂધી સફળ થયો હતો કે, તેણે લઢાઇના જૂદા જૂદા ભાગ પાડી નાંખ્યા હતા. દૂર અને નજીક, મેદાનમાં, ઝાડનાં વૃન્દમાં, વાડિઓમાં, કિલ્લાઓમાં અને ટુંકામાં જ્યાં જોઇએ ત્યાં રુવાં ઉભાં થાય તેવો ભયંકર દેખાવ નજરે પડતો હતો. મુસાની જાતની કીર્તિના અદેખા, તેના લોહીના તરસ્યા તથા જબરા યુરોપિયન અનુચર-

વાળા ઉમરાવોની જાતના, અહંકારીમાં મુખ્ય અને પોતે પસંદ કરેલા રક્ષકોના ઉપરી તરીકે બોઆબદિલે પોતાની જાતને સંકટમાં નાંખી અને તે એવી બહાદુરીથી કે જોનાર માણસ પણ અનુમાન કરી શકે કે, તેણે પોતાની જાતને જોખમમાં નાંખી છે.

જેમ એ પાયદળનો ભરોંસો રાખતો નહોતો, તેમ તે પાયદળમાં બહુ વાર ટકતો પણ નહોતો; જ્યાં જ્યાં તે દેખાવ આપતો, ત્યાં ત્યાં તેટલી વાર તો લઢાઇમાં ઘણો જ ફેરફાર થઈ જતો હતો. આખરે બપોર થતાં પોન્સ-ડીલીયોન મુરીશ પાયદળના મોટા ભાગની સામે પોતાના ઘણા જબરા, પૂર્ણ કેળવાયલા અને સ્પેનના કવાયતી સિપાઇયોને લઇને ગયો. એક કિલ્લો તેણે સર કર્યો કે, જે કિલ્લામાંથી તોપોનો મારો સારી રીતે ચલાવી શકાય તેમ હતું. વળી જે લશ્કર તે લઈ ગયો હતો તેમાં, કેટલાક પોતાની ફતેહથી ખુશી થયેલા અને કેટલાક નવા જ લઢાઇમાં દોરેલા સિપાઇઓ હતા. જે ઝાડીમાં તેઓએ થોડા વખત ઉપર આગ લગાડી હતી, તેમાંથી નિકળતી ક્રિશ્ચન ટુકડીઓનો દેખાવ જેવો રમણીય હતો તેવો જ વીંણાચુંટા કરાવનાર હતો; તેઓ જ્યારે સીધા અને રીતસર ક્રમમાં મુરીશ પાયદળની જબરી અને ભુમો પાડતી હારો તરફ ગયા ત્યારે રાતાચોળ તેજથી તેમનાં બખ્તર ચકચકતાં હતાં. બોઆબદિલે આગળ આવતો ભય પોતાના જાસુસો તરફથી જાણી લીધો, અને જે કિલ્લામાં રહીને તેણે કેટલોક વખત શત્રુઓને હરાવી તેમની ટુકડીઓને પાછી હઠાવી હતી, તેમાંથી સપાટાબંધ બહાર નીકળી તે ચાલાક પોઉ-સડીલીયોને ઉશ્કેરેલા લડવૈયાઓની વચ્ચે આવીને ઉભો રહ્યો. તે જ ક્ષણે ભયંકર અને અપકશુનીઓ આલ્મમન નજરે પડ્યો. તે ઘણો વખત થયાં મૂર લોકોની નજરે પડ્યો નહોતો. આ જગાએ તે એટલો બધો અચાનક અને અણધાર્યો આવી ચડ્યો કે તે કયાં થઇને આવ્યો, તે પણ કોઇના જાણ્યામાં આવ્યું નહિં. તેના ડાબા હાથમાં ધર્મદંડ અને જમણા હાથમાં શત્રુનાં લોહીની તરશી નાગી તલવાર આવી રહી હતી. તેનો ચહેરો ખુલ્લો હતો એટલું જ નહિં પણ તેની કાન્તિ ઉપર કોઈ જાતનો ઉશ્કેરેલો જોસ્સો પણ જોવામાં આવતો હતો. તેના અણધાર્યા ને એકદમ આવવાથી મૂર લોકોમાં નવો જીવ આવ્યો.

તે મોટેથી બુમ પાડી ઉઠ્યો કે–'તેઓ આવે છે, તેઓ આવે છે. પૂર્વના દેવે ગોથ તમારા હાથમાં સોંપ્યું છે.'

તે સહેતાન દરેક હારેહારમાં ફરી વળ્યો અને જેવો તે ચમત્કારી વાવટો સિપાઈયો આગળ ચળકયો તેવી જ તેમણે આંખો બંધ કરી દીધી અને તેના વતને માટે 'તથાસ્તુ' એમ બોલ્યા.

પછી સ્પેઇન અને સેન્ટઇઆગોની બુમથી ક્રિશ્ચન લઢાઈનો નિર્દય ઘોડો સર્વને કચ્ચરી નાંખતો આવી પહોંચ્યો; તે જ ક્ષણે પાઉન્સ ડોલીગોને થોડા જ વખત ઉપર જિતેલા કિલ્લામાંથી મૂર લોકો ઉપર તોપનો મારો ચલાવ્યો અને ઘણાનો કચ્ચરઘાણ વાળી નાંખ્યો. જ્યારે મુસલમાનોની આગળ આલ્મમનનો ધોળો વાવટો ફરકયો ત્યારે તેઓ એક પળમાં હાલી ઉઠયા, અને તેઓએ તેને એકલો અને પગે ચાલતો દુશ્મનના લશ્કરમાં ધસતો જોયો. આ ચમત્કારી વાવટો રાખવા ઉપર લડાઇનો આધાર રહેલ છે, એમ સર્વ માનવાને શિખેલા હોવાથી પેઇનીયાને આ સાહસ કરવાથી ચિન્તા ઉત્પન્ન થઈ અને શરમ આવી; તેઓ એકઠા થયા અને ધૈર્યથી આગળ વધ્યા, પણ બોઆબદિલ જાતે પોતાનો જમૈયો હલાવતો અને ભયંકર રાઢો મારતો તેના રક્ષકો અને ઈથોવિયન્સના ઉપરી તરીકે એકદમ આગળ ધસ્યો. પાછું દારુણ યુદ્ધ શરુ થયું અને લોહીની નીકો ચાલી રહી. પાછલી પાયદલની ટુકડીઓમાં ત્રણ વખત ધોળો વાવટો અદશ્ય થઈ ગયો અને મૂર્ત્તિપૂજકની સત્તાનો દીવો અને આચાર્યરૂપ તે વાવટો વાદળમાંથી જેમ ચંદ્ર પ્રકાશ મારે, તેમ ત્રણ વખત ચળકયો.

દહાડો નમ્યો અને ટેકરીયોનો છાંયડો ભડભડ બળતી ઝાડીનાં અજવાળાં ઉપર લંબાતો પડ્યો. વળી શાન્ત ડેરો જેનાં પાણી એક નાની ખાડીમાં એકઠાં થતાં હતાં ત્યાં આગળ લોહીના મિશ્રણથી રાતાં ચોળ થઈ ગયાં; તેના ઉપર જ્યારે બળતાંની છાયા પથરાઈ ગઈ ત્યારે ફર્ડીનાન્ડ જે અત્યાર સુધી આ ટેકરી ઉપર જ રહેઠાણ કરી રહ્યો હતો, તે પોતાના રાખી મૂકેલા સિપાઇઓને એકઠા કરીને નીચે ઉતર્યો. તેની સાથે નવલોહિયા જુસ્સાવાળા અને વિજયી દિવસના કર્તવ્યમાં ભાગ લેવાને તળસી રહેલા હજાર સિપાઇઓ અને હજાર ઘોડેસ્વારો પણ ઉતરી આવ્યા. રાજા પોતે શરીરના બાંધાથી અભય જેવો હતો, તોપણ યુક્તિમાં જરૂરની વખત શિવાય ભાગ્યે જ તે પોતાની જાતને દુ:ખમાં નાંખતો હતો. તેણે હવે બોઆબદિલથી હાર ન ખાવાનો નિશ્ચય કર્યો, અને સોનાનું હોય એવું લાગતું સોનાથી રસેલું બખ્તર તેણે નખશિખ સુધી પહેરી લીધું, તેથી અને તેની ઊંચી ટોપી ઉપરનાં નાનાં રત્ન ઉપર હાલતા બરફ જેવા ધવલ પિચ્છસમૂહથી તે વીર પુરુષોના લશ્કરને યોગ્ય સરદાર જણાયો. તેની પાછળ સ્પેઇનનો મોટો વાવટો દૂર ફરકતો હતો અને ઢોલ તથા ઝાંઝોએ તેમનું આગમન સુચવ્યું. કાઉન્ટ ડીટેન્ડીલા તેની બાજુએ જ ચાલતો હતો.

ફર્ડીનાન્ડે કહ્યું કે 'સાહેબ! તે ધર્મદ્રોહીઓ બહુ જબરી લડાઈ લઢે છે; પણ તેઓ જાળમાં છે અને આપણે તેઓને જાળમાં ફસાવવાની તૈયારીમાં છીએ; પણ આ કઈ લશ્કરી ટુકડી છે?'

જે ટોળી તરફ રાજાની નજર ખેંચાઈ, તેમાં છ સદ્ગૃહસ્થો હતા અને તેઓની ઢાલની બનાવેલી સાદી પથારી ઉપર મજબૂત શૂરવીર હર્નેન્ડો ડી પલગર સુતેલો હતો.

સોનાના પ્રિયતર માણસોનાં ઉતરી ગયેલાં મુખ રાજાની દૃષ્ટિએ પડ્યાં.

એક ગૃહસ્થે કહ્યું કે 'સાહેબ! તે મુસા બેન અબીલ ગાઝનની ગદા હતી, પણ એમણે એ ધર્મદ્રોહીને પોતાનાં હથિયારથી નસાડી મૂક્યો ત્યાર પછી જ તે આ ભલા નાઇટ ઉપર ઓચિંતી આવી પડી હતી.'

રાજાએ દાંત કચરડીને કહ્યું કે–તેનું આપણે સારી રીતે વેર વાળીશું. આપણું લોહી ચૂશી લે એવાં હથિયાર તારા ઘાનું લોહી ચૂશી લેશે. સેન્ટ ઇયાગો! અને સ્પેઇનના શૂરવીર નાઇટો! વીરાઓ, આગળ ધસો!!

હમણાં લઢાઈ ઘણી જ સખત ચાલતી હતી, મુસા અને તેના ઘોડેસ્વારો બોઆબદિલ અને મૂરીશ પાયદળને મળી ગયા હતા. બીજી તરફ વિલેનાને ટુકડીઓ આવી મળી હતી, અને તેણે રણસંગ્રામની સઘળી બાજુએ શત્રુનો પરાજય કર્યો હતો. મૂર લોકોને ધીરે ધીરે હવે પાછા હઠાવી દીધા હતા અને તેઓ હમણાં નગરના દરવાજાના કોટ પાસેની ખુલ્લી જગામાં હતા, જે હજી પણ ફીકા અને ઊતરી ગયેલા ચહેરા-વાળાં ઘરડા ખંખ ડોસા અને બાયડીઓનાં ટોળાંથી ભરાઈ ગયેલું હતું. તોપોના અવાજ બંધ થયા પછી જે 'ઘર' વિષેની બૂમો પડતી હતી, તે શાન્ત હવામાંથી ધર્મદ્રોહીઓ સાંભળતા હતા. હવે જ્યારે ફર્ડીનાન્ડ ક્રિશ્ચનોને મળ્યો ત્યારે તેમના લશ્કરમાં ભયંકર પોકાર (થયો) અને તે બોઆબદિલની છેલ્લી આશાને મરતી વખતે ઘંટ વાગતા હોય તેવો લાગ્યો; પણ તેના ક્રૂર અને શૂરવીર બાપદાદાઓનું લોહી તેની નસોમાં ઉકળી ઊઠ્યું અને જેને કોઈ પણ હરાવે એમ નહોતું તે આલ્મામનના પોકારથી અને વહેમથી ઉન્મત્તાઇને લીધે સૌને જુસ્સો આવ્યો.

મૂરીશરાજા બોલ્યો–'રાજાને રાજા સાથે ધૂમવા દ્યો! અલ્લા મને જ મારું સમાધાન કરવા દ્યો! આ ઘાને સારી રીતે બાંધી લ્યો અને સેતાનને માટે ઘોડો તૈયાર કરો! મારા દેવરૂપ સરદારો અને દોસ્તદારો! હવે તમે પણ આ તમારા રાજાની સાથે ઘોડેસ્વાર થઈ જાવ, અને સઘળા એક સાથે જ રણમાં ધસો! લેલિલિઝ! લેલિલિઝ!!

જ્યારે ક્રિશ્ચન લશ્કરે બખ્તરનાં રત્નથી ઓળખાતા, અને મોટી દાઢીવાળા પેઇનીમ રાજાને તેમની સામેની હારમાં થઇને એક વાર તેના બાકી રહેલા રક્ષકોને લઇને જતો જોયો, ત્યારે તેમનામાં એક છેડેથી બીજા છેડા સુધી નાખુશીની અજાયબી ભરેલી બૂમો પડવા લાગી. મૂસા અને તેના ક્રેમીસે તોપોનો મારો ચલાવ્યો અને મૂરીશ પાયદળ તેમના સરદારોનો દાખલો લઇને પાછા ન પડે એવા જુસ્સામાં આવી જઈ આગળ ધસ્યા. ક્રિશ્ચનોમાં ટુટ પડી–તેમણે માર્ગ આપ્યો અને તેઓ પાછા પડ્યા. ફર્ડીનાન્ડ પોતાના ઘોડાને આગળ દોડાવી ગયો અને બન્ને પક્ષને તેની ખબર પડી ત્યાર પહેલાં તો તે બન્ને રાજાઓ લઢાઇમાં એક એકની સામે આવી ગયા. તે વખતે લઢાઈનો કાંઈ અનુક્રમ કે નિયમ રહ્યો નહિં. સરદારો અને રાજાઓ સાધારણ સિપાઈની પેઠે એક એકની સાથે લઢવા લાગ્યા. તે જ વખતે ફર્ડીનાન્ડે આનડાના ગીતોમાં મૂસાથી બીજે નંબરે ગવાતા નેઇમ રેડ્યુએનને પોતાના ભાલાથી મારી નાંખ્યો. પછી એક અજાયબ જેવું માણસ તેની સામે આવીને ઉભેલું તેના જોવામાં આવ્યું. તે આ ઉગતા ક્રિશ્ચનને માણસ નહિં પણ ભૂત હોય એમ લાગ્યું. તેના કાળા વાળ અને દાઢી લોહીથી ખરડાયેલાં હતાં અને તે તેના મ્હોંની આસપાસ જેમ સાપ લટકતા હોય તેમ દેખાતું હતું. (મૂળથી) સામાન્ય રીતે જ (કાળી) ભયંકર લાગણી ઉત્પન્ન કરે એવી તેની કાન્તિ ઉગ્ર મિજાજની ઊન્મત્તાઈ દેખાડી આપતી હતી. ઘણી જગાએ ઘાયલ થવાથી તેના બખ્તર ઊપર રુધિરની છોળો ઉડેલી હતી અને તેના ઉપર તે જાદુવાળો વાવટો હલાવતો હતો. એ જાદુને ફર્ડીનાન્ડ રાક્ષસોનાં કામ ગણતો હતો.

આ બળવાન્ સરદાર બોલી ઉઠ્યો–‘અરે નેઝેરેન્સના રાજા! હવે આપણે મળીએ છીએ! આપણે જ ઘર ધણી અને પરોણા, કિંવા રાજા કે ફકીર નથી,–પણ માણસે માણસ સામસામા છીએ. જાણુ કે હું આલ્માનન છું!’

તે બોલ્યો અને તેની સમશેર તેના ઉપચાર કરેલા માથા ઉપર એવી ઘાતકી રીતે પડી કે, ફર્ડીનાન્ડ તેના ઘોડા ઊપર બેવડો વળી ગયો. રાજા પાછો તરત જ પોતાની સ્થિતિએ આવ્યો અને બહાદૂરીથી તેની સામે થયો. તે લઢાઈ એવી હતી કે, તેના બહાદૂરમાં બહાદૂર નાઇટનું જોર પણ નરમ પડી ગયું હોત; ઘણી અને પ્રકૃતિવડે પ્રાપ્ત થયેલી લાગણીઓએ બન્ને પક્ષના કોઇપણ લડવૈયાને જુસ્સો ન આવ્યો, પણ ઈસરાયલ આલ્મમનના હથિયારને ન કળી શકાય એટલું જોર આવ્યું. તેના ઘા

રાજાનાં હથિયાર ઉપર વરસાદની પેઠે પડવા લાગ્યા. તે ચમત્કારી જાદુગર, જેણે પોતાની ક્રિયાની વેદનાઓ ગણકારી નહતી, જે પોતાના લશ્કરમાંથી નાગી તલવારે નાઠો હતો, અને જે એક જ હાથે શત્રુની ચઢાઇને જેર કરી ગયો હતો, તેની લાલ ઘૂમ જેવી આંખોથી તથા ચકચકતા વાવટાઓથી તે કઠોર અંતઃકરણવાળા રાજાને એમ લાગ્યું કે, તે કોઈ ભૂમિ ઉપરના દુશ્મન સાથે લઢતો નથી. કદાચ ફર્ડીનાન્ડ અને સ્પેઇનના નશીબે જ લઢાઈ લાંબો વખત ચાલી નહિં હોય. તે પિંછાવાળા શૂરવીરને આ લઢાઇમાંથી બચાવવાને વીસ ઘોડેસ્વારો એકદમ ત્યાં આવી પહોંચ્યા. ટેન્ડીલા પહેલો આવ્યો. તેણે પોતાની બે હાથાવાળી તલવારના ઝટકાથી દંડ કાપી નાંખી તેનો ધોળો વાવટો જૂદો કર્યો અને તે પૃથ્વી ઉપર પડ્યો. આ જોઇને આસપાસના મૂર લોકોએ નાઉમેદીની બૂમો પાડી. આ ચીસ દરેક ટુકડીમાં, પાયદળમાં અને ઘોડેસ્વારોમાં ફેલાઈ ગઈ; મૂરીશ પાયદળ, બધી તરફથી સપડાયલું હોવાથી, આ દુઃખ તેણે જાણ્યું કે તરત જ મુગે મોડે નાસવા લાગ્યું. આ નાસવું જેટલું ઊતાવળું હતું, તેટલું જ નાશકારક હતું. ક્રિશ્ચનના રાખી મૂકેલા સિપાઇયો જે હમણાં જ રણમાં સામેલ થયલા હતા, તે એક પછી એક બૂમો પાડતા અને ત્રાડતા તેઓના ઉપર ટુટી પડ્યા. બોઆબદિલ એટલો બધો રોકાઈ ગયો હતો કે, તે પવિત્ર દંડ નીચે પડ્યા તે તેણે સહુથી છેક છેલ્લે જાણ્યું; અને પછી તરત જ તેણે પોતાના સૈન્ય સામે નજર કરી. પોતે એકલો હતો એટલું જ નહિ પણ ઓછાં થઈ ગયેલા યુરોપિયન અને મુઠ્ઠીભર ઘોડેસ્વારો જ તેની પાસે ઉભેલા હતા.

ટેન્ડિલોએ બોઆબદિલના આગલા ભાગમાં આવીને કહ્યું કે "બોઆબદિલ એલચિકો! શરણે આવ! નહિ તો પછી તને કોઈ બચાવશે નહિ."

રાજા બોલ્યો કે "ગુરુના (ભાવિના) સોગન ખાઇને હું કહું છું કે કદિ નહિ" અને તેણે પોતાનું બખ્તર પોતાની પાછળના ભાલાના જથામાં ઉસેટયું–પછાડયું અને વિસેક રક્ષકોની સાથે આવા બહાદુર લડવૈયાને બચાવવાને ઉત્કંઠિત હતા એવા લડવૈયાઓમાં થઇને તે ચાલ્યો ગયો. સ્પેનીશ લડવૈયામાંથી ગયા પછી તે કમનશીબ રાજાએ પોતાના ઘોડાને રોકયો અને મેદાન તરફ નજર ફેરવી. તેણે પોતાના લશ્કરને ચારે તરફ નાસતું, ભાગતું અને કપાતું જોયું. જ્યાં મૂસા બેન એબીલ ગઝનની પાઘડી ચળકતી હતી ત્યાં જ કોઈ નાસતું દેખાયું નહિ. તેણે પાછું વાળીને જોયું તો પાછળ ધસમશી આવતા ઘોડાઓનાં નસકોરાં સંભળાયાં અને ફર્ડીનાન્ડના હુકમથી તેને જીવતો અથવા મરી ગયેલો પકડવાને મોકલેલી

ઘોડેસ્વાર ટુકડીના ભાલાઓ તેની નજરે પડ્યા. તેણે પોતાના ઘોડાની લગામ ખેંચી અને તેને શહેર તરફ વાળ્યો. પણ કમાનની છાયામાંથી તે અદૃશ્ય થતો હતો. તેવા જ ત્રણ ભાલા કમાનની સાથે અથડાયા. જ્યાં સૂધી મૂસા રહ્યો ત્યાં સૂધી બધું ખોવાયું નહતું. તેણે પાયાદળને તથા રાજાને દોડભાગ કરતા જેયાં કે, તરત જ પોતાના સિપાઇયોની સાથે મેદાનમાંથી દોડ્યો. બોઆબદિલની પાછળ પડેલાઓને જઈ મળ્યો અને તેમાંના એકેએક ઘોડેસ્વારને તલવારની તળે કાઢી નાંખ્યા અને ત્યાર પછી પોતે નાસતા મૂર લોકોની પાસે આવી પહોંચ્યો.

'તમે તમારી સ્રીઓ અને છોકરીઓના દેખતાં નાસો છો? ધિક્કાર છે તમારી જાતને!! ધિક્ ધિક્! તમારી પ્રિયાઓ અને દીકરીઓ તમને મરતા જુવે, એ શું તમને નથી ગોઠતું?

હજારો માણસોએ જવાબ આપ્યો કે–"રાજ્ય પતાકા ધર્મદ્રોહીયોના હાથમાં ગઈ એટલે થઈ રહ્યું!" "તેઓ તેની સાથે ચાલ્યા અને દરવાજા પાસે આવ્યા ત્યાં સૂધી ઉભા જ રહ્યા નહિં.

હજી મૂરીશ ઘોડેસ્વારોનો નાનો અને દેશની દાઝ જાણનારો ભાગ રહ્યો હતો, તેણે હાર થઈ તોપણ છેલ્લેવેલ્લી કીર્ત્તિ મેળવી. તેઓ મુસાને પોતાનો આત્મા અને મુખ્ય માણસ ગણીને એક ઇંચ જમીન રહેતા સૂધી મરણીયા થઇને લડ્યા. ઇતિહાસ લખનારા કહે છે, તેમ તેઓ જાણે પોતાનાં હથિયારથી જમીન લેતા ન હોય તેમ જણાતું હતું. તેઓએ શત્રુઓની વચ્ચે બેવાર તોપોના બહાર કર્યા: અને કતલ ચલાવી. તેથી તેમના લડવૈયા બમણા થયા; પણ ટુકડીએ ટુકડી, એમ એકઠું કરેલું ક્રિશ્ચનોનું મોટું દળ આવી પહોચ્યું. તેણે તેમને ઘેરી લીધા. લઢી લઢીને થકવી નાંખ્યા, અને સમુદ્રની માફક પાછા હઠાવી દીધા. આખરે જંગલી પશુની માફક તેમને તેમના ઘર તરફ હાંકી કહાડ્યા, એટલે તેઓ શત્રુ તરફ મ્હોં રાખી પાછા વળ્યા; અને મુસા જ્યારે છેક છેલ્લો આવ્યો ત્યારે તેની તલવાર તેના હાથમાં ધ્રુજતી હતી. દરવાજો બંધ કરવાનો અને ભુંગળો ભીડવાનો હુકમ આપવા જેટલી પણ તેનામાં શક્તિ રહી નહોતી. અંદર દાખલ થતાં જ તે થાક, દુઃખ અને શરમ લીધે એકદમ મૂર્ચ્છા આવતાં મરણતોલ થઈ ઘોડા ઉપરથી નીચે ટુટી પડ્યો અને આ પ્રમાણે ગ્રાનડાના રાજ્યને માટે થયેલી છેલ્લી જંગી લઢાઇનો અંત આવ્યો.

પ્રકરણ ૨ જું

કુમારિકા

એક આશ્રમના ભોંયરામાં બાળકુમારિકા એકલી બેઠી હતી. એ ભોંયરું તેમાં રહેનારની વૈરાગ્યવૃત્તિ અને પુણ્યકર્માદિ કર્તવ્ય તથા પવિત્રતાને માટે પ્રખ્યાત હતું. ભોંયરાની લુણો લાગેલી ઘણી જ જૂની અને ઓસને લીધે શીતળ રહેતી ભીંતમાં ઘણું જ ઊંચે એક જાળિયું મૂકેલું હતું. આ જાળિયું સહજ ઉત્પન્ન થતા વનલીલાદિના આલોકથી તરંગિત થતા પવિત્ર વિચારોને અટકાવનાર જ હોય તેવું હતું. ખરેખર ભોંયરાનો સપાટ ભાગ મનોહર હતો, પરન્તુ શોકગ્રસ્ત થયેલી આંખોને અને યૌવનના ઉછાળાને તો તે વેરાનમય જ લાગે તેવો હતો; કારણ કે મનુષ્યજાતિના પ્રેમબદ્ધ હૃદયની અંદર ધિકતા પ્રેમાગ્નિના આવેશે તથા સહસાજ ઉત્પન્ન થતા અનેક વિચારોની ગણતરી તેની આગળ વિફળતા જ પામતી હતી. ઘણાં જ ઝાંખાં અને પીળાં સૂર્યનાં કિરણ તે જાળિયામાંથી ભોંયરામાં પડતાં તેના પરથારને વધારે શોકજનક કરતાં હતાં. જુવાન કુમારિકા એના એ જ વિતર્કના તરંગ ઉપર વારંવાર તરફડિયાં મારતી હતી, કે જે વગર અમુક નિર્ણય અને ગુણના ઉપર વિજય મેળવી શકાતો નથી. કેટલીક વખત તે છૂટે મ્હોંડે રોતી હતી, પરન્તુ જેમ બને તેમ તે પોતાના હૃદયનો ઊભરો ઘટતી દીલગીરીથી અને ઝીણા સ્વરમાં જ બહાર કહાડતી, જે ઉપરથી સમજાતું હતું કે, તે નિરાશાને લીધે નહિ પરન્તુ હૃદયમાં પ્રાબલ્ય પામેલા કામનો જ આવેશ છે. કેટલીક વખત તેણે પોતાના કુચમંડળ ઊપરથી દૃષ્ટિ ફેરવીને ઊંચું જોતી અને જેવું ઊંચું જોતી, તેવી જ તે યત્કિંચિત્ હાસ્ય કરતી હતી. કોઇવાર તેની દૃષ્ટિ તેને સુવાના ચોતરાની પાસે પડેલા એક જૂના ટેબલ ઉપર ગોઠવી મૂકેલાં મરણ શરણ થયેલાંના મસ્તકો ઉપર જ જાણે સ્થિર થઈ જતી હતી. તે મસ્તકો આ ભોંયરામાં થયેલાં મરણની નિશાનીઓ રૂપે હતાં અને હવે પછીની જીંદગાની એવા જ રૂપકમાં ઉતરશે, એમ તેણીને લાગતું તેથી તેણીનો દિલાસો વધતો નહતો.

તે હજી ચિંતવનમાં જ હતી, પણ એટલામાં તો નિસરણીમાંથી પગલાંનો અવાજ (પગરવટ) સંભળાયો અને મઠની અધિષ્ઠાતા એક આર્જા (સાધુડી) આવીને તેની સન્મુખ ઉભી રહી.

તેણે કહ્યું કે–પુત્રિ! હું તારે માટે એક પવિત્ર અભ્યાગતને તારા વિનોદને માટે અત્રે તેડી લાવી છું. સ્પેઇનની રાણી જેની પવિત્ર લાગણીઓ માતૃસંબંધે કરીને જ, તારા ભાગ્યમાં આવી પડેલી વિટંબનાઓના

ઊદ્ધારને માટે સર્વદા ઉત્કંઠિત છે તેણે, એક પુણ્યવાન્ સાધુને અત્રે મોકલ્યો છે. જેને રાણી આપણા બંધુ ટોમસ કરતાં પણ વધારે સમાધાનિયો અને સલાહકારી સભામાં પણ શ્રેષ્ઠ માને છે, ને જેની અત્યંત આતુરતા વારંવાર તેઓને ભય ઉત્પન્ન કરે છે કે જેઓને તેનો માનવંત જોસ્સો જ માત્ર પવિત્રતામાં અને સન્માર્ગે દોરવાને બસ થાય છે. હું તેને તારી પાસે મૂકી જઇશ. ભલે તે સાધુ તેમની પ્રધાન પદવીને આશીર્વાદો આપે. આમ કહીને મઠની સાધુડી ઉંબરાપરથી પાછી વળી, અને જેના ચહેરા ઉપર બુરખા જેવું કપડું આડે નાંખેલું હતું તેવો સાધુના વેશમાં રહેલો એક નવો માણસ અંદર આવ્યો. તે સાધુએ નમ્રતાથી પોતાનું માથું નીચું નમાવીને સલામ કરી, અંદર ઉતર્યો. બારણું બંધ કર્યાં અને એક સ્ટુલ (તરવૈયા) ઉપર બેઠો. આ અપ્સરાના ઓરડાના સામાનમાં ટેબલ કહો તો તે, અને ગોદડાં નાંખવાનો બાંક કહો તો તે. સૌમાં માત્ર આટલો આ સ્ટુલ જ હતો.

જરાક વિરામ લીધા પછી તેણે કહ્યું કે—'પુત્રિ! ખામોખામ આવા સાહસને માટે જે તૈયાર થયેલ નથી, તેને આ દશા—જમીનનો પરિત્યાગ અને તેની બધી ભવિષ્યની આશાઓ તથા કોમળ પ્રીતિની લાગણીઓ ખરેખર દુસ્તર જ છે. વત્સે! મારા ઊપર વિશ્વાસ રાખ; હું ભયંકર કાર્યનો શોધક નથી, કે તારા પોતાના જ શબ્દો તારા ભયંકર દુઃખપ્રદ ભાવીમાં પાછા વાળવાને ઇચ્છતો હોઉં? હું ઘણો સખત કે કર્કશ સાધુ નથી. મનુષ્ય જાતના શોકને માટે લાગણી ધરાવનાર કિંવા જેમાં મનુષ્યને માટે લાગણી થાય એવું મારું હૃદય છે. કોઇપણ જાતના ભય વગર મારા ઉપર વિશ્વાસ રાખ. તને એમ પણ ભય નથી ઉત્પન્ન થતો કે, ભવિષ્ય તે સઘળું તારા ઉપર લાવી મૂકશે. તું શું જરા પાછી હઠતી નથી? શું તું આમાંથી નહિ છૂટે?'

ગરીબ બિચારી કુમારિકાએ ચંચળ મનથી અને ગણગણતા અવાજે જવાબ આપ્યો કે 'ના.'

તે સાધુએ વધારે આતુરતામાં આવી જઇને કહ્યું કે—'વિચાર કર, વિચાર કર. હજી પણ સમય છે.'

અચંબાથી જેની મુખમુદ્રા કંઈ વિલક્ષણ થઈ ગયેલી છે એવી તે રમણીએ ઉંચું જોઇને કહ્યું કે—'નહિ નહિ, કદાપિ મને એવી અશક્ત કહો પણ નાશી છૂટવું એ તો હવે અસંભવિત જ છે. આ મઠનાં દ્વાર ઉઘાડવાને કોણ શક્તિમાન્ છે?'

તે સાધુએ વેગાવેશથી કહ્યું કે–"હું અરે! હું. મારામાં તે શક્તિ છે. આ સ્પેઇન દેશમાં એક જ માણસ તને બચાવી શકે તેવો છે અને તેજ હું છું."

કુમારિકાએ ગદ્‌ગદ્ કંઠે કહ્યું કે 'તમે!' આટલું કહેતાં તે પોતાની સમક્ષ ઉભા રહેલા અજાણ્યા આગંતુકની તરફ આશ્ચર્ય અને ભયથી જોવા લાગી. 'જેની આગળ કાસ્ટાઇલ અને એરેગોન જેવા રાજવંશીઓ માથાં નમાવે છે એવા ટોમસ્ડી ટારકવેમડાની આજ્ઞાને ઉલ્લંઘન કરે એવા તમે કોણ છો?'

આ પ્રશ્ન પૂછતાની સાથે જ અતિ આતુર અને ઘણો જ ગરમ થઈ જઇને તે સાધુ અડધો ઉભો થઈ ગયો, પરન્તુ પુનઃ આસનસ્થ થતાં ગંભીર અને ધીરસ્વરે તેણે પ્રત્યુત્તર દીધો કે–'પુત્રિ! મારા સામું જો. એ તો સત્ય જ છે કે–સ્પેઇનની ઇસાબેલ, (જેને દયાની દેવી વર દો, કારણ કે તેનું હૃદય સર્વને માટે દયાળુ છે; જો કે તેણીની બહિર્યુક્તિઓ નહિં) તારા પગને માટે સ્વર્ગનો માર્ગ જોઇએ તે કરતાં વધારે વિષમ કરશે. સ્વર્ગે જવાનો માર્ગ ઉત્ખાતિની ભૂમિ જેવો જ કરશે; (આ પ્રમાણે બોલવામાં સાધુએ કોઈ ઠેકાણે વ્યંગોક્તિ વાપરી હતી) પસંદ કરેલો વૈરાગી સારા વાક્ ચાતુર્યવાળો અને સૌજન્યાદિ ગુણથી ભરેલો તને મેળવવો જોઇએ છીએ. પેલી મઠાધિકારિણીના નામના કાગળોની સાથે તેને રાણીએ પકડાવ્યો હતો. કોમળ છતાં પણ તે સાધુ ખરેખરે કપટી હૃદયનો હતો. વળી બહારથી મારા સાંભળવામાં છે કે, ઉગતા સૂર્યનારાયણની પૂજા કરવી તેને વધારો પ્રિય હતી. જો સમૃદ્ધિ મળે તો તેને કંઇ સર્વદા કુવારો સંન્યાસી જેવો રહેવાની ઇચ્છા નહોતી. ક્રિશ્નોને મુકામે તારા સર સમાચારને માટે એક માણસે પોતાનો દેહ અગ્નિને સ્વાધીન કર્યો હતો–જેને તારી મૂર્તિએ ભ્રમિત કરેલો છે. તું તેની પાસે હોય એમ તે ઇચ્છે છે જે પ્રીતિને તે જાણતો નહોતો એવી અપૂર્વ પ્રીતિથી એ તને પ્રીતિપાત્ર ગણે છે. તું એના મનમાંથી જતી રહી ત્યાં સુધી તેણે એવીજ ભૂતવાળી અવસ્થા ભોગવી હતી. પુત્રિ! તું શાથી આમ થરથર કંપે છે? હજી વિચાર કર. તે વલ્લભ કે જે એક ઊચ્ચકુળમાં ઉત્પન્ન થયેલો છે, તેની પાસે પાદરી આવ્યો ને તેજ તારા વલ્લભને તેણે પોતાનું પ્રેષણ વેચેલ છે. તે પાદરીની જ પાસે આ વાત તૈયાર હશે કે જે પાદરીને મઠાધિકારિણી ઉપરના કાગળ લઈ જતાં પહાડી પ્રદેશના માર્ગમાં હથિયાર બંધ માણસોએ પકડી પાડ્યો હતો. તેજ તારા વલ્લભે તે પાદરીનો પોશાક ધારણ કર્યો

અને તે સઘળા કાગળ પતર લઇને જલદી ત્યાં ગયો. લીલા! પ્યારી લીલા! તારાં પદકમલ પાસે જ અત્યારે તું તે પુરુષને જો.'

પછી તે સાધુ તેણીની આગળ ઘૂંટણીએ પડીને સ્પેઇનના રાજકુમારરૂપે ખુલ્લો પડ્યો.

લીલાએ આવું જોઈ તેણે ઝાલેલો પોતાનો હાથ મૂકાવવાને માટે પ્રયત્ન કરતાં કરતાં કહ્યું કે–'તમે જ છો કે! ખરેખર. આ નિષ્ઠુરતા જ છે! જુલમ છે! તમે આટલાં બધાં દુઃખો અને સંતાપના કર્તા! આવો મિથ્યાભિશાપ– આક્ષેપ–અરે આવો જુલમ કરો છો!'

ડાનજુઅન્સે તપી જઇને જવાબ આપ્યો કે–હું તે બધું સુધારીશ. હું તને વારંવાર કહું છું કે–હું એકલો જ માત્ર તને છોડી મૂકવાને માટે શક્તિમાન્ છું. તું હવે જુદાઇશ નથી, પણ થોડી વારમાં અમારા ધર્મની જ થનાર છું. આપની પ્રીતિમાં હવે કંઈ કહેવાનું રહ્યું નથી. આ ઉથલપાથલમાં ચારે તરફ અંધેર અને ભય વ્યાપી રહ્યો છે તોપણ હું અભય છું. મારો બાપ એકરાજવંશી છે અને બે રાજગાદિઓનો વારસ એક સરખી રીતે ધર્મગુરુ અને જુલમી રાજાથી પોતાનો જેના ઉપર પ્યાર ચોંટેલો છે, એવી પ્રિયાને અભય રક્ષણ તળે લાવી મૂકવાને શક્તિવાન્ છે. તે મિત્રમંડળ અને વગસગથી પણ રહિત નથી. ત્યારે મારી સાથે ચાલ! આ એક ઉજ્જડ સમાધ (મઠ) ને સદાને માટે તજી દે! તું પુનરપિ આને દેખવાની નથી એમ ધારી તેના બારણા ઉપર ધૂળ વાળ્ય. મારી પાસે ઘોડા છે, સ્વાર છે. અરે! હા કહે, અને તેથી જ તું આ પૃથ્વી ઉપર અને પ્રીતિ ઉપર રમતી રહીશ. અત્યારે જ અરે કહે તો આજ રાતે તે બધી ગોઠવણ કરું. બોલ શી મરજી છે?

ઉક્ત ભાષણની દરમિયાન જ તેણી જુયનસના હાથમાંથી દૂર થઇ. તેની જ સામે જરાક દૂર ટટાર ઉભી રહીને મગરુરીથી બોલી–'રાજકુમાર! તમે અમસ્થા મને લલચાવો છો! અથવા તમે મને મિથ્યા લાલચો બતાવો છો. હું કૃતનિશ્ચય છું અને મરણ થતાં પણ મારા વ્રતથી ચલિત થનાર નથી.'

રાજકુમાર તીવ્ર અને ક્રોધયુક્ત થઈ બોલ્યો કે–'અરે જરા વિચાર કર, વિચાર! ના કહેવાથી કેવો અંત આવશે, તેનો કંઇક વિચાર કર. તું હવે કદાપિ તેમને મળવાની નથી, તારો આવેશ તને આંધળી બનાવે છે; પણ જ્યારે કલાક પછી કલાક, દિવસ પછી દિવસ, અને વર્ષ ઉપર વર્ષ ચાલ્યાં જશે; જ્યારે આ પવિત્ર બંદિખાનાથી મંદીભૂત થતો સમય

જતો રહેશે; જ્યારે તું તારું પોતાનું યૌવન ભોક્તા વગર નિરુપયોગી જતું જોઇશ, કિંમત વગરની વય, જ્યારે પેલા બરફના જેવી છાયા નીચે તું જોઇશ, જ્યારે તારું હૃદય પથ્થર જેવું કઠિન થતું જણાશે, જ્યારે કશાથી પણ દુઃખકર દારિદ્રનો ઉપાય થઈ શકશે નહિ–જીવિતને માટે પશ્ચાત્તાપ થશે, અને જ્યારે આ લાંબી અથવા સખત તપશ્ચર્યા તને અકારી લાગશે, ત્યારે જ તારો શોક દશધા વધી પડશે, ત્યારે જ તારી આંખો ઉઘડશે અને નિરાશી તથા પશ્ચાત્તાપ ઉત્પન્ન કરે એવા તારા વિચારો પણ ત્યારે જ તારાં વચનને તારા મુખમાં પાછાં ઘાલશે.' ત્વરિત આતુરતામાં જોન વળી બોલ્યો કે–'અલિ! હજી વિચાર કર, વિચાર! એમ થાવ. હું કબુલ કરું છું કે મારું યૌવન હવાઈ વિચારોમાં અને પ્રેમસંલાપની ચેષ્ટામાં જ ગયું છે; પણ પ્રથમ મારા જીવનમાં પ્રેમ, એ હું તારાથી જ સમજ્યો. અહો! તારી કાળી ભમર જેવી આંખો! તારી અલૌકિક સુન્દરતા! અને વળી તારા સ્રીવત્ હાવ ભાવ અને અભિનયે જ મને વશ કરેલ છે. જ્યાં હું એક લાયક તરિકે ગણાયલો, તે અરે હજી પણ ધિક્કારતો નથી, પણ છેવટ સ્રીના હૃદય ઉપર જિત મેળવવામાં જયોત્સવ છે એમ જ માની રહ્યો છું. ઓ! લીલા! નહિ નહિ મને નાપાડીશ નહિં! તું જાણે છે કે તું કેવો ગંભીર અને કેવો અલભ્ય પ્રેમ તજી દેવાને તત્પર થઈ છે?'

આથી તેને અસર થઈ, કારણ કે પહેલાંના કરતાં ડોનજુયનની આજની વાણી કંઈ જુદી જ હતી. તેના બોલવામાં અને આંખોના સ્પંદનમાં પ્રેમની ખરેખરી લાગણી વ્યાપેલી જણાઈ આવતી હતી. લીલાને આથી પોતાનો અજિત મૂસા ઊપરનો પ્રેમ સાંભરી આવ્યો અને તે અજિત પ્રેમનો પણ છાનો તેના હૃદયમાં ટંકાર થયો. તેણીને અસર થઈ અને અસર થતાં જ આંખોમાં પાણી ભરાઈ આવ્યું. પરન્તુ તેણીના નિશ્ચય તો તેના હૃદયમર્મમાં અચલ જ રહ્યા.

રાજકુમાર સમજ્યો કે, તેણીને મારા બોલવાથી અસર થઈ છે અને એમ ધારીને જ તેણીને પોતાના પ્રેમમાં તાણી લેવાની ઇચ્છાથી પુનઃ બોલ્યો કે–'ઓ લીલા! ઓ લીલા! જો તારા ભોંયરાની ઝાળીમાંથી અંદર પડતાં પેલાં સૂર્યનાં કિરણો જો! શું તે સુખરૂપ સંસારમાં તને પ્રવર્તાવવાને દૂતરૂપ નથી? તે શું મારે માટે તને સમજાવતાં નથી? હસીને સામા આવે તેવા દ્રાક્ષના મંડપો, હરિયાળીથી લિલાં છમ થઈ ગયેલાં ખેતરો અને ભૂમિભાગો; ટુંકામાં અમુલ્ય સૌંદર્યતાથી પરિપૂર્ણ નાના પ્રકારના પ્રદેશો–જે બધું તું હમણાં તજવાને તત્પર થયેલી છું–તેનું તને સ્મરણ કરાવતાં નથી? શું

તું મારો પ્રેમ ભયપ્રદ માને છે ? તપસ્વી અને જીંદગી રહિત આકારો જે તારી આસપાસ આવી રહેલા છે, તે શું મારી આંખો કરતાં તારી આંખોને વધારે ચારુતર લાગે છે. શું તું તારું રક્ષણ કરવાની મારી શક્તિને માટે શંકાશીલ છે ? હું તને કહું છું કે, જ્યાં તારી સૈન્યથી રક્ષા કરવી હશે, ત્યાં સ્પેઇનના મદમસ્ત યોધાઓ મારી ધ્વજાની પાછળ ઉડશે-ફરશે. હજી એક શબ્દ બોલ-મારી થા-અને હું તરત જ તને લઇને ચાલી નિકળું. તે દેવાલયોએ તેનાં ભયપ્રદ મૂલને તજી દીધાં નથી અને સંભાળ તથા તાજને જે ભૂલી ગયાં નથી, તે તારે માટે જીવે છે. અરે કંઇક બોલ.'

કંઈ ઉંચી થઇને શાન્તતાથી લીલાએ જવાબ દીધો કે-'મહાશય, તમે જે પ્રીતિ મારા ઉપર રાખો છો અને જે શુભાશાઓ હમણાં જ તમે મને બતાવી, તેને માટે હું આપનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. પણ તમે તમારી મેળે ભૂલાવ છો. મેં લીધેલાં પણ ઉપર મેં ઘણા વિચાર કર્યા. હું દિલગીર થતી નથી, તેમ મારા મનમાં તે માટે કંઈ પણ પશ્ચાત્તાપ પણ કરતી નથી; હું તેનું પ્રત્યાખ્યાન કરું છું. હું જે બોલી છું તેથી વિપરીત કરનાર નથી જ. સંસાર કે જેને તમે પ્રીતિ અને વૈભવથી પૂર્ણ ભરેલો કહો છો, તે સંસારનાં બંધન અને મોહ જતાં રહેવાથી મને તે અકારો થઈ ગયો છે. હવે તો હું માત્ર સલાહસંપ (શાન્તિ) વિરામ અને વહેલું વહેલું મરણ માગું છું.'

ફીકા પડી જતા ચહેરાવડે રાજકુમાર બોલ્યો કે-'તું બીજાને ચાહે છે એ સંભવિત છે ને જો તેમ જ છે તો પછી ખરેખર તને પરણવાની મારી આશાઓ નિષ્ફળ જ છે.'

તે ખુશી થઈ અને તેના ગાલ ઉપર રતાશ આવી પણ પાછી શમી જતાં તે મનમાં બોલી કે-'મારે શું કરવા મારું મન આપવું જોઇએ ?' પછી તે મોટેથી બોલી કે-'રાજકુમાર ! તમને હું હવે ખાતરીથી કહું છું કે, મેં સંસારની લલુતા મૂકી દીધી છે, તેમ છતાં જ્યારે તમે મને પુનઃ પુનઃ બોલાવો છો ત્યારે મારા હૃદયનો કટુ કંટક હાલી ઉઠે છે; તમે મારા કહેવાપર વિશ્વાસ લાવો અને રાજકુમાર ! આપ જાણો કે 'હું અન્યને અનુરક્ત થયેલી છું' અને તેના તે જ વિચારરૂપી ચંબુમાં તેની પરના મારા ભસ્મીભૂત થયેલા અનન્ય પ્રેમની રાખ પડી રહી છે. પરન્તુ તે પુરુષ પરધર્મી છે; રાજકુમાર ! હવે આપણે આ લોકમાં તો કદી રે કદાપિ પણ મળવાનાં નથી જ, પણ આપણે હવે તો એમ જ ઈશ્વર પાસે માગીએ કે, તે આપણને પરલોકમાં મેળવે. એ જ કામના (પર લોક

મળવા રૂપ) અને આ એકાન્ત વાસ એ જ હવે તો મને સંસારના સર્વ વૈભવ અને વિનોદથી પણ વહાલાં લાગે છે.'

રાજકુમાર નિરાશ થઈ ગયો અને માથે હાથ મૂકીને રોયો, પણ કંઈ બોલ્યો નહિ.

તે વળી બોલી કે–'સ્પેઈનના રાજકુમાર ! અને રાજવંશી રાણી ઈસાબેલાના પ્રિય પુત્ર ! ત્યારે હવે તમે જાવ. લીલા પોતાની સંભાળને માટે અયોગ્ય નથી. જાવ અને તમને જે જે વૈભવ ભવિષ્યમાં મળનાર છે તેની પાછળ લાગો. હે રાજકુમાર ! જો આપ ક્ષમાની નજરે જોતા હો તથા આ ગરીબ જ્યુઇસ કન્યાને માટે કંઈ લાગણી રાખતા હો તો તમારા પંથને માટે જે જાતને તેણે તજી છે અને જે જાત પડતીમાં આવી પડેલી છે, છતાં પણ જેના ઉપર હજી ખરાબ અને વિનાશકારી કાળચક્ર ભમી રહ્યું છે, તેને કંઇક શાન્ત અને નરમ પાડી શમાવી દેજો.'

શોકજનક સ્વરે રાજકુમારે કહ્યું કે–'અફસોસ ! કદાચ તારી આખી જાતમાંથી તને એકલીને જ મેં સમુદ્રની ભરતીની માફક આ રાજ્ય ભૂમિપર પ્રસરતા સ્વમતાભિમાનથી બચાવી લીધી હોત, પણ અરે ! તું જ મને નાકહે છે. હજી પણ વિચાર કરવાને માટે કંઈ અવધિ માગી લે, લે જા હું વળી તને કાલ સહવારે મળીશ.'

'નહિ નહિ રાજકુમાર પુનઃ નહિ. તમે જો મને ફરી નહિ મળો તો જ હું આ તમારું રહસ્ય ગુપ્ત રાખીશ. વળી જેને હું નીચ અને લજ્જાસ્પદ ધારું છું, એવા આ તમારા વ્યાપારમાં તમે જો વધુ આગ્રહી રહેશો તો ખરેખર મારી આબરુ–'

અતિ અધીરતાથી જોન વચમાં જ બોલી ઉઠ્યો કે, 'બસ બસ, હવે હું તને વધારે આગ્રહ કરી દુઃખી કરવા માંગતો નથી, પણ મારી પ્રબળ પ્રાર્થનામાંથી તને મુક્ત જ કરું છું. જો વિચારું તો મેં તને ન કરાય તેટલી આજીજી અને પ્રાર્થના કરી છે.' આમ કહી તેણે માથાપર બુરખો નાંખ્યો અને બારણા તરફ ગયો; પણ જેણે ઓચિંતુ જ તેના મનને અનુરાગમાં નાંખી દીધું હતું, એવા તેણીના મોહજનક રૂપ તરફ તે પાછો વળ્યો અને નમ્ર તથા ખિન્ન તેણીની સ્થિતિ તરફ નજર કરી; અને તેમ કરતાં જ તેણીના ખીલતા યૌવને અને પડતી દશાએ તેના અનેક ગર્વ અને કાળને શાંત પાડી નાંખ્યો. 'ઇશ્વર તારું ભલું કરો, ગરીબ કુમારિકા.' એમ આવેશથી ગદ્‌ગદિત થઈ ગયેલા સ્વરે કહી તે બહાર નિકળ્યો અને બારણાં બંધ થયાં.

હવે લીલા જે આત્માની સાથે ધ્યાનમાં એક તાર થઈ ગયેલી હતી, તે ઉંચું જોઈ બોલી કે–"ઈશ્વર હું તારો પૂર્ણ ઉપકાર માનું છું કે, તે મુસા નહોતો. તેને તો ખરે જ હું અટકાવી શકી નહોત." આવા વિચારમાં તેણી ઘૂંટણીએ પડી અને પોતાને ઠપકો દેતી તથા પશ્ચાત્તાપ કરતી વળી ઈશ્વરસ્તવન કરવા લાગી.

તે પ્રાર્થના કરી રહી નહોતી, એટલામાં તો વળી ડોમીનીકહોર-કવેમન્ડે તેના એકાન્ત વાસમાં ભંગ પાડ્યો, અર્થાત્ તે ત્યાં આવ્યો.

આ અજાણ્યો માણુસ જેનાથી કુદરત પણ પાછી હઠે છે, એવા ઘાતકીપણાનો કર્ત્તા હતો. તેના પાષાણવત્ હૃદયમાં રેસાઓરૂપ કેટલીક ઉત્સાહી અને સૌજન્ય લાગણીઓ હતી અને જ્યારે તે પરધર્મમાં ગયેલીની ખરેખરી આસ્થા અને પવિત્રતાને પોતાની મેળે જ પામી ગયો હતો, ત્યારે જે ભયંકર કઠોરતા તેણે પહેલી તેણીની પર વાપરી હતી, તે નરમ પડી જતી હતી. તેણે પોતાનામાં જેવું ચાતુર્ય હતું, તેવું ચાતુર્ય તેણીનો જુસ્સો વધારવામાં અને તેણીના સંશયોની સમજુતી કરવામાં કામે લીધું. તેને માટે પ્રાર્થના કરી અને જોશ તથા આંસુની સાથે તેણીની આગળ ઘણી આજીજી પણ કરી.

તે શિખાઉની પાસે બહુવાર ઉભો રહ્યો; અને જ્યારે તે ગયો ત્યારે સુખી તો નહી પણ તેણી સંતુષ્ટ થયેલી તો હતી જ. હવે તેની આતુરતા માત્ર પોતાનો શિખાઉપણાનો વખત ટુંકો કરવાની જ હતી અને તેથી જ આ સ્થાન (મંદિર) તેણીની અજમાયેસ–પરીક્ષારૂપ માત્ર નામનું જ રહ્યું હતું. પોતાની શક્તિ ઉપરાન્ત તેણીએ સામે દરવાજેથી સાંકડા રસ્તા ઉપર જવાને માટે અનિશ્ચિત નિશ્ચય કર્યો.

જુવાન નોવિસની નરમ અને વિનયશીલ ભક્તિએ બહેનપણાને અસર થઈ, કારણ તે બધાંને તે વહાલી લાગતી હતી. તેણીના ફેરફારે તેઓની મંદ થઈ ગયેલી જીંદગીની ભર ઉંઘ ભાગી. તે તેઓની ગમતના એક કારણરૂપ થઈ પડીને તે ગમત તે કબૂલ કરેલી મગરૂરીનું, અનુકંપાનું અને તેઓની તેણી તરફની દયા–જેણે ઘોડીઆમાંથી પોતાની જાતનું કંઈ જોયું નહોતું, તેણી તરફની એક લાગણીરૂપ જ હતું. તે અસરની દયાએ તેણીના મનને શાન્ત અને આશ્વાસન આપવાનું રૂપ પકડ્યું, પણ રાતે તેણીનાં સ્વપ્નાંએ તેણીનાં મુખ આગળ ધમકી આપતા તેના પિતાના દેખાવને ખડો કર્યો. કેટલીકવાર તે તેણીને સ્વર્ગદ્વારમાંથી ખેંચી લઈ નીચે ઉંડા કુવામાં પડતો દેખાયો અને કેટલીકવાર તેણીએ

તેને પોતાની સાથે વેદી ઉપર ઉભેલા જોયો જ્યારે તે જાણે ક્રૂસધ્રીક્ષ (જે શૂરવીર પણ ઇશુને મારી નાંખ્યો હતો, તે સાથેની તેની મૂર્તિ) આગળ નમેલી, તેને ઇશ્વર સન્મુખ શપથ લેવાને કાલાવાલા કરતો દેખાતો હતો. કોઈ કોઈ વાર વળી તેણીનાં સ્વપ્ન મુસાના તરફ જ ભમ્યા કરતાં હતાં. જ્યારે તેણી તેને ઓછા ભયંકર આકારમાં દેખતી પણ જાણે કે, તે શાન્ત અને શોકગ્રસ્ત આંખે પોતાના તરફ જોતો ના હોય તેવા રૂપમાં, વળી તે જાણે એમ કહેતો હોય કે–'તારા ભોગ હોય તો તું મને સંભારે.'

રાત કે જે દિલગીર માણસને શાન્તિ અને દુઃખની વિસ્મૃતિ કરાવનાર છે, તે લીલાને દિવસના કરતાં પણ વધારે દુઃખજનક થઈ પડી. તેણીનો ચહેરો ઝાંખો ને ઝાંખો નબળો પડતો ગયો, પરન્તુ તેનું મન તો અદ્યાપિ પણ દઢ જ રહ્યું હતું. સુખી વખત અને સારી સ્થિતિમાં ગરીબ નોવિસ ખુશી રહી હોત, પણ લોક ન જાણે તેવા દુઃખમાં તે આવી પડેલી હતી, કે જેના ગુણો અલ્પ ભાષણમાં અને મનકામનાઓની ઉથલ પાથલ માત્ર હૃદયમાં જ રહેતાં હતાં.

પેલા રાજકુમારને તો ત્યાર પછી તેણીએ જોયો પણ નહિ અને તેને માટે કંઈ સાંભળ્યું પણ નહિ. ન જાણવામાં આવે તેવી કેટલીક સૂચનાઓથી પણ તેણીના જાણવામાં તો આવ્યું જ કે, ડોમિનિકન ડોનજોન્સના વેશ બદલીને લીલાને મળવા સંબંધી જાણતો હતો. પણ આમ હોય તોપણ ટોરકવેમેન્ડાને તે તે જાણવાપણું તેણીના તરફ તે જે સૌજન્યભાવ રાખતો હતો, તેને વૃદ્ધિંગત કરનાર હતું. ખરેખર તે જ દિવસથી કંઈ અમુક કારણોથી કે બીજાં કારણોથી ધર્મગુરુની વર્તણુક જે તેણી તરફ હતી, તે નરમ પડી હતી અને જેઓ ઘણા જ ખરાબ સ્વભાવના નિંદાખોર હતા, તેઓ પણ તેણીના સંબંધે કંઈક દયાથી અને કંઇક સ્તુતિ–શાબાશીથી બોલતા જણાતા હતા.

આ પ્રમાણે દિવસે આશ્વાસન અને શાન્ત કરાયલી તથા રાતે ભય અને ત્રાસ અપાયલી પણ હજી પોતાના ઠરાવને માટે પશ્ચાત્તાપ ન કરતી લીલાએ, તે પ્રખ્યાત દિવસને પૂરો થયો તે જોયો, ત્યારે તે તેની જીંદગીના મૃત્યુ લેખરૂપ અને ન ફરી શકે એવા પોતાના ઠરાવને બોલતી જ હતી. આમ લીલા જ્યારે એક એકાન્ત અને ખૂણે પડેલા આશ્રમમાં દિવસ ગાળતી હતી, ત્યારે પેલાઓનો વૃત્તાન્ત ધીરે ધીરે વધી પડ્યો અને આપણે પણ પૂરા થતા એક વંશને રાજગાદી મળે છે, તે જોવાને વાંચકનું ધ્યાન તે તરફ ખેંચીશું.

પ્રકરણ ૩ જું

પરાજય અને શરણ થવાની વચ્ચેનો વખત

અલહંબ્રાના અજ્ઞાન વાસમાંના એકાદમાં અભાગિયો બોઆબદિલ વળી એકવાર છૂપાઈ પેઠો. એમ સંતાઈ પેઠા છતાં પણ તેણે પોતાની ચિત્તવૃત્તિને દુઃખ અને નિરાશાથી ક્ષુભિત થવા દીધી નહિ. વળી તેણે પોતાના અજ્ઞાતવાસમાં, વારંવાર માગણી કરવા છતાં પોતાની માને, આજીજી કરવા છતાં પોતાના વિશ્વાસુ એમાઇનને ઘણા કષ્ટથી પ્રાર્થનાઓ કરવા છતાં પણ મુસાને પેસવાને માટે આજ્ઞા આપી જ નહિ; કારણ કે જે લોક તેને પૂર્વે બહુ પ્રિય હતા તેમનાથી તથા જેમને ગુરુતુલ્ય ગણેલા હતા તેમનાથી તે ઘણો જ શરમાતો હતો.

આલ્મમન વિષે તો પછી કંઈ સમાચાર મળ્યા જ નહિ અને તેને માટે તો સૌ કોઈ એમ જ અનુમાન કરવા લાગ્યા કે, તે રણસંગ્રામમાં રામશરણ થઈ ગયો. કેટલાંક માણસ પ્રકૃતિથી જ એવાં હોય છે કે, જે નજર આગળ હોય ત્યારે બહુ પ્રીતિપાત્ર થાય અને નજરથી દૂર થયાં કે ઝટ વિસરી જવાય. આલ્મમન પણ એક આવો જ માણસ હતો. આમ વેગ બિલકુલ ઉજ્જડ જ થઈ ગયું હતું અને અનાજ પાણીની આવ જાવ પણ બંધ પાડી નાંખવામાં આવી હતી, દુકાળ પ્રતિદિવસ પોતાનું ભયંકર અને ક્ષયકર સ્વરૂપ વધારે અને વધારે સખત કર્યો જતો હતો. આમ થવાથી 'સબસબકી સંભાળીઓ' તેમ સૌ પોતપોતાના દુઃખને રડતું હતું. ત્યાં કોણ, મૂર નગરના શા હાલ થાય છે, તે ઉપર ધ્યાન આપવા પણ રહે?

પડતાપર પાટુની માફક આ પ્રમાણે મહા ભયંકર દુઃખમાં આવી પડેલા જ્યુ લોક ઉપર આ દુકાળનું સંકટ આવી પડ્યું. પોતાના દેશમાં કોઈ જાતનો પ્રતિબંધ ન છતાં તથા જેઓને સામાન્ય કેળવણી જ સખતાઇની આપવામાં આવેલી છે, એવા લોકો પણ આ દુકાળના સંકટ સમયે થતી ધકાધકીમાં કંઈ પણ ભાગ લેતા નહોતા. જે દ્વેષભાવ અને પડતી સ્થિતિમાં બીજા આવી પડ્યા હતા, તેઓ તો આવા સંકટના સમયમાં બંધુ ભાવરહિત થઈ જેમ ગોઠે તેમ વર્તવા લાગ્યા. કેટલાક પોતાને આવી દોડાદોડમાં જે લાભ થાય તે ખરો, એમ ધારી ધીંગા મસ્તીમાં મચ્યા રહ્યા હતા. વેપારીઓ આવી સ્થિતિ જોઇને ભૂખે મરતા લોક સામુ ન જોતાં અનાજના ભાવ ચડાવે જતા હતા, આમ થતાં પૌરજનને આવા અનિવાર્ય સંકટમાંથી ક્હાડવાને માટે કોઇનો પીતો ઉછળી આવતો હતો. નગરની પડતી સ્થિતિ સામું ન જોતાં કોઇના દાબ વગર તથા કાયદાના ભયરહિત

થઇને ઘણા લોકે આવી પીડા જાતે માથે હોરી લીધી હતી. ઇસરાયલ લોકનાં ઘર ઉપર મોબ લોક ઘેરા ઘાલતા હતા, વળી કેટલાક ઘરને જમીન દોસ્ત કરતા અને તેમાં રહેનારને તેણે છૂપાવેલી દોલત બતાવવાને માટે બહુ ઘાતકી રીતે સતાવતા હતા, તથા કદી મારી પણ નાંખતા હતા. માગવામાં આવે તે વસ્તુ ન વેચવી એ પણ ગુનો અને અમુક વસ્તુ વેચવી એ પણ ગુનો ગણાતો હતો. આવી અવ્યવસ્થા અને ત્રાસ માત્ર એક જ ઠેકાણે ચાલતો નહોતો પણ નગરના અને પરાંના ખૂણામાં પણ તે ત્રાસદાયક જુલમે પોતાનો ત્રાસ વર્તાવવા માંડ્યો હતો. આટઆટલા ત્રાસમાં ધર્મનો ત્રાસ પણ કંઈ ઓછો નહોતો, કારણ કે ધર્માભિમાનીઓ ઘણાઓને ક્રિશ્ચન ધર્મમાં જોડી દેવાને માટે પણ પ્રયત્ન કરતા હતા.

આ પ્રમાણે કેટલાક દિવસ ચાલ્યા ગયા. નગરની રક્ષા કોઈ કરતું નહોતું, તે તો તેના કોટને અને મોટા દરવાજાઓને જ આધીન રહી હતી. જ્યારે પરાજય પામેલા ઇસરાયલ અમીરોના મહેલો ઉપર હુમલા થતા તથા તેમાં આગ મૂકવામાં આવતી ત્યારે જ પોતાના દુઃખનો તથા વૈરનો ઝાટકો લાગી આવવાથી ભૂખે સુકાઈ જઈ ભૂત જેવા થઈ રહેલા અને માત્ર હાડપિંજરે રહેલા ઇસરાયલોનાં કોઈ કોઈ ટોળાં જોસ્સામાં બહાર ધસી આવતાં હતાં; તે શિવાય આખા શહેરમાં કોઈ પણ નજરે પડતું જ નહિ. વેપારી દુકાનો બંધ કરી ગયા હતા અને મોટી મોટી શેરીઓ–પોળોમાં કોઈ દૃષ્ટિએ પડતું નહિ.

અંતે બોઆબદિલની ઊંઘ ઉડી અને તે પોતાના એકાન્ત વાસમાંથી બહાર આવ્યો. મુસાને અચંબા સહિત રાજાની હજુરમાં બોલાવવામાં આવ્યો. એક મોટા રાજમહેલના ભવ્ય દિવાનખાનામાં મુસા રાજાને મળ્યો.

કામેરેસના ટાવરમાં એક મોટું દિવાનખાનું છે કે, જે દિવાનખાનું આજ પણ પરદેશી રાજદ્વારી વકીલનો ઓરડો એવા નામથી પ્રસિદ્ધ છે. આ મોટા અને ભવ્ય દિવાનખાનામાં જ બોઆબદિલ અત્યારે દરબાર ભરીને બેઠો હતો. આ દિવાનખાનાની ચકચકિત ભીંતો ઉપર વિજય આલેખ, ધ્વજા પતાકાનાં ચિન્હો અને આમતેમ અરેબિયન શૂરવીર રાજાઓની છબીઓ ટાંગી દીધેલી હતી. આ દિવાનખાનાની બારીઓ સુન્દર ડેરા નદીના કિનારા ઉપર પડતી હતી. એ બારીઓથી થોડે જ છેટે તુરકી ધર્મગુરુઓ અને એલ્ફીકવીસો ઉભા રહેલા હતા. દિવાનખાનામાં ભરાયલી સભા નદીને સામે કિનારેથી દૃષ્ટિએ પડતી હતી. બારીઓમાં સુન્દર પડદા આવી રહેલા હતા અને કેટલાંક પુષ્પવૃક્ષનાં કુંડાં પણ લટકી

રહ્યાં હતાં. આથી કરીને બારીમાંથી આવતો પવન સભાસદોને ખુશ કરતો હતો. એ બારીઓમાંથી આવતા તડકાએ કરીને ખીલી રહેલાં ગુલાબનાં પુષ્પથી આ દિવાનખાનાનો દેખાવ જેનારને ઘણો જ મનોહર લાગતો હતો.

આ દિવાનખાનું એક સુન્દર અટારીરૂપ હતું અને તેમાં એક ઘણી જ નરમ ગાદી ઉપર બોઆબદિલ બીરાજેલો હતો. રાજાની આસપાસ આન-ડાનાં કેટલાક સેવકો રાજાને ચમર કરી રહ્યા હતા. વળી રાજાની બન્ને બાજુએ તેના પ્રધાનો, મંત્રીઓ, સેનાધિપતિઓ, રાજાના દેહરક્ષકો અને બીજા ઉમરાવો હારબંધ બેઠેલા હતા. આ મૂરીશ રાજ્યરૂપ પ્રદીપનું અંતસ્થ જ અજવાળું દૃષ્ટિગમ્ય થતું હતું. આ સર્વ પરિણામે પહોંચી ગયેલો બધો ખોટો જ દમદમાટ હતો. મુસા તો રાજાની પાસે આવી પહોંચતાં જ આશ્ચર્ય પામ્યો. કારણ કે તેનો ચહેરો છેક જ બદલાઈ ગયો હતો. જુવાન અને રૂપાળો બોઆબદિલ એકદમ વૃદ્ધ થઈ ગયેલા જેવો દેખાયો, કારણ કે તેની આંખો ઊંડી ઉતરી ગઈ હતી, કપાળ ઉપર ચામડીની કરચોલીઓ પડી ગઈ હતી અને તેનો ઘાંટો પણ ભાંગ્યોતુટ્યો જ સંભળાતો હતો.

રાજાએ મુસાને જેઇને કહ્યું કે–'મુસા ! અહિં આવ અને મારી પાસે આવીને બેસ. વળી અમે હમણાં જે વર્તમાન સાંભળનાર છીએ, તે વર્તમાન તું પણ ધ્યાનપૂર્વક સાંભળ.'

મુસા રાજાથી કિંચિત્ નીચેના આસન ઉપર બેઠો અને ત્યાર પછી બોઆબદિલ દરબારમાં આવેલાઓમાંના એકને કહેવા લાગ્યો.

તે બોલ્યો કે 'હે હેમલેટ ! તેં ફ્રિશ્ચનોના પડાવની મુલાકાત લીધેલી છે તથા તેમની વ્યવસ્થા પણ જેયેલી છે. વારુ બોલ ત્યારે તું શા વર્તમાન લઈ આવ્યો છે?'

એક મૂરે જવાબ આપ્યો કે–'હે વિશ્વાસીઓના ઐશ્વર્યરૂપ રાજા ! એ પડાવ હવે પડાવના રૂપમાં નથી પણ તે તો એક નગરના રૂપમાં આવી ગયો છે. સ્પેઇનનાં નવ શહેર આ જ કાર્યપરત્વે બદલાઈ ગયાં છે. 'ભાગ્યશાળીને ત્યાં ભૂત રળે' તેમ પથ્થર એ કંતાનના રૂપમાં એમને કામ આવ્યા છે અર્થાત્ પથ્થરે કંતાનની ગરજ સારી છે અને કલ્પનાની માફક મિનારા અને પોળોવાળું એ એક નગર થઈ રહ્યું છે. વળી ન માની શકાય તેવા એ રાજાએ એવા સોગંદ લીધા કહેવાય છે કે–આ નવું નગર–ગ્રાનડા જ્યાં સુધી તેના વાવટા તેના કોટપર જુવે નહિ ત્યાં સુધી છોડવું જ નહિ.

બોઆબદિલે ધીર રહીને કહ્યું કે–'ચાલો ત્યારે.'

વેપારીઓ અને સામાન્ય સરસામાન વેચનારાઓ હમેશાં ત્યાં ભેગા થાય છે અને તે જગા હાલ એક મોટું બઝાર બની રહી છે. આપણા ભૂખમરાથી તરફડતા દેશમાં આવતી સઘળી ચીજો ત્યાં આવતાં જ ખપી જાય છે.

આટલું કહ્યા પછી બોઆબદિલે તે મૂરને પોતાને સ્થાનકે બેસવાને માટે કહ્યું અને તેની જગાએ એક આલ્ફકી રાજાની આગળ આવીને ઉભો રહ્યો.

તે પૂજ્ય માણસે કહ્યું કે–'ભવિષ્યના વંશજ અને સંસારના મૂર્તિમાન્ રાજા! ગ્રાનડાના આલ્ફકવીસો અને મોટા માણસો તેમના બે બોલ સાંભળવાને માટે આપને ઘૂંટણીએ પડીને પ્રાર્થના કરે છે. તેઓએ ભવિષ્ય જોવાનાં પુસ્તકો જોયાં છે અને ભવિતવ્યતાને પણ તેઓએ સ્તવી છે. અને તે પરથી તેઓના જાણવામાં આવ્યું છે કે–તમારા રાજ્યતાજને અને લોકને કીર્તિએ તજી દીધા છે–અર્થાત્ હવે તમારો જય થવાની ઓછી જ આશા છે. ગ્રાનડાનો નાશ ભવિષ્યમાં લખાયલો જ છે. હવે તો અલ્હા કરે તે ખરું. એ સૌથી મોટો છે.'

બોઆબદિલે કહ્યું–'ઠીક છે' અને એટલામાં તો આબ્દેલેમીક રાજાની પાસે આવીને ઉભો રહ્યો. તેની પછી સભામાંથી એક પળીએલ વૃદ્ધ માણસ ઉભો થયો કે, જે તે નગરનો સુબો હતો.

બોઆબદિલે તેને કહ્યું કે–'હે વૃદ્ધ પુરુષ! તમારે જે કહેવું હોય તે સુખેથી કહો.'

આંસુથી પોતાના કપોળ ધોતો ગદ્ગદ્ વાણીએ તે વૃદ્ધ બોલ્યો કે–"હે બોઆબદિલ! શૂરા રાજાઓના વંશજ! આંખ ઉઘાડીને જો–કે તારા નિમકહલાલ નોકરો આજ તારા આંગણામાં કપાઈ પડેલા છે અને મૂરીશ લોકો પૂર્વે નહિ બોલેલાં એવાં વચન આજ તારી સમક્ષ બોલે છે તે સાંભળ અને વિચાર કર. તારી રાજસ્થિતિ હવે અસાધ્ય થઈ પડી છે. ગ્રાનડાના શૂરવીર લોક રણની રેતી જેવા થઈ રહ્યા છે અને તેમનામાં પ્રાણ કે માનવને માટે અસર રહી નથી. વળી જે લશ્કરી ઘોડાઓ પોતાની પીઠપર શૂરવીર યોધાઓને લઈ રણસંગ્રામમાં ખોંખારતા હતા, તે ઘોડાઓ તેમનો ખોરાક થઈ પડવાથી ખૂટી ગયા છે અને તારી રૈયત રોટલીના ટુકડાને માટે વલખાં મારે છે. હે રાજા! જે તને કહેવાનું હતું તે આ, મેં તને કહી દીધું."

આબ્દેલેમીકના બેઠા પછી બોઆબદિલે કહ્યું કે–'ઇજીપ્તથી આવેલા રાજદૂતોને પ્રવેશ કરાવો. તેઓને આવતાં કેટલીકવાર થઈ. દિવાનખાનાના દરવાજામાંનો એક સુન્દર પડદો ખસેડવામાં આવ્યો અને પડદો ખસેડાતાની સાથે જ તેમના દેશની રીતભાત પ્રમાણે સભ્યતાથી અને ધીરે ધીરે ઇજીપ્તના રાજદૂતોએ દરબારમાં દેખાવ આપવા માંડ્યો. કેટલાક ગુલામોની પાસે રાજાને ભેટ આપવાનાં જવાહિર અને સુન્દર હથિયારો હતાં. વળી આ લોકોની સાથે ચાર દાસીઓ પણ હતી, જેમનું સ્વરૂપ પ્રાચીન નીલ નદીના પ્રદેશના ગર્વ જેવું હતું.

રાજાની સન્મુખ આવી નમન કરીને વિનયથી તેઓમાંના મુખ્ય એલચીએ કહ્યું કે–'ગ્રાનડાના પુત્ર! અને ધર્માભિમાનીઓના દિનમણિ! પૂર્વ દેશોના ગુલાબ વૃક્ષ જેવા અને લોકલોચનાનંદ અમારા પ્રભુ ઇજીપ્તના રાજાએ બોઆબદિલના પત્રના પ્રતિ ઉત્તરમાં કહાવ્યું છે કે–તે દિલગીર છે કે તમે માગી છે એવી સહાય એ તમને મોકલાવી શકતા નથી. વળી કર્ણોપકર્ણ તમારા દેશની અવસ્થા તેમના સાંભળવામાં આવવાથી તેઓને લાગે છે કે–ગ્રાનડાને હાથ એવું એકે બંદર નથી કે જ્યાંથી (તેઓ મોકલે તોપણ) તેમનું લશ્કર સ્પેઇનમાં પ્રવેશ કરવાને માટે જઈ શકે. અને તેથી તે તમને માત્ર અલ્હા ઉપર જ વિશ્વાસ રાખવાને માટે વિનતિ કરે છે, કારણ કે તે પોતાને શરણ આવેલાને પાયમાલ થવા દેતો નથી. ઇજીપ્તનો રાજા વળી તમારા પગ આગળ પોતાની મૈત્રી અને પ્રીતિને સંબંધે આ ભેટ મૂકાવે છે, જે આપ સ્વીકારશો.'

બોઆબદિલે કહ્યું કે–ઠીક–આ સમયને યોગ્ય આ ભેટ બરાબર જ છે અને તે માટે અમે એમનો આભાર માનીએ છીએ.

ઇજીપ્તના રાજદૂતો પછી દરબારમાંથી બહાર ગયા અને તેમના ગયા પછી ઘણીવાર સૂધી દરબારમાં ચુપકીદી પ્રસરી રહી. છેવટ બોઆબદિલે મસ્તક ઊંચુ કર્યું અને રાજાને યોગ્ય દબદબાથી સભામાં આમતેમ નજર નાંખી. પછી બોલ્યો કે–'હવે સ્પેઇનના ફર્ડીનાન્ડના ભાટચારણોને આવવા દો.'

શૂર મુસાના હૃદયમાંથી આ વખતે અશ્રુપૂર્વ ધ્વનિ થયો અને તે આસપાસ ઉભેલા અમીર ઉમરાવોની મધ્યે ગાજી રહ્યો. ત્યાર પછી વળી આખી સભા કેટલોક વખત શાન્ત જ રહી. થોડી વારમાં જ સામેનો પડદો ઉઘડ્યો અને સ્પેઇનના રાજદૂતો દૃષ્ટિગમ્ય થયા. નવા આગંતુકોની આગળ તેમનો મુખ્ય, બધાં અસ્ત્ર શસ્ત્ર બાંધીને તથા કવચ પહેરીને ચાલ

હતો અને તેની પાસે કાળી મખમલ ઉપર રૂપેરી પટાદાર ક્રિશ્નોની લડાઇનો વાવટો અને રાજચિહ્ન હતાં. તેનો ભવ્ય દેખાવ જોતાં જ સર્વેની વૃત્તિઓ તેની તરફ ખેંચાઈ. તેની ચકચકતી આંખનું તેજ તેનું શૂર બતાવી આપતું હતું. તે અને તેની સાથેના બીજા માણસો યોગ્ય વિનયથી રાજાની પાસે આવ્યા અને પછી તેઓના મુખીએ, સ્પેનીશ ફેશનમાં વસ્ત્રાભૂષણ તથા અસ્ત્ર શસ્ત્ર સજેલા એક બંદીને આગળ કરીને જે કહેવાનું હતું, તે કહેવાને માટે આજ્ઞા કરી.

આખી સભા ગાજી રહે તેવા મોટા અને ગંભીર ઘાંટાથી તે ભાટ-બંદી-બોલ્યો કે–'ગ્રાનડાના રાજા ઓઆબદિલ એલચીકોને, આરાગોનનો ફર્ડીનાંડ અને કેસ્ટાઇલનાં ઇસાબેલ રાજકીય સંદેશો કહાવે છે.–તેઓ મને તેમની જિજ્ઞાસા તમને વિદિત કરતાં કહે છે કે–'છેવટ લડાઇનો તો અંત આવી ગયો, ગ્રાનડાના રાજાને રાજભ્રષ્ટ કર્યા વિના તથા કોઇપણ જાતના અવિનય વગર પોતાને શરણે આવવાના સંબંધમાં સંધિ કરવાને માટે નીચેના ઠરાવો જણાવે છે.' 'સર્વોપરી ક્રિશ્ચન સરકાર તેની નગરી પોતાને તાબે લે તેના બદલામાં હે રાજા! તમને સ્પેનીશ સરકારને નિમકહલાલ રહે-વાના સોગંદ આપીને આલ્પુક્ષરાસના પર્વતનો પહાડી પ્રદેશ આપવાની ઇચ્છા જણાવે છે. વળી ક્રિશ્ચન સરકાર ગ્રાનડાના લોકને તેમના જાન માલ અને ધર્મના રક્ષણ માટે વચનો આપે છે. વળી ગ્રાનડાના લોકને તેમના પોતાના ન્યાયાધિકારીઓ આપી તેમના પોતાના દેશના કાયદા પ્રમાણે રાજનીતિ ચલાવવાને માટે પણ વચન આપે છે. ત્રણ વર્ષ સુધી કંઈ ચોથ લેવામાં આવશે નહિં, એટલું જ નહિં પણ ત્યાર પછી જે કર અને જમાબંદી કરવામાં આવશે, તે પણ હાલના રાજ્ય ધોરણ પ્રમાણે તથા દેશના રીવાજ પ્રમાણે જ કરવામાં આવશે. જે મૂરને આ સરતો ન કબુલ હોય તેમણે ગ્રાનડા તજવું, જેમ કરતાં તેમને તથા તેમની માલ-મીલકતને કોઈ પણ જાતનું નુકસાન પહોંચાડવામાં આવશે નહિ. સર-તોની સાથે સર્વોત્તમ ક્રિશ્ચન સરકાર એક રાજઅનુગ્રહ–કૃપાની લાગણીથી શરણે આવવાને માટે ગ્રાનડાને સીતેર દિવસની મેહેતલ આપે છે. નવા નગર સંતા, ફે,ની સરકારનો એલચી ગોનઝાલ્વો આ સરતો અને વચનો એક રાજદ્વારીય મોટી અને ખુલી સભામાં સર્વે અમીર ઉમ-રાવોની સમક્ષ કહી સંભળાવે છે. અર્થાત્ સર્વ દેખતાં અને સાંભળતાં આ સરતો કહેવામાં આવી છે.'

એ ભાટના બોલી રહ્યા પછી બોઆબદિલે પોતાના સભાસદો સામું જોયું, પણ કોઇની આંખમાં પોતાના જેટલું તેજ જોવામાં આવ્યું નહિ; અને સર્વ દિઙ્મૂઢની માફક બેસી રહ્યા, તેથી ઉક્ત સરતો સભાજનોને માન્ય છે એમ લાગ્યું; એટલું જ નહિ પણ ક્રિશ્નો જે સરતો કરનાર હતા, તેમનો મનોદય પાર પડવાની આશા જણાઈ.

પછી બોઆબદિલે તેઓના મુખીને પૂછ્યું કે–'અમે આ સરતો ન સ્વીકારીએ તો?'

ગોનઝાલ્વોએ આતુર થઈ પ્રત્યુત્તર આપ્યો કે–"રાજકુમાર ! તમારા કાનને દુઃશ્રવ્ય જવાબ મળે એવો સવાલ પૂછશો જ નહિ. જરા વિરામો અને અમે જે માગણીઓ કરી છે, તે ઉપર શાન્ત થઈ વિચાર કરો અને તેમ છતાં પણ જો તમને શક આવતો હોય તો હે શૂરવીર રાજા ! તારા અલહંબ્રાના કિલ્લા ઉપર ચડ; અને તારા કોટની આગળ પાછળ વિંટ નાંખીને પડેલી અમારી મોટી સેનાનું અવલોકન કર. વળી અમારા શૂરવીર સરદારો અને યોધાઓ જેવા દૈવીકૃપાથી તમને હરાવવાને શક્તિમાન્ થયેલા છે, તેમને પણ નિહાળી જો."

બોઆબદિલ બોલ્યો કે–"સભ્ય ક્રિશ્નન ! રાત પડતા પહેલાં તમારા રાજાને અમે ઉત્તર મોકલાવીશું. વળી રાજાનાં કર્ણને દુઃશ્રવ્ય એવો સંદેશો લાવનારને તો અમે માત્ર શાબાસી જ આપીએ છીએ. અમારો વજીર ગ્રાનડાના રાજા પાસે હજી જે કંઈ રહ્યું છે, તેમાંથી યોગ્ય લાગે તેવાં પારિતોષિક લઇને તમારા રાજાને તંબુએ આવશે."

સ્પેનીશ રાજ એલચીઓ અને ભાટોના ગયા પછી પોતાની પાસે બેઠેલા મુસાને બોઆબદિલે કહ્યું કે–'મુસા ! તેં અત્રે બોલાયલું સહુ સાંભળ્યું છે, તો એ બધા ઉપર વિચાર કરીને તું તારા રાજાને છેવટની શી સલાહ આપે છે તે બોલ.'

અજિત્ય અને દૃઢ અંતઃકરણવાળા તે શૂરવીર મૂરે મરણથી પણ વધારે દુઃશ્રવ્ય અને કઠોર કહેણને ઘણી જ ધીરજથી અને દુઃખી મને શ્રવણ કર્યું હતું. ગ્રાનડામાં જો કોઈ ડાહ્યો શૂરવીર અને તેજસ્વી પુરુષ રહ્યો હોય તો તે જ હતો. એવા તે મૂર મુસાએ ઉભા થઈ રાજાથી જરા છેટે નીચે ઉભા રહીને આખર આવેલા પોતાના રાજાને આ પ્રમાણે કહેવા માડ્યું.

મુસા બોલ્યો કે–'શા માટે આપણે શરણે જવું' બસ હજાર (બે લાખ) માણસો હજી નગરમાં છે; તેમાં ઓછામાં ઓછા ૨૦ હજાર મૂર લોકો

હશે, કે જેમના હાથ સમશેર પકડવાને હજી ઈશ્વરે સલામત રાખેલા છે. ત્યારે શા માટે આપણે શરણે જઈએ? દુકાળ આપણી રૈયતને દુઃખકારી થઈ પડ્યો છે એ ખરું પણ તેથી શું? ભૂખ કે જે સિંહને વધારે ક્રૂર બનાવે છે, તે જ ભૂખ આપણને પહેલાંના કરતાં વધારે હિંમતવાન્ કરશે. તમે નિરાશાથી નાહિંમત થાવ છો તો થાવ, નિરાશા એ શું ચીજ છે? પરાક્રમીમાં તો નિરાશા નહિ પણ અસહ્ય અને શત્રુને વિદારે એવું પરાક્રમ જ પ્રકટવું જોઈએ. નિરાશા એ જ કાતર–બાયલાને શૂરવીર બનાવી દે છે, તો શું તે જ નિરાશા આજ તમારા જેવા શૂરવીરોને કાતર–બાયલા બનાવશે? નિરાશાનો ત્યાગ કરો અને સાવધ થાવ–ચાલો આપણી રૈયતને ઉભી કરીએ અને ઉશ્કેરીએ. આજ સુધી આપણે જે અમીરો ઉપર આધાર રાખ્યો હતો, તેનો ત્યાગ કરો અને રૈયતને ઉશ્કેરો; રૈયતરૂપ લશ્કરને ચાલો એકઠું કરો અને સ્પેઇનના યોધાઓ કારીગરી અને બાંધકામરૂપ તેમના નવા ધંધામાં તલ્લીન હોય, તે વેળાએ નવા વસેલા ક્રિશ્ચન નગર ઉપર છાપો મારો. હે મુસા તેમના ભાવીશ્વર! આ મારાં વચન ઉપર ધ્યાન આપ અને જેણે કદાપિ પણ મિથ્યા સોગન લીધા નથી એવાં મૂરનાં વચન સાંભળ. મુસા વળી મૂર લોક તરફ ફરીને બોલ્યો કે–'બંધુઓ! ગ્રાનડાના મૂર લોકો! જો તમે મારી સલાહ માનતા હો, તો હું તમને કહું છું તેમ કરવાને તત્પર થાવ. આપણો વિજય જ થશે એમ તો હું કહી શકતો નથી, પણ હું તમને વચન આપું છું કે, તમે પારતંત્ર્યથી મુક્ત થશો જ. પારતંત્ર્યમાં રહ્યા કરતાં મરીને સ્વાતંત્ર્ય મેળવવા તત્પર થાવ. ક્રિશ્ચનોને તાબે થયા કરતાં મરણ જ સારુ છે, એમ માનો અને પરવશ પડી કાળ ગાળવા કરતાં બંધુઓ એવા મરણે મરો કે જેથી રાજગાદી કરતાં પણ શ્રેષ્ઠ અને ચિરકાળ પહોંચે એવી નામના તમારી પાછળ રહી જાય. ગ્રાનડાના રાજા! મુસા બેન અબુલગજન તો તને અત્યારે પણ એ જ સલાહ આપી શકે છે.'

રાજા સ્તબ્ધ થઈ રહ્યો, પણ મુસાના હૃદયવેધક અને શૌર્યપૂર્ણ શબ્દોએ મૃતવત્ જડ અને એદીના મનમાં પણ શૂરવીરતાનો ઉછાળો આણ્યો. પણ અફસોસ કે કોઇએ જવાબ વાળ્યો નહીં, તેમ આખી સભામાંથી કોઈ હાલ્યું ચાલ્યું પણ નહિ.

છેવટે બોઆબદિલ આશા વળુંદો સભાસદોની તરફ જોઇને બોલ્યો કે–'શૂરવીરો! અને સંતો! મુસાની સલાહ એ જ તમારા રાજાની ઇચ્છા છે અને તેને આશા છે કે, એક કલાકની અંદર તો તમે વીવારામ્બલામાં રણવાદિત્ર વગાડી આકાશને ગજાવી મૂકતા જ હશો, એમ ધારું છું.

આલ્ફેકવીસમાંના એક સરદારે આગળ આવીને કહ્યું કે-'રાજન્! અલ્હા જ મોટો છે અને તેની ઇચ્છા સામે ન થા.'

પછી વળી અબ્દેલ મેલીકે કહ્યું કે, મુસાની સલાહ એ તમારી ઇચ્છા એ ખરું. વળી અમે તેમ કરવા તત્પર છીએ, પણ રાજન્! અનાજ વગર હતચિત્ત થયેલી રૈયતને તમે કેવી રીતે ભેગી કરી શકનાર છો?

બોઆબદિલે કહ્યું કે-'ત્યારે શું તમારા સામાન્ય વિચારો અને વૃત્તિઓ આથી વિરુદ્ધ જ છે?'

સભામાંથી સાંભળવાયું 'કે હા એમ જ.'

નિરાશ થઈ બોઆબદિલે કહ્યું કે-'અબ્દેલમેક! ત્યારે તું પેલા સ્પેનિયર્ડોની સાથે ક્રિશ્ચન તંબુએ જા અને તારાથી બની શકે તેટલા સારા સંધિના ઠરાવ કરી આવ. રાજછત્ર ઈસ્રોગોઇબીના મસ્તક ઉપરથી આવી રહ્યું છે. નશીબ જ મને અંધ બનાવે છે. મારા રાજ્યની શરૂઆત અમંગળકારી હતી અને અમંગળ સ્થિતિમાં જ તે પરિણામ પામે છે. હવે હું સભા બરખાસ્ત કરું છું.'

બોઆબદિલનાં વચનોએ સભાસદોને અસર કરી એટલું જ નહિ પણ તે તેમના હૃદયમાં સોંસરાં પડ્યાં. બોઆબદિલ તો ડહાપણે શાર્ય અને ધીરજે હજી એવો જ દઢ હતો, પણ ઘણા આંસુ ભરી આંખે તેને પગે પડ્યા અને ઘણા તેના જામાનો સ્પર્શ કરવા તેની આસપાસ એકઠા થયા.

પહોળા હાથ કરી ભારે હૃદયે અને તિરસ્કારી દૃષ્ટિએ મુસાએ તેઓને જેયા અને પછી બોલ્યો કે-"રાંડો છે રાંડો. કોઈ મર્દજાયો પુત નથી જ. જાણે નિર્બળ હોય એમ બાયલાની માફક આંસુ નિગાળો છે, ધિક્કાર છે તમોને; કુતરાઓ! તમે સ્વાતંત્ર્ય ખોઈ બંદીખાને પડો છો, તમે ક્રિશ્ચનોનાં વચન ઉપર વિશ્વાસ રાખો છો, તેમાં ફાવવાના નથી. બાયલા અને નાહિમત મૂર્ખ માણસો, તમારું હવે આવી બન્યું છે. કાળાંધબ મુખે તમે નિર્બળની પેઠે પ્રાર્થનાઓ કરશો પણ યાદ રાખો કે-ગુલામગીરી, લુંટફાટ, કાયદા વગરના બળાત્કારો, પ્રતિકૂળ ધર્મમાં ઘસડાવું અને જુલમ એ તમારા કર્મમાં લખાયલ છે. તમને મારી કચરીને તમારી દોલત લઈ લેવામાં આવશે એટલું જ નહિ, પણ આ દેશમાંથી તમારું જડમૂળ ઉખેડી નાંખવામાં આવશે. આ મુસાનાં વેણ યાદ રાખો અને કોઈ કાળે તે સંભારી પસ્તાજો." રાજા ભણી ફરીને તે બોલ્યો કે-'બોઆબદિલ તમારી મને દયા આવતી નથી; કારણ કે તમારી આંખમાં હજી ઝેર છે. તમારા શસ્ત્રાગારમાં સમશેરો છે. આન-

ડાના અમીરો અને સેનટોન! તમને પણ મુસા છેલ્લી સલામ કરે છે; જ્યાં સુધી આ દેશ સ્વતંત્ર છે એટલામાં જ હું ચાલ્યો જાઉં છું.'

આ પ્રમાણે તે પૂરું બોલી રહ્યો નહિં, એટલામાં તો તે સભામાંથી અદૃશ્ય થયો. એ ખરા શૂરવીરે અત્યારે આનડાનો ત્યાગ કર્યો.

પ્રકરણ ૪ થું

એક સ્વારનું એકાંત માર્ગે ગમન

ખરા બપોરનો વખત હતો, સૂર્ય પૂર્ણ કળાથી પ્રકાશી રહ્યો હતો અને દૂરથી મૃગજળ દેખાતું હતું. આ વખત આનડાથી કેટલેક છેટે નાના મોટા ડુંગરોથી ઊંડી અને એકાન્ત એક ખીણમાં થઇને એક ઘોડેસ્વાર રસ્તો કાપતો હતો. આ સ્વાર તેના દેખાવ ઉપરથી જ લશ્કરી માણસ જણાઈ આવતો હતો. તેણે બધાં હથીયાર બાંધેલાં હતાં. તેનું બખ્તર કાળું અને અસુશોભિત હતું, વળી એની ટોપી ઉપર પીંછાં પણ જણાતાં નહોતાં. નોકર ચાકર કોઈ તેની સાથે ન હતું, તોપણ તેના કાળા ઘોડાની ખુમારી અને સ્વારના દમદમાટ ઉપરથી કોઈ પણ માણસ એને એક સરદાર અથવા લડાયક વીર પુરુષ ધારે એમ હતું. આ એકાન્ત અને ડુંગરી રસ્તામાં તે સ્વાર ધીરે ધીરે ચાલ્યો જતો હતો. તેનો ઘોડો ખડબચડા માર્ગમાં ધીરી ચાલે ચાલતાં અને જમીનપર ઉગેલી લીલોતરીમાંથી મોં ભરતો, પેંધડામાં રહેલા અને સ્વારે ઝાલેલા ભાલાના ખણખણાટ સાથે વારંવાર ઠોકરો ખાતો હતો. વળી તે માર્ગની આજુબાજુએ ઉગેલી વનસ્પતિનાં લીલાંછમ પાંદડાં ખાતો જતો હતો. આ પ્રમાણે ચાલતાં ચાલતાં ઘોડો એકદમ થોભીને ઉભો રહ્યો અને ડુંગરોમાં પડઘો પડતો હોય એવો એક અવાજ સ્વારને કાને પડ્યો. આથી ઘોડો ભડક્યો અને સ્વારને આંચકો આવે તેમ તે પાછો પડ્યો. સ્વારે વિચાર કરીને ઊંચે નજર કરી અને એક મનુષ્યાકૃતિ અચોક્કસ પગલે અને ઊતાવળે દોડતી તેની નજરે પડી. આ મનુષ્યાકૃતિ આ નિભ્રત અને પહાડી માર્ગને બરોબર શોભતી હતી. આ પૂર્વની ધર્મ લડાઇઓમાં પેલેટાઇનનાં જંગલમાં અને ગુફાઓમાં જેમ કેટલાક અર્ધસાધુ અને અર્ધયોધાના રૂપમાં કેટલાક લોક વસતા હતા તેવા રૂપમાં હતી. આ પણ પેલા સ્વારના એવા જ વિચારમાં ધ્યાન ખેંચ્યા વગર ચાલ્યું ગયું હોત; પણ તેનાં પગલાંએ સ્વારનું ધ્યાન ખેંચ્યું. વળી તે માણસ એક લાકડીનો ટેકો લઈ લઇને પગલાં ભરતો હતો. તેના માથાના વાળ તેના પહોળા ઝભાઓ ઉપર વિખરાઇને પડેલા હતા. એક

વાર સુંદર અને સુશોભિત છતાં હાલ કટાઈ ગયેલું એક જૂનું બખ્તર તેણે પહેરેલું હતું. તેણે એક ડગલો તથા પાઘડી પહેરેલાં હતાં અને પાઘડીનો છેડો પછવાડે લબડતો હતો. ડગલો ફાટેલો અને પગ ઉઘાડા હતા. હથીયારમાં તેની પાસે એક નાની તરવાર, જમૈયો તથા છરી કમ્મરે ખોસેલાં હતાં; તેની પીઠે એક મૃગચર્મ ગોળવાળીને લોખંડની સાંકળીથી બાંધી લીધેલું હતું.

આવા એકાન્ત અને નિર્જન પહાડી પ્રદેશમાં પેલા માણસને જોઇને ઘોડેસ્વારના મનમાં લાખો તર્ક વિતર્ક આવવા લાગ્યા. તે જરા ઊંચો થઈ આમ તેમ જોઇને મોટેથી બોલ્યો કે–'ફ્રીએન્ડ અને સેનટોન! તું જે હોય તે આમ આવ. આવા નિર્જન વનમાં તું શું શોધે છે, તે મને કહે?' રાજા કયાંય અને સલાહકારો ફસાઈ પડ્યા છે. વળી તારા નગરના દોષિત ભાવીથી જ તે પરદેશીના તાબામાં આવી પડયું છે.

અરે આલ્મમન, જે ખરેખર ઇસરાયલ હતો તેણે બુમ પાડી કે, તારા કાળા સંગ્રામના ઘોડાથી અને ભયંકર છતાં ગંભીર ઘાંટાથી જ હું ધારું છું કે–'તું ગ્રાનડાનો કોઈ શૂરવીર પુરુષ છે. અથવા હે મુસા બેન અબીલ ગજન, શા માટે તું છેલ્લા મૂરીશ રાજ્યના ઘેરાથી ગેરહાજર રહેલો છું?'

'તું શું ભવિષ્ય કથન કહેવાનો ડોળ રાખે છે અને સ્પેનિયર્ડોએ ગ્રાનડાને લીધું, એ શું તું દેખતો નથી? એકલો હું જ તે ગુલામના પ્રદેશમાંથી નાઠો અને હવે હું આપણા મૂળ વતન આફ્રિકામાં એકાદ એવી જગ્યા શોધી કહાડીશ કે, જ્યાં પરધર્મીઓનું પગલું પણ કદી પડેલું ન હોય!'

આલ્મમને તિરસ્કારથી કહ્યું કે–'ત્યારે શું એક મતાભિમાનીનું નશીબ બંધ થઈ જશે? પણ ખાતરી રાખો કે–જયી થયો છે તે આનાથી પણ વધારે કાળો છે.'

ભાલો ઉપાડીને મુસાએ કહ્યું કે–અરે કુતરા! તું કોણ છે જે આમ ઇશ્વરની નિંદા કરે છે?

આલ્મમને મોટે અવાજે કહ્યું કે–'તિરસ્કાર પામેલો એક જ્યુ અરે જ્યુ જ. વધારે પૂછ. હું રાજાની ઓલાદનો છું. જાણ કે–જ્યાં સુધી મને માલુમ પડયું કે–'નાઝારન્સ મોસલેમનાં કરતાં વધારે ધિક્કારવા જોગ છે, ત્યાં સુધી હું એક મૂર લોકોનો કટ્ટો દુસ્મન હતો અને પછી મુસા પોતે પણ વધારે પ્રખ્યાત તેમનો મિત્ર હતો નહિં જ. જો તારી ઇચ્છા લડાઈ કરવાની હોય તો આવી જા; આપણે ભીરુએ ભીરુ જ છીએ. હું તને હરાવીશ.'

મુસાએ પોતાનો ભાલો નીચો નમાવતાં કહ્યું 'કે નહિ નહિ. તારું બખ્તર સ્પેનિયર્ડ લોકના રુધિરથી છંટાયલું છે અને આ મારું શસ્ત્ર ક્રિશ્ચનોના હણનારને હણતું નથી. માટે આપણે સલાહ શાન્તિમાં જ જૂદા પડવું, એ મને ઠીક લાગે છે.'

બદલાતા અવાજે આલ્મમને કહ્યું કે–'એક સરદાર ! ઉભા રહે, શું તારો દેશ અને બધી વસ્તુ તને પ્રિય છે ? અરે શું સ્ત્રીહાસ્યથી તારું મન કદી લોભાયલું નથી ? શું કદી પણ તારા હૃદયે શત્રુ વગર બીજા કોઈ ઉપર હાથ ચલાવેલો છે ?'

મુસાએ પ્રત્યુત્તર આપ્યો કે–'હું એક મનુષ્ય અને તે પણ વળી જાતનો મૂર છું. એકવાર તું સન્માર્ગ બતાવ એટલે પછી આ સંસારમાં જે છેલ્લું શુભ છે તે સંબંધીની બાબતો ઉપર હું મારાં લોચન ફેરવીશ અને બોઆબદિલની માફક હું પણ તારી સાથેના ખાનગી સંબંધે ભોળો થઇશ.'

'ત્યારે શું તું હજી તેણીને ચહાય છે, અરે લીલાને !'

'ત્યારે હે કાળા મનના જાદુગર ! શું તેં મારું હૃદય જાણ્યું છે ? અરે અલ્યા, શું તું તે મારી પ્રાણપ્યારીનું નામ પણ જાણે છે ? ત્યારે તો ખરેખરં હું તને ડાહ્યો માનું છું અને તું મારા મનને આનંદ આપનાર એ પ્રેમમૂર્તિ પૃથ્વીના જે ભાગમાં હોય, ત્યાં મને પણ લઈ જા.' વધતા જતા ઔત્સુક્યથી વળી તે બોલી ઉઠયો કે–'હા હા. અરે અલાહ ! મને માફ કરો. આખું ગ્રાનડા નાશ પામ્યું, તોપણ મારી જન્મભૂમિમાંનો એક આશ્રમ મારા આરામનું કારણ હતો. વળી લીલાની શોધ કરવાની પણ મને તો છૂટ જ હતી. જેને જોવાને માટે આ આંખો તલસી રહેલી છે એવી તેને દેશ પરદેશમાં ફરતાં ફરતાં પણ જોવાય એવી મને આશા હતી. પણ અરેરે ! અત્યારે હું શું કરવાને માટે આ બધી લવરી કરું છું. હવે તું મને કહી દે કે–લીલા કયાં છે, અને તે જ્યાં હોય ત્યાં એનાં ચરણકમળ પાસે મને લઈ જા.'

પછી ધારી ધારીને મુસાની તરફ જોતાં આલ્મમને કહ્યું કે–'હે મુસલમાન ! હું તને તેની પાસે તો લઈ જઇશ જ. લે ચાલ, ત્યારે મારી પાછળ પાછળ આવ. લીલાનો વાસ કયાં છે, તે મને પણ માત્ર કાલે જ ખબર પડયું છે અને તે ખબર પડ્યા પછી પર્વત અને અઘોર જંગલોમાં મેં પણ ખાધાપીધા વગર પેટ બાંધીને મુસાફરી કરી છે.'

શંકાશીલ થયેલા મુસાએ તેને પૂછ્યું કે–'ત્યારે લીલા તમારી શી સગી થાય ?'

'બધી બાબત હવે તમે થોડા જ વખતમાં જાણુશો.' હમણાં તો આપણે માર્ગ જ કાપો.

આ પ્રમાણે કહીને આલ્મમન ઉત્તેજન મળવાથી ઉતરી ગયેલા થાકથી અને નવા જોશથી આગળ ચાલવા લાગ્યો અને મુસાએ પણુ તેની સાથે વાતે વળવાનો પ્રયત્ન કર્યો. પોતાના લશ્કરી ઘોડાને ચલાવ્યો અને કંઈ કંઈ પૂછ્યું પણુ તેણે તો તેને ઉડાવ્યા જ કર્યો. ક્યાંક ક્યાંક તે ઉત્તર આપતો હતો, પરન્તુ તે ઘણા સંક્ષિપ્ત અને પરભાષામાં હોવાથી, મુસા કંઈ બરોબર સમજી શકતો નહોતો. પેલો મૂર જાતને માટે શંકાશીલ હતો, પરન્તુ ફીલસુફી અને શૂરાના તિરસ્કાર કરનાર એવા તેની સામે પર્વત અને ખીણોના પૃથિવીથી જૂદી જાતના પહાડી દેખાવ આવતા હતા તેમાં અને વિચારની પરંપરામાં તેને કંઈ સૂઝતું નહોતું. અતિ ભયંકર દેખાવ નજરે પડતાં તો અજ્ઞાત માર્ગમાં ભૂત અને પિશાચને નિવારણુ કરવા માટે તે મહી મહી પવિત્ર કુરાનના કલમો ધીરે ધીરે પઢતો હતો.

તેમને ચાલતાં હજી એક કલાક થયો નહોતો, એટલામાં આલ્મમન એકદમ ઉભો રહ્યો અને બોલ્યો કે–'હવે હું છેક થાકી ગયો છું. એક સમય મને આગળ ચાલવાને માટે ઉશ્કેરે છે તો પણુ મને મારે માટે ભય રહે છે કે–કદાપિ મારું બળ મને પાછો તો નહિ પાડે ?'

મુસાએ જરા વિચાર કર્યો પછી કહ્યું કે–'ત્યારે તું મારી પછાડી આવીને બેસીજા; જો કે તું જયુ છે, તો પણુ લીલાને લીધે હું તારી તરફનો મોટો તિરસ્કાર પણુ કહાડી નાંખું છું.'

આ વચન સાંભળતાં જ હિબ્રુ મોટેથી બોલી ઉઠ્યો કે–'અલ્યા મૂર તિરસ્કાર તો તારી જાત ઉપર અમને હોય. તારા ભવિષ્ય અને જાતને સંબંધે તો કાલે બનેલી બાબતો તું તારી કહી શકીશ નહિ. પૂર્વના કાળને વળગી રહેલા માણસો ઘણો જ ત્રાસ પામેલા છે, તેમને જે અસર થાય છે તે તું તારી કહી શકીશ જ નહિ.'

ભમર ચડાવી દઇને મુસા બોલ્યો કે–'હવે હું કાઆબાના સોગન લઇને કહું છું કે, જો તું એક શબ્દ પણુ વધારે બોલીશ તો આ મારા ઘોડાની ખરીઓ જોતજોતામાં તારો પ્રાણુ લઈ લેશે.'

તિરસ્કારથી આલ્મમને જવાબ દીધો કે–'હું તને મરણુશરણુ પહોંચાડી દેત, પણુ જે પંથોના વંશજોનાં પરાક્રમો જોવાને માટે જ હું તારા જેવા એક શૂરવીર મૂરને અત્યારે જીવતો મૂકું છું. પણુ અરે ! આ ઘોડાની ખરીઓના અવાજ સંભળાય છે.'

મુસાએ જોયું અને તેને કાને પણ દૂરથી પથ્થરી રસ્તામાં દોડવાથી અવાજ કરતાં ઘોડાનાં પગલાં સંભળાયાં. તેણે વળી પાછું વાળીને આલ્મ-મનના સામું જોયું, પણ એટલામાં તો તેને ઘાડા જંગલની ઝાડીમાં પેસી જતો જ જોયો, અને દૂરથી સ્પેનિયર્ડ ઘોડેસ્વાર દૃષ્ટિગોચર થયો. મૂર લોકને સ્પેનિયર્ડો જિત્યા તેના વિજયમાં બનાવેલી કવિતા ગાતો ગાતો તે ઘોડે-સ્વાર આનંદમાં ચાલ્યો આવતો હતો. સ્પેનિયર્ડ સ્વારની કવિતાથી મુસાનું લોહી ઉકળી આવ્યું અને તેથી મુછ પણ ફરકવા લાગી. વળી હવે મારે 'રૂપ બદલવું પડશે' એમ તે વિચાર કરવા લાગ્યો અને પોતાનો ભાલો સાવધાન થઈને હાથમાં લીધો, એટલામાં તો પેલો સ્પેનિયર્ડ ઘોડેસ્વાર ચકરી ખાઈને જમીન ઉપર પડ્યો અને આલ્મમન તેનો લાભ લઈ પોતે સંતાયો હતો ત્યાંથી દોડી આવીને તે સ્વારના ઘોડા ઉપર ચઢી બેઠો. મુસા અચંબામાંથી જાગૃત પણ થયો નહિ, એટલામાં તે તેને પડખે આવીને ઉભો રહ્યો.

મુસાએ અતિ અચંબાથી તેને પૂછ્યું કે—'અલ્લા! ઘા કર્યો કારવ્યા વગર તેં કેવી રીતે તે સ્વારને આમ જમીન દોસ્ત કર્યો?'

બીન દરકારીથી આલ્મે મને જવાબ દીધો કે—'પેબલ અને સ્લીંગથી જેમ દેવિડે ગોલિયાહને પાડ્યો હતો, તેમ હવે જો તું તારી લીલાને મળવાને માટે અત્યાતુર હોય તો ઘોડાને ચલાવ.'

બેઉ ઘોડેસ્વારોએ પૃથ્વી ઉપર પડેલા સ્પેનિયર્ડના શબને ઠેસ મારીને પોતાના ઘોડાઓ આગળ ચલાવ્યા. ધીરે ધીરે ઝાડ અને ખડકો ઓછી થતી ગઈ અને તેઓ પહાડી ખીણમાંથી બહાર નીકળ્યા. હવે તેમના માર્ગ ઉપર નાના પ્રકારનાં ઝાડો ઝુકી રહેતાં જોવામાં આવ્યાં. એક બીજાની સાથે ગ્રંથન થયેલી શાખાઓથી અને વલ્લીઓના પરસ્પર ગ્રંથનથી તેમને માર્ગક્રમણમાં ઉપરોધ થતો હતો. છેક સાંજ પડી અને સૂર્યનારાયણ ધીરે ધીરે અસ્ત પામવા લાગ્યા ત્યારે તેઓ સપાટ અને ઊંચા ઊંચા ઝાડવાળા પ્રદેશમાં આવી પહોંચ્યા. આ સપાટ પ્રદેશમાં એક સ્થળ તેમની નજરે પડ્યું, જેના દેખાવ ઉપરથી સહજ જ અનુમાન થતું હતું કે તે કોઈ જંગલી લોકોની યજ્ઞ–વધ–ભૂમિ છે. અહીં આવતાં આલ્મ-મન એકદમ ઊભો રહ્યો અને કંઈ મેલા મંત્ર ભણવા લાગ્યો.

'અરે અજ્ઞાન! તને શું થાય છે' વળી મૂરે પૂછ્યું કે તું શું બબડે છે અને કેમ એ સ્થાન તરફ ન્યાળી ન્યાળીને જુવે છે?

આલ્મમને ઉત્તર આપ્યો નહિ પણ નીચે ઉતર્યો. તેણે ઘોડાની લગામ એક ઝાડના ઠુંઠા આગળની ડાળીએ ભેરવી અને તે યજ્ઞભૂમિ ઉપર

ગયો. 'હીમતવાન્ અને ભવિષ્યતઃ શક્તિ જે મારામાં છે' તે ઉતાવળે હિબ્રુ બોલ્યો—'વળી આ ત્યારે તે જ જગ્યા કે—જે સ્વપ્ન અને દેખાવમાં તમે મને પ્રથમ બતાવતા હતા તે'. આ ઠેકાણે જે સખત વ્રત કરવામાં આવે છે તે નાહિંમતને દૂર કરાવે છે. મારી નજર સામે કેટલીએક રાત્રીઓ ચાલી ગઈ છે અને અંધારામાં અને ઊંઘમાં એકાન્તમાં અને શાન્તિમાં મેં જે સ્થળને જોયેલું, તે હમણા પ્રત્યક્ષ જોઉં છું—'હું તત્પર જ છું, ભલે તેમ થાવ.'

આમ બોલ્યા પછી તે ક્ષણવાર જંગલમાં ગયો અને સુકાં તથા જરા લીલા ઝાડનાં પાંદડાં ડાળીઓ વગેરે જે હાથ આવ્યું તે એકઠું કર્યું અને તે બધું બળતણ લાવીને તેણે છેવટ વેદિકા ઉપર મૂક્યું. પછી પૂર્વ તરફ ફરી તથા હાથ ઉંચા કરીને તે બોલવા લાગ્યો કે—'જુઓ, આ યજ્ઞવેદી ઉપર એકવાર પૂજાયલો ભાવીની ખુબીએ જંગલી લોકોથી હાજર કરાયલો પુરુષ તારા પડી ભાગેલા અમલને લીધે તારી જાતને માટે અહીં બલિદાન આપે છે. હે મહાત્મન્, ત્યારે શું તું તારા પુરાણા ગુરુની પાસે કિંમતી બલિદાન માગે છે? ત્યારે ભોગ લે!'

આ પ્રમાણે બોલીને તે હિબ્રુએ પોતાની કમ્મરમાંથી એક શીશી કહાડી અને તેમાંથી કેટલાંક ટીપાં પેલા બળતણ ઉપર નાંખ્યાં. તરત જ તેમાંથી પીળું બળતું થયું અને તે વધતાં મોટી જ્વાળાથી લાગવા માંડ્યું. આ જોઇને ઇસરાયલીસ્ટ મુસાનું મૂરીશ રુધિર જૂદા જ જોસ્સાથી ચાલવા માંડ્યું અને તેમ શાથી થયું તે, તે સમજી શક્યો નહિ, આલ્મમને પોતાની તરવારથી પોતાની એક લટ તરત કાપી નાંખી અને તે બળતામાં હોમી—તે બળી રહી ત્યાં સૂધી તે તેણી તરફ જોઈ રહ્યો અને પછી એકદમ કારમી ચીસ પાડીને તે જમીન ઉપર ભયંકર મૂર્ચ્છા ખાઇને પડી ગયો. પેલા મૂરે તેને બેઠો કરવાને માટે ઉતાવળ કરી. તેણે તેનું માથું કે તાળવું દાબી જોયું, પેટ ઉપરના પાટા ખેંચ્યા અને તે વેળાએ, તે એક મુસલમાન જ્યૂ છે કે, તે એમ વિસરી ગયો. એટલી બધી તે દેખીતી અસર તેના ઉપર થઈ આવી.

ઘણો કાળ થયો નહિ ત્યાર પહેલાં તો આલ્મમન મોટો નિઃશ્વાસ નાંખીને મૂર્ચ્છામાંથી સચેત થયો—'અહો! પ્રિય મારી હૃદયહારિણી! ત્યારે શું તું આટલા જ માટે તારા યૌવનપ્રેમથી મને આજ્ઞા કરતી હતી.' આમ તે બોલ્યો 'માફ કર, હું તને પૃથ્વી ઉપર લાવીશ અને બંદીખાનામાંથી છોડીશ.' આટલું બોલી વળી તેણે પોતાની આંખો મીચી

અને આ અસરથી તેના આખા શરીરમાં કંપારી છૂટી. તેપણ નષ્ટ થઈ ગઈ અને તે માણસ પાછો ભયંકર મૂર્ચ્છામાંથી જાગૃત થયો. વેદી ઉપરનું બળતું ઓલવાઈ ગયું અને ઝાડનાં લીલાં પાંદડાંના સંસર્ગી પવને તેને આશ્વાસન કર્યું.

આલ્મમને ધીરેથી વેદી ઉપરથી આંખ ફેરવતાં કહ્યું કે–'રાજકુમાર! ઘોડે ચઢો. હવે આપણે વિલંબ કરવી જોઇતી નથી.'

'શું ત્યારે તું આ ચમત્કારિક વૃતાન્ત મને નહિ જણાવે અથવા શું આ હું ધારું છું તેમ એક જંગલની મિથ્યા રમત તો નથી?' મુસાએ પૂછ્યું.

અફ્સોસ અફ્સોસ! તમે થોડા જ કાળમાં બધું જાણશો એમ બદલાતા અવાજે આલ્મમને જવાબ દીધો.

પ્રકરણ ૫ મું

યજ્ઞ–ભોગ

ઇબેરિયન ગગન આગળનાં જામ્બુડીયા રંગના વાદળમાં સૂર્યનારાયણ ધીરે ધીરે અસ્ત પામતો હતો. આ વેળાએ જંગલમાંથી નિકળતા મુસાફરોએ તેમની સન્મુખ એક સુન્દર વનપ્રદેશ દીઠો. જે ખેડાણ કરીને વાડી વજીફા જેવો બનાવેલો હતો. નારંગીનાં ઝાડની હારો ઉપર દ્રાક્ષના વેલાઓ ચઢેલા હતા- વળી ઓકના ઝાડની આસપાસ વિંટાઇને ચડેલી વેલીઓ તો અત્યંત શોભા આપતી હતી. દૂર દષ્ટિ મર્યાદા આગળ ઝાંખાં ઝાંખાં વાદળના જેવી પર્વતની હારો દેખાતી હતી કે, જે આંખથી તો ભાગ્યે જ બરોબર દેખાવામાં પણ આવતી હતી. વળી આ સુન્દર અને મનમોહક પ્રદેશના મધ્ય ભાગમાં પાણીનો એક ઝરો વર્તુલાકારે વહેતો હતો, જેના કિનારાપર ગુલાબ અને નારંગીનાં ઝાડ પુષ્પિત થઈ રહેલાં જોવામાં આવતાં હતાં. આ સપાટ પ્રદેશની અથવા વાડીની સામેના સુન્દર ઢોળાવ ઉપર એક મઠ આવેલો હતો અને જો કે હજી સારું અજવાળું હતું, તોપણ અંદરની જાળીઓમાં દીવા બળતા હતા. ઘોડેસ્વારોએ અંદર નજર નાંખી, એટલે તે તેમના જોવામાં આવ્યું. વળી આ શાન્ત ઉજ્જડ છતાં પણ સુન્દર લાગતા મઠમાંથી આવતા પવિત્ર કુરાનનો અવાજ કે જે આ મઠના વાસીને બરોબર લાગતો હતો, તે બહારની દેદીપ્યમાન હવામાં વાજીંત્રની માફક પ્રસરતો હતો.

આ દેખાવ અને મધુર સ્વર જે એક માણસને શાન્ત કરે તેવો અને આનંદદાયક હતો, તોપણ આલ્મમન ઉપર તેણે જૂદી અસર કરી. કારણ

કે તે દુઃખમાં અને જોસ્સામાં આવી ગયો હોય એમ દેખાયું. શોકથી તેણે પોતાનો હાથ છાતી ઉપર મારીને દુઃખથી કહ્યું કે–'મારા પિતાના દેવ! હું ઘણો અસુરો આવ્યો? તેણે એડી મારીને પોતાના ઘોડાને આગળ ચલાવ્યો. પછી કંકરવાળા પ્રદેશમાં થઇને તથા તે છીછર પાણીવાળા ઝરાને ઉતરી જઇને તે ઘણી જ ઝડપથી આગળ ચાલ્યો. મુસા આશ્ચર્યમાં પડેલો અને અરધો નારાજ હતો, તોપણ થોડાક સુધી તો તેની પાછળ પાછળ ચાલ્યો ગયો. હવે પેલા અવાજો વધારે નજીક અને વધારે સ્પષ્ટ રીતે શ્રવણે પડવા લાગ્યા. વળી ઉપરની બારીઓમાંથી દીવાઓ પણ મોટા અને તેજદાર દેખાવા લાગ્યા. છેવટ જ્યારે તે હિબ્રુ તે મઠના આગળ આવી પહોંચ્યો ત્યારે ઘોડો ઊભો રાખી તે નીચે કુદી પડ્યો. આ વખતે મઠ ઉપર આજીવિકા ચલાવનારા કેટલાક ત્યાંના ખેડુતો ત્યાં આગળ આમ તેમ ફરતા હતા. એ શ્રદ્ધાળુ લોકને એક ઘેલા માણસની માફક ધક્કો મારીને આલ્મમન તે મંદિર–મઠની અંદર પેઠો અને સ્પષ્ટ દેખાવ ઉપરથી તે અદૃશ્ય થઈ ગયો.

એક મિનિટ થઈ બેક્ષણ થઈ. મુસા બારણા આગળ ઉભો રહ્યો. તે કંઇ નિશ્ચય ઉપર આવી શકયો નહિ, તેમ ઘોડેથી ઉતરીને અંદર પણ ગયો નહિ. છેવટ તેણે ત્યાં આગળ ફરતા ખેડુતોને પૂછ્યું કે–'અરે! આ શી ધામધૂમ છે?'

'એક સાધ્વી હમણાં દીક્ષા લેશે' એવો પેલાઓમાંથી કોઇએ જવાબ આપ્યો. અંદરથી ભય, તિરસ્કાર, અને જુલમની ચીસો બહાર સંભળાઈ. હવે મુસાએ વિલંબ કર્યો નહિ. તેણે પોતાની પાસે ઉભેલા એક માણસને પોતાનો ઘોડો સોંપ્યો અને પોતે તેના ઉપરથી ઉતરી ઊંબરા ઉપર લટકી રહેલા એક મોટા ચકને આઘો ખસેડી નાંખી મઠમાં દાખલ થયો.

અંદર વેદી આગળ ગભરાટમાં પડેલું અને અસ્તોવ્યસ્ત થઈ ગયેલું એક માણસનું ટોળું ઉભેલું હતું. ત્યાં આગળ પેલી બધી સાધુડીઓ અને તેમની ઉપરી આબેસ પણ હતી. તે પવિત્ર જગ્યાની આસપાસ વાળેલી સ્વચ્છ ભૂમિ હતી અને ત્યાં આગળ શ્વાસોચ્છ્વાસ લેતા અને વ્યથિત થયેલા લોક ટોળે મળીને ઉભેલા હતા. આ સઘળા માણસોમાં સૌથી દેખાઈ શકે તેવી રીતે તે પવિત્ર જગ્યાથી લગાર ઉંચે ઠેકાણે પોતાના જમણા હાથમાં ખંજર અને ડાબા હાથમાં કટાર લઇને એક સાધ્વી ઉભેલી હતી. જેનો પોષાક હજી બદલાયલો નહોતો એવો–થોડી વારમાં જે બીજા ધર્મમાં જનાર હતી એવી તેણીનો હાથ પકડીને–આલ્મમન ઉભો હતો અને

તે આકૃતીની સામી બાજુએ તેણીના ખભા ઉપર એક હાથ રાખીને અને બીજે હાથે પવિત્ર ક્રોસ ઉંચો કરીને એક કઠણ છતાં શાન્ત મીજાજનો અને ભવ્ય પુરુષ ડોમીનિકનના ધવલ પોષાકમાં ઉભો રહેલો હતો. તે થોમસ ડી ટોર્કોમેડા હતો.

એબડેમન તે મંડળના મધ્ય ભાગમાં કોઈ તેને દેખે નહિ તેમ ઉભો રહ્યો હતો—તેણે તે શબ્દો સાંભળ્યા. 'અહિયાં તારું જાદુ અથવા હુન્નર કાંઈ પણ કામ આવવાનાં નથી.—અલ્યા તું એને છોડ. તે મારી છે, તે મારી બેટી છે. એક બાપ તરિકે એના ઉપર હું હક્ક ધરાવું છું—પરમેશ્વરની ખાતર તું મને સોંપી દે.'

જેવો આલ્મમને વિખરાઈ ગયેલા અને ભયભીત થયેલા ટોળામાંથી પોતાનો રસ્તો કરી લીધો—અને પવિત્ર શીઢીના પહેલાં જ પગથીયામાં પોતાની છોકરીને હાથમાં લઈ તે ઉભો રહ્યો તેવો—'પકડો પકડો આ જાદુગરને પકડો'—એવી ઈન્કવીસીટરે બૂમ મારી.

પણ કોઈ હાલ્યું નહી. કોઇએ પોતાનો હાથ ઊંચો કર્યો નહિ. આ ઘુસી જનારની જે ઓળખાણ આપી, તે નામે સાંભળનારાઓના મનમાં કાંઈ અલૌકિક ભય ઉત્પન્ન કર્યો, અને આ ભયાનક અને જંગલી માણસ ઉપર તલવાર ઉગામવા કરતાં બોડમાં સુતેલા વાઘ ઉપર ધસવું, એ તેમને વધારે સારું લાગ્યું.

તેવામાં—એક ધીમો ડૂસકાં ખાતો અવાજ સંભળાયો, કે જેથી જાણે કોઈ કબરમાંથી અવાજ આવતો હોય, તેમ સુસા વિસ્મયમાં પડ્યો—'પિતાજી પરમેશ્વરની આજ્ઞા સામે થતા ના. આ ગંભીર પગલું ભરવાની તારી છોકરીને ફરજ પડી નથી. નમ્ર પણ ભક્તિપૂર્વક હું ખ્રીસ્તી ધર્મને અંગીકાર કરું છું અને મારી આ દુનિયામાં આટલી જ ઇચ્છા છે કે, હું આ પવિત્ર અને છેલ્લી દીર્ઘ દીક્ષા લઉં.'

આ સાંભળતાં તેણે પોતાનો હાથ લગાર નરમ કર્યો અને તે છોકરી તેના મ્હોં આગળ ઘુંટણીએ પડતાં તે બોલી ઉઠ્યો; 'આહ!! ત્યારે જે મેં પહેલેથી ધાર્યું હતું તે આખરે થયું અને મેં જાણ્યું. બુરખો ફાડી નાંખ. તારા શરીરમાંથી સત્વ જતું રહ્યું, તારી સુંદરતા અપવિત્ર થઈ અને આ તારું શરીર માત્ર મલીન માટી જેવું જ રહ્યું. લગાર વધારે જોરથી પેલા ઈંકવીઝીટર ઉપર પોતાના નીડર ચહેરાથી જોઈ રહીને તે બોલ્યો—'કુતરા! આ તારું કામ છે. પણ તું કાંઇ કહાડી જવાકા નહીં. અહીંઆં તારા જ મંદિરમાં વેદી ઉપર હું થુકું છું અને જેવી રીતે પહેલાં

પેલી અમાનુષિક કોર્ટમાં તને જેમ ધિક્કારી કાઢ્યો હતો, તેમ અહીંઆ પણ તુચ્છકારી કાઢું છું.' આમ આમ-આમ-આલ્મનન નામનો જ્યુ પોતાના ઘરના છેલ્લા પ્રાણીને માલીલીના શાપમાંથી મુક્ત કરે છે.

હાં હાં, ખૂની બસ કર-એમ એક ગર્જના જેવો અવાજ થયો અને એક હથીયારબંધ માણસ ટોળામાંથી અંદર ઘુસ્યો. વેદી ઉપર આવી ઉભો રહ્યો પણ વખત ચૂકયો. તે જ્યુની તલવાર ત્રણવાર પેલી નિર્દોષ બાળાની છાતીસોંસરી નીકળી ગઈ અને ત્રણવાર તેણે કુમારિકાનું લોહી પીધું. લીલા તેના માશુકના હાથમાં પડી. એની ઝાંખી આંખો તેના ચહેરા ઉપર સ્તબ્ધ થઈ ગઈ. તે અત્યારે તો તેનો બુરખો ઊંચકી તેના સામું એકી નજરે જોઈ રહ્યો હતો. એક આછું પણ રમ્યસ્મિત તેના નેત્ર ઉપર આવ્યું અને લીલા મરી ગઈ.

આલ્મમને તેના બલિ ઉપર જલદીથી એકવાર જોયું અને જંગલીની માફક એકવાર તે ભયંકર મંડપમાં પડઘા પડે તેવી રીતે હસીને તે જગ્યામાંથી કુદકો મારી નાઠો. પોતાનું લોહીવાળું હથીયાર પોતાના માથા ઉપર ફેરવીને તે પેલા બીકણ ટોળામાં થઇને નાઠો અને ચોંકેલા ડોમીશીકસનો અવાજ નીકળવા પામે ત્યારે પહેલાં તેના જોસ્સભેર જતા ઘોડાની તબડકી સંભળાઈ અને એક ક્ષણવાર પાછું તે સ્થળ શાંત થઈ ગયું.

આ મારી નાંખેલી છોકરી ઉપર જાણે હજી તે મરી ગઈ નથી એમ માનવાને આનાકની કરતો હોય તેમ પેલો મૂર ટેકો રાખી ઉભો રહ્યો હતો. તેણીનું માથું જેના-ઉપરના વાળો હજી કાઢી નાંખ્યા ન હતા, તે તેના ખોળા ઉપર હતું. તેના ઠંડા હાથ તેના હાથ જોડે વળગી રહેલા હતા અને તેણીનું લોહી જલદીથી તેના બખ્તર ઉપર સરતું હતું. કોઇએ તેને હલાવ્યો નહીં. કારણ કે ક્રીશ્ચિયન મુલકના નાઇટની માફક પોશાક પહેરેલો હોવાથી કોઇએ તેના ધર્મ સંબંધી કાંઈ શંકા આણી નહીં. સૌને પેલા ડોમીશીકસને પણ આના દુઃખથી દયાની સખત લાગણી થઈ આવી. દયાએ કરીને એ ત્યાં શી રીતે આવ્યો, શા હેતુથી આવ્યો, શી આશાથી આવ્યો, તે વિચારો કરવા તેમનાં મન અશક્ત હતાં. પેલો મૂર કાંઈ બોલ્યા ચાલ્યા વિના અને હાલ્યા કર્યા વિના ત્યાં અગાડી નમીને ઉભો હતો. એટલામાં ત્યાં અગાડી એક સાધુ-હજી જીવ છે કે છેક ગયો, તે નક્કી કરવા સારુ નાડી જોવા આવ્યો અને તેણીની નાડી જોઈ.

પહેલાં તો તે મૂરે તેને ગુસ્સાથી પાછો કહાડવાનું કર્યું-પણ જ્યારે તેના હેતુ એને માલમ પડ્યો ત્યારે કાંઈ બોલ્યા વિના તેણીનો હાથ તેને

લેવા દીધો. તેના ઉપર પોતાની કાળી અને કાંઈ યાચના કરતી હોય એવી આંખ્યો તેણે સ્તબ્ધ કરી. જ્યારે તેણે હાથ છોડી દીધો અને પોતાનું માથું ધીમેથી ધુણાવીને જતો રહ્યો–ત્યારે તેના કમનશીબની આ છેલ્લી પીડા હતી–તેના અંતઃકરણનો એક ઊંડો અને પીડાસૂચક નિઃશ્વાસ આસપાસ ઉભેલા લોકોએ સાંભળ્યો. ઉંડી લાગણીથી તેણે તેની ભમરનું, ગાલનું અને હવે નહિવત્ થઈ ગયેલા તે પરીના અધરોષ્ઠનું ચુંબન કર્યું અને તે જગાપરથી ઉભો થયો.

ડોમીનીકને જ પાછો આવીને પૂછ્યું–'તું અહીઆં શું કરે છે ને આ પરમેશ્વરના અને માણુસ જાતના શત્રુ ખૂની માણસને માટે તું શું જાણે છે ?'

મુસાએ કાંઈ જવાબ આપ્યો નહિં, પણ ધીમે ધીમે મંદિરમાં થઇને ચાલ્યો ગયો. જોનારાઓને એટલી બધી લાગણી થઈ ગઈ, કે તેઓએ એકદમ આંસું પાડ્યાં. તેઓએ એકઠા મળીને તે કઠણ કાળજાના ઇન્કવીઝીટરને કહ્યું–બસ રાખો–જવાબ દેવાની તેનામાં શક્તિ નથી.

આ પ્રમાણે તે મુસલમાન; ક્રીશ્ચન લોકોને અણુહદ દુઃખ અને ભયમાં મૂકી બારણે પહોંચ્યો. ઘોડા ઉપર સ્વાર થયો–અને તે ઉંચા–અને ગોઝારા મકાન ઉપર આડો ફરી એકવાર ફરીથી ઉતાવળમાં દૃષ્ટિ નાંખી ત્યારે તેના કાળા ગાલ ઉપર એક પછી એક ગગડતાં મોટાં આંસુઓ પાસે ઉભેલા સૌએ જોયાં.

ધીમે ધીમે તે કોયલાના જેવો કાળો ઘોડો ટેકરી ઉપરથી નીચે ઉતર્યો, પેલી શાન્ત અને રમ્ય વાડીમાંથી પસાર થયો અને જંગલમાં કયાંનો કયાં ઉતરી પડ્યો. ત્યાર પછીથી આનડાના આ પહેલવાનનું શું થયું, તે કોઇના જાણવામાં આવ્યું નથી. તે પોતાના બાપદાદાના દેશ આફ્રિકાના કીનારા ઉપર સહી સલામત જઈ પહોંચ્યો કે નહીં, અને ત્યાં નવું ભાગ્ય અને નવી કીર્તિ સંપાદન કર્યાં કે નહીં. મોત, રોગ અથવા તાપથી તેણે પોતાની કીર્તિવંત પણ ટુંક મુદતની જીંદગી અપ્રસિદ્ધિમાં જ ગાળી–એ ભેદ–ઉંડો અને તેના પરાક્રમ ગાનારા હજારો કવિઓમાંના કોઇએ પણ ન સમજી શકાયલો એવો થઈ ગયો. અને આ વખતથી એટલે જ્યારે અસ્ત પામતા સૂર્યે તેના ભવ્ય શરીર ઉપર અને તેના મોટા ઘોડા ઉપર પોતાનાં કિરણો નિર્જીવ જંગલમાં થઇને જતાં જતાં–પ્રકાશ્યાં, તે વખતની આ મુસાબીન અબીન ગઝાનની કહાણી તદ્દન અંધારામાં જ રહેલી છે.

——

પ્રકરણ ૬ ઠું.
આનડાની શેરીમાં એક ટોળું

આનડા શહેર સ્પેનના લોકોને સોંપી દેવામાં આવવાનું હતું, તેની પહેલી રાત્રે આલ્મમનના ઘરના ઉપર વર્ણવેલા ભોંયરામાં ત્રણ જ્યુઇશ ધર્મના ઘરડાઓ મળ્યાં હતા.

તેમાંનો એક બોલી ઉઠ્યો, 'વિશ્વાસુ અને પ્યારા ઝાઇમેન ! તું ખરેખર અમને ઠીક કામમાં આવ્યો છે; કારણ તેં અમને તારા હેરાન કરતા ધર્મ ભાઇઓને આમ છૂપા આશ્રમનો ઉપયોગ કરવા દીધો છે–અહીંઆં તે નાસ્તિક લોકો આપણો પત્તો મેળવી શકવાના નથી. ખરેખર મારી નાડીઓમાં પાછું લોહી ફરવા માંડ્યું છે અને મને ભુખ લાગી છે. અને પાણીની તરસ લાગી છે.

આ બોલનાર આઇસાક હતો અને તે ઘણો પૈસાદાર અને વ્યાજનો ધંધો કરનાર વેપારી હતો. એ ઉપરનાં વચનો બોલ્યો ત્યારે તેની આંખ મટમટતી અને ભીની હતી. તેનો ચહેરો માંસલ અને સુંવાળો હતો–તોપણ તેની નીચી ભ્રમર અને ચીપટા હોઠ ઊપરનો દેખાવ એના સ્વભાવની ક્રૂરતાને ઢાંકવાને અશક્ત હતાં.

તેણે જવાબ આપ્યો; 'ભાઈ આઇઝેક! જા તારે માટે તૈયાર રાખેલું પેલું ખાણું છે. ખા ભુખ્યો રહીશ નહીં અને ભાઈ ઇલીયાસ–તું પણ લગાર આવી જા. જો આ દારુ જૂનો અને કીમતી છે અને તેથી તું સતેજ થઇશ.'

ઇલીઆસે ઘણા જ ગુસ્સાથી જવાબ આપ્યો કે, "મારે ખાવાને અને પીવાને માટે રાબોડી અને હીસ્પ છે, તેમણે મારું ઘર પાડી નાખ્યું છે, મારો ધાન્યાગાર બાળી નાંખ્યો છે, અને મારું સોનું ગાળી નાંખ્યું છે. મારું બધું નાશ પામ્યું છે." ત્રીમેન કે જે તેની સામે અપકાર કરવાની દૃષ્ટિથી તાકી રહ્યો હતો; (કારણ કે વર્ષો અને દીલગીરી, તેનાં દુઃખ અને વળી કાંઈ દયાનો અંશ તેનામાં હતો, તે સાથે એવાં મળી ગયાં હતાં કે, તેણે જે દુઃખ મટાડ્યાં હતાં અને જે અગત્યની વસ્તુનું રક્ષણ કર્યું હતું તેના ઉપરના તેના અંતરના ગુસ્સાને તે અટકાવી શક્યો નહીં) તેણે કહ્યું કે–"નહીં ઇલીઆસ ! હજી અડધા આનડાને વેચાતું લે, એટલું ધન ફીનારા ઉપરનાં શહેરોમાં રહ્યું છે."

ઈલીઆસે કહ્યું કે–"ઝોરાઇન તે બધું લઈ લેશે. મને એમ લાગે છે કે, તે બધું ક્યારનુંએ તેના હાથમાં આવી ગયું છે."

૧૬

ત્રીમેન તેની સ્વાર્થયુક્ત અને તેથી જ ખરી આતુરતાથી બોલ્યો કે "શું તું એવું ધારે છે? અને શાથી એવું ધારે છે?"

હું કહું તે સાંભળો. "સલાહની છૂટને લીધે હું ગઈ કાલે રાત્રે ક્રિશ્ચનની છાવણીમાં ગયો; ક્રીશ્ચન રાજાની સાથે મારે વાત થઈ; અને જ્યારે તેણે મારું નામ અને ધર્મ સાંભળ્યો ત્યારે ગુસ્સાથી તેની દાઢી પણ ચઢી ગઈ. તે પોકાર કરી ઉઠ્યો કે-'બેલીઅલના નીચ માણુસ, તારા માંસ ખાનારા જાદુગર સરદાર આલ્મમને સ્પેનના રાજ્યને પૂર્ણ રીતે છેતરીને તેનું અપમાન કર્યું નથી? તેને જ માટે તને કોઈ પણ દેશ મળશે નહીં. અહીં એક પળ જો ઉભો રહીશ તો તારું મડદું પવનમાં ઝોલાં ખાતું થશે. જા તારી દુષ્કૃત્યથી મેળવેલી પુંજી ગણી જો; હમણાં તેનો આંકડો લેવામાં આવશે; અને અમારા પવિત્ર રાજ્યભાગમાં એક તાંબા-નાણું પણ જો દગાથી ઓછું કરીશ તો નક્કી જાણજે કે તારું મોત આવ્યું છે. આ પ્રમાણે મારો સંદેશો હતો. આવો મારો જવાબ હતો. હવે હું મારા ઘરની રાખોડી જોવાને માટે જ ઘેર જાઉં છું. ધિક્કાર છે મારા અવતારને!"

વહાણુ ઉપરથી સુસ્ત નહીં પણ એકાંત જગામાંથી આઇસાક બોલી ઉઠ્યો કે-"આ બધાનું કારણ દરોગો જ્યુ આલ્મમન છે."

પોતાની સુંદર લાંબી આંગળીઓથી ટટ્ટુને દાબીને ઈલીઆસ તાણીને બોલ્યો કે-"તેના દુષ્ટ ગળા ઉપર આ છરી પડી હોત તો સારું થાત."

ત્રીમેન ધીમેથી બોલ્યો કે-"તેનો તો સંભવ નથી, પણ હવે એ આનડા પાછો જશે નહીં. ગીધ પક્ષી અને કીડાઓએ ક્યારનુંએ એનું મડદું વહેંચી ખાધું છે; અને (તિરસ્કારથી હસીને તે મનમાં બોલ્યો) તેનું ઘર અને તેનું સોનું ઘરડા વંશ વગરના ત્રીમેનના હાથમાં આવ્યાં છે."

વેમાના ગરમ દારુનો મોટો પ્યાલો પીને આઇસેક બોલ્યો કે-"આ જગા ઘણી જ આશ્ચર્યજનક અને ભયંકર છે. અહીંઆં એન્ડોરના ભૂતે મુએલાંને જમાડ્યાં હશે. પેલા બારણામાંથી ક્યાં જવાય છે?"

ત્રીમેને જવાબ આપ્યો કે "મેં એવું સાંભળ્યું છે કે મારા શેઠ જ્યાં થઈને જાય છે તે રસ્તા સિવાય હું જાણું છું તેમાંના કોઈ પણ રસ્તાથી એલેમ્બ્રા સુધી પણ જવાતું નથી. ઈલીઆસ, આમ આવ, તારું શરીર ટાઢથી ધ્રુજે છે તેથી આ દારુ લે."

અંગે અંગે ધ્રુજતા ઈલીઆસે કહ્યું કે "ઝટ કરો, આપણી પાછળ પડનારાઓ નજીક આવે છે, કેમકે હું તેમનાં પગલાં સાંભળું છું."

જેવો તે બોલ્યો કે, તરત જ ઈસાકે બતાવેલું બારણું ધીમેથી ઉઘડયું અને આલ્મમન તે જગામાં પેઠા.

ખરેખર જો એન્ડરના નવા ભૂતે મડદાના ઉપર જાદુ કર્યું હોય તો-પણ આ ભૂતથી આ ત્રણ સજ્જનોને કાંઈ વધારે અચંબો થયો ન હોત. તેમ તેઓ વધારે બીધા પણ ન હોત. ઈલીઆસ પોતાનો ચપ્પુ અણીદાર કરતો તે જગાના દુરના છેડા તરફ પાછો ગયો. તે પીવા જતો હતો ત્યારે ઈસાકે પ્યાલાને નાંખી દીધો અને ઘુંટણીએ પડ્યો. ફક્ત ત્રીમેન જ વધારે ફીકી આકૃતિવાળો દેખાયો અને પોતાના મનમાં કાંઇક હીમત રાખીને મનમાં બબડવા લાગ્યો કે "એ જીવે છે અને એનું સોનું મારું નથી. ધિક્કાર છે એને."

પોતાની પવિત્ર જગ્યામાં ભરાયલા ચમત્કારિક પરોણા વિશે અજાણ્યો હોય એમ દેખાડીને આલ્મમન, ઊંઘમાં ચાલતા માણસની પેઠે આગળ ચાલ્યો ગયો.

ત્રીમેન ઉઠ્યો, ઉપરના ઓરડાઓમાં જવાનું બારણું ધીમેથી ઉઘાડયું અને આ બારણાનો લાભ લેવાને તેના મળતીઆઓને ઉશ્કેર્યાં; પણ આઇ-સાકે આ સૂચનાનો પહેલો લાભ લીધો અને તે ત્યાંથી ગયો. આલ્મમને તેના ઉપર કરડી નજરથી જોયા કર્યું, અને ભાન આવતું હોય તેમ તરત જ જણાવીને બોલી ઉઠયો કે "ઓ નીચ ત્રીમેન! તારા શેઠની છાની જગા-ઓમાં તેં કોને પેસાડ્યા છે? બારણાં બંધ કર, આ માણસો હવે નક્કી મારવાના."

ત્રીમેન શાંતિથી બોલ્યો કે 'પ્રતાપી શેઠ, આપના મરણની વાત માન-વાને માટે શું હું ગુનેગાર છું? આ માણસો આપણા પવિત્ર ધર્મનાં છે, અને તેમને ધર્મવિરુદ્ધ ચાલનારા અને ગાંડા બનેલા ટોળાના જુલમમાંથી છોડવી લાવ્યો છું? લોકોની ગાંડાઇથી બચાવવાને આ જગ્યા સિવાય મને બીજી કોઈ જગા સલામત લાગી નહી."

આલ્મમને પૂછ્યું "તમે જ્યુ છો? બરોબર હવે મેં તમને ઓળખ્યા. તમે તો બજારની વસ્તુઓ છો, અરે તમે ખરેખર જ્યુ છો, માટે જાઓ, મારી પાસેથી જતા રહો."

છૂટની લગાર પણ રાહ ન જોતાં તે ત્રણે જણા જતા રહ્યા; પણ તે જગ્યામાંથી મરાયા પહેલાં એલીઆસે આલ્મમન (કે જે પાછો સંપૂર્ણ તર્કમાં ગરક થઈ ગયો હતો) તરફ ગુસ્સા ભરેલા ચેહરાથી જોયું તો આલ્મ-મનને એકલો દીઠો.

પા કલાક નહી થયો હોય, એટલામાં ત્રીમેનને પોતાના શેઠને ઓળખવાને પણ ફરીથી પાછી તે જગા એકાંત લાગી.

ગ્રાનડાની શેરીઓમાં મધરાત થઈ ગઈ હતી, પણ બધું શાન્ત થયું ન હતું. આવતી કાલે ક્રીશ્ચીન શત્રુને તાબે થવાનું છે એમ વિચારીને, પૂર્ણ ગુસ્સા ભરેલું અને ઘણું જ દીલગીર થયેલું વીશેક હજાર માણસનું ટોળું શેરીમાં થઇને જવા લાગ્યું. રાત ઘણી ભયંકર અને તોફાની હતી. સીરાને વેડાના બરફમાં થઇને શિયાળામાં એકદમ કોઈ વખત વાય છે એવા ભયંકર પવનના ઝપાટા વૃક્ષોની ઘટાઓમાંથી અને વાંકીચુકી શેરીઓમાંથી વાવા લાગ્યા. પણ લોકોનું તોફાન અને પવનચક્રીઓ આ બે તત્વોની દયાથી જ જાણે તોફાન વધવા માંડયું. (આમ તેમ ભમતા હાથને મશાલોવાળા ભુખથી પીડાતા ગાંડા મૂરની આકૃતિઓ માણસોની આકૃતિ જેવી દેખાતી નહોતી, પણ ભૂત જેવી લાગતી હતી) જ્યારે પોતાની બેચેની બતાવવા સિવાય અને પૃથ્વીમાં ભય ઉત્પન્ન કરવા સિવાય બીજા કોઇપણ દેખીતા કારણ સિવાય તેઓ નાશ પામેલા શહેરમાંથી જતા ત્યારે આમતેમ વીવરેમ્બ્લાના મોટા ચોગાનમાં તે ટોળું થંભ્યું; જોકે બીજી બાબતોમાં આરૂઢ હતા તોપણ આ વખતે ગ્રાનડાને માટે કાંઇપણ કરવાની બાબતમાં તેમનો દૃઢ નિશ્ચય હતો. તેઓએ મૂરના રીવાજ પ્રમાણે ઘણાંખરાં હથીઆર રાખેલાં હતાં; પણ તેઓનો કોઇપણ ઉપરી ન હોતો. ફર્ડીનાન્ડની સાથે સલાહનો ભંગ કરવાથી નિરાશ, એમ કોઈ પણ અમીર ન્યાયાધીશના અને અમલદારના સ્વપ્નામાં પણ ન હોતું. આ ફક્ત લોકોનો ગડબડાટ અને ટોળાની ગાંડાઈ હતી; પણ આ ટોળું કાંઈ ઓછું બળવાન્ ન હોતું. એ તો પૂર્વ તરફનું ટોળું હતું. તેમની પાસે તરવાર, તીરકામઠાં અમે બખ્તર હતાં, અને તેમનાથી પહેલાં મોટાં મોટાં રાજ્યો સ્થપાયાં હતાં અને નાશ થયાં હતાં તેમાંનું આ એક ટોળું હતું. જ્યાં આરબ અને આફ્રીકાના શૂરવીરોની રમતો અને સરતની લડાઇઓ જોવામાં આવતી હતી અને જ્યાં રાજાઓએ કેટલાક કાળ સુધી પોતાના ભક્તિવાન્ અને જયશીલ લશ્કરોની કવાયત જોઈ હતી, તે આ સુંદર જગામાં હાલ આ બધા મરણીયા થયેલા માણસો એકઠા થયા હતા; અને જોરથી વાતો પવન તેમની બળતી મશાલોને ફફડાવતો હતો અને ચંદ્ર વગરની રાત્રિમાં સ્પર્ધા કરાવતો હતો.

તે ટોળામાંથી એક જણુ બોલી ઉઠયો કે "ચાલો આપણે એલામ્બ્રા ઉપર હલ્લો કરીએ. બોએબડીલને ઘેરો ઘાલીને આપણા બધાની વચ્ચે

રાખીએ અને તેમની મગરુબી ભરેલી શાંતતામાં ગરક થઈ ગયેલા ક્રીશ્રનો ઊપર આપણે હુમલો કરીએ."

તે ટોળાએ લેલીલીઝ, લેલીલીઝ, કેઝ અને ક્રીસન્ટના પોકાર કર્યાં.

પોકાર બંધ થયો અને તરત તે જગાને છેડે પરિચિત અને ઘણો જ તીક્ષ્ણ અવાજ સંભળાયો.

મૂર લોકો તે સાંભળીને અચંબાથી અને ભયથી આમ તેમ ફર્યા, અને જે પથ્થર ઉપરથી છડીદારોને રાજાના હુકમના પોકાર કરવાનો રીવાજ હતો, તે પથ્થર ઉપર આલ્મમન કે જેને તેઓ મરી ગયો છે, એમ ધારતા હતા તેને ઉભેલો દીઠો.

ગંભીર પણ મોટા અવાજથી તે બોલ્યો કે "હે મૂર અને આનડાના લોકો, હજી હું તમારી પાસે છું. તમારા રાજાએ અને શૂરવીરોએ તમને તજી દીધા, તો પણ હું છેક અંત સુધી તમારી પાસે છું. અલહંમ્બ્રા જશે નહીં. તે કિલ્લો દુર્લભ છે અને તેના રક્ષક નિમકહલાલ છે. રાત નકામી જશે અને દિવસે તમારા ઉપર ક્રીશ્રન લશ્કર આવી ચઢશે. દરવાજા તરફ જાઓ, વેગામાં પેશો અને એકદમ શત્રુ ઉપર તૂટી પડો."

તે બોલ્યો અને તરવાર ખેંચી, જે મસાલના અજવાળામાં પ્રકાશિત થઈ. મૂર લોકોએ ગાંડા થયા હોય તેમ તેને માન આપવાને માથાં નીચાં નમાવ્યાં. તે સેન્ટન પથ્થર ઉપરથી ઉતર્યો અને તે ટોળાની વચ્ચે ગયો.

પછી પાછાં આનંદના પોકાર ઉઠયા. તે ટોળાને તેમના ઉત્સાહ પ્રમાણે તેમનો સરદાર જડી આવ્યો અને ઝડપથી તેઓ ક્રમમાં ગોઠવાયા તથા સાંકડી શેરીઓમાં થઇને ચાલ્યા.

આ નાસ્તિક લોકોની સંખ્યા, કેટલાક વીખરાતા, ઉચ્છૃંખલ, લુચ્ચા અને શહેરના કચરા જેવા લોકોથી વધી હતી. તેઓ હમણાં મોટા દરવાજાથી થોડાક ફરલોંગ દૂર હતા. આ દરવાજા આગળથી શત્રુ ઉપર હુમલો કરવાનો તેમનો ઉદ્દેશ હતો. પછી મૂર લોકો કદાચ આ દરવાજાની અંદરથી ગયા હોત, અને સંપૂર્ણ સહી સલામતી માનતા અને ઊંઘમાં પડેલા ક્રીશ્રનોની છાવણી સુધી આવી પહોંચ્યા હોત, તો આ મરણીયા થયલા વીસ હજાર જંગલી માણસોના લશ્કરે આનડાને બચાવ્યું હોત તો મુસલમાની ધર્મના લોકોએ સ્થાપેલાં રાજ્યમાં સ્પેનનું રાજ્ય આજકાલ એક જ સુધરેલું રાજ્ય કહેવાત.

પણ બોઆબદિલના નઠારા નસીબે જોર કર્યું. શહેરમાં બળવો થયાની ખબર તેને પહોંચી. નીચેના શહેરમાંથી બે ઘરડા માણસો અલહંબ્રા આગળ આવ્યા, અને તેમનું કહેલું સાંભળવાને માટે કહ્યું; અને તેની અસર બોઆબદિલ ઉપર તરત જણાઈ. લોકોની ગાંડાઇમાં, ક્રીશ્રન રાજાએ સલાહની સરતો તોડ્યાનું, શહેરનો નાશ કર્યાનું, અને લોકોને જડમૂળ કર્યાનું કારણ તેને વ્યાજબી લાગ્યું. પોતાની પ્રજાને માટે દયાની લાગણી થવાથી અને જે રાજાના માનને લીધે તેને સોગન ખાઇને કરેલી સલાહ જાળવી રાખવાને પ્રેરણા થઈ, તે તેના મનમાં ઘણું જ ઉભરાઈ આવ્યું તેથી, જે બે મોટા માણસો તેની સાથે જ રહેતા હતા તેની સાથે તે ફરીથી એકવાર પોતાના ધોળા ઘોડા ઉપર સ્વાર થયો; અને પોતાના રક્ષકોની આગળ થઇને અલહંબ્રામાંથી ચાલ્યો. તેના નિશાનડંકાનો અવાજ, તેના ઘોડાની તબડકી, અને તેના છડીદારોના શબ્દ, તે ટોળાને કાને પડ્યા. શો રસ્તો લેવો, તેને માટે નિશ્ચય કરવાને તેમને વખત મળ્યો નહીં. એટલામાં રાજા તેઓની વચ્ચે આવીને ખડો થયો.

તે ટોળાની વચ્ચે ઘોડો દોડાવીને બોઆબદિલ બોલ્યો કે—"અરે મારી પ્રજા! તમે આ શી ગાંડાઈ કરો છો? તમે કયાં જવા ઇચ્છો છો?"

હજારો લોકો બોલી ઉઠ્યા કે—"ક્રીશ્રનોની સામે, નાથની સામે, તમે અમારા ઉપરી થાઓ, સેન્ટન મુએલા માણસોમાંથી ઉઠ્યો છે અને જમણે હાથે સ્વારી કરશે."

રાજા બોલ્યો કે—"દીલગીર છું કે તમે ક્રીશ્રન રાજાની સામે કુચ કરો છો. યાદ રાખો કે, આપણા વિશ્વાસવાળા માણસો તેના હાથમાં છે, અને ગ્રાનડાને જમીનદોસ્ત કરવા અને તમને તથા તમારાં છોકરાંને કાપી નાંખવાને તેમને આ તેમની ઇચ્છા પૂર્ણ કરે એવું બાનું થઈ પડશે. કોઈ પણ શત્રુઓ વચ્ચે નહીં થયેલી એવી આપણે સલાહ કરી છે. તમે જ મારી જીંદગી, કાયદા અને દોલત તથા બચ્ચાં છો. બોઆબદિલના રાજ્ય સિવાય કશું ગયું નથી. હું જ ફક્ત ભોગ થયો છું. હશે થવા દો. મારા કમનસીબે આ તમારા ઉપર દુઃખ આણ્યું છે; મારા સિવાય તમે પાછા આબાદાનીમાં આવશો અને એક પ્રજા થશો. આજે નસીબને વશ થાઓ અને કાલે તમને તેનું સંપૂર્ણ ફળ મળશે. કોઇને આશરે જવું, એ કાંઈ જિતાઇને તાબે થવું કહેવાય નહીં. પણ ક્રીશ્રનની સામે થઇને એક લડાઇમાં જિતશો તો પણ મોટી ભયંકર લડાઈ ઉભી કરવા જેવું થશે. જો હારશો તો તે કાંઈ માન ભરેલું નથી. પણ જે નાશને

માટે તમે હાલ ધસો છો તેવો નાશ થવાનો છે, માટે સમજો અને એક વાર તમારા રાજાનું કહેવું ધ્યાનપર લો."

તે ટોળાના ઉપર અસર થઈ. તેઓ ગળગળી ગયા અને તેમને અડધી ખાતરી થઈ. તેઓ છાનામાના તેઓના સેન્ટન તરફ ફર્યા; પણ આલ્મમન આ અરજથી પાછો ફર્યો નહીં; તે તો રાજાના સામો આવીને ઉભો.

પછી તાણીને બોલ્યો કે "આનડાના રાજા! હું તારો મિત્ર છું અને તારું ભવિષ્ય કહેનારો છું, માટે મારા તરફ ધ્યાન આપ; હું ખાતરીથી કહું છું કે "તારો જય થશે."

બોઆબદિલ વચમાં બોલી ઉઠયો કે 'અરે તેં મને ઘણી વાર ઠગ્યો છે અને ફસાવ્યો છે. મૂર લોકો!! આડોબગાલુસેન્ટનને તમે ઓળખો છો! તે મુસલમાન ધર્મનો નથી. એ ઇસરાઇલ છે અને એ તમને વધારે પૈસા આપનારને ઘેર વેચશે, માટે એને કાપી નાંખો."

આલ્મમન બોલ્યો કે "આ શું! મારા ઉપર આવો દોષ મૂકનાર કોણ છે?"

'તારો ચાકર' તેને તું જો. આ શબ્દ સાંભળીને રાજાના રક્ષકોએ તેમની મશાલો ઊંચી કરી અને તેનું રાતું અજવાળું ક્ષીમેનના ફીકા ચહેરા ઉપર પડયું.

તે ઠગારાએ કહ્યું કે, "આખી દુનિયામાં અજવાળું કરશો તો બીજા જયુ પણ તેને ઓળખનાર નીકળી આવશે."

રાજા બોલ્યો કે, "ઓ મહમદના વંશજો! જયુનું ઉપરીપણું તમે કેમ સાંખ્યું." ટોળું ગભરાઈ ગયું અને ઝંખવાણું પડી ગયું. આલ્મમને જાણ્યું કે હવે મારો કાળ આવ્યો છે, અને આથી પોતાના હાથ જોડી દઈ અને ચહેરો ટટાર રાખીને તે છાનો રહ્યો.

બોઆબદિલ પોતાનો સારો લાગ જોઇને બોલ્યો કે, "આ ટોળામાં અમારી જાતનો કોઈ છે? અને હોય તો મારી આગળ આવે અને તે જાણતો હોય તે કહે." તે ટોળામાંથી નહી પણ બોઆબદિલનાં માણસોમાંથી એક પ્રખ્યાત ઇસરાઇલ આગળ આવીને ઉભો.

ઈલીઆસ પૃથ્વી ઉપર નમીને બોલ્યો કે, "આ માણસ અમારી જાતનો છે અને કાવતરાં કરે એવો છે, એવું હું માનતો નથી; પણ પહેલાં તે અમારા ધર્મનો હતો."

રાજા બોલ્યો કે, "હે જૂઠા સેન્ટન, બોલ તું શું મુંગો છું?"

આલ્મમન ઘણો જ ખીજવાઇને બોલ્યો કે, "હે મૂર્ખ, તારા ઉપર દુઃખ

પડજો. તને તારું રાજ્ય પાછું લાવી આપનારની શી ગણત્રી છે ખરું કની? હું કબૂલ કરું છું કે હું જે તારી સભાઓમાં અમલ ચલાવતો અને તારાં લશ્કરનો ઉપરી થતો, તેનો આ હું સેમ્યુઅલની જાતનો છું અને શત્રુઓનો તો દેવ છું."

તે જબરા ટોળામાં થરથરાટ વ્યાપ્યો; પણ તે માણસની દૃષ્ટિ, તેનો ચહેરો અને તેના અવાજથી બધા બીહી ગયા અને તેની સાથે એક માણસ પણ હથિયાર ઉગામી શકયો નહીં. તે જ વખતે તે ટોળામાંથી લગાર પણ અડચણ વગર ચાલ્યો ગયો હોત; તેના ઘણા જ ઘુસ્સાથી અને હૃદય-ભેદક દુ:ખથી તે બીજા દેશમાં જતો રહ્યો હોત; પણ એને જીંદગીની દરકાર રહી નહોતી; ફક્ત તેને દગો દેનારને શાપ દેઇને મરવાની તેની ઇચ્છા હતી.

તે અટકયો, આસપાસ જોયું, અને દર્પ તથા ધિક્કારથી બોલવા લાગ્યો.

તે જુસ્સાથી બોલ્યો કે "હા હું એવો છું. હું તમારી મૂર્તિ અને શેઠ થયો છું; હું તમારો ભોગ થયો છું, પણ મરી ગયા પછી હું તમને જિતનારો થઇશ. ક્રીશ્રન અને મુસલમાન બન્ને મારા શત્રુ છે અને તે બન્નેને મેં ચાંપી દીધા હોત. પણ ક્રીશ્રનો તમારા કરતાં ડાહ્યા હોવાથી મારી સાથે શાંતતાથી વર્ત્યા, અને મેં તમને તેમના હાથમાં વેચી દીધા હતા. આ માણસ જે તમારા કરતાં વધારે ઘોર પાપી છે, તેણે મને દગો દીધો છે, અને મેં તેનો નાશ કર્યો હતો કે જેથી તમે જેને સરદાર કહો છો તથા જેમનાં તમે પૂતળાં જેવા છે તેમને ઠગ્યો હોત અને તેમના ઉપર અમલ ચલાવ્યો હોત. પણ જેમને માટે મેં મહેનત કરી, અને પાપ કર્યું, જેમને માટે મારી સલાહ અને આરામ ખોયાં, અરે મારી છોક-રીનું શરીર અને તેનું લોહી ખોયું, તેમણે મને તમારા હાથમાં ફસાવ્યો છે, અને તેમના ઉપર ઘરડાંનો આ શાપ ખરો પડશે. પડદો ખૂલી ગયો છે; આલ્મમન જે સૅન્ટન હતો, તે ઇસેક જ્યુનો છોકરો છે."

તે વધારે બોલ્યો હોત પણ મંત્ર જૂદો પડ્યો હતો. તે ટોળાંના જીવતા માણસો ભયંકર ચીસ સાથે તે ઠગારા ઉપર તૂટી પડ્યા; છ તરવા-રોના ઘા તેના શરીર ઉપર પડ્યા પણ પડ્યો નહી; સાતમી તરવારે તે મડદું થઇને પડ્યો. નવ વખત માણસ શ્વાસ લે, એટલામાં માટોડીમાં છુંદાઈ જવાથી, આમ તેમ ઠેસો ખાધાથી અને દરેક અવયવ છૂટા પડી જવાથી લોહીવાળી અને છિન્ન ભિન્ન થઈ ગયેલી માટોડીમાં કયા માણસનું મડદું છે એવી જરાપણ નીશાની રહી નહિ.

તે ટોળાનો ગુસ્સો ઓછો કરવાને એક જ માણુસ બસ થયો. ભુખથી શાંત થયેલા જંગલી પશુઓની પેઠે તેઓ તેમના રાજાની આસપાસ એકઠા થયા. રાજાએ તેમની એકઠી થયેલી દાઝ ઓછી કરવાને ફોકટ પ્રયત્ન કર્યો, અને હવે ફીકો અને છાનોમાનો તેણે ઉત્પન્ન કરેલા જુસ્સામાંથી પાછો પડ્યો. તેણે ઠપકાના અને શિખામણના થોડા શબ્દો ધીમે ધીમે કહ્યા. પોતાના ઘોડાનું ગ્હોં ફેરવ્યું અને પોતાના મહેલ તરફનો રસ્તો લીધો.

ટોળું વેરાઈ ગયું, પણ સૌ પોતપોતાને ઘેર ગયા નહીં. આલ્મ-મનના ગુનાની તેની આખી જાત સામે અસર થઈ. કેટલાક જ્યુઓના રહેઠાણ તરફ ધસ્યા, અને તેને બાળી નાંખ્યાં અને બીજા કેટલાક આલ્મ-મનના એકાંત ઘર તરફ ગયા.

ક્ષીમેન, રાજાને છોડીને તે ટોળામાં ગયો હતો. લોકોના ગુસ્સાથી આવી અસર થશે એવો પહેલેથી વિચાર ન હોતો થયો તેથી તે ઉતાવળો પોતાને ઘેર ગયો અને હવે તેને તે પોતાનું ઘર ધારવા લાગ્યો. તે તરત પોતાના મરી ગયેલા શેઠની ત્રીજોરી પાસે ગયો અને સોનાંનાં ગચીયાં અને ચળકતાં રત્નો જોઇને તેની આંખ ઠરી તથા પોતાનાં અંતઃકરણમાં વિચાર કરી બોલી ઉઠયો કે "આ બધું હવે મારું છે." એટલામાં તેણે નીચે ભીત આગળ તે ટોળાની બુમો સાંભળી અને તેની બારીઓ ઉપર તેમની મશાલોનું અજવાળું પડ્યું. તેણે તાણીને બુમ પાડી કે જેણે તમને જ્યુની બાબત ખુલી રીતે કહી તે હું છું, પણ આ બધું ફોકટ હતું. તેના શબ્દો પવનથી વીખરાઈ ગયા અને આ બહેરા થયેલા ટોળામાંથી કોઇએ સાંભળ્યા નહી.

ધુણી અને બળતાથી તે પોતાના ઓરડામાંથી બહાર આવ્યો. પણ તે ટોળામાં જવાને બીધો, તેથી તે કંજુસે પોતાના ઉપર ઘણાં જ કીમતી જવાહીરોનો ખડકલો કર્યો; પગથીયાં ઊતર્યો, શેરીમાં ચાલ્યો ગયો, એટલામાં ઉપરનો માળ બળવાથી તે તેના ઉપર તૂટી પડશે, એમ લાગ્યું. અગ્નિ બહુ જ જલદીથી બળવા લાગ્યો, અને તે ઘરમાંથી મરનારની બુમ સંભળાઈ. ગ્રાનડાના મૂરીશ વંશની છેલ્લી રાતની આ પ્રમાણે મુખ્ય હકીકત હતી.

પ્રકરણ ૭ મું
ઉપસંહાર

આનડામાં સવાર થયું, લોકોએ પોતપોતાને માટે જૂદાં ઘર શોધી કાહાડ્યાં હતાં, અને લડાઇમાં સળગાવેલી આગોથી બળી ગયેલાં ઉનાળાના દિવસોમાં દિવસે વાપરવા સારુ બનાવેલાં કામચલાઉ ઘરોનાં છાપરાંના પડવાથી તથા હલકું અને સુગંધીદાર લાકડું કે જેનાં આ ઘરો બાંધેલાં હતાં તેના તૂટી પડવાથી થતા ઘોંઘાટ શિવાય બાકી બધું શાન્ત હતું. આનડામાં મ્હોટા મ્હોટા મહેલો બાંધવાની રીતભાત એવી હતી કે, વચમાં મ્હોટા મ્હોટા બગીચાઓ રાખવા, જેથી કરીને આગ બહુ વધી નહી. પણ વસતી એટલી તો બ્હીકરી બની ગઈ હતી કે, આ આગનું પરિણામ શું આવશે તે જોવા કોઈ રહ્યું નહીં. વખતે કોઇ લાચાર જ્યુ લોક પોતાના ઘરની થયેલી ખુવારીને લીધે દીલગીર થયેલા આમથી તેમ ભટકતા દેખાતા હતા અને તેમને જોઈ આવનારાઓને પોતાની કબરોમાં ભૂતરૂપ પોતાના જ શરીરને જુએ છે એમ જે પ્લેટો કહે છે, તેનું સાદશ્ય લાગતું હતું. દહાડો ઉગ્યો અને ઝેનીલ તથા ડારો નદીઓના મીઠા મીઠા શબ્દ કરી વહેતાં મોજાઓ ઉપર ગઇ રાતનાં વાદળાઓને ખસેડી નાંખીને સૂર્ય પ્રકાશવા લાગ્યો.

આ ભવ્ય દેખાવ જ્યાંથી દેખાતો હતો તેવા એક છજામાં મૂરનો છેલ્લો રાજા ઉભો હતો અને આ વખતે તત્વજ્ઞાનમાં એણે જે શ્રમ કર્યો હતો, તેનો ઉત્તમ બોધ તેણે વિશ્રાન્તિને માટે યાદ કર્યો હતો.

એક ચિત્તમાં ઉભેલો રાજા વિચાર કરવા લાગ્યો. અમે કોણ કે આખી દુનીઆને અમારામય કરીએ છીએ. ઓ રાજા! અરે, આ તારી પડી ભાંગતી ગાદીના અવાજના દુનીઆમાં પડઘા પડે છે અને તે પડઘા ભવિષ્યની પ્રજાઓ ઉપર લાંબા થતા થતા પડશે. પણ અરે! મેં શું ખોયું છે. કાંઇ જ નહિ. મારા સુખને અર્થે મારી વિશ્રાન્તિને અર્થે જેટલું જોઇએ તેમાંનું કાંઈજ મેં ગુમાવ્યું નથી. રાજ્ય ગયું તેટલા માટે પૃથ્વી અથવા આકાશનું, વિચાર અથવા કાર્યનું, અથવા તો વાસ્તવિક સુખ, જેવું કે ખોરાક અને ઉંઘનું સુખ, તે શું હું થોડું ભોગવીશ ? તે બધી સર્વ સાધારણ અને ઘણી જ સસ્તી ઇચ્છાઓ છે. ઓ હૃદય, ઉઠ! હજી તો તારે માથે કાંઈ કાંઈ સુખદુઃખ અને સંકટો પડવાનાં છે.

તે અટક્યો, અને લગાર છેટે મુસા બીન અબીલગઝનના નીચલા મહેલના હવે એકલા પડેલા મીનારાઓ ઉપર તેની નજર ગઈ.

રાજા ફરી વિચારમાં પડ્યો. હીમતવાન્ બોઆબદિલ ઉપર ધ્યાન લાવવામાં તું ખરો હતો. પણ તે એટલા માટે નહીં કે મોત તેના કબજામાં હતું. માણસનો આત્માદેવ તેના નસીબ કરતાં મોટો છે. અને જે માણસ પોતાની ખુવારી થયા પછી તેને દેખીને દુઃખી થતો નથી, તે માણસમાં કાંઈ વિચિત્ર જ ભાવના હોય છે એમ કહી તે પાછો ફર્યો. તેના ગાલ એકદમ ફીકા પડી ગયા. આ વખતે તેણે આંગણામાં ઘોડાઓની ખરીઓના અવાજ સાંભળ્યા, અને ઉપડવાની તૈયારીનો વખત હોવાથી તેની ધામધુમ થઈ રહી હતી. તેનું તત્વજ્ઞાન નાશી ગયું, તેણે મોટી ચીસ પાડી અને જે વખતે તેનો વજીર અને તેના મુખ્ય અંગરક્ષકો તેની પાસે આવ્યા, તે વખતે તે પોતાના દીવાનખાનામાં પેશી ગયો.

ઘરડા વજીરે બોલવા માંડ્યું, પણ તેનાથી બોલાયું નહીં.

બોઆબદિલ શાન્તિથી બોલ્યો, ત્યારે કેમ હવે જવાનો વખત થયો. ભલે, આ મહેલ અને કિલ્લો તેમને સ્વાધીન કરી દો અને આ તારા ભાઇબંધની સાથે જે હવે તારો રાજા નથી, તેની સાથે તેના નવા ઘરસૂધી સંગાત કર.

જવાબની તેણે રાહ ન જોઈ. તે ઉતાવળે ચાલ્યો. નીચે આંગણામાં ઉતર્યો, પોતાના ઘોડા ઉપર ચઢી બેઠો અને થોડા દીલગીર થતા માણસો સાથે દરવાજામાંથી બહાર નીકળ્યો કે, જે દરવાજામાં કાળા પડેલા અને પડુ પડુ થઈ રહેલા મીનારા, દ્રાક્ષ અને જાઇના વેલાથી છવાઈ ગયેલા હજી સુધી જોવામાં આવે છે, ત્યાંથી પછી હવે ફતેહમંદ થયલા ધર્મના મઠના તાબામાં ગયેલા બગીચાઓમાં થઇને દીલગીરી ભરેલા મનથી કોઈ ન દેખી શકે તેમ ચાલ્યો ગયો. તે બગીચાઓ ઉપર દેખાતી ટેકરીની મધ્યમાં જ્યારે એ આવ્યો ત્યારે સ્પેઇનના લોકોના બખ્તરોનો પ્રકાશ તેના ઉપર પડવા માંડ્યો. આ બખ્તરવાળા માણસોને તેના મહેલનો કબજો લેવાને મોકલેલાં માણસો મળ્યાં. તેઓ ટુકડી બંધ તે ટેકરીની ટોચ ઉપર ચુપકીથી અને કવાયતથી ચાલ્યા જતા હતા.

આમનો ઉપરી–ઉઘાડા પગવાળા સાધુઓની એક મોટા ટોળાની આગળ બરફ જેવા સફેત ઘોડા ઉપર બેઠો. બીશપ અને ઇલાહનો બોઆબદિલ પાસે આવ્યો. તે વખતે તેઓ જરાક થોભ્યા, અને તે ગંભીર પાદરીએ તેને જેમ એક ધર્મહીતે અને પોતાથી નીચા માણ-

સને કરે તેવી રીતે સલામ કરી. મોટા માણસોમાં સાધારણ રીતે દેખવામાં આવતી અને પડેલાઓમાં અવશ્ય માલમ પડતી મોટાઇની જલદ લાગણીથી બોઆબદિલને આ પાદરીનું અપમાન લાગ્યું. પણ તેના ઉપર ગુસ્સો ચડાવ્યો નહી. તેણે નરમાસથી કહ્યું 'હે ક્રીશ્ચીયન! તું જા! અલહમ્બરાના દરવાજા તારે માટે ઉઘાડા છે અને અલ્લાએ તે મહેલ અને તે શહેર તારા રાજાને આપ્યું છે. એના સદ્‌ગુણોએ બોઆબદિલના દોષોનું પ્રાયશ્ચિત્ત હજો. આમ કહીને કાંઈ પણ જવાબની રાહ જોયા વિના અને આધુ પાછું ડાબે જમણે જોયા વિના તે ચાલ્યો ગયો. સ્પેનીઅર્ડો તેમને રસ્તે ગયા. જ્યારે બોઆબદિલ અને તેના રસાલાએ સ્પેનનું આખું લશ્કર પોતે જે ટેકરી ઉપર હતું તેના ઉપરથી દીઠું ત્યારે સૂર્ય પર્વત ઉપર આવ્યો હતો. અને તે જ વખતે–તે ડયુમના ગંભીર ગાયનો–કે જે ઉંચા અને વાળી રાખેલા વાવટાઓની પહેલા જણાતો હતો તે સંભળાયાં. બોઆબદીલ હજી સૂધી ત્યાં હતો. પણ તેણે તેના રસાલાના માણસોના નિઃશ્વાસો સાંભળ્યા. તેમને આનંદ આપવા અથવા ઠબકો દેવા તે તેમના ભણી ફર્યો. અને તે વખતે તેણે પોતાના જ ચોકી કરવાના મીનારા ઉપર સૂર્યના કિરણથી ચળકતો અને અંજાવી નાંખતો સ્પેનનો રૂપાનો ક્રોસ દીઠો. અલહંબ્રા શત્રુઓના હાથમાં ગયો અને આ ધર્માર્થ લડાઇની નિશાની ક્રોસ–એની પાસે સેન્ટઇઆગોનો સુશોભિત અને ચળકતો વાવટો ઝુકી રહ્યો હતો–આ સેન્ટઇઆગો સ્પેનના ઘોડેસ્વારનો પૂજ્ય થઈ પડેલો હતો.

આ જોઇને રાજાનું મ્હોં બંધ થઈ ગયું. ઘોડાની લગામ તેણે હાથમાંથી મૂકી દીધી અને આ નાશકારક ક્રિયાનો એકદમ અંત આણવા આતુર થયેલા તેણે જ્યાં સૂધી સામાવાળાઓના સૈન્યની લગભગ આવી પહોંચ્યો ત્યાં સૂધી ઘોડાની ઝડપ ઓછી કરી નહિ. ક્રીશ્ચીયન લડાઈ આવી દમામ ભરેલી અને દાબી દે એવી પહેલાં કદી થઈ નહતી. નાંખી નજર ન પહોંચે એટલે સૂધી આ સંતો ક્રિશ્ચીયનોના લશ્કરની ચળકતી અને ભભકાબંધ હારો, સૂર્યના પ્રકાશે ચળકતા ભાલા અને અંજાવી નાંખે એવા વાવટાઓ સહિત ઉભેલી દેખાતી હતી. તેમની પાસે પોતાના થોડા વખતને માટે જેના પ્રવાહની આસપાસ શોભીતા કીનારાઓ કોના કબજામાં આવે–તે વિશે ક્રિશ્ચીયન નહિ, એવી ઝેની નદી ધીરે ધીરે શબ્દ કરતી, ફુલાતી, નાચતી, વ્હેતી હતી. એક નાની મસીદ પાસે લશ્કરના ચુનંદા માણસો થોભ્યા, અને મોટા મોટા ક્રિશ્ચીયન પાદરીઓથી વીટલા-

પહેલો શાલમેનના રોલાન્ડ નાઈટોની સાથે હરીફાઈ કરતા તેના રાજ્યના અમીર ઉમરાવો અને સરદારોની સાથે પોતાની રાણી ઈસાબેલા અને સ્પેનની ઊંચા કુળની બીજી સ્ત્રીઓ પોતાના રંગબેરંગી પોશાકથી અને ચળકતાં ઘરેણુંથી બખ્તર અને ચકચકતી લોઢાની ટોપીઓવાળા કઠણ લડવૈયાઓને દેખીને અંજાઈ ગયેલી આંખને આનંદ આપતી હતી. તેમને પોતાની જમણી બાજુએ રાખીને રાજા ફર્ડીનાન્ડ ઉભા હતો.

આ રાજ્યમંડળથી દેખાય તેમ બોઆબદિલ ઉભો. પોતાના મનના વિચારો કોઈ કળી ન શકે એવો શાન્ત તેનો ચહેરો હતો. પોતાના આથા જતા લશ્કર કરતાં તે લગાર આગળ વધેલો હતો. પણ ભભકા અને વેશમાં કોઈ પણ રાજા આના કરતાં ચઢી જાય નહીં, તેવો તે રાજા, તેના આભમાની વિજયી રાજાની આગળ ઉભા રહ્યો.

એનો રાજ્યવૈભવી ચહેરો, સોનેરી વાળ, તેની શાન્ત પણ દમામ ભરેલી સુંદરતા, કે જે તેની જુવાનીને લીધે વધારે અસરકારક થઈ હતી તે બધું જોઇને તે બહાદૂર અને કુમળા લડવૈયા, અને સ્ત્રીઓના ટોળામાં એકવાર દયા અને સ્તુતિની લાગણી પ્રસરી ફર્ડીનાન્ડ અને ઈસાબેલા તેમના જુના હરીફને, હવે તેમની પ્રજાને મળવા સારુ ધીમે ધીમે આગળ વધ્યાં. બોઆબદિલ ઉતરતો હતો તેવામાં જ ફર્ડીનાન્ડે પોતાનો હાથ તેના ખભા ઉપર મૂક્યો. 'ભાઈ! તારા દુ:ખને વિસારે પાડ અને આ આપણી મિત્રાચારી તારે કમનસીબે સામો તને છુટકારો આપો. જે કમનસીબની સામે તેં અત્યાર સુધી એક વીર પુરુષ અને રાજાની પેઠે સખત લડાઈ કરી છે, માણસનું કર્તવ્ય તેં કર્યું છે અને આખરે ઈશ્વરની મરજીને તું વશ થયો છું.'

આવા સખત પણ નહી ધારેલા મશ્કરીમય વચનનો જવાબ આપવા બોઆબદિલની મરજી ન થઈ. તેણે તેનું માથું નમાવ્યું અને ક્ષણભર ચૂપ રહ્યો. પછી પોતાના રસાલાને સૂચના કરતાં તેનાં ચાર માણસો આવ્યાં અને ફર્ડીનાન્ડને નમન કરીને પોતાના શહેરની કુંચીઓ તે રાજાને સ્વાધીન કરી. બોઆબદિલ બોલ્યો 'ઓ રાજા, જે છેલ્લો કિલ્લો સ્પેનના સામો થયો છે, તેની કુંચીઓ તું સ્વીકાર. મુસલમાની રાજ્ય તો હવે અસ્ત પામ્યાં. આ શહેર અને આ આનડાના લોક સઉ તારા છે. તારી શક્તિને તેઓ વશ થયા છે અને તારી દયાને તેમનો ભરોસો છે.'

રાજાએ જવાબ આપ્યો. 'તે તેમણે ઠીક કર્યું છે. અમારાં વચનોનો ભંગ અમે નહિ કરીએ. પણ મૂરીશ લડવૈયાઓના ઉંચા ખવાસને અમે જાણીએ છીએ તેથી અમે નહીં, પણ અમારા કરતાં નરમ હાથને આન-

ડાની કુંચીઓ સ્વાધીન થશે.' એટલું કહીને ફર્ડીનાન્ડે કુંચીઓ ઈસાબેલાને આપી. તેણે બોઆબદિલને કાંઈ કાંઈ સારી લાગે એવી ખુશામતો કરવાનો વિચાર કર્યો, પણ તે જો કે રાણી હતી અને બહાદૂર હતી તો પણ તેના દયાળુ અંતઃકરણને સારુ આ લાગણી અને આ ઉશ્કેરણી બહુ જ હતી. તે તેનાથી સહન ન થઈ. અને જ્યારે તેણે હારેલા રાજાના શાન્ત અને ફીકા ચહેરા સામું જોયું, ત્યારે તેની આંખોમાંથી નહીં અટકાવાય તેમ આંસુ નીકળ્યાં. અને મોટો ઘાંટો કઢાઈ ન શકાવાથી તે કાંઈ બબડી. બોઆબદિલના ચહેરા ઉપર એક ઝાંખો ઝળકાટ આવી રહ્યો અને ગભરાટને લીધે લગારવાર બધું શાન્ત થઈ ગયું. આ શાન્તતા મૂરે પહેલી ભાંગી, તેણે શોક ભરેલી પણ શાન્ત ગંભીરતાથી કહ્યું:—

રાણી જે અંતઃકરણે તારા દિલ ઉપર ઉદાર લાગણી કરી છે અને જેને તેણે વશ કર્યું છે, તે તારાથી સમજાય તેમ નથી. આ તારી છેલ્લી પણ બહુ જ યશવાળી જિત છે. પણ હવે હું તમને ખોટી કરું છું. મારા ચહેરાથી તમારા જયમાં વિઘ્ન ન પડો અને મને "સલામ" કરી જવાદો.

પોતાના સ્વામીને શ્રદ્ધાળુ રાણીએ આંસુ ચાલ્યાં જતાં હતાં, તોયે ધીમે રહીને કહ્યું 'આપણે એને ધર્મ બદલવાનું અને તેથી તેને થતા દુઃખનું સૂચન નહીં કરીએ.'

સેન્ટઈયાગોના સોગન ખાઇને કહું છું કે 'હમણાં નહીં જ' એવો ફર્ડીનાન્ડે જલદીથી જવાબ વાળ્યો; અને તે પણ ધીમેથી જ; કેમ કે આ દુઃખ ભરેલી વાતચિતનો અંત લાવવા એ ખુશી હતો. પછી તેણે મોટેથી કહ્યું 'ભાઈ, જાઓ, સારે નસીબ મને મળજો. ગઈ ગુજરી વિસારે પાડજો.'

બોઆબદિલ દુઃખથી હસ્યો. સંપૂર્ણ માનથી કંઇ પણ બોલ્યા વગર તે રાજા રાણીને નમ્યો, અને અલ્પકઝારાની પેલી તરફ પોતાના નવા સંસ્થાન તરફ જતાં રસ્તા ઉપર તે ધીમે ધીમે ચાલ્યો અને તે લશ્કર નીચે જ રહ્યું. વચમાં આવતાં ઝાડોથી જે વખતે મૂરીશ કાફલો દેખાતો બંધ પડ્યો, તે વેળાએ ફર્ડીનાન્ડે પોતાના લશ્કરને કુચ શરુ કરવા હુકમ આપ્યો,અને વાગતા ઢોલ અને વાજાંના અવાજો મુસલમાનોને કાને પડ્યા.

બોઆબદિલે પૂર જોસે પોતાનો ઘોડો ચલાવ્યો અને જ્યાં અગાડી તેની મા-તેના ગુલામો અને તેની વફાદાર એમીન-તેની રાહ જોતાં ઉભાં હતાં, તે ગામડા અગાડી હાંફતો હાંફતો તેનો ઘોડો આવી પહોંચ્યો ત્યારે તે અટક્યો. તેમને સાથે લઇને તે વધારે વિલંબ કર્યા વિના શોક ભરેલી રીતે રસ્તે પડ્યો.

અલ્પકઝારામાં જવાની ટેકરી ઉપર તેઓ ચઢ્યા. તેના ઉપરથી ગ્રાનડાની ખીણો, નદીઓ, મીનારાઓ વિગેરે આ નાની ટોળીની નજરે પડયું. તેઓ એકદમ ભાન વગર જાણે ઉપરથી, આ રમણીય દેખાવ ઉપર બધાની આંખો ફરી. હારેલા લડવૈયાઓનું અભિમાન શરમ, ઘરનું, નાનપણનું, જન્મભૂમિનું અને પાછલી વાતોનું સ્મરણ, દરેક અંતઃકરણમાં ઉભરાઈ આવ્યાં અને દરેકને આંસુ પડ્યાં. એકદમ છેટેના કિલ્લામાંથી તોપોના અવાજો નીકળ્યા, અને સૂર્યથી પ્રકાશિત ખીણો અને નદીઓ ઉપર થઇને ચાલ્યા આવ્યા, આ બહાર કાહાડી મૂકેલાઓને એકદમ દુઃખ ઉભરાઈ આવ્યું.

રાજાને પૂર્વના લોકોનું સ્વતઃ સિદ્ધ અભિમાન અને ઈશ્વરને વશ થવું, બધા ભોગ ત્યાગ કરવા વિગેરે તત્વજ્ઞાનથી પોતાના અંતઃકરણને વશ કરવા વૃથા પ્રયત્ન કરતા રાજાને આ અવાજે સખત ઘા કર્યો. અને તેનું હૃદય શોકને વશ થઈ ગયું. તેની આંખમાંથી આંસુ પડ્યાં. અને તેણે પોતાનો ચહેરો પોતાના હાથવડે ઢાંકી દીધો.

આ વખતે તેની મગરૂર મા કઠણ અને તિરસ્કારની દૃષ્ટિએ તેના સામું જોતાં, નીચેના અન્યાય ભરેલા અને યાદ રાખવા જેવા ઠપકાના શબ્દો કે જે ઇતિહાસ કર્તાઓએ જાળવી રાખ્યા છે, તે શબ્દો બોલી. "તું એક પુરુષની પેઠે બચાવી શકયો નહી, તે જોઈ જોઇને હવે તું સ્ત્રીની માફક રુદન કર."

બોઆબદિલે પોતાનો ચહેરો તિરસ્કાર ભરેલી ગંભીરતાથી ઉંચે કર્યો, તેટલામાં તેને તેનો હાથ કોઈ કુમળા હાથે ઝાલેલો લાગ્યો અને ત્યારે તેણે ફરીને જોયું તો તેણે તેની નાજુક એમીન દીઠી.

તે ગુલામે કહ્યું, 'તેની દરકાર કરના. બોઆબદિલ તેની દરકાર કરીશ નહીં. આ દુઃખમાં તું જેવો ઉમરાવ લાગે છે, તેવો તું પહેલાં કદી લાગલો નથી. તું તારી ગાદીને માટે એક વીર પુરુષ હતો અને હજી પણ તું તારા લોકોને માટે લાગણી ધરાવે છે.'

બોઆબદિલે કહ્યું, 'પરમેશ્વર મોટો છે અને તે હજી મને દિલાસો દે છે. તેં મારી કદી હું રાજા હતો ત્યારે ખુશામત કરી નથી. હું જ્યારે દુઃખમાં છું ત્યારે કરેલી ખુશામત ઠબકાને યોગ્ય નથી.'

તેણે એ પ્રમાણે કહ્યું, અને એમીનના સામું જોઇને તે હસ્યો. આ વખતે તેણે પણ જિત માની, તે કાફલો નિર્જન ખેતરોમાં થઇને ધીમે ધીમે ચાલ્યો અને તે જાંજગ્યા અગાડી રાજા રોયો, અને તે સ્ત્રીઆને તેણે દિલાસો આપ્યો. તે જગ્યાને હજી "મૂરનો છેલ્લો નિઃશ્વાસ" એમ લોકો કહે છે.